# વડોદરાનાં જિનાલયો

(વડોદરા, ભરૂચ, પંચમહાલ, દાહોદ, નર્મદા જિલ્લાનાં જિનાલયો સહિત)



પારૂલબેન હેમંતભાઈ પરીખ

પ્રકાશક :
શેઠ આણંદજી કલ્યાણજી - અમદાવાદ - ૭

# વડોદરાનાં જિનાલયો

(વડોદરા, ભરૂચ, પંચમહાલ, દાહોદ, નર્મદા જિલ્લાનાં જિનાલયો સહિત)

પારુલબેન હેમંતભાઈ પરીખ

પ્રકાશક :
શેઠ આણંદજી કલ્યાણજી
અમદાવાદ-૩૮૦ ૦૦૭

Vadodarana Jinalayo by Parulben Hemantbhai Parikh

પ્રથમ આવૃત્તિ : સને ૨૦૦૭
વીર સંવત : ૨૫૩૨ વિક્રમ સંવત : ૨૦૬૩
પ્રત : ૫૦૦

© શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

**કિંમત :** રૂા. ૩૦૦/-

**પ્રકાશક :** શ્રી આર. ડી. શાહ
જનરલ મેનેજર
શેઠ આણંદજી કલ્યાણજી,
૨૫, વસંતકુંજ,
નવા શારદા મંદિર રોડ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**મુખપૃષ્ઠ** : હિંમતભાઈ લાખાણી

**ગ્રંથ આયોજન :** શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર,
૧૦૪, સારપ બિલ્ડિંગ, નવજીવન પ્રેસ સામે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૪.

# પુરોવચન

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી તરફથી સને ૧૯૫૩માં સમગ્ર ભારતનાં જૈન તીર્થો અને જૈન મંદિરો ધરાવતાં અન્ય ગ્રામ-નગરાદિનાં ઐતિહાસિક વર્ણન આલેખતો ગ્રંથ **જૈન તીર્થ સર્વ સંગ્રહ** ત્રણ ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત ગ્રંથની નકલો ખપી જવાથી ઘણા સમયથી અનુપલબ્ધ હતો. તેમ જ છેલ્લાં વર્ષોમાં ઇતિહાસ વિષયક ઘણું નવું નવું સંશોધન થયું છે તથા શહેરો અને નગરોમાં અનેક જિનાલયોનાં જીર્ણોદ્ધાર, પ્રતિમાજીઓનું સ્થળાંતર, નૂતન જિનાલયોના નિર્માણ જેવા અનેકવિધ પ્રસંગ અનવરત થતા જ રહ્યા છે. આ તમામ માહિતીનો ઉપયોગ કરી નવા સ્વરૂપે જ ઉક્ત ગ્રંથો પ્રકાશિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તે યોજના અનુસાર પ્રથમ **રાજનગરનાં જિનાલયો** નામનો ગ્રંથ પ્રકાશિત કરવામાં આવ્યો. ત્યાર બાદ **ખંભાતનાં જિનાલયો, પાટણનાં જિનાલયો, સુરતનાં જિનાલયો** ગ્રંથો પ્રકાશિત થયા. તે શ્રેણિમાં હવે **વડોદરાનાં જિનાલયો (વડોદરા જિલ્લો** તથા **પંચમહાલ જિલ્લા સહિત)** ગ્રંથ પ્રગટ થઈ રહ્યો છે ત્યારે હું ખૂબ જ આનંદ અનુભવુ છું. પૂર્વે પ્રકાશિત કરવામાં આવેલ **જૈન તીર્થ સર્વ સંગ્રહ** નામના ગ્રંથો કદમાં દળદાર હતા તેથી ઉપયોગ કરનારને અગવડનો અનુભવ થતો હતો તેમ જ જે તે નગરના ઇતિહાસને જાણવા માટે સંપૂર્ણ ગ્રંથને ઉથલાવવો પડતો હતો. આ અગવડને દૂર કરવા માટે આ સમગ્ર યોજનાને ૧૦ ભાગમાં વિભાજન કરવામાં આવી છે. સંપૂર્ણ વિગત ગ્રંથના અંતે આપવામાં આવી છે. તે અનુસાર ગુજરાતનાં મુખ્ય નગરોના ઇતિહાસને અલગ ગ્રંથોમાં પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ કારણે તે-તે નગરના ભાઈઓ પોતાના નગરનો ઇતિહાસ સુપેરે જાણી શકે તેમ જ ભવિષ્યમાં પોતાના વારસદારોને એક અમૂલ્ય ભેટ પણ આપી શકે તેવી ભાવનાથી આ યોજના વિચારવામાં આવી છે. **ખંભાતનાં જિનાલયો, પાટણનાં જિનાલયો** તથા **સુરતનાં જિનાલયો** વિશે પૂ. આચાર્ય ભગવંતોના ઉત્સાહવર્ધક અભિપ્રાયો પ્રાપ્ત થયા છે તે માટે પણ અમે તેમના આભારી છીએ.

જિનાલયોની માહિતી એકત્ર કરી પ્રકાશિત કરવાના પ્રસ્તુત કાર્યમાં વડોદરાનાં જિનાલયોના તથા વડોદરા તથા પંચમહાલ જિલ્લાનાં તમામ જિનાલયોના વ્યવસ્થાપક ભાઈઓએ સુંદર સહકાર આપ્યો છે તેનો તેમજ વર્તમાન કાળે જેટલાં જિનાલયો છે તે તમામની વડોદરા, પંચમહાલના વતનીઓ દ્વારા ધનથી અને સ્થાનિક ભાઈઓ દ્વારા તન અને મનથી સુંદર સુરક્ષા તથા યથાવત્ જાળવી રાખવા ખૂબ જ સુંદર પ્રયાસ થઈ રહ્યો છે, તેની હું ખૂબ જ અનુમોદના કરું છું.

વડોદરા જિલ્લાનાં જિનાલયોની ઐતિહાસિક માહિતી તથા અન્ય માહિતી એકઠી કરી પ્રકાશન કરવા માટે શ્રીમતી પારૂલબેનનો આ પ્રસંગે આભાર માનું છું. તથા આ કાર્યમાં જોડાયેલા બહેનોનો પણ આભાર માનું છું.

આ ગ્રંથમાં પ્રકાશિત થયેલ માહિતી એકત્ર કરવા માટે મુખ્ય આર્થિક સહયોગ સંબોધિ સંસ્થાન તરફથી પ્રાપ્ત થયો છે, છબીઓ (ફોટોગ્રાફ્સ) તથા પ્રકાશન માટે પણ સંબોધિ સંસ્થાન નામની સંસ્થાએ તથા ગ્રંથ સંરચના અને કૉમ્પ્યુટર આદિ દ્વારા સુંદર પ્રકાશન કાર્ય માટે શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટરનો સહકાર અને સહયોગ મળ્યો છે. આ માટે તે સહુનો હું ખૂબ જ આભાર માનું છું.

જૂન, ૨૦૦૭, અમદાવાદ.

**સંવેગ લાલભાઈ**
પ્રમુખ
શેઠ આ. ક. પેઢી

• • •

# ઉપોદ્‌ઘાત

ગુજરાતનાં જિનાલયોની યોજના અંતર્ગત પાંચમા ગ્રંથ સ્વરૂપે વડોદરા જિલ્લાનાં જિનાલયો ગ્રંથ પ્રકાશિત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

ગુજરાત રાજ્યમાં જૈનધર્મનો પ્રભાવ વિશેષ રૂપે પ્રસર્યો છે અને તેને કારણે ગુજરાતની ભૂમિ ઉપર અનેકવિધ શાસનપ્રભાવનાના કાર્યો થયા છે. આ.હરિભદ્રસૂરિ, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિ, સમ્રાટ અકબર બાદશાહ પ્રતિબોધક આચાર્યશ્રી હીરસૂરિ મ.સા. ઉપાધ્યાય યશોવિજયજી જેવા અનેક પ્રભાવશાળી આચાર્યોની વિહારભૂમિ, સિદ્ધરાજ જયસિંહ, કુમારપાલ મહારાજ, વસ્તુપાલ-તેજપાલ, મુંજાલ મહેતા, ઉદામહેતા જેવા અનેક બાહોશ મંત્રીઓની કુશળ દૃષ્ટિથી સંરક્ષિત અનેક જૈન શ્રેષ્ઠિઓ અને પંડિતોથી સિંચાયેલ આ ભૂમિ જૈનધર્મના વિવિધ પ્રભાવશાળી કાર્યોથી મંડિત છે. આ ભૂમિ ઉપર તીર્થાધિરાજ શત્રુંજય, ગિરિરાજ ઉજ્જયંતગિરિ તારંગાતીર્થ, પાવાગઢ જેવા વિશિષ્ટ તીર્થો આવેલા છે તેથી પણ આ ભૂમિ જગતમાં વિખ્યાત છે. ગુર્જરદેશનો ઇતિહાસ ભવ્ય અને ઉજ્જવળ છે. આ પ્રદેશના લોકોમાં ધર્મની ભાવના ખૂબ જ વિશિષ્ટ રીતે પનપેલી છે. સંતમહાત્માઓના ઉપદેશથી ભવ્ય બની છે રાજ્યના તમામ જિલ્લાઓમાં અનેક જિનાલયો નિર્મિત થયાં છે. આ જિનાલયોનો ઇતિહાસ વિશિષ્ટ છે. અહીંના પ્રત્યેક જિનાલયો સાથે કોઈને કોઈ અવિસ્મરણીય ઘટના જોડાયેલી છે. જે અનેક અનેક વર્ષો સુધી અનેક લોકોને પ્રેરણા આપનારી બની છે. આ તમામ ઇતિહાસ સચવાઈ રહે અને તેના દ્વારા ભાવિપેઢીને પ્રેરણા મળતી રહે તે આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે.

વડોદરા જિલ્લો પણ શાસન પ્રભાવનાના કાર્યોમાં અગ્રેસર રહ્યો છે. નાના નાના ગામો સુધી પ્રસરેલ જૈનધર્મ અને જિનાલયો તેની સાક્ષી પૂરે છે. જિનાલયો અને શ્રાવકોની ભક્તિએ સમગ્ર પ્રદેશમાં જૈનધર્મની જ્યોતને પ્રજ્વલિત રાખી છે. આવા અનેક પ્રસંગો અને તેની નોંધને સુરક્ષિત રાખવાનો પ્રયાસ અહીં કરવામાં આવ્યો છે.

આ કાર્ય શ્રીમતી પારૂલબેને અને તેમના સહયોગી બહેનોએ ખૂબ જ મહેનત અને ખંતથી કર્યું છે. આ કાર્ય કરવા માટે બહેનોએ સ્વયં તે ગામોની મુલાકાત લીધી છે. જિનાલયોનાં

શાસ્ત્રીય નિયમોના પાલન પૂર્વક, ભક્તિ અને ભાવપૂર્વક, આશાતના ન થાય તેવી રીતે ઝીણામાં ઝીણી વિગતો પ્રાપ્ત કરી શકાય તેટલી બાબતો એકઠી કરી અહીં પ્રસ્તુત કરી છે. આ કાર્યમાં અનેક વિઘ્નો અને અવરોધો આવ્યા છે. જેવા કે હુલ્લડને કારણે નિર્ધારિત સમયમાં માહિતી એકઠી થઈ શકી નથી, ઘણે સ્થળે અનેક પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવતાં - તે તમામનો ખૂબ જ ખંત અને ધીરજપૂર્વક ઉત્તર આપી તેઓને સંતોષ આપી માહિતી મેળવી છે. ઘણીવાર ટ્રસ્ટીઓ એ કાર્યમાં સહયોગ આપવાને બદલે શંકાકુશંકા કરી વિલંબ ઊભો કર્યો હતો છતાં બહેનોએ ખૂબ જ ધીરજ ધરીને બધી જ બાબતોનો ખુલાસો આપી માહિતી મેળવી છે. આમ આ દુરૂહ કાર્યને બહેનોની ધીરજ અને પારૂલબેનના કુશલ નેતૃત્વ દ્વારા સફળતા પૂર્વક પાર પાડ્યું છે. આ કાર્યમાં દક્ષાબેન, ઉષાબેન, ગીતાબેન, પુષ્પાબેન આદિ બહેનો એ સહયોગ આપ્યો છે તે બદલ તેમનો ખાસ આભાર માનવામાં આવે છે. પારૂલબેને ઇતિહાસ અને અન્ય માહિતી એકઠી કરી છે. તેમજ સમગ્ર આયોજન પણ તેમણે જ કર્યું છે તે માટે ધન્યવાદને પાત્ર છે.

**જિતેન્દ્ર બી. શાહ**

# પ્રસ્તાવના

સં. ૨૦૫૩માં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા પ્રકાશિત થયેલ "રાજનગરનાં જિનાલયો" ગ્રંથના પુરોવચનમાં શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈએ શ્રદ્ધા વ્યક્ત કરી હતી કે ભવિષ્યમાં સમગ્ર ભારતનાં તમામ શહેરો અને ગામોના જિનાલયોની આવી નોંધ તૈયાર કરી ગ્રંથસ્વરૂપે પ્રકાશિત થાય. તેમની આ ભાવના સાકાર કરવા માટે શરૂઆતમાં માત્ર ગુજરાત રાજ્યને પસંદ કરવામાં આવ્યું. તેના પરિણામે સ્વરૂપે ગુજરાતના તમામ જિનાલયોની વિગતવાર માહિતી તૈયાર કરવા તા. ૨૪-૪-૧૯૯૮થી "ગુજરાતનાં જિનાલયોના ઇતિહાસની યોજના" અમલમાં મૂકવામાં આવી. આ યોજનાના ભાગ રૂપે પૂર્વે વિસ્તૃત માહિતી સભર નીચેના ત્રણ ગ્રંથ પેઢી દ્વારા પ્રકાશિત થઈ ચૂક્યા છે. આ માટે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા જરૂરી ફંડ ઉપલબ્ધ કરી આપવામાં આવ્યું. આ સંદર્ભમાં શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈનો તથા પેઢીનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

(૧) ખંભાતના જિનાલયો તા. ૨૧-૨-૨૦૦૦

(૨) પાટણના જિનાલયો તા. ૨૦-૬-૨૦૦૦

(૩) સુરતના જિનાલયો તા. ૧૫-૬-૨૦૦૧

(સુરત, નવસારી, વલસાડ જિલ્લાઓના જિનાલયો સહિત)

હવે ક્રમપ્રાપ્ત આ ચતુર્થ ગ્રંથ વડોદરાનાં જિનાલયો (વડોદરા, ભરૂચ, પંચમહાલ, દાહોદ અને નર્મદા જિલ્લાઓના જિનાલયો સહિત) પ્રકાશન માટે તૈયાર છે.

પ્રાચીન અંકોટકનગરના કુલ ૮૪ ગામોમાં જ આ વટપદ્રક (વડોદરાનું પ્રાચીન નામ) નામનું ગામ સમાવિષ્ટ હતું. સમૃદ્ધ અંકોટકનગર પર વિક્રમની નવમી સદીમાં લાટેશ્વર સુવર્ણવર્મ કર્કરાજનું રાજ્ય શાસન હતું ત્યારે તેણે એક બ્રાહ્મણને આ વટપદ્ર ગામ દાનમાં આપ્યું હતું. પાછળથી તેનો વિકાસ થતો ગયો, અને ગાયકવાડ સરકારના શાસનકાળમાં તો ભારતીય સંસ્કૃતિ, સાહિત્ય તેમ જ જૈન ધર્મનો ડંકો વાગવા લાગ્યો. આજે વડોદરા મોટું શહેર બની ગયું છે અને આકોટા તેનું જ એક પરું બની રહ્યું છે. વડોદરાનાં જિનાલયો ખંભાત અને પાટણના જિનાલયોની સરખામણીમાં શિલ્પ અને સ્થાપત્યની દૃષ્ટિ એ કોઈ ખાસ વિશિષ્ટતા ધરાવતા નથી પરંતુ તેમાં કંઈક પ્રાચીન કળાકારીગરી અને અર્વાચીન ઢબની બાંધણીનો સુભગ સમન્વય થયેલો જોવા મળે છે. વડોદરા જિલ્લાના નાના-નાના ગામોમાં પણ સુંદર કારીગરીથી યુક્ત જિનાલયો

નિર્માણ થયેલા જોવા મળે છે.

પ્રાચીન સમયના લાટ દેશની રાજધાની એવા ભરૂચ શહેરના જિનાલયોનો પણ આ ગ્રંથમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સંખ્યાની દૃષ્ટિએ વડોદરા કરતાં ભરૂચમાં ઘણા ઓછા જિનાલયો છે, પરંતુ પ્રાચીનતા તો વડોદરાની સરખામણીમાં ભરૂચની જ વધુ છે. વર્તમાન ચોવીસીના વીસમા તીર્થંકર પરમાત્મા શ્રી મુનિસુવ્રત સ્વામીએ આ પ્રાચીન ભૃગુકચ્છ નગરીની સ્પર્શના કરી હતી તેમજ શ્રી ગૌતમ સ્વામીએ પણ જગચિંતામણિ નામના ચૈત્યવંદન સૂત્રમાં તેનો મહિમા ગાયો છે. કેટલાય વિદ્વાન પૂર્વ આચાર્યોએ તેનો મહિમા જાણી ભરૂચ તીર્થભૂમિને વધુ પાવન બનાવી છે.

ભરૂચ જિલ્લો તેમજ તેની આસપાસના ત્રણ નાના જિલ્લાઓના - પંચમહાલ, દાહોદ અને નર્મદા જિલ્લાના - જિનાલયોની માહિતી પણ આ ગ્રંથમાં સમાવી લેવામાં આવી છે. ગુજરાતના અંતરિયાળ અને આદિવાસી વિસ્તારમાં પણ આજે જૈન ધર્મને અનુસરનારા શ્રાવકોનો મોટો વર્ગ ઊભો થયો છે. અને તેઓ તીર્થંકર પરમાત્માની પૂજા-અર્ચના અર્થે નવા-નવા જિનાલયો નિર્માણ કરાવતા ગયા છે. વડોદરા જિલ્લા તેમજ પંચમહાલ જિલ્લાના કેટલાક ગામો આના શ્રેષ્ઠ ઉદાહરણો છે.

આ ગ્રંથમાં ભરૂચ શહેરનાં ૧૩ જિનાલયો, વડોદરા શહેરનાં ૬૮ જિનાલયોની માહિતી ઉપરાંત ભરૂચ જિલ્લાનાં ૩૪ જિનાલયો, વડોદરા જિલ્લાનાં ૭૪ જિનાલયો, પચંમહાલ જિલ્લાનાં ૨૭ જિનાલયો, દાહોદ જિલ્લાનાં ૮ જિનાલયો તેમજ નર્મદા જિલ્લાનાં ૪ જિનાલયોની માહિતી સમાવિષ્ટ કરવામાં આવી છે.

ભરૂચનું ઐતિહાસિક શ્રી અશ્વાવબોધ તીર્થ તરીકે સુપ્રસિદ્ધ એવું શ્રી મુનિસુવ્રત સ્વામીનું મુખ્ય જિનાલય તેમજ કાવી, ગંધાર અને ઝગડિયા એમ ચાર મુખ્ય તીર્થોની અલગ પુસ્તિકા પ્રકાશિત કરવાની હોવાથી આ ચાર જિનાલયો તેમજ વડોદરાના સુમેરૂ તીર્થ, અણસ્તુ તીર્થ, પાવાગઢ, બોડેલી, ડભોઈ આદિ તીર્થ સમાન જિનાલયોનો આ ગ્રંથમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. સમયાંતરે તેની અલગ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવશે.

ગ્રંથ પ્રકાશન માટે પ્રત્યક્ષ મુલાકાત ઉપરાંત ચૈત્યપરિપાટીઓની લેખિત કૃતિઓ મેળવવાનો પણ પ્રયત્ન કરેલ પરંતુ પ્રાપ્ત થઈ શકી નથી. એકમાત્ર કવિવર શ્રી દીપવિજયજી રચિત વડોદરાની ગઝલ પ્રાપ્ત થઈ છે. જો કે તેમાં વડોદરાના જિનાલયોની સંખ્યા આદિ કોઈ વિશેષ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી તેમ છતાં પરિશિષ્ટમાં તેને સ્થાન આપેલ છે.

અગાઉ પ્રકાશિત ગ્રંથોની જેમ જ જિનાલયોની પ્રત્યક્ષ મુલાકાતોને આધારે શક્ય તેટલું વિગતવાર વર્ણન કરેલ છે. જેથી પ્રાચીન જિનાલયોની ભવ્યતા અને અનુપમ કલાકારીગરીનો અંશતઃ પણ ખ્યાલ આવી શકે. વિશિષ્ટ કારીગરી ધરાવતા કેટલાક જિનાલયોના જે તે ભાગના ફોટાઓનો પણ આ ગ્રંથમાં સમાવેશ કરેલ છે.

કોષ્ટકમાં પ્રતિમાઓ અને પટની સંખ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આરસ પ્રતિમાની ગણતરીમાં મૂળનાયકની પ્રતિમાની ગણતરી સમાવિષ્ટ છે. જ્યાં મૂળનાયકની પ્રતિમા ધાતુ પ્રતિમા છે ત્યાં તે અલગથી દર્શાવેલ છે. અધિષ્ઠાયક દેવ-દેવીઓની, ગણધર ભગવંતોની અને સાધુ ભગવંતોની પ્રતિમાની ગણતરી કોષ્ટકની પ્રતિમા સંખ્યામાં સામેલ કરેલ નથી. આરસ પર, સાદા પથ્થર પર કે કાષ્ઠ પર ઉપસાવેલ કે ચિત્રાંકન કરેલ પટ હોય તેવા પટોની ગણતરી કોષ્ટકમાં મૂકેલ છે, તીર્થંકર પરમાત્માના કે તીર્થના ફોટાને કે જીવનચરિત્રોના ફોટાને કોષ્ટકમાં સામેલ કરેલ નથી. જિનાલય કોઈ શ્રાવકના ઘરમાં હોય કે ગામમાં ઘર દેરાસર તરીકે પ્રચલિત હોય તો ત્યાં ઘર દેરાસર શબ્દ પ્રયોજવામાં આવ્યો છે. માત્ર વડોદરા શહેરનાં જિનાલયોની સંવતના ક્રમ અનુસાર અને તીર્થંકરના ક્રમ અનુસાર અલગ-અલગ યાદી આપવામાં આવી છે.

જિનાલયના સમય નિર્ધારણ માટે સૌથી વિશેષ આધાર જે-તે જિનાલયના મૂળનાયકના લેખને બનાવેલ છે અને લેખ ભૂસાઈ ગયેલ હોય, પ્રતિમા પર લેપ થયેલ હોય કે લેખ હોય જ નહીં ત્યાં લેખ નથી એમ નોંધ કરવામાં આવી છે એ કારણે તે-તે જિનાલયોનો સમય નિર્ધારિત થઈ શકેલ નથી. તેમ છતાં જૈન શ્વેતાંબર ડિરેક્ટરી અને જૈન તીર્થ સર્વસંગ્રહ જેવા સંદર્ભ ગ્રંથોમાં આપવામાં આવેલ સંવતને માન્ય રાખવામાં આવી છે. વળી, મૂળનાયકની પ્રતિમા પર લેખ ન હોય અને આજુબાજુની પ્રતિમા પર લેખ હોય તો તેને પણ ઉકેલવાનો પ્રયત્ન કરેલ છે. આ માટે એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી દ્વારા સ્વ. શ્રી લક્ષ્મણભાઈ ભોજકની રાહબરી હેઠળ યોજાયેલ લિપિશાસ્ત્રના વર્ગોમાં અભ્યાસ કરી ચૂકેલ બહેનોએ પોતાની એ તાલીમનો સારો ઉપયોગ કરેલ છે.

પ્રોજેક્ટના કાર્ય નિમિત્તે જે ગ્રંથોનું અધ્યયન થયું તેમાંથી ઉપલબ્ધ માહિતીને આધારે કેટલીક ઘટનાઓની તવારીખનું અલગ પરિશિષ્ટ સમાવિષ્ટ કરવામાં આવ્યું છે. જો કે આ તવારીખને સંપૂર્ણ માની ન શકાય.

આ કાર્ય માટે કેટલીક ઐતિહાસિક માહિતી તો અગાઉથી શ્રી કડિયા સાહેબની રાહબરી હેઠળ કુ. શીતલબેને તૈયાર કરેલ હતી તે ઘણી ઉપયોગી નીવડી છે. જિનાલયની પ્રત્યક્ષ મુલાકાત લેવામાં પુષ્પાબેન હર્ષદભાઈ શાહ, ઉષાબેન અજીતભાઈ શાહ, સ્વ. બિંદુબેન પ્રદીપભાઈ ઝવેરી, દક્ષાબેન નરેશભાઈ શાહ, ગીતાબેન નીતીનભાઈ શાહ, ભાવનાબેન શાહ, બીનાબેન ગાંધી, મીતાબેન શાહ, દક્ષાબેન બેલાણી, રેણુકાબેન શાહ, હેમલતાબેન દોશી, મનુબેન શાહ, દર્શનાબેન ઠાકોર, રાજુબેન દેસાઈ તથા શ્રી કલ્પેશભાઈ શાહે પણ એકબીજા સાથે ખૂબ જ સહકાર પૂર્વક તેમજ અનેક મુશ્કેલીઓ વચ્ચે ખૂબ જ હિંમત અને નિષ્ઠાથી કાર્ય કરેલ છે. નાના ગામડાઓમાં જ્યાં કોઈ જવાબદાર વ્યક્તિ જ હાજર ન હોય ત્યાંથી પણ તેઓ ધીરજ અને ધગશથી જિનાલયની દેખરેખ રાખનાર વ્યક્તિનો સંપર્ક કરી માહિતીપત્રક પૂર્ણ ભર્યા બાદ જ ગામમાંથી બહાર નીકળતા. નિયત પત્રકમાં ખૂટતી માહિતી જે તે ગામના ટ્રસ્ટીઓ સાથે પત્રવ્યવહાર કરીને કે ટેલિફોનની મદદથી પૂર્ણ કરવા પ્રયત્ન કર્યો છે, પરંતુ કેટલાંક ગામમાંથી સારો પ્રતિભાવ નહીં સાંપડતા હજુ ક્યાંક માહિતી અધૂરી રહી જવા પામી છે. ગ્રંથમાં

સમાવવામાં આવેલી માહિતી પ્રત્યક્ષ મુલાકાતના સમયે મેળવેલી છે. ત્યાર પછી થયેલા ફેરફારોની નોંધ થઈ શકી નથી. કુ. રચના શાહ, કુ. મીતિ શાહ તેમજ શ્રીમતી રાજુબેન દેસાઈએ જિનાલયોના કોષ્ટક બનાવવા તેમજ સંપાદનના કાર્યમાં મદદનીશ તરીકે સહાય કરી છે.

જે તે સ્થળના જિનાલયોના ટ્રસ્ટીઓ તેમજ વહીવટદારોએ પણ ઉપયોગી માહિતી આપી કાર્યને ઘણું જ સરળ અને ઝડપી બનાવ્યું છે. ભરૂચ જિલ્લાના પ્રતાપનગર જેવા નાના ગામના ટ્રસ્ટીએ આસપાસના ગામની મુલાકાતને સરળ અને ઝડપી બનાવવા પોતાના વાહનનો ઉપયોગ કરવા સામેથી આગ્રહ કર્યો હતો. દરેક જિલ્લાનાં નાના ગામોનાં જિનાલયોની રૂબરૂ મુલાકાત માટે મોટરકારની જરૂરત ઊભી થઈ ત્યારે વસ્તુપાલ ટ્રાવેલ્સના શ્રી ધનેન્દ્રભાઈ તેમજ અરિહંત ટ્રાવેલ્સના શ્રી અંકિતભાઈ ખૂબ જ મદદરૂપ થયા છે.

રાત્રિરોકાણ માટે ભરૂચ ખાતે ધર્મશાળાના સંચાલકોએ, વડોદરામાં કચ્છી ભવનના સંચાલકોએ તેમજ પંચમહાલ જિલ્લામાં લીમખેડા ગામમાં વસતા શ્રી પ્રવીણભાઈએ ઉત્તમ સુવિધા પૂરી પાડી છે. તેમનો પણ અત્રે હું આભાર માનું છું.

વડોદરા તેમજ પંચમહાલ જિલ્લાના અંતરિયાળ એવા આદિવાસી પ્રજાની વસ્તી ધરાવતાં ગામમાં રૂબરૂ જવું પ્રતિકૂળ હોઈ, બોડેલીના શ્રીમતી મૃદુલાબેને આશરે ૫૦ જેટલા જિનાલયોની માહિતી અમને ઘેરબેઠાં પહોંચતી કરી હતી. તેમના આ ઉમદા સહકારભર્યા કાર્યની હું અનુમોદના કરું છું.

તદુપરાંત આ કાર્યમાં સંબોધિ સંસ્થાનના ઉપક્રમે જિનાલયોની છબીકલા માટે શ્રી સ્નેહલભાઈ શાહનો સહયોગ પ્રાપ્ત થયો છે તેમનો પણ હું આભાર માનું છું.

મુનિ શ્રી સર્વોદયસાગરજી, શ્રી અજયસાગરજી મ. સા. આદિ પૂ. સાધુ ભગવંતોનું માર્ગદર્શન, પ્રેરણા, પ્રોત્સાહન તથા આશીર્વાદ પણ આ કાર્યનો એક અંશ અવશ્ય બન્યા છે. ઐતિહાસિક માહિતી મેળવવા વડોદરાના જ્ઞાનભંડારના ગ્રંથો તથા હસ્તપ્રતોના અભ્યાસમાં ત્યાંના ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઝવેરીએ અંગત રસ લઈ ખૂબ જ આનંદભેર સાથ આપ્યો છે.

જિનાલયોની માહિતી માટે સ્થળ-મુલાકાત તથા ગ્રંથના સંપાદન કાર્યમાં ક્યારેક કોઈ મુશ્કેલી ઊભી થતાં હું નાસીપાસ થઈ જતી ત્યારે મારા પતિ શ્રી હેમંતભાઈ પરીખ ખૂબ હિંમત તથા માર્ગદર્શન આપતા. ઉપરાંત મારા સમગ્ર કુટુંબના સભ્યો પણ મારી આ ઝુંબેશમાં સહાયભુત રહ્યા છે.

આવા વિશાળ કાર્યમાં આ સર્વેએ પોતપોતાના સ્થાનને યોગ્ય જે સાથ અને સહકાર આપ્યો છે તે સર્વનું સ્મરણ કરવા દ્વારા હું મારી જાતને કૃતજ્ઞ અવશ્ય બનાવું છું.

પેઢી દ્વારા અગાઉ પ્રકાશિત થઈ ચૂકેલા ત્રણે ગ્રંથોનું સંપાદન પૂજ્ય શ્રી ચંદ્રકાન્તભાઈ કડિયા દ્વારા કરવામાં આવ્યું હતું અને તે સમયે હું માત્ર સ્થળ-મુલાકાતના કાર્યમાં સહભાગી બની

હતી. "સુરતનાં જિનાલયો"ના પ્રકાશનના છ માસ બાદ શ્રી કડિયા સાહેબે અચાનક પોતે સંપાદનના કાર્યમાંથી ફરજમુક્ત થવા માંગે છે એમ જણાવી મને કાર્યભાર સંભાળવા આગ્રહ કર્યો. તા. ૨૮-૩-૦૨થી મેં આ કાર્યનો પ્રારંભ કર્યો. જો કે તે સમયથી જ આશરે ચાર માસ જેટલો લાંબો સમય રાજયમાં કોમી તોફાનો થવાથી જે તે જિલ્લાના જિનાલયોની સ્થળ મુલાકાત શક્ય ન બની અને તે પછી પણ ચાર માસ સુધી તોફાનોનો ભય હોવાથી કેટલાક પસંદગીના સ્થળોની જ મુલાકાત થઈ શકી. આ જ કારણોસર આ ગ્રંથના પ્રકાશનનો નિર્ધારિત સમય લંબાઈ ગયો. પેઢી દ્વારા અગાઉ મંજૂર કરવામાં આવેલા પ્રોજેક્ટમાં નજીવા ફેરફારો પણ કરવા પડ્યા છે. નવું સમયપત્રક ગ્રંથના અંતમાં મૂકવામાં આવ્યું છે.

શાસનસેવાના આ મહાન કાર્યને મારા શિરે ચડાવી મને ઊંચા સ્થાને બેસાડનાર મારા પરમોપકારી ગુરુવર્ય શ્રી જિતેન્દ્રભાઈ શાહ અને શ્રી ચંદ્રકાન્તભાઈ કડિયાની મિત્રબેલડીનો ઉપકાર જીવનભર મારી સ્મૃતિમાં અવશ્ય રહેશે.

અંતમાં, આ ગ્રંથને સંપૂર્ણતાની મહોર મારવાનો મને જરા હક્ક નથી છતાં શક્ય એટલો પ્રયત્ન અવશ્ય કર્યો છે અને તેથી જ જે કોઈ વાચકને ગ્રંથની કોઈ માહિતીમાં જયારે પણ ત્રૂટિ ધ્યાનમાં આવે અને જાણ કરવામાં આવશે તો તેનો નમ્રતાપૂર્વક સ્વીકાર કરીશું.

પ્રસ્તુત ગ્રંથમાં શાસ્ત્રોક્ત દષ્ટિએ જે કોઈ પણ દોષ રહી ગયો હોય તે માટે ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

તીર્થકોશ નિધિ, **પારૂલ હેમંતભાઈ પરીખ**

૧, ભગતબાગ સોસાયટી,
નવા શારદામંદિર રોડ,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૨૬૬૨૦૪૩૫
તા. : ૧-૪-૨૦૦૭

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | પુરોવચન | ૩ |
| | ઉપોદ્ઘાત | ૫ |
| | પ્રાસ્તાવિક | ૭ |
| ૧. | વડોદરાની જૈન પરંપરા | ૧ |
| ૨. | ભરૂચની જૈન પરંપરા | ૬ |
| ૩. | વડોદરા શહેરનાં જિનાલયો | ૧૩ |
| ૪. | વડોદરા જિલ્લાનાં જિનાલયો | ૮૫ |
| ૫. | ભરૂચ જિલ્લાનાં જિનાલયો | ૧૪૯ |
| ૬. | પંચમહાલ જિલ્લાનાં જિનાલયો | ૧૯૭ |
| ૭. | દાહોદ જિલ્લાનાં જિનાલયો | ૨૨૫ |
| ૮. | નર્મદા જિલ્લાનાં જિનાલયો | ૨૩૫ |
| ૯. | વડોદરા શહેરનાં જિનાલયોનું કોષ્ટક | ૨૪૧ |
| ૧૦. | વડોદરા જિલ્લાનાં જિનાલયોનું કોષ્ટક | ૨૬૭ |
| ૧૧. | ભરૂચ જિલ્લાનાં જિનાલયોનું કોષ્ટક | ૨૮૭ |
| ૧૨. | પંચમહાલ જિલ્લાનાં જિનાલયોનું કોષ્ટક | ૩૦૧ |
| ૧૩. | દાહોદ જિલ્લાનાં જિનાલયોનું કોષ્ટક | ૩૧૩ |
| ૧૪. | નર્મદા જિલ્લાનાં જિનાલયોનું કોષ્ટક | ૩૧૭ |
| ૧૫. | તીર્થંકરોના ક્રમાનુસાર વડોદરાનાં જિનાલયોની યાદી | ૩૨૧ |
| ૧૬. | વડોદરાનાં ઉપાશ્રયો, પાઠશાળા, જ્ઞાનભંડાર, આયંબિલશાળા, ધર્મશાળા અને ભોજનશાળાની યાદી | ૩૨૯ |
| ૧૭. | વડોદરાનાં જિનાલયોનાં સંઘોની યાદી | ૩૩૯ |
| ૧૮. | સમસ્ત વડોદરા જૈન સંઘની યાદી | ૩૫૩ |
| ૧૯. | વડોદરા જિલ્લાનાં જિનાલયોનાં સંઘોની યાદી | ૩૫૯ |
| ૨૦. | ભરૂચ જિલ્લાનાં જિનાલયોનાં સંઘોની યાદી | ૩૭૧ |
| ૨૧. | પંચમહાલ જિલ્લાનાં જિનાલયોનાં સંઘોની યાદી | ૩૮૧ |
| ૨૨. | દાહોદ જિલ્લાનાં જિનાલયોનાં સંઘોની યાદી | ૩૮૭ |

૨૩. નર્મદા જિલ્લાનાં જિનાલયોનાં સંઘોની યાદી 391

૨૪. પરિશિષ્ટ ૩૯૫

(૧) વડોદરાની જૈન ઘટનાઓની તવારીખ ૩૯૭

(૨) ભરૂચની જૈન ઘટનાઓની તવારીખ ૩૯૯

(૩) કવિશ્રી દીપવિજયજી કૃત વડોદરાની ગઝલ ૪૦૧

૨૫. સંદર્ભસૂચિ ૪૦૭

૨૬. ગુજરાતનાં જિનાલયોના ઇતિહાસની યોજના અંગે ૪૦૯

# વડોદરાનાં જિનાલયોના ફોટોગ્રાફ્સની યાદી

૧. શત્રુંજયાવતાર જિનાલય (એમ.જી.રોડ, માંડવી, વડોદરા) દેરાસરનો રંગમંડપ ઝુમ્મર સાથે

૨. શત્રુંજયાવતાર જિનાલય (એમ.જી.રોડ, માંડવી, વડોદરા) રંગ મંડપમાં વાજિંત્રો વગાડતી પૂતળીઓ

૩. શ્રી શાંતિનાથ ભગવાનનું જિનાલય (કોઠી પોળ, વડોદરા) આરસનો શ્રી તારંગાજી તથા જંબુદ્વીપનો પટ

૪. શ્રી શાંતિનાથ ભગવાનનું જિનાલય (કોઠી પોળ, વડોદરા) આરસનો શ્રી અષ્ટાપદજીનો પટ

૫. શ્રી શાંતિનાથ ભગવાનનું જિનાલય (કોઠી પોળ, વડોદરા) આરસનું શ્રી સિદ્ધચક્ર યંત્ર

૬. શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલય (વડોદરા) બહારનો દેખાવ

૭. શ્રી વાસુપૂજ્ય સ્વામીજી ગૃહ ચૈત્ય (મેહુલ સોસાયટી નં.૨, વડોદરા) છતનું કાચનું કામ

૮. શ્રી શાંતિનાથજીનું જિનાલય (વાણિયાવાડ, છાણી) દેરાસરનો રંગમંડપ ઝુમ્મર સાથે

૯. શ્રી શાંતિનાથજીનું જિનાલય (વાણિયાવાડ, છાણી) દેરાસરનો પ્રવેશદ્વાર

૧૦. શ્રી શાંતિનાથજીનું જિનાલય (વાણિયાવાડ, છાણી) રંગમંડપમાં ગોખલો

૧૧. શ્રી સુમતિનાથ જિનાલય (શીનોર) મુખ્ય પ્રવેશદ્વાર ઉપરનું શિલ્પ

૧૨. શ્રી સુમતિનાથનું જિનાલય (શીનોર) શ્રી અષ્ટાપદ તીર્થનો ચિત્રિતપટ

૧૩. શ્રી સુમતિનાથનું જિનાલય (શીનોર) શ્રી ચંપાપુરી તીર્થનો ચિત્રિતપટ

૧૪. શ્રી સુમતિનાથનું જિનાલય (શીનોર) સમોવસરણનો ચિત્રિતપટ

૧૫. શ્રી સુમતિનાથનું જિનાલય (શીનોર)શ્રી પદ્માવતી દેવીની મૂર્તિ

૧૬. શ્રી સંભવનાથનું જિનાલય (પાદરા) બહારનો દેખાવ

૧૭. શ્રી મહાવીર સ્વામી જિનાલય (પાલેજ) બાહ્ય દેખાવ

૧૮. શ્રી આદિનાથનું જિનાલય (તરસાલી) મુખ્ય પ્રવેશદ્વાર

૧૯. શ્રી શાંતિનાથ જિનાલય (છોટા ઉદેપુર) જિનાલયનો બહારનો દેખાવ

૨૦. શ્રી શાંતિનાથ જિનાલય (છોટા ઉદેપુર) બહારની કોતરણી

૨૧. શ્રી શાંતિનાથનું જિનાલય (છોટા ઉદેપુર)માણિભદ્ર વીરની ઉભી પ્રતિમા

૨૨. શ્રી શાંતિનાથનું દેરાસર (ગોધરા) રંગમંડપ

૨૩. શ્રી શાંતિનાથનું જિનાલય (ગોધરા) રંગમંડપ

૨૪. શ્રી આદિનાથ ભગવાનનું જિનાલય (વેજલપુર, તા.કાલોલ, જિ.પંચમહાલ) બહારનો દેખાવ

૨૫. શ્રી આદિનાથ ભગવાનનું જિનાલય (વેજલપુર, તા. કાલોલ, જિ. પંચમહાલ) રંગમંડપમાં પૂતળીઓ

૨૬. શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું જિનાલય (લુણાવાડા, ખારાકુવા)નો બહારનો દેખાવ

૨૭. શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું જિનાલય (લુણાવાડા, ખારાકુવા)ની બહારની દિવાલ પરનું શિલ્પ

૨૮. શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું જિનાલય (લુણાવાડા, ખારાકુવા)નો બહારનો દેખાવ

**ટાઈટલ નં. ૧**

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ચાંપનેર ભગવાન દેરાસર તળેટી (પાવાગઢ)

•

**ટાઈટલ નં. ૨**

શ્રી સંભવનાથનું જિનાલય (પાદરા) બહારનો દેખાવ

# વડોદરાની જૈન પરંપરા

# વડોદરાની જૈન પરંપરા

વિશ્વામિત્રી નદીના તટ પર વસેલા વડોદરાનું પ્રાચીન નામ વટપદ્ર હતું. પૂ. શ્રી હરિભદ્રસૂરિ રચિત "ઉપદેશપદ"માં વટપદ્રના સત્યવાદી સત્ય નામના વણિક શ્રાવકની કથા પરથી તેમજ સં. ૮૬૯માં લખાયેલા એક દાનપત્રમાં એક બ્રાહ્મણને વટપદ્ર ગામ દાનમાં આપ્યાની વિગતો પરથી અનુમાન કરી શકાય કે આ નગર આઠમા સૈકા પહેલાનું છે.

વિ. સં. ૧૧૮૫ આસપાસ આ. શ્રી દેવેન્દ્રસૂરિના શિષ્ય આ. શ્રી ભદ્રેશ્વરસૂરિના ઉપદેશથી ગુજરાતના મહામાત્ય શાંતૂ મહેતાએ તેમના મંત્રી સજ્જનની રાહબરી હેઠળ વડઉદઅ (વડોદરા)માં મોટો રથયાત્રાનો મહોત્સવ કર્યો હતો.

ગુજરાત રાજયની રાજધાની પાટણ બની તે સમયે આ પ્રદેશનું સંચાલન પણ પાટણ નરેશના તાબા હેઠળ રહ્યું જેમાં શ્રી કુમારપાળના રાજ્ય શાસનકાળમાં તેમણે પોતાના ઉપકારી કટુક નામના વાણિયાને આ શહેર દાનમાં આપ્યું હતું. નરસિંહજીની પોળમાં આવેલું શ્રી દાદા પાર્શ્વનાથ (શ્રી ભીડભંજન પાર્શ્વનાથ)નું જિનાલય તેમનું બંધાવેલું છે. પાટણમાં કુમારપાળે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય હસ્તક અંજનશલાકા મહોત્સવ કર્યો હતો તેમાં વટપદ્રના રહેવાસી શેઠ કાન્હાએ પોતાના મંદિરના મૂળનાયકની અંજનશલાકા કરાવી હતી.

૧૩ મી સદી સુધી આખા ગુજરાત પર જૈન શાસનનો ડંકો વાગતો રહ્યો અને ૧૩મી થી ૧૭ મી સદી દરમિયાન મોગલોના આક્રમણ, ધર્મવિરોધ અને ધાર્મિક સ્થાનોમાં કરાતી તોડફોડમાં ઘણા મોટા નગરોનાં પ્રાચીન જિનાલયો પણ ભોગ બન્યાં. જેમાં પાવાગઢના બાવન જિનાલયનો ધ્વંસ થયો. ત્યાંના મૂળનાયક શ્રી કલ્યાણ પાર્શ્વનાથ (જીરાવલા પાર્શ્વનાથ) ભગવાનની પ્રતિમા વડોદરામાં સં. ૧૮૮૯માં પ્રગટ થઈ અને સં. ૧૮૯૬માં વડોદરામાં મામાની પોળમાં શિખરબંધી જિનાલય બંધાવી પ્રતિષ્ઠા કરવામાં આવી. તે સમયે વડોદરાનું આ પ્રથમ જ શિખરબંધી જિનાલય હતું.

૧૮ મી સદીમાં પેશ્વા સરકાર, મરાઠા સરકાર અને ગાયકવાડ સરકારનું શાસન બદલાતું રહ્યું. અંતે સયાજીરાવ ગાયકવાડ -ત્રીજા ના શાસનકાળમાં ભારતીય સંસ્કૃતિ અને સાહિત્ય પ્રત્યેના અપાર પ્રેમને કારણે વિશાળ હસ્તપ્રતોનો ભંડોળ અસ્તિત્વમાં આવ્યો. જેમાંથી કેટલુંક જૈન સાહિત્ય જ્ઞાનભંડારમાં સંગ્રહિત કરવામાં આવ્યું અને અન્ય કેટલુંક સાહિત્ય પ્રાચ્ય

વિદ્યામંદિરમાં ગોઠવવામાં આવ્યું.

વડોદરાએ જૈન સાધુ સમાજને ત્રણ વીર રત્નો આપ્યા છે. શ્રીમદ્ પ્રવર્તકજી મહારાજ સાહેબ અર્થાત્ શ્રીમદ્ કાન્તિવિજયજી મહારાજ સાહેબ, શ્રીમદ્ મુનિ હંસવિજયજી મહારાજ સાહેબ તથા શ્રીમદ્ મુનિ વલ્લભવિજયજી મહારાજ સાહેબના જન્મથી વડોદરા વીરપુરુષોનું ક્ષેત્ર અર્થાત્ વીરક્ષેત્ર તરીકે ખ્યાતિ પામ્યું હતું.

શ્રીમદ્ પ્રવર્તકજી મહારાજ સાહેબ ઉર્ફે શ્રી કાન્તિવિજયજી મહારાજ સાહેબ શ્રી આત્મારામજી મ. સા.ના શિષ્ય હતા અને તેઓએ વડોદરામાં રહી પ્રાચીન ઐતિહાસિક સાહિત્યની ઘણી શોધખોળ કરી હતી. તે સમયે પ્રાપ્ત થયેલા જીર્ણ પ્રાચીન પુસ્તકોનાં સમારકામ તેમજ અસલી તાડપત્રો વગેરે લેખો મેળવી અહીંના જ્ઞાનમંદિરમાં ગોઠવેલ છે.

શ્રીમદ્ મુનિ હંસવિજયજીએ શ્રી કાન્તિવિજયજી મ. સા. ની સાથે જ દીક્ષા લઈ ઘણા જીવોને તાર્યા છે.

શ્રીમદ્ મુનિ વલ્લભવિજયજી મ. સાહેબે શ્રીમદ્ પ્રવર્તકવિજયજી મ. સાહેબની સાથે રહી, પોતાની વ્યાખ્યાન વક્તા તરીકેની શ્રેષ્ઠતાથી અન્ય ધર્મી તેમજ ઉંચા અમલદારોના દિલ જીતી લીધાં હતાં અને જૈન વિદ્યાર્થીઓ માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયરૂપી વૃક્ષની રોપણી કરી હતી.

શ્રીમદ્ આત્મારામજી મ. સાહેબના આ ત્રણેય શિષ્યોએ પોતાના ગુરુનું નામ અમર કરી દીધું. વડોદરાના જૈન જ્ઞાનમંદિર સાથે તેઓશ્રીનું જ નામ જોડવામાં આવ્યું છે. આ ઉપરાંત તેઓશ્રીના નામ સાથે જોડાયેલી એક પાઠશાળા આજે પણ જૈન ધર્મના સૂત્ર-સિદ્ધાંતોનું સિંચન બાળવર્ગમાં કરી રહી છે.

વિ. સં. ૧૯૬૩માં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ મુંબઈ દ્વારા પ્રકાશિત "જૈન શ્વેતાંબર ડિરેક્ટરી"માં કુલ ૧૬ જિનાલયો દર્શાવ્યાં છે. સં. ૧૯૭૩માં શ્રી જૈન એસોસીએશન ઓફ બરોડા દ્વારા પ્રકાશિત "શ્રી વડોદરા જૈન મંદિરાવલી"માં કુલ ૧૪ જિનાલયો દર્શાવ્યાં છે. વિ. સં. ૨૦૧૦માં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા પ્રકાશિત જૈન તીર્થ સર્વસંગ્રહમાં કુલ ૧૮ જિનાલયો દર્શાવ્યાં છે. આજે સ્થળ મુલાકાત બાદ કુલ ૬૭ જિનાલયો માલૂમ પડ્યાં છે.

વડોદરામાં નરસિંહજીની પોળના જિનાલયમાં શ્રી દાદા પાર્શ્વનાથ પ્રભુની અતિ પ્રાચીન પ્રગટ પ્રભાવી પ્રતિમા બિરાજમાન છે. જેમ પાટણમાં શ્રી પંચાસરા પાર્શ્વનાથ, ખંભાતના શ્રી સ્તંભન પાર્શ્વનાથનો વિશેષ મહિમા છે તેમ વડોદરામાં આ શ્રી દાદા પાર્શ્વનાથનો મહિમા છે. સત્તરમા સૈકામાં મહોપાધ્યાય ધર્મસાગરના પ્રશિષ્ય શ્રી રાજસાગરજીએ શ્રી દાદા પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ નવિન ભક્તામર સ્તોત્રમાં કરી છે. મૂળ કાષ્ટમય દેરાસર હતું જેનો મંત્રી તેજપાલે જીર્ણોદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ મળે છે.

મામાની પોળના શ્રી કલ્યાણ પાર્શ્વનાથ (જીરાવલા પાર્શ્વનાથ)નું જિનાલય પણ

ઐતિહાસિક દ્રષ્ટિએ અતિપ્રાચીન છે. પાવાગઢ પર્વત ઉપર બાવન જિનાલય હતું, જેના મૂળનાયક શ્રી જીરાવલા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા સંવત ૧૧૧૨માં વૈશાખ સુદ ૫ ના રોજ શ્રી ગુણસાગરસૂરિએ કરી હતી. પાવગઢના પતન પછી કેટલાક સમય પછી આ જ પ્રતિમા વડોદરામાં પ્રગટ થઈ હતી. લોકવાયકા મુજબ એક બ્રાહ્મણને સ્વપ્ન દ્વારા સૂચન થવા છતાં તેનું રહસ્ય ન સમજાયું હોઈ તેણે કોઈ પ્રયત્ન કર્યો નહીં પરંતુ તે જ સમયે જૈનાચાર્ય શ્રી શાન્તિસાગરસૂરિને પણ સૂચન થતાં વડોદરાના શ્રી સંઘના મોવડીઓ ગાંધી દુર્લભદાસ ઝવેરચંદ વગેરે એકઠા થયા અને બ્રાહ્મણના મકાનમાંથી આ પ્રાચીન પ્રતિમા પ્રગટ થઈ. સારથી વિનાના રથમાં પ્રભુ પ્રતિમાને બેસાડી રથ ચલાવવામાં આવ્યો. મામાની પોળના દરવાજા આગળ આવી રથ અટકવાથી દરવાજા ખોલાવતાં હાલ જે સ્થળે જિનાલય છે ત્યાં રથ અટક્યો. સંવત ૧૮૮૯માં મૂર્તિના પ્રાગટીકરણ બાદ સંવત ૧૮૯૬માં શિખરબંધી જિનાલયનું બાંધકામ પૂર્ણ થતાં શ્રી જીરાવલા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી. જો કે આજે તે શ્રી કલ્યાણ પાર્શ્વનાથ તરીકે પ્રતિષ્ઠિત છે.

મહેતા પોળમાં ચાંપાનેર દરવાજા પાસેનું શ્રી નેમનાથનું જિનાલય પણ આશરે ૭૦૦ થી ૮૦૦ વર્ષ પ્રાચીન છે. જો કે ખૂબ જ જીર્ણ થઈ જવાથી મૂળ પાયાથી આરસનું જિનાલય તૈયાર કરાવી સં. ૨૦૦૮માં શ્રી વિજય વલ્લભસૂરિજી મ. સા. ની નિશ્રામાં પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી.

આ ઉપરાંત મામાની પોળમાં શ્રી મહાવીરસ્વામીનું, કોઠી પોળમાં શ્રી શાંતિનાથનું, સુલતાનપુરામાં શ્રી ચંદ્રપ્રભસ્વામીનું, પટોડીયા પોળમાં શ્રી મનમોહન પાર્શ્વનાથનું, પીપળા શેરીમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું તેમજ ઘડિયાળી પોળમાં શ્રી આદિનાથ, શ્રી કુંથુનાથ અને શ્રી ચંદ્રપ્રભસ્વામીનાં જિનાલયો પણ ઘણાં પ્રાચીન છે. પરંતુ આ દરેક જિનાલયો જે પ્રાચીન કાષ્ઠમય હતાં તેમનો જીર્ણોદ્ધાર કરાવી આરસનાં બનાવી દેવાયાં છે તેથી પ્રાચીન કારીગરીના કોઈ વિશિષ્ટ નમૂના આજે આ જિનાલયોમાં ઉપલબ્ધ નથી. માત્ર ચમત્કારી, પ્રભાવી, આહ્લાદક એવી પ્રાચીન પ્રતિમાઓ જ તેની પ્રાચીનતાની સાક્ષીરૂપે હાજર છે. વળી, વડોદરામાં જૈન કુટુંબોની સારી એવી વસ્તી અને આજના જાગૃત વહીવટદારોના જિનાલયના સુંદર સંચાલન દ્વારા પણ જિનાલયોની દેખભાળનો પ્રશ્ન અહીં ઉદ્ભવ્યો નથી.

પંચમ કાળમાં મોક્ષમાર્ગના મુખ્ય બે જ આલંબનો આપણી સમક્ષ હાજર છે—જિનબિંબ અને જિનાગમ. વડોદરાને આવા પ્રાચીન જિનબિંબ અને શ્રી આત્મારામજી જ્ઞાનમંદિરમાં સંગ્રહિત પ્રાચીન જૈન શ્રુતનો મોટો ભંડાર બંને હાથવગા જ ઉપલબ્ધ છે. આવી ભવ્ય પરંપરાને જાળવી ભવ્ય જીવો સુકૃતનું ભાથુ બાંધવા દ્વારા સ્વાત્માને હળવો કરે એ જ પ્રાર્થના સાથે શ્રી અરિહંત પરમાત્માને શીશ ઝૂકાવી વંદના.

• • •

# ભરૂચની જૈન પરંપરા

# ભરૂચની જૈન પરંપરા

"ભાંગ્યું ભાંગ્યું તો યે ભરૂચ" લોકમાં પ્રચલિત બનેલી આ કહેવત ભરૂચની પ્રાચીન કાળની જાહોજલાલીને પરોક્ષ રીતે પણ છતી કરે છે.

"भरुअच्छहिं मुणिसुव्वयं"-પદ શ્રી ગૌતમસ્વામી દ્વારા અષ્ટાપદ પર્વત પર રચાયેલા "જગ ચિંતામણી" સૂત્રમાં ગોઠવાયેલું છે તે પણ ભરૂચ અને તેમાં શ્રી મુનિસુવ્રતસ્વામીના પ્રાસાદની પ્રાચીનતાની સાક્ષી પૂરે છે.

તીર્થંકર પરમાત્મા શ્રી મુનિસુવ્રતસ્વામી પોતાના જીવનકાળ દરમિયાન એક જ રાત્રિમાં સૌથી વધુ ૬૦ યોજન (૨૪૦ માઈલ)નો ઉગ્ર વિહાર કરીને પોતાના પૂર્વજન્મના મિત્ર એવા અશ્વના જીવને તેની યોગ્યતા જાણીને પ્રતિબોધ કરાવવા ભરૂચ પધાર્યા. અશ્વને સમ્યક્ત્વની પ્રાપ્તિ બાદ તે અશ્વએ અનશન કર્યું. આ અશ્વનું દેવલોકગમન આ જ ભરૂચ નગરીમાંથી થયું. દેવાવતારમાંથી અશ્વનો જીવ ભરૂચ આવ્યો અને ત્યાં શ્રી મુનિસુવ્રતસ્વામીનું ભવ્ય જિનાલય બંધાવ્યું. તેથી તે સમયથી ભરૂચ "અશ્વાવબોધ તીર્થ" તરીકે પ્રસિદ્ધ બનેલ છે.

ભરૂચની આસપાસનાં જંગલમાં તાજી વિયાએલી સમડીને પારધીએ બાણ મારતાં તરફડતી હતી ત્યારે વિહાર કરીને એ રસ્તેથી પસાર થતાં સાધુ ભગવંતોએ શ્રી નમસ્કાર મહામંત્ર સંભળાવીને તેને મરણ સમયે સમાધિ આપી. આ સમડી મરીને શ્રીલંકાના રાજાની કુંવરી થઈ. રાજસભામાં એક દિવસ એક શ્રાવક શ્રેષ્ઠિને છીંક આવતાં "નમો અરિહંતાણં" બોલ્યા. તે સાંભળીને રાજકુંવરીને જાતિસ્મરણ જ્ઞાન થયું અને પૂર્વનો સમડીનો ભવ યાદ આવ્યો. તીર્થંકર પરમાત્મા શ્રી મુનિસુવ્રતસ્વામીના કાળના આ સાધુની કૃપાથી પોતે રાજકુંવરી બની છે એમ જાણી તેમનું ઋણ અદા કરવા શ્રીલંકાથી વહાણો ભરીને ભરૂચ આવી અને પૂ. ગુરુભગવંતની પ્રેરણાથી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા ધરાવતાં પ્રાચીન અશ્વાવબોધ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેથી તે સમયથી તે પ્રાસાદ "સમડી વિહાર તીર્થ" તરીકે પ્રસિદ્ધ બનેલ છે.

પ્રાચીન કાળમાં દક્ષિણ દેશમાં વિહાર કરતાં કોઈ મોટા આચાર્ય ભગવંતને પ્રાયશ્ચિત્ત લેવું હોય તો તેઓ ભરૂચ પધારી શ્રી મુનિસુવ્રતસ્વામી સમક્ષ અઠ્ઠમ તપ કરતા ત્યારે અધિષ્ઠાયક દેવો હાજર થઈ પોતે શ્રી સીમંધરસ્વામી પાસે જઈ પ્રાયશ્ચિત્ત પૂછીને આચાર્ય ભગવંતને

જણાવતા હતા અને તેથી જ તે "પ્રાયશ્ચિત્ત તીર્થ" તરીકે પ્રખ્યાત બન્યું હતું. છેલ્લે લગભગ ૧૦૦ વર્ષ પહેલાં જ ભરૂચના શેઠ શ્રી અનોપચંદભાઈએ પણ આ રીતે પ્રાયશ્ચિત્ત મેળવ્યું હતું.

શ્રીપાળ મહારાજાએ તેમના વિદેશગમનનું પ્રથમ પ્રયાણ ભરૂચ બંદરેથી કર્યું હતું.

સમૃદ્ધિના શિખર પર બિરાજતી પ્રાચીન ભરૂચ નગરી દક્ષિણ ગુજરાતના લાટ દેશની પ્રાચીન સમયમાં રાજધાની પણ રહી ચૂકી હતી.

ગુજરાત રાજયની જીવાદોરી સમાન ગણાતી નર્મદા નદીના ઉત્તર કાંઠે ટેકરી ઉપર વસેલા ભરૂચ શહેરનાં પ્રાચીન નામો શ્રીપુર, ઉદ્યાન, ભૃગુકચ્છ, ભૃગુપુર અને ભરૂચ વગેરે હતાં. શ્રી અજિતનાથ ભગવાન અત્રે પધાર્યા ત્યારે આ શહેર શ્રીપુર તથા શ્રી ચંદ્રપ્રભસ્વામી પધાર્યા ત્યારે ઉદ્યાન નામથી પ્રચલિત હતું. ત્યાર બાદ શ્રી મુનિસુવ્રતસ્વામીએ મહા સુદ ૧ ને દિવસે અહીં પધારી જિતશત્રુ રાજાએ યજ્ઞમાં હોમવા તૈયાર રાખેલ અશ્વને પ્રતિબોધી સમકિતધારી બનાવ્યો. તે અશ્વ અનશનપૂર્વક મરી દેવ બન્યો. તેણે ભરૂચમાં આવી શ્રી મુનિસુવ્રતસ્વામીનું મંદિર બનાવી તીર્થ સ્થાપ્યું તે સમયથી અશ્વાવબોધ તીર્થ નામે પ્રચલિત બન્યું. ત્યાર બાદ પદ્મ ચક્રવર્તી અને હરિષેણ ચક્રવર્તીએ આ તીર્થના ઉદ્ધાર કરાવ્યા. તે પછીના સમયમાં સિંહલની રાજકુમારી સુદર્શનાએ પોતાનો પૂર્વ સમડીનો ભવ જાતિસ્મરણ જ્ઞાનમાં જોતાં ભરૂચ આવી અને ભવ્ય પ્રાસાદ બનાવ્યો જે સમલિકા વિહાર, સમડી વિહાર વગેરે નામોથી પ્રચલિત બન્યો. ત્યાર બાદ સમ્રાટ સંપ્રતિ, સમ્રાટ વિક્રમાદિત્ય, આચાર્ય શ્રી પાદલિપ્તસૂરિજીના ઉપદેશથી રાજા સાતવાહન તથા આચાર્ય શ્રી વિજયસિંહસૂરિજીના ઉપદેશથી મંત્રી આંબડ વગેરેએ અને છેલ્લે શ્રી સંઘે આ તીર્થના ઉદ્ધાર કરાવ્યા.

૧૧ મી સદી આસપાસના સમયમાં શ્રી ખપુટાચાર્યના વંશમાં થઈ ગયેલ આચાર્ય શ્રી વિજયસિંહસૂરિએ ભરૂચમાંથી જ પાંચ હજારની રકમ એકઠી કરી લાકડાનું મંદિર કરાવ્યું. ત્યાર બાદ વિ. સં. ૧૨૨૨માં મંત્રી ઉદયનના પુત્ર આંબડે કાષ્ઠના શકુનિકા વિહારનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને ૩૨ લાખ સોનૈયાનો ખરચ કરી પાષાણનો બનાવ્યો. શરૂમાં સૈંધવા દેવીએ ઘણા ઉપદ્રવ કર્યા અને મંદિર બનાવવા માટે બત્રીસ લક્ષણા પુરુષનો ભોગ માંગવાથી મંત્રી આંબડ પોતે તૈયાર થયા, ત્યારે દેવી પ્રસન્ન થઈ અને મંદિરનું કાર્ય પૂર્ણ થયું. ત્યારબાદ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીના વરદ્ હસ્તે પ્રતિષ્ઠા કરાવી. રાજા કુમારપાળે અહીં ઉતારેલી આરતી અમર બની ગઈ. આચાર્ય શ્રી વીરસૂરિના શિષ્ય શ્રી જયસિંહસૂરિએ ભરૂચના શ્રી મુનિસુવ્રતસ્વામીની યાત્રાએ આવેલાં તેજપાળ મંત્રી સમક્ષ કાવ્યથી સ્તુતિ કરી અને આંબડના શકુનિકા વિહારમાંની ૨૫ દેવકુલિકા માટે સુવર્ણ ધ્વજદંડ બનાવી આપવા પ્રેરણા કરી.

સં. ૧૨૮૨માં વસ્તુપાલે ખંભાતના આચાર્ય મલ્લવાદીના વ્યંગ્ય ઉપદેશથી પોતાની ચાંદીની પાલખી દાનમાં આપી. તે ચાંદીમાંથી જિન પ્રતિમા બનાવી સ્નાત્રપૂજા માટે ભરૂચના શકુનિકા વિહારમાં અર્પણ કરી હતી.

વાઘેલા વંશના છેલ્લા રાજા કર્ણદેવ સુધી આ શકુનિકા વિહાર અસ્તિત્વમાં હતો. મંત્રી

શ્રી આંબડે જીર્ણોદ્ધાર કરાવી ઊભું કરેલું આ મંદિર મોગલ શાસનકાળમાં આક્રમણનો ભોગ બન્યું. આશરે ૫૦૦ વર્ષ પૂર્વે ધર્મવિરોધી અલાઉદ્દીન ખીલજીના સમયમાં પચાવી પાડવામાં આવ્યું. ગ્યાસુદ્દીન તઘલખના સમયમાં આ જૈન મંદિર જુમ્મા મસ્જિદમાં ફેરવાઈ ગયું. તેમાં આજે પણ છતમાં આબુ-દેલવાડા જેવી કોતરણી તથા બારસાખ પર તીર્થંકર પરમાત્માની મંગળ મૂર્તિ છે. જો કે તે સમયના જાગૃત શ્રાવકોએ પ્રતિમાજીઓને જિનાલયમાંથી ખસેડી લીધી અને પોતાના મકાનોમાં લાવી પધરાવી નિત્ય પૂજા-અર્ચના કરતો હતાં. જે પૈકી કેટલાંક મકાનો પાછળથી જિનાલયના રૂપમાં જ ફેરવાઈ ગયાં અને કુલ ૭ જિનાલયો અસ્તિત્વમાં આવ્યાં.

વિ. સં. ૧૯૬૩માં પ્રકાશિત જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ભરૂચમાં કુલ ૧૫ જિનાલયો દર્શાવ્યાં છે. વિ. સં. ૨૦૧૦માં પ્રકાશિત જૈન તીર્થ સર્વસંગ્રહમાં કુલ ૧૨ જિનાલયો દર્શાવ્યાં છે. આજે સ્થળ મુલાકાત બાદ કુલ ૧૩ જિનાલયો માલૂમ પડ્યાં છે.

પ્રાચીન અશ્વાવબોધ તીર્થની પ્રતિકૃતિ સમાન ત્રણ માળના ભવ્ય જિનાલયનું વિ. સં. ૨૦૪૫માં નિર્માણ કરવામાં આવ્યું અને તે સમયે કેટલાક પ્રાચીન જિનાલયો પણ તેમાં જ ભેળવી દેવામાં આવ્યાં. આ જિનાલયોનો તીર્થમાં સમાવેશ કરવામાં આવેલ છે તેથી તેનું વર્ણન અહીં લેવામાં આવ્યું નથી. હવે પછી પ્રકાશિત થનાર ભરૂચનાં ચાર તીર્થોમાં સમાવવામાં આવશે.

શ્રીમાળી પોળમાં આવેલું શ્રી આદિનાથનું જિનાલય આજે પણ તેની પ્રાચીન કારીગરીના નમૂના સાથે એમ જ ઊભું છે. આશરે ૧૫૦ વર્ષ પૂર્વે ભરૂચના જૈન શ્રેષ્ઠીવર્ય સર્વશ્રી અનોપચંદ મલુકચંદ શેઠે આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. આજે પણ જિનાલયની સ્થિતિ સારી છે. જો કે રંગરોગાણ કરવામાં આવે તો જિનાલય ઝગમગી ઉઠે તેમ છે.

તેની બાજુમાં શ્રી અનંતનાથ તેમજ શ્રી શાંતિનાથ પ્રભુના જિનાલયોની પણ આ જ પરિસ્થિતિ છે.

આ ઉપરાંત વેજલપુરમાં શ્રી આદિનાથ અને કબીરપુરામાં શ્રી અજિતનાથના પ્રાચીન જિનાલયોની જીર્ણોદ્ધાર બાદ હાલ પરિસ્થિતિ ઘણી જ સારી છે.

નર્મદા જેવી વિશાળ નદીના કિનારે પ્રાચીન કાળમાં બંદર રહી ચૂકેલા ભરૂચે દેશપરદેશનો ધીકતો ધંધો ખેડ્યો છે, પરંતુ મુસલમાન રાજાઓના આક્રમણ બાદ ભરૂચમાં વસ્તી પણ આજે મુસલમાનોની વધુ છે. જૈન કુટુંબોની પાંખી હાજરી ભરૂચના જિનાલયોના ભવિષ્યની ચિંતા જન્માવે છે જોકે સાક્ષાત્ તીર્થંકર પરમાત્માના આગમનની ઘટનાને ભૂતકાળમાં નિહાળનાર તીર્થભૂમિ એવું આ ભરૂચ, વર્તમાનમાં તો જિનાલયોની દેખભાળ અંગે કોઈ વિકટ સમસ્યા નથી ધરાવતું અને તેનું કારણ એ છે કે ત્યાંનો જૈન શ્રાવક વર્ગ હજુ જાગૃત છે.

શ્રી અરિહંત પરમાત્માના ચરણસ્પર્શને અનુભવી ચૂકેલી આ પાવન ભૂમિ એવી ભરૂચનગરીની આ ભવ્ય પરંપરાના સ્મરણથી ઉન્નત બનેલું મસ્તક પ્રભુના ચરણોમાં નમન કરી રહ્યું છે.

• • •

# વડોદરા શહેરનાં જિનાલયો

# વડોદરાનાં જિનાલયો

| ક્રમ | વિસ્તાર | મૂળનાયક | સંવત | પૃષ્ઠ નં. |
|---|---|---|---|---|
| ૧. | નરસિંહજીની પોળ, એમ. જી. રોડ | શ્રી શાંતિનાથ-ઘરદેરાસર | | |
| ૨. | કોલાખાડી, ઘડિયાળી પોળ | શ્રી શીતળનાથ-ઘરદેરાસર | | |
| ૩. | કોલાખાડી, ઘડિયાળી પોળ | શ્રી શાંતિનાથ-ઘરદેરાસર | | |
| ૪. | દેસાઈ શેરી, ઘડિયાળી પોળ | શ્રી ચંદ્રપ્રભસ્વામી-ઘરદેરાસર | | |
| ૫. | પીપળા શેરી, ઘડિયાળી પોળ | શ્રી ચિંતામણી પાર્શ્વનાથ | ૧૯૬૩ પૂર્વે | |
| ૬. | હરિભક્તિ શાકમાર્કેટ, ઘડિયાળી પોળ | શ્રી કુંથુનાથ | ૧૯૬૩ પૂર્વે | |
| ૭. | જાની શેરી, ઘડિયાળી પોળ | શ્રી ચંદ્રપ્રભસ્વામી | ૧૯૦૦ | |
| ૮. | જાની શેરી, ઘડિયાળી પોળ | શ્રી આદીશ્વર | ૧૯૫૦ પૂર્વે | |
| ૯. | પટોડિયા પોળ, ઘડિયાળી પોળ | શ્રી મનમોહન પાર્શ્વનાથ | ૧૯૪૭ પૂર્વે | |
| ૧૦. | દલા પટેલની પોળ, નરસિંહજીની પોળ | શ્રી શાંતિનાથ-ઘરદેરાસર | | |
| ૧૧. | તમાકુવાળાની ખડકી, નરસિંહજીની પોળ | શ્રી કુંથુનાથ-ઘરદેરાસર | ૧૯૮૯ | |
| ૧૨. | જગમાલની પોળ, નરસિંહજીની પોળ સારણેશ્વર મહાદેવનો ખાંચો, | શ્રી દાદા પાર્શ્વનાથ | ૧૯૬૩ પૂર્વે | |
| ૧૩. | નરસિંહજીની પોળ | શ્રી આદીશ્વર-ઘરદેરાસર | ૨૦૨૫ | |
| ૧૪. | પાંજરા પોળ, રાજમહેલ રોડ | શ્રી આદીશ્વર | ૨૦૦૨ | |
| ૧૫. | મહેતા પોળના નાકે, માંડવી | શ્રી નેમનાથ | ૧૯૬૩ પૂર્વે | |
| ૧૬. | મામાની પોળ, રાવપુરા | શ્રી કલ્યાણ પાર્શ્વનાથ | ૧૮૯૬ | |

| | | |
|---|---|---|
| ૧૭. મામાની પોળ, રાવપુરા | શ્રી મહાવીરસ્વામી | ૧૯૯૦ પૂર્વે |
| ૧૮. દેરા પોળ, બાબજીપુરા | શ્રી ગોડી પાર્શ્વનાથ | ૧૫૪૮ |
| ૧૯. કોઠી પોળ સામે, રાવપુરા | શ્રી શાંતિનાથ | ૧૯૬૩ પૂર્વે |
| ૨૦. મહાત્મા ગાંધી રોડ, માંડવી | શ્રી આદીશ્વર | ૧૯૬૩ પૂર્વે |
| ૨૧. મોટા દેરાસરની સામે, એમ. જી. રોડ | શ્રી ધર્મનાથ-ઘરદેરાસર | |
| ૨૨. મોટા દેરાસરની બાજુમાં, એમ. જી. રોડ | શ્રી શાંતિનાથ-ઘરદેરાસર | |
| ૨૩. સારણેશ્વર મહાદેવનો ખાંચો, એમ. જી. રોડ | શ્રી શાંતિનાથ-ઘરદેરાસર | |
| ૨૪. ભાલેરાવ ટેકરી, રાવપુરા | શ્રી વાસુપૂજ્યસ્વામી | ૨૦૫૪ |
| ૨૫. સુલતાનપુરા, મોઢ પોળ | શ્રી ચંદ્રપ્રભસ્વામી | ૧૯૬૩ પૂર્વે |
| ૨૬. રંગમહેલ વાડી, જૈન દેરાસર | શ્રી આદીશ્વર | ૧૯૩૨ |
| ૨૭. ૨૩, પરિમલ પાર્ક સોસા., નિઝામપુરા | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ઘરદેરાસર | ૨૦૫૧ |
| ૨૮. અજય સોસાયટી, નિઝામપુરા | શ્રી આદીશ્વર | ૨૦૩૮ |
| ૨૯. બ-૨૧, ફત્તેહસાગર કોમ્પલેક્ષ પાસે, ફત્તેહગંજ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ | - |
| ૩૦. મહાવીર જૈન વિદ્યાલય, પ્રતાપનગર | શ્રી આદીશ્વર | ૨૦૦૮ |
| ૩૧. શ્રી સોસાયટી, પ્રતાપગઢ | શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ | ૨૦૪૫ |
| ૩૨. શાંતિ પાર્ક, મકરપુરા | શ્રી સુમતિનાથ | ૨૦૫૧ |
| ૩૩. ૨૦, ગૌતમનગર, રેસકોર્સ સર્કલ | શ્રી શાંતિનાથ-ઘરદેરાસર | ૨૦૩૦ |
| ૩૪. ફત્તેહપુરા, મેઈન રોડ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ | ૧૯૬૩ પૂર્વે |
| ૩૫. સુભાષ પાર્ક સોસા., હરણી રોડ | શ્રી કલિકુંડ પાર્શ્વનાથ | ૨૦૫૨ |
| ૩૬. એફ-૬, સરસ્વતીનગર, કિશાન વાડી | શ્રી વિમળનાથ | ૨૦૫૦ |
| ૩૭. ૪૭, પારસ સોસા., આર. ટી. ઓ. ઑફિસ પાસે | શ્રી શીતળનાથ | ૨૦૪૫ |
| ૩૮. ૨૫ એ, હરિનગર સોસા., પાણીની ટાંકી પાસે | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (ઘરદેરાસર) | ૨૦૫૨ |

| | | |
|---|---|---|
| ૩૯. ૨૪, આનંદનગર સોસા., ઋષભ પ્રોડક્ટીવીટી રોડ | શ્રી ચંદ્રપ્રભસ્વામી (ઘરદેરાસર) | ૨૦૪૪ |
| ૪૦. ૨૦/૨૧, આમ્રકુંજ સોસા., અલકાપુરી | શ્રી સંભવનાથ | ૨૦૫૯ |
| ૪૧. ૨૧, ધનુષ્ય સોસા., ન્યુ સમા રોડ | શ્રી સીમંધરસ્વામી | ૨૦૫૯ |
| ૪૨. ૨૧, ધનુષ્ય સોસા. નં. ૧, ન્યુ સમા રોડ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (ઘરદેરાસર) | - |
| ૪૩. તરસાલી ગામ | શ્રી આદીશ્વર | ૧૯૬૩ પૂર્વે |
| ૪૪. ૬૭૬, શરદનગર, તરસાલી રોડ | શ્રી શાંતિનાથ | ૨૦૫૦ |
| ૪૫. ચંદ્રલોક સોસા. ની બાજુમાં, માંજલપુર | શ્રી ચિંતામણી પાર્શ્વનાથ | ૨૦૪૦ |
| ૪૬. ૬, રાધાકૃષ્ણ સોસાયટી, ગોરવા | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ | ૨૦૪૬ |
| ૪૭. ૧૫, પરિશ્રમ સોસાયટી, સુભાનપુરા | શ્રી શાંતિનાથ-ઘરદેરાસર | ૨૦૨૦ આસપાસ |
| ૪૮. ગાંધી પાર્ક પાસે, હરણી રોડ | શ્રી આદીશ્વર | ૨૦૫૭ |
| ૪૯. પ્રતાપકુંજ સોસા.ના નાંકે, કારેલી બાગ | શ્રી મુનિસુવ્રતસ્વામી | ૨૦૪૦ |
| ૫૦. વીરનગર સોસા., કારેલી બાગ | શ્રી શાંતિનાથ | ૨૦૫૩ |
| ૫૧. ૧૧, અષ્ટાપદ સોસા., કારેલી બાગ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (ઘરદેરાસર) | ૨૦૪૬ |
| ૫૨. આદિનાથ સોસાયટી, કારેલી બાગ | શ્રી આદીશ્વર | ૨૦૫૯ |
| ૫૩. શ્રી સૌભાગ્ય લક્ષ્મી સોસાયટી, વાઘોડિયા રોડ | શ્રી આદીશ્વર-ઘરદેરાસર | ૨૦૫૨ |
| ૫૪. નવપદ સોસાયટી, આજવા રોડ | શ્રી મહાવીરસ્વામી | ૨૦૪૨ |
| ૫૫. ૧૫, અંકુર સોસાયટી, પાણીગેટની બહાર | શ્રી વિમળનાથ | ૨૦૪૯ |
| ૫૬. ઉત્તમચંદ ઝવેરીની પોળ, પાણીગેટ રોડ | શ્રી શીતળનાથ | ૧૯૬૩ પૂર્વે |
| ૫૭. ૨, ચેતન સોસાયટી, આકોટા રોડ | શ્રી સુમતિનાથ-ઘરદેરાસર | ૨૦૪૮ |
| ૫૮. ૬, શ્રમદા સંપતરાય કોલોની, અલકાપુરી | શ્રી આદીશ્વર-ઘરદેરાસર | ૨૦૩૫ |
| ૫૯. મહાબલીપુરમ, જુના પાદરા રોડ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (ઘરદેરાસર) | ૨૦૪૦ |

| | | |
|---|---|---|
| ૬૦. ૪/એ, શ્રીનગર સોસા., આકોટા સ્ટેડિયમ પાસે | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ | ૨૦૫૧ |
| ૬૧. ૫/૬, મહાવીર ધામ સોસાયટી, હરણી, એરોડ્રામ સામે | શ્રી નેમિનાથ | ૨૦૪૮ |
| ૬૨. શ્રી સુધનલક્ષ્મી જૈન સોસા., સુભાનપુરા | શ્રી કુંથુનાથ | ૨૦૫૧ |
| ૬૩. મેહુલ સોસા. નં. ૨, સુભાનપુરા | શ્રી વાસુપૂજ્યસ્વામી (ઘરદેરાસર) | ૨૦૪૧ |
| ૬૪. ૫૨, વિહાર સોસાયટી, આકોટા સ્ટેડિયમ સામે | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (ઘરદેરાસર) | ૨૦૪૭ |
| ૬૫. રાજસ્થંભ સોસાયટી, મોતીબાગ | શ્રી મહાવીરસ્વામી | ૨૦૪૯ |
| ૬૬. ૨૪, રાધિકા હાઉસીંગ સોસાયટી, સૈયદ વાસણા રોડ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ | |
| ૬૭. ચોખંડી, રત્નપુરી એપાર્ટમેન્ટસ | શ્રી સીમંધરસ્વામી (ઘરદેરાસર) | ૨૦૫૯ |
| ૬૮. બી-૩, આમ્રપાલી સોસાયટી, માંજલપુર | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ | ૨૦૫૯ |

• • •

# વડોદરાનાં જિનાલયો

## (૧) શ્રી શાંતિનાથ ગૃહ ચૈત્ય

### સારણેશ્વર મહાદેવનો ખાંચો, નરસિંહજીની પોળ.

એમ. જી. રોડ પર નરસિંહજીની પોળમાં સારણેશ્વર મહાદેવના ખાંચામાં શ્રી રમેશભાઈ શાંતિલાલ ચૂડગરના મકાનમાં બીજા માળે ઘરદેરાસર બનાવવામાં આવેલ છે.

જર્મન સિલ્વરથી જડિત કાષ્ઠની છત્રી છે. જેની ઉપર નાના શિખરની રચના કરવામાં આવી છે. છત્રીના ભાગમાં દ્વારપાળ તથા હાથીની કૃતિઓ છે. છત્રીના થાંભલા ઝીણી કોતરણી તથા પોપટ અને નારીઓની શિલ્પાકૃતિઓથી શોભાયમાન છે. આ દેરાસરમાં એક ચોવીસી પ્રતિમા સહિત કુલ ૪ ધાતુપ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે. મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૩" ની પ્રતિમા બિરાજમાન છે. આ ઉપરાંત શ્રી ઘંટાકર્ણ મહાવીરની કાષ્ઠની પ્રતિમા પણ છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમામાં નીચે મુજબનો લેખ કોતરવામાં આવ્યો છે.

" સંવત ૧૫૨૫ વર્ષે વૈશાખ વદિ ૧ ગુરુ શ્રી શ્રીમાલ જ્ઞાતીય શ્રે. પાસડ સુત પિતૃ રા. સંઈ સું. લખમાં ભાર્યા સાધુ સું. મહઈરાજ રૂડા ગણપતિ યુતેન શ્રી શાંતિનાથ મુક્ષ ચતુર્વિંશતિ પટઃ કારિતઃ શ્રી પૂર્ણિમાં ગચ્છીય શ્રી સાધુરત્નસૂરિ પટ્ટે શ્રી સાધુસુંદર સૂરિણામુપદેશેન પ્રતિષ્ઠિતઃ વિધિના ધંધૂકા વાસ્તવ્યઃ"

શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા પર વિ. સં. ૧૫૨૮માં શ્રી લક્ષ્મીસાગરસૂરિ દ્વારા તથા શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પર વિ. સં. ૧૫૧૧માં તપાગચ્છીય શ્રી સોમસુંદરસૂરિના પ્રશિષ્ય શ્રી રત્નશેખરસૂરિ દ્વારા પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ વંચાય છે.

શ્રી રમેશભાઈ ચૂડગર આ ઘરદેરાસરનું સંચાલન સુંદર રીતે કરે છે. તેઓ દેરાસરની સ્વચ્છતા અને સુંદર વ્યવસ્થા જાળવે છે. તેઓના જણાવ્યા મુજબ અત્રે આ દેરાસર ઘણા સમયથી છે. જો કે પ્રતિષ્ઠા અંગે નિશ્ચિત સમય તેઓ જાણતા નથી.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. ત્રણ પ્રતિમા હતી. શ્રી શાંતિલાલ જમનાદાસ ચૂડગરે ઘરદેરાસર બંધાવ્યું હોવાની અને દેરાસરની સ્થિતિ સારી હોવાની નોંધ છે.

• • •

## (૨) શ્રી શાંતિનાથ ગૃહ ચૈત્ય

### કોલાખાડી, ઘડિયાળી પોળ.

ઘડિયાળી પોળમાં કોલાખાડી મહાદેવ પાસે ખડકીમાં શ્રી હરખચંદ વીરચંદના મકાનમાં ત્રીજા માળે ઘરદેરાસર બનાવવામાં આવેલ છે.

છાપરાબંધી ઘરદેરાસરમાં ગભારાની છત અબરખ તથા કાષ્ઠની કોતરણીથી શણગારવામાં આવી છે. કોતરણી ઘણી પ્રાચીન જણાય છે.

નાના ગભારામાં કુલ છ ધાતુપ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરવામાં આવેલી છે. મૂળનાયક તરીકે શ્રી શીતળનાથ ભગવાનની ૩" ની પ્રાચીન પ્રતિમા બિરાજમાન છે તથા શ્રી આત્માનંદજી મહારાજસાહેબની સ્ફટિકની મૂર્તિ પણ છે.

લેખ મુજબ મૂળનાયક પ્રભુની પ્રતિમાની સંવત ૧૫૨૪માં શ્રી લક્ષ્મીસાગરસૂરિ દ્વારા પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૧૦ છે. દેરાસરનો વહીવટ શ્રી જયંતિલાલ હરખચંદ, શ્રી જશકુમાર હરખચંદ તથા શ્રી દિનેશભાઈ હીરાલાલ કરે છે. તેઓના જણાવ્યા મુજબ છેલ્લા બસો વર્ષથી આ દેરાસર અત્રે છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. આમાં ૬ ધાતુ પ્રતિમાઓ હતી. શેઠ વીરચંદ ગોકળદાસે ઘરદેરાસર બંધાવ્યું હોવાની નોંધ છે.

• • •

## ( ૩ ) શ્રી શાંતિનાથ ગૃહ ચૈત્ય

### કોલાખાડી, ઘડિયાળી પોળ

ઘડિયાળી પોળમાં કોલાખાડી મહાદેવ પાસે ઝવેરી ખડકીના ધાબાબંધી એક મકાનમાં મેડા પર એક ઓરડીમાં આ ઘરદેરાસર બનાવવામાં આવેલ છે.

કાષ્ઠના નાના કબાટમાં કુલ ૯ ધાતુપ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે.

કબાટને તેના સ્થાનેથી બહાર લાવી બધી પ્રતિમાઓની પૂજા-અર્ચના વિધિ સંપૂર્ણ કરી

કબાટને પાછુ યોગ્ય સ્થાને ગોઠવવામાં આવે છે. મૂળનાયક તરીકે શ્રી કુંથુનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન કરવામાં આવી છે. અહીં એક ગુરુપાદુકા પણ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ કોતરવામાં આવ્યો છે.

"સંવત ૧૫૩૫ મહા સુદિ ૨ ને સોમવાર શ્રી શ્રીમાલી જ્ઞાતીય શ્રે. લાલા કેશવરામા લાલા ભા. લલતા દે સુત સારિંગ હાપ્પા ભાર્યા સરિયાદિ પ્રતિત્તમાત્ર પ્રતિષ્ઠિતં શ્રી કુંથુનાથ બિંબ કારિત પ્રતિષ્ઠિત શ્રી બ્રહ્માણગચ્છીય શ્રી વીર સૂરિભિઃ. . . . . . . . . . . . . વાસ્તવ્યઃ શ્રી શ્રી શ્રી. "

દેરાસરની વર્ષગાંઠ તિથિ માગશર વદ ૨ છે. તે દિવસે દર વર્ષે દેરાસરમાં પૂજા ભણાવવામાં આવે છે. દેરાસરનો વહીવટ શ્રી હરેશભાઈ જયંતિલાલ શાહ કરે છે. તેઓના જણાવ્યા મુજબ આ દેરાસર ૧૦૦ વર્ષ જેટલું પ્રાચીન છે.

• • •

## ( ૪ ) શ્રી ચંદ્રપ્રભસ્વામી ગૃહ ચૈત્ય

### દેસાઈ શેરી, ઘડિયાળી પોળ.

ઘડિયાળી પોળમાં દેસાઈ શેરીમાં ધાબાબંધી ઘરદેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામીની ૩" ની પ્રતિમા બિરાજમાન છે. અન્ય ૪ ધાતુપ્રતિમાજી અને પાંચ નવપદજી યંત્રો બિરાજમાન છે. મકાનમાં ત્રીજા માળે નાનું ચાંદીનું દેરાસર છે. સિંહાસનના પગથિયા પર ૧૪ સ્વપ્ન ચીતરેલાં છે. મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમા ઉપર "સંવત ૧૯૯૩ મહા વદી- ૧૨ . . . . . . . . . . . " લેખ વંચાય છે.

દેરાસરની વર્ષગાંઠ વૈશાખ સુદ ૭ છે. તે દિવસે દર વર્ષે પૂજા ભણાવાય છે. દેરાસરનો વહીવટ શ્રી બિપિનભાઈ ડાહ્યાભાઈ શાહ હસ્તક છે. તેઓના જણાવ્યા મુજબ આ દેરાસર ૧૨૫ વર્ષ જેટલું પ્રાચીન છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. આમાં ૭ ધાતુ પ્રતિમાઓ હતી. આ ઘરદેરાસર શ્રી દલપતભાઈ જગજીવનદાસે બંધાવ્યું હોવાની નોંધ છે.

• • •

## ( ૫ ) શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય (સંવત ૧૯૬૩ પૂર્વે )

### પીપળા શેરી, ઘડિયાળી પોળ.

ઘડિયાળી પોળમાં, પીપળા શેરીમાં ત્રણ શિખરયુકત દેરાસર આવેલું છે. ત્રણ ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની ૧૯"ની પ્રતિમા બિરાજમાન છે. ડાબા ગભારે શ્રી મહાવીરસ્વામી ભગવાન અને જમણા ગભારે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન બિરાજે છે. અહીં કુલ ૧૬ પાષાણપ્રતિમાઓ અને ૨૮ ધાતુપ્રતિમાઓ જેમાં ૧ ચાંદીનાં પ્રતિમાજી બિરાજમાન છે.

દેરાસરમાં ભોંયરું છે પરંતુ ત્યાં કોઈ પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી નથી, માત્ર શ્રી શત્રુંજય તીર્થનો પટ છે. ખોદકામ કરતાં ભોંયરામાંથી વેળુનાં લેપમય પ્રતિમાજી પ્રાપ્ત થયાં હતાં પરંતુ ટ્રસ્ટીના જણાવ્યાનુસાર કાવીના દરિયામાં પધરાવી દીધેલ છે.

દેરાસરનો જીર્ણોદ્ધાર પૂર્ણ થયા બાદ વિ. સં. ૨૦૫૯ના મહા સુદ ૬ના દિવસે મૂળનાયક ભગવાનની પુનઃપ્રતિષ્ઠા પૂ. આચાર્ય શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શેઠ શાંતીલાલ નગીનદાસ શાહના હસ્તક કરવામાં આવેલ, સંઘે કરેલા નિયમ મુજબ પ્રથમ ત્રણ વર્ષ તેઓ ધ્વજા ચઢાવશે ત્યારબાદ ચઢાવો બોલી ધ્વજારોપણ થશે.

દેરાસરનો વહીવટ "શ્રી ચિંતામણી ભગવાન દેરાસર ટ્રસ્ટ" હસ્તક છે. ટ્રસ્ટી શાહ ચંપકલાલ રંગીલદાસ, શાહ જયંતીલાલ નગીનદાસ અને શાહ શશિકાન્ત ત્રિભોવનદાસ છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૧૯૬૩માં શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૧૦ પાષાણ પ્રતિમાઓ અને ૧૮ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે દેરાસર બંધાવ્યાની નોંધ છે.

સંવત ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટ બંધી તરીકે થયો છે. તેમાં જણાવ્યા મુજબ ૧૧ પાષાણ પ્રતિમાઓ તથા ૨૮ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે દેરાસર બંધાવ્યાની નોંધ છે.

આ જિનાલયનો સમય સં. ૧૯૬૩ પૂર્વેનો છે. નિશ્ચિત સમય નક્કી કરવા વધુ સંશોધનની જરૂર છે.

• • •

## ( ૬ ) શ્રી કુંથુનાથ જિનાલય (સંવત ૧૯૬૩ પૂર્વે )

### શાક માર્કેટ, ઘડિયાળી પોળ.

ઘડિયાળી પોળના બહારના ભાગમાં ઘુમ્મટબંધી સુંદર જિનાલય આવેલ છે. જિનાલયના બહારના ભાગમાં ઉપરની દિવાલ પર સુંદર પુતળીઓ છે.

જર્મન- સિલ્વરથી મઢેલ ત્રણ પ્રવેશદ્વારવાળા ચોરસાકાર રંગમંડપમાં પ્રવેશતાં તુરંત ગોખલામાં શેઠ શ્રી રાયચંદ ભાઈ અને શેઠાણી પ્રદાન બાઈની મૂર્તિઓ મૂકેલ છે. સુંદર જિનાલય તેઓએ બંધાવ્યું હતું. દિવાલ પર શ્રી શંત્રુજય તીર્થ અને શ્રી ગિરનાર તીર્થનો પટ ફ્રેઈમમાં છે. વળી શ્રી સમેતશિખરજી તીર્થનો પટ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનની ૧૭"ની પ્રતિમા બિરાજમાન છે. ડાબી બાજુ શ્રી શાંતિનાથ ભગવાન અને જમણી બાજુ શ્રી મહાવીરસ્વામી ભગવાન બિરાજમાન છે. ત્રણેય પ્રતિમા પંચધાતુની બનેલી છે. અહીં કુલ ૧૪ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૧૦ ધાતુ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો છે. અહીં ૪ ધાતુ પ્રતિમાઓ હતી. આ દેરાસર શેઠ લીલાચંદ રાયચંદે બંધાવ્યાની તેમાં નોંધ છે.

આ જિનાલયનો સમય સં. ૧૯૬૩ પૂર્વેનો છે. નિશ્ચિત સમય નક્કી કરવા વધુ સંશોધનની જરૂર છે.

• • •

## (૭) શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલય (સંવત ૧૯૦૦)

### જાની શેરી, ઘડિયાળી પોળ.

ઘડિયાળી પોળમાં, જાની શેરીમાં એક માળનું શિખરબંધી જિનાલય આવેલ છે. એક જ પરિસરમાં બે દેરાસર છે. એક દેરાસર શ્રી આદીશ્વર ભગવાનનું અને બીજું શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાનનું છે.

મુખ્ય પ્રવેશદ્વારની ત્રણ બાજુ, ત્રણ દ્વારથી રંગમંડપમાં જવાય છે. જ્યાં સોનેરી રંગની સુંદર પૂતળીઓથી સુશોભિત તથા આસમાની રંગના તોરણોથી જોડાયેલ સ્તંભો છે. ઘુમ્મટમાં પણ સુંદર પૂતળીઓ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામીની ૧૯"ની પ્રતિમા બિરાજમાન છે. ગભારામાં ૫ અને રંગમંડપમાં ૩ એમ કુલ ૮ પાષાણ પ્રતિમાઓ અને ૨૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. એક ગુરુમંદિરમાં ગુરુપાદુકા છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૧૩ના રોજ છે. તે નિમિત્તે જમણવાર થાય છે.

દેરાસરનો વહીવટ ટ્રસ્ટ હસ્તક છે. ટ્રસ્ટી પન્નાલાલ વૈદ્ય, હરીશભાઈ વૈદ્ય અને કુસુમબેન વૈદ્ય છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૮ પાષાણ પ્રતિમાઓ તથા ૧૮ ધાતુ પ્રતિમાઓ હતી. વૈદ્ય મોતીચંદ ધરમચંદના વડીલોએ આ દેરાસર બંધાવ્યાની નોંધ છે.

સંવત ૨૦૩૦માં શ્રી રાવપુરા મામાની પોળ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ દ્વારા પ્રકાશિત "જૈન તીર્થ પરિચય"માં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. સંવત ૧૯૦૦ની આસપાસ કૈલાસવાસી શ્રીમંત મહારાજા ખંડેરાવ ગાયકવાડના શાસનકાળમાં વૈદ્ય મોતીચંદ ધર્મચંદના સુપુત્રો રાજવૈદ્ય દલપતભાઈ, ભીખાભાઈ અને હરીભાઈએ બંધાવ્યાની નોંધ છે.

આ જિનાલયનો સમય સં. ૧૯૦૦ આસપાસનો છે.

• • •

## (૮) શ્રી આદીશ્વર જિનાલય ( સંવત ૧૯૫૦ પૂર્વે )

### જાની શેરી, ઘડિયાળી પોળ.

ઘડિયાળી પોળ, જાની શેરીમાં અતિ પ્રાચીન કાષ્ઠમય જિનાલય આવેલ છે. હાલ તેનો જીર્ણોદ્ધાર ચાલે છે.

ત્રણ ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની ૨૧" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૧૧ પાષાણ પ્રતિમાઓ, ૩૦ ધાતુ પ્રતિમાઓ અને ૧ જોડ પગલાં બિરાજમાન છે.

સંવત ૧૯૫૦માં વૈદ્ય છોટાલાલ હીરાભાઈએ જીર્ણોદ્ધાર કરાવી કાષ્ઠનું જિનાલય હતું તે ધાબાબંધી બનાવેલ. દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ વદ ૨ છે.

દેરાસરનો વહીવટ "જાની શેરી જૈન સંઘ" હસ્તક છે. ટ્રસ્ટી દિનેશકુમાર શાહ, ઉમાકાન્ત શાહ અને દિનેશભાઈ શાહ છે.

• • •

## ( ૯ ) શ્રી મનમોહન પાર્શ્વનાથ જિનાલય (સં. ૧૯૪૭ પૂર્વેનો )

### પટોડીયા પોળ, ઘડિયાળી પોળ.

ઘડિયાળી પોળ, પટોડીયા પોળમાં બે માળનું ઘુમ્મટબંધી જિનાલય આવેલ છે. મુખ્ય પ્રવેશદ્વાર જે અત્યારે બંધ છે તે સુંદર રંગકામવાળી પૂતળીઓ, મોર, દ્વારપાળ વગેરેથી સુશોભિત છે. બીજું પ્રવેશદ્વાર બાજુની ગલીમાં છે જે હાલ ઉપયોગમાં લેવાય છે.

રંગમંડપ લાંબો તથા ચાર વિભાગમાં વહેંચાયેલો છે. દરેક વિભાગની ચારેબાજુ

થાંભલાઓની ચોકી છે. રંગમંડપમાં પહેલા વિભાગમાં ઉપર પત્થર વડે ઉપસાવેલ શ્રી શત્રુંજય તીર્થનો પટ છે. રંગમંડપમાં બીજા વિભાગમાં ગોખલામાં મુનિ શ્રી કાંતિવિજય મ. સા. ની આરસની મૂર્તિ છે. તેની ઉપરની દિવાલ પંચ કલ્યાણકના નાના ચિત્રોથી શણગારવામાં આવી છે. ત્રીજા વિભાગમાં નાના ચોકની ચારેબાજુ સ્તંભો અને સુંદર રંગકામથી સુશોભિત ઘુમ્મટ છે. ચોથા વિભાગમાં એક ગોખલામાં ત્રણ અને બીજા ગોખલામાં એક ભગવાનની પ્રતિમા છે.

ગર્ભદ્વારમાં ફૂલ અને વેલવાળી આકૃતિમાં સુંદર મીનાકામ કરેલ હોવાથી મનોહર લાગે છે. શ્યામ રંગની આરસની થાંભલી પર મીનાકામ દર્શનીય છે. ભગવાનની પાછળની દિવાલ પર રંગકામ કરી સુંદર વેલોનું કળા કારીગરીનું કામ કરેલ છે. ગભારામાં આરસનું પબાસન અને સુંદર છત્રી છે જેમાં સોનેરી-રૂપેરી રંગ પૂરેલ છે. ઉપર નાના ઘુમ્મટ બનાવ્યા છે.

ત્રણ ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાનની ૨૧" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૧૭ પાષાણ પ્રતિમાઓ, ૧ ચૌમુખી પ્રતિમા અને ૩૮ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે તથા ૪ જોડ પગલાં છે.

ચોકની બીજી બાજુ એક ઓરડીમાં અધિષ્ઠાયક દેવ શ્રી માણિભદ્રવીરનું પ્રાચીન અને ચમત્કારિક સ્થાનક છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા સંપ્રતિ મહારાજના સમયની હોવાનું માનવામાં આવે છે. સં. ૧૯૪૭માં પ્રસ્તુત જિનાલયનો જીર્ણોદ્ધાર પૂર્ણ થયેથી આચાર્ય શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મ. સા. તથા પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મ. સા. ની નિશ્રામાં પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૧૩ છે. તે નિમિત્તે પૂજા ભણાવાય છે. દેરાસરનો વહીવટ ટ્રસ્ટ હસ્તક છે. ટ્રસ્ટી ઉમાકાંતભાઈ શાહ, સુખલાલ શાહ અને ભગુભાઈ શાહ છે.

## ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેકટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૨૯ પાષાણ પ્રતિમાઓ તથા ૧૮ ધાતુ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો છે. ૧૮ પાષાણ પ્રતિમાઓ તથા ૪૭ ધાતુ પ્રતિમાઓ હતી. ૩ ગુરુમૂર્તિ અને ભોંયરામાં પ્રતિમાજીનો ઉલ્લેખ છે. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યાની નોંધ છે.

ટૂંકમાં આ જિનાલયનો સમય સંવત ૧૯૪૭ પૂર્વેનો છે. નિશ્ચિત સમય નક્કી કરવા વધુ સંશોધનની જરૂર છે.

• • •

## (૧૦) શ્રી શાંતિનાથ ગૃહ ચૈત્ય

### દલા પટેલની પોળ, નરસિંહજીની પોળ.

દલા પટેલની પોળની ગલીમાં પ્રવેશતાં જ ડાબા હાથે મકાનમાં ત્રીજા માળે આ ઘરદેરાસર આવેલ છે.

નાની દેરીમાં નીચેના ભાગમાં ૧૪ સ્વપ્ન છે. ભગવાનની પાછળ સૂર્ય, ચંદ્ર, ચામર ઢોળતાં બે ઇંદ્રો અને દેવદુંદુભિ વગાડતા બીજા બે દેવોની આકૃતિઓ છે. ચાંદીના સિંહાસન ઉપર, ચાંદીની સુંદર છત્રીમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૩" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમામાં નીચે મુજબનો લેખ કોતરવામાં આવ્યો છે.

"સં. ૧૫૦૮ વર્ષે અષાઢ સુદિ ૨ રવૌ શ્રી શ્રીમાલ જ્ઞાતીય મ. કાજી ભાર્યા રાજુ સુત મ. રાજકેતભ્મા મલ્હાસુત વીરપાલ પ્રમુખ કુટુંબયુતેન માતા પિતૃ શ્રેયસે સ્વ. શ્રેયસે ચ. શ્રી આગમગચ્છે શ્રી દેવરત્નસૂરીણામુપદેશેન શ્રી શાંતિનાથાદિ ચતુર્વિશતિ પટ્ટાકારિતઃ પ્રતિષ્ઠાપિતશ્ચ !! શ્રી શુભમ્. !!"

બાજુમાં એક કબાટમાં કાષ્ઠના બે પાર્શ્વયક્ષ જે વજનમાં એટલા હલકા છે કે જાણે હાથમાં કાગળ ઊંચક્યો હોય તેવું લાગે છે અને એક દેવીમૂર્તિ છે.

દેરાસરની ચારેબાજુ ફરતી દિવાલ પર સાધુ-ભગવંતો, તીર્થો, ભગવાનો, નવપદજી, ચિંતામણી યંત્ર, શ્રી આત્મારામજી મ. સા. વગેરેના ફોટા છે.

આ દેરાસરમાં પૂર્વે છ પ્રતિમાજીઓ હતાં. તેમાંથી બે સ્ફટીકનાં પ્રતિમાજી ચૌટાવાડના શ્રી આદિનાથ જિનાલયમાં તેમજ શ્રી આદિનાથ અને શ્રી મહાવીરસ્વામી એમ બે પ્રતિમાજી નગીનભાઈ ચૂડગરને ત્યાં સ્થાપિત કરવામાં આવેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ વદ ૮ છે.

દેરાસરનો વહીવટ ટ્રસ્ટ હસ્તક છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. અહીં ૨ ધાતુ પ્રતિમાઓ અને ૨ સ્ફટીક પ્રતિમાઓ હતી. વૈદ્ય જમનાદાસ ચુનીલાલે આ દેરાસર બંધાવ્યાની નોંધ છે.

• • •

## (૧૧) શ્રી કુંથુનાથ ગૃહ ચૈત્ય (સંવત ૧૯૮૯ )

### તમાકુવાળાની ખડકી, નરસિંહજીની પોળ.

નરસિંહજીની પોળમાં તમાકુવાળાની ખડકીના ખૂણામાં ઉપરના માળે આ ઘરદેરાસર આવેલ છે.

જર્મન-સિલ્વરના કબાટમાં પબાસન પર મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનની ૩" ની પ્રતિમા બિરાજમાન છે. શ્રી કુંથુનાથ ભગવાનની પ્રતિમામાં મૂર્તિલેખ નીચે મુજબ કોતરવામાં આવ્યો છે.

"શ્રીમાલ જ્ઞાતીય મં. પાંચાબા સુભહી સુ. સંવધર મા. ૧૫૦૬ વર્ષે ચૈત્ર વદિ પાંચમ કુંથુનાથ બિંબ કારિત સીમા પક્ષીય ગુણસુંદરસૂરિ ઉપદેશે પ્રતિષ્ઠિતં."

અહીં કુલ ૭ ધાતુ મૂર્તિઓ અને ૨ જોડ પગલાં બિરાજમાન છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૬ છે. તે નિમિત્તે સમગ્ર પરિવાર એકઠો થઈ વર્ષગાંઠ ઉજવે છે.

દેરાસરનું સ્થાપના વર્ષ સંવત ૧૯૮૯ છે. દેરાસરનો વહીવટ શ્રી ચંદુલાલ લીલાચંદ કોઠારી હસ્તક છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. ૫ ધાતુપ્રતિમાઓ તથા ૧ સ્ફટીક પ્રતિમા હતી. કોઠારી રામદાસ હરજીવનદાસે આ દેરાસર બંધાવ્યાની નોંધ છે.

આ જિનાલયનો સમય સંવત ૧૯૮૯નો છે.

• • •

## (૧૨) શ્રી દાદા પાર્શ્વનાથ જિનાલય (સંવત ૧૯૬૩ પૂર્વે )

### નરસિંહજીની પોળ, જગમાલની પોળ.

નરસિંહજીની પોળમાં આવેલ નાના નરસિંહજીના મંદિર પાસે આ ભવ્ય દેરાસર આવેલું છે. આ જિનાલય ઘુમ્મટબંધી છે.

મુખ્ય પ્રવેશદ્વારથી પ્રવેશતાં વિશાળ રંગમંડપના ઘુમ્મટમાં સુંદર ચિત્રકામ છે. વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકર પરમાત્મા અને તેઓનાં યક્ષ-યક્ષિણી ચિત્રિત કરેલાં છે. વળી, શ્રી દાદા પાર્શ્વનાથ, શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ, શ્રી માણેકસ્વામી, શ્રી સીમંધરસ્વામી, શ્રી ગૌતમસ્વામી, શ્રી પદ્માવતી દેવી, શ્રી આદિનાથ અને શ્રી શાંતિનાથ ભગવાન તેમજ ઇન્દ્ર-ઇન્દ્રાણી, અલ્હાબાદનો ત્રિવેણી સંગમ, કુલપાકજી, અંતરીક્ષજી, ભદ્રાવતી, ભોપાવર આદિ તીર્થો અને શ્રી

વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સા.ના સુંદર ચિત્રો ઘુમ્મટમાં ચિત્રિત કરેલાં છે. વળી, શ્રી પાર્શ્વનાથપ્રભુના જીવનના કેટલાક પ્રસંગો તેમજ પાંચ કલ્યાણકોનાં સુંદર ચિત્રો પણ છે.

પાંચ ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી દાદા પાર્શ્વનાથ ભગવાનની ૩૩"ની પ્રતિમા બિરાજમાન છે. આ પ્રતિમા વેળુની બનેલી છે અને હાલ તેની પર લેપ કરેલો છે. આ પ્રતિમાજીની ફણા મુલાવી આરસની બનાવેલી છે. પૂર્વે આ પ્રતિમા ભોંયરામાં પ્રતિષ્ઠિત હતી ત્યારે ઉંદરનો ઉપદ્રવ થવાથી ફણા કોતરાઈ ગયા અને તેથી નવા ફણા બનાવવામાં આવ્યા છે. સંવત ૧૯૭૩માં આચાર્ય શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં જીર્ણોદ્ધાર કરાવી પુનઃપ્રતિષ્ઠા કરાવવામાં આવેલ ત્યારે દેરાસર થોડું ઉપરના ભાગમાં લઈ જવામાં આવ્યું હતું. મૂળનાયકની પ્રતિમા પર લેખ નથી પરંતુ બાજુમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ઉપર સંવત ૧૮૩૯ વંચાય છે.

ગભારાની બાજુમાં એક દેવકુલિકામાં મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાનની ૧૧"ની પ્રતિમા બિરાજમાન છે. અહીં દિવાલ પર કેટલાક તીર્થ પટો છે જેમાં હસ્તગિરિ, ગિરનાર, ક્ષત્રિય કુંડ, સમેત શિખરજી, રાજગૃહી, આબુ, અષ્ટાપદ, તારંગા તેમજ કદંબગિરિ ના પટો છે અને શ્રી શત્રુંજય તીર્થનો મોટો પટ છે. એક પટમાં શ્રી ગૌતમસ્વામી શ્રેણિક મહારાજને શ્રીપાળ-મયણા ચરિત્ર કહી સંભળાવતા હોય તે પ્રસંગ છે. શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિમા ઉપર સંવત ૧૯૧૩ વંચાય છે.

રંગમંડપમાંથી ડાબી-જમણી બંને બાજુએથી ઉપર જવાના દાદર છે. ઉપર ત્રણ દેવકુલિકાઓ છે. મધ્યની દેવકુલિકાના લાંબા રંગમંડપમાં સુંદર રંગકામ છે. ત્રણ ગર્ભદ્વારની ઉપરના ભાગમાં દિવાલ પર શ્રી નેમિનાથ ભગવાનના ૯ ભવોના કુલ ૧૪ ચિત્રો ચિત્રીત કરેલા છે. વળી, ગર્ભદ્વારની બારસાખની ઉપરની દિવાલ પર લેખ લખેલ છે જે નીચે મુજબ છે.

" ॥અર્હં વિક્રમ સંવત ૧૯૯૮ વર્ષે ફાલ્ગુન સુ. ૩ બુધવારે પ્રાચીનમિદં શ્રીમદરિષ્ટનેમિજિનબિંબ વટપદ્ર ( વડોદરા ) નગરનિવાસીના ઉપદેશ વંશ્યેન ઝવેરી ભગુભાઈ સુત શ્રેષ્ઠી ગુલાબચન્દ્ર સુશ્રાવકેણ નિજસ્વસુર પિતૃત્વ ( ઝવેરી ધર્મચન્દ્રાત્મજ નાનચન્દ્ર ) પત્ની સુશ્રાવિકા ચન્દન શ્રેયાર્થે તદીયદ્રવ્યવ્યયેન મહોત્સવેન શ્રી દાદા પાર્શ્વનાથ જિનચૈત્યે સંસ્થાપિતમ્ । પ્રતિષ્ઠિતં ચ ન્યાયામ્ભોનિધિ તપાગચ્છાચાર્ય શ્રીમદ્ વિજયાનન્દસૂરીશ્વર પટાલંકાર શ્રી વિજયવલ્લભસૂરિશિષ્યૈઃ શ્રી વિજય લલિતસૂરિભિઃ ॥ શુભં ભવતુ ॥"

આ દેવકુલિકામાં ગભારામાં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની ૩૩" ની પ્રતિમા બિરાજમાન છે. પ્રતિમાની બંને બાજુ સર્પના શરીરનો આકાર છે તેમજ અલગ ચોરસ પત્થરમાં ઇન્દ્ર-ઇન્દ્રાણીની રચના છે. આ પ્રતિમાજી સંવત ૧૯૭૩માં પાવાગઢથી અત્રે લાવી પરોણાગત રાખવામાં આવ્યાં હતાં અને ત્યાર પછી સંવત ૧૯૯૮માં અહીં જ પ્રતિષ્ઠિત કરવામાં આવ્યાં હતાં. કસોટીના પત્થરમાંથી બનેલાં આ પ્રતિમાજી પર કોઈ લેખ નથી. ડાબા ગભારામાં શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનની શ્યામ આરસની તથા જમણા ગભારામાં શ્રી શીતલનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૭ શ્યામ આરસની પ્રતિમા સહિત ૧૧ આરસ

પ્રતિમા તથા ૫૧ ધાતુ પ્રતિમાજીઓ બિરાજમાન છે. ૨૪ યંત્રો છે. જમણી બાજુ ગોખમાં શ્રી ગૌતમસ્વામીજીની ગુરુપ્રતિમા છે. ડાબી બાજુ ગોખમાં શ્રી ગોમુખ યક્ષની ધાતુમૂર્તિ દિવાલમાં જડિત છે. વળી, પત્થર પર એક જોડ પગલાં છે. આ પગલા પરના લેખ મુજબ સં. ૧૬૬૮માં પ્રતિષ્ઠિત કરેલ ઉપાધ્યાય શ્રી ગુણહર્ષગણિનાં પગલાં છે. શ્રી શીતલનાથ ભગવાનની પ્રતિમા પરનો લેખ આ મુજબ છે. "સંવત ૧૬૬૪ વર્ષે ફાગુન માસે. . . . . સંઘવી પદમસી. . . . . અચલગચ્છે. . . . . . . . પ્રતિષ્ઠિતં. "

જમણી બાજુની ઘુમ્મટ યુકત દેવકુલિકામાં અષ્ટાપદની રચના છે. મોટા ત્રિગઢ પર ઘુમ્મટ યુકત ઝીણી કોતરણીવાળી છત્રીમાં ૧૮ ધાતુ પ્રતિમાઓ, ૨ રાતા પત્થરની તથા ૪ આરસપ્રતિમાઓ બિરાજમાન છે.

ડાબી બાજુની ઘુમ્મટ યુકત દેવકુલિકામાં ચૌમુખી પ્રતિમા બિરાજમાન છે. મોટા ત્રિગઢ પર ઘુમ્મટ યુકત ઝીણી કોતરણીવાળી છત્રીમાં ચાર આરસપ્રતિમાઓ બિરાજમાન છે.

( ૧ ) શ્રી સુમતિનાથ ભગવાનની પ્રતિમા પર સંવત ૧૬૭૭ વંચાય છે.

( ૨ ) ડાબી બાજુ પ્રતિમા પર લેખ નથી.

( ૩ ) પાછળની પ્રતિમા પર સં. ૧૮૩૯ વંચાય છે.

( ૪ ) જમણી બાજુ પ્રતિમા પર "બાદશાહ અકબર પ્રવર્તમાન સંવત ૪૧" વંચાય છે.

જિનાલયની બાજુમાં "વલ્લભવિહાર" નામનું ગુરુમંદિર આવેલું છે. મુખ્ય પ્રવેશદ્વારની બહાર બે દ્વારપાળની આકૃતિઓ છે.

આ મંદિરની રચના વિ. સં. ૨૦૧૪માં કરવામાં આવી છે. પ્રવેશતાં સામેજ ધાતુના બનેલા મોટા સૂર્યની રચનામાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીનો ફોટો છે તથા આજુબાજુ દિવાલ પર પૂજ્ય ગુરુવરના જીવનના વિશિષ્ટ પ્રસંગોના કુલ ૬૮ ચિત્રો દિવાલ પર ઉપસાવી રંગકામ કરેલા છે. ઉપર ઘુમ્મટનાં ભાગમાં પૂજયશ્રીની સ્મશાનયાત્રા, અનુકંપાદાન તથા અગ્નિદાહ ના પ્રસંગો ચિત્રિત કરેલા છે. સંવત ૨૦૨૧ સુધીના તેઓશ્રીના શિષ્ય પરિવારનું વંશવૃક્ષ બનાવીને અત્રે મૂકવામાં આવેલ છે.

આ ગુરુમંદિરના ગભારામાં આરસની ૩ ગુરુમૂર્તિઓ છે. મધ્યમાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરની ૩૨" ની, જમણી બાજુ મુનિ શ્રી કાન્તિવિજયજી મ. સા. ની ૨૮" ની અને ડાબી બાજુ મુનિ શ્રી હંસવિજયજી મ. સા. ની ૨૮" ની પ્રતિમા બિરાજમાન છે. ત્રણેય પ્રતિમાની પાછળની દિવાલ પર પણ સુંદર ચિત્રકામ છે.

જિનાલયની રૂબરૂ મુલાકાત સમયે સ્થળ પર ઉપસ્થિત ૮૦ વર્ષની વય ધરાવતા બુઝુર્ગ વડીલ શ્રી શાંતિભાઈ ભગુભાઈ ઝવેરી દ્વારા જિનાલયની કેટલીક ઐતિહાસિક માહિતી આપેલ હતી. પાવાગઢના પતન પછી સંવત ૧૯૭૩માં પાવાગઢના શ્રી ભીડભંજનના દહેરાના ટ્રસ્ટીઓ

શ્રી નેમિનાથ ભગવાન અને શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાનનાં પ્રતિમાજી ટ્રકમાં લાવી અત્રે મૂકી ગયા હતા. ટ્રસ્ટીઓ પોતાના કુટુંબ સહિત પાવાગઢ છોડી કપડવંજમાં સ્થાયી થયા હતા. અને શ્રી "ભીડભંજન પાર્શ્વનાથ ભગવાનનું ખાતુ ચાલે છે" એમ જણાવી આર્થિક સહાય કરી હતી. વળી, પ્રભુજીનાં સિંહાસન, મુગટ, બાજુબંધ, હંસ વગેરે આભૂષણો પણ આપી ગયા હતા. આ પ્રતિમાજી હાલ મૂળનાયક ભગવાન શ્રી દાદા પાર્શ્વનાથ ભગવાનની જમણી બાજુ બિરાજમાન છે તેમજ શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા સંવત ૧૯૯૮માં શેઠ શ્રી લાલભાઈ કલ્યાણભાઈ ઝવેરીનાં માતુશ્રી ગંગાબાના હસ્તે ઉપર દેવકુલિકામાં પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહાસુદ-૧૩ છે. તે નિમિત્તે શેઠ શ્રી ફતેહચંદ ઝવેરી પરિવાર દ્વારા દર વર્ષે ધ્વજા બદલવામાં આવે છે તથા પ્રભાવના કરવામાં આવે છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેકટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. કુલ ૪૪ પાષાણ પ્રતિમાઓ તથા ૮૨ ધાતુ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો છે. કુલ ૪૦ પાષાણ પ્રતિમાઓ તથા ૧૧૧ ધાતુ પ્રતિમાઓ હતી.

આ જિનાલયનો સમય સંવત ૧૯૬૩ પૂર્વેનો છે. નિશ્ચિત સમય નક્કી કરવા વધુ સંશોધનની જરૂર છે. સંવત ૧૯૯૮માં જીર્ણોદ્ધાર થયેલ છે.

• • •

## (૧૩) શ્રી આદિનાથ ગૃહ ચૈત્ય (સંવત ૨૦૨૫)

### સારણેશ્વર મહાદેવનો ખાંચો, નરસિંહજીની પોળ.

નરસિંહજીની પોળમાં આવેલ સારણેશ્વર મહાદેવના મંદિરની સામે શ્રી નગીનદાસ મણિલાલ ચુડગરના ઘરમાં ત્રીજે માળે નાનું ઘરદેરાસર આવેલું છે.

જર્મન સિલ્વરના બારીબારણાં તથા નાના શિખરયુકત આ દેરાસરમાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની ૫" ની પ્રતિમા બિરાજમાન છે.

દેરાસરની પ્રતિષ્ઠા સંવત ૨૦૨૫ના માગશર સુદ ૬ ને સોમવાર તા. ૨૫-૧૧-૬૮ના રોજ આચાર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજી તેમજ આચાર્ય શ્રી અમૃતસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં કુલ ૩ ધાતુ પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે.

આ જિનાલયનો નિર્માણ સમય સંવત ૨૦૨૫નો છે.

• • •

## (૧૪) શ્રી આદિનાથ જિનાલય (સંવત ૨૦૦૨)

### ઊંચી પોળ, પાંજરાપોળ, રાજમહેલ રોડ.

પાંજરાપોળ, ઊંચીપોળમાં ૨૦૦ વર્ષ જુની દાદાવાડીમાં આ દેરાસર આવેલ છે.

નાના ગોખલામાં, કાચના કબાટમાં આરસની ઓટલી પર મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની ૫" ની પ્રતિમા પરોણાગત બિરાજમાન છે. અહીં કુલ ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

વિ. સં. ૨૦૦૨માં મહાસુદ પાંચમના રોજ આચાર્ય શ્રી ઇન્દ્રજિતસૂરીશ્વરની નિશ્રામાં દેરાસરમાં પ્રતિષ્ઠા કરાવવામાં આવી છે. મૂળનાયક તરીકે જે પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી તે પ્રતિમા ચોરાઈ જવાથી પાવાગઢથી સંવત ૨૦૨૮માં ભરાવેલાં પ્રતિમાજી હાલ પરોણા દાખલ કરેલ છે.

ભગવાનની આગળ આરસનું પબાસન બનાવી ત્રણ ઘુમ્મટ બનાવ્યા છે. જેમાં શ્રી જિનદત્તસૂરિ, શ્રી જિનકુશલસૂરિ તથા શ્રી મોહનલાલજીની ચરણ પાદુકાઓ છે. આ જગ્યાને દાદાવાડી તરીકે ઓળખવામાં.આવે છે. આ પગલાં પરના આકારના ઘુમ્મટ પર વિશિષ્ટ એવી શ્રી જિનકુશલસૂરિની પાદુકા પરનું લખાણ નીચે મુજબ છે.

"સંવત ૧૮૨૯ શાકે ૧૬૯૩ વૈશાખ સુદી ૧૨ શ્રી કેશવવંશ શ્રી. . . . . . . . .
શ્રી જિનકુશલસૂરિ પાદુકા. "

શ્રી જિનદત્તસૂરિની પાદુકા પરનું લખાણ નીચે મુજબ છે.

" સંવત ૧૮૨૭ શાકે ૧૬૯૩ વૈશાખ સુદી ૧૨ શ્રી કેશવવંશ શ્રી સ્વરૂપચંદ. . . .
શ્રી જિનદત્તસૂરિ પાદુકા. "

દેરાસરમાં બંને બાજુએ દિવાલ પર શ્રી જિનદત્તસૂરિજી દ્વારા નવકારમંત્રના પ્રભાવથી લોકમાં કરેલ ચમત્કારના પ્રસંગોના ફોટા લગાડવામાં આવ્યા છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૫ છે.

દર વર્ષે કાર્તિક પૂર્ણિમા તેમજ ચૈત્રી પૂર્ણિમાને દિવસે શ્રી સંઘ દર્શનાર્થે આવે છે.

દેરાસરનો વહીવટ આત્માનંદ જૈન સંઘ હસ્તક છે. ટ્રસ્ટી શ્રી રસીકલાલ શાહ, શ્રી જયંતિલાલ શાહ અને શ્રી ઉમાકાન્ત શાહ છે.

આ જિનાલયનો નિર્માણ સમય વિ. સં. ૨૦૦૨નો છે.

• • •

## (૧૫) શ્રી નેમિનાથ જિનાલય (સં. ૧૯૬૩થી પૂર્વે)

### મહેતા પોળના નાકે, બેંક રોડ, રણછોડરાય મસાલા મીલની સામે.

મહેતા પોળના નાકે, મુખ્ય માર્ગ પર સાંકડી ગલીમાં આ શિખરયુક્ત જિનાલય આવેલ છે.

ત્રણ પ્રવેશદ્વારવાળા આ દેરાસરમાં મધ્યમ કદના લાંબા ગભારા ફરતી પ્રદક્ષિણાની જગ્યા છે અને દિવાલ પર ફ્રેઈમમાં ડાબી બાજુએ શ્રી નેમનાથ ભગવાનની જાન, ભગવાનના પંચકલ્યાણક, શ્રીપાળ રાજાના રાસના પ્રસંગો અને જમણી બાજુ શ્રી ગિરનાર, શ્રી શત્રુંજય અને શ્રી સમેતશિખર તીર્થના પટ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી નેમનાથ ભગવાનની પંચધાતુની ૧૯" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૫ પાષાણ પ્રતિમાઓ અને ૧૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. ગોખલામાં શ્રી ગૌતમસ્વામીની પ્રતિમા કમળ ઉપર બિરાજમાન છે.

દેરાસરની બાજુમાં દાદાવાડી છે. તેમાં શ્રી અભયદેવસૂરિ, શ્રી જિનચંદ્રસૂરિ, શ્રી જિનદત્તસૂરિ, શ્રી જિનકુશલસૂરિ અને કવીન્દ્ર શ્રી સાગરસૂરિની આરસ મૂર્તિઓ બિરાજમાન છે. એક ગોખલામાં ભૈરવ અને બીજા ગોખલામાં કાળા ભૈરવ છે. બહાર કાચની ફ્રેઈમમાં શ્રી જિનદત્તસૂરિના જીવનના વિવિધ પ્રસંગોનાં ચિત્રો બનાવવામાં આવ્યાં છે.

દેરાસરની પ્રતિષ્ઠા સં. ૨૦૦૮માં આચાર્ય શ્રી વલ્લભસૂરિ મહારાજની નિશ્રામાં શ્રાવક શ્રી શાંતિલાલ હેમરાજ પારેખના હસ્તે કરાવવામાં આવેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહાસુદ ૬ છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩ જૈન શ્વેતાંબર ડિરેકટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૪૦ ધાતુ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો છે. ૩ પાષાણ પ્રતિમાઓ, ૨૨ ધાતુ પ્રતિમાઓ તથા ૧ સ્ફટીકની પ્રતિમાઓ હતા. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યાની નોંધ છે.

આ જિનાલયનો સમય સં. ૧૯૬૩ પૂર્વેનો છે તેમજ સં. ૨૦૦૮માં જીર્ણોદ્ધાર કરાવી શિખરબંધી જિનાલય બનાવવામાં આવેલ છે.

• • •

## (૧૯) શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જિનાલય ( સં. ૧૮૯૬ )

### મામાની પોળ, રાવપુરા.

મામાની પોળમાં શ્રી મહાવીરસ્વામીના દેરાસરની આગળ જતાં જમણી બાજુ આ દેરાસર આવેલું છે.

"પાવાગઢથી વડોદરામાં પ્રગટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ" નામના પુસ્તકમાં ભાવનગરનિવાસી લેખક શ્રી પં. લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી નોંધે છે કે, "વડોદરાના શ્રી કલ્યાણ પાર્શ્વનાથના જિનાલયના મૂળનાયક તે પાવાગઢના પ્રાચીન બાવન જિનાલયના મૂળનાયક શ્રી જીરાવાલા પાર્શ્વનાથ છે. જેની પ્રતિષ્ઠા પાવાગઢમાં સંવત ૧૧૧૨ના વૈશાખ સુદ ૫ ના રોજ પૂ. આ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજીની નિશ્રામાં થયેલ હતી. પાવાગઢના પતન પછી આ પ્રતિમા વડોદરામાં આવી. "

વડોદરાના રાજા બીજા સયાજીરાવના સમયમાં રામજી નામના બ્રાહ્મણના મકાનમાંથી આ મૂર્તિના પ્રગટ થવા પૂર્વે સ્વપ્ન દ્વારા સૂચન થયેલ પરંતુ તે કાંઈ સમજી ન શક્યો. જોગાનુજોગ આવું જ સ્વપ્ન આચાર્ય શ્રી શાન્તિસાગરસૂરીશ્વરને પણ આવ્યું અને તે મુજબ તેઓશ્રીએ શ્રી સંઘના મોવડીઓની હાજરીમાં ખોદકામ કરાવ્યું. પ્રભાવશાળી, ચમત્કારી, પ્રાચીન એવી શ્રી કલ્યાણ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પ્રગટ થઈ. તે શુભ દિવસ વિ. સં. ૧૮૮૯નો માગશર વદ ૧૧નો હતો. બરાબર સાત વર્ષ બાદ પ્રસ્તુત ભવ્ય મંદિરમાં આ પ્રતિમાની સંવત ૧૮૯૬ના માગશર સુદ-૧૩ના રોજ ભવ્ય મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરવામાં આવી. આ સમયે વડોદરામાં માત્ર એક જ શિખરબંધી જિનાલય હતું. પ્રાચીન કલાની સાક્ષી પૂરાવતું આ ભવ્યાતિભવ્ય કળા-કારીગરીના સુંદર નમૂના રૂપે દેરાસર હજુ આજે પણ શોભી રહ્યું છે. બે બાજુ પગથિયાં પછી એક પ્રવેશદ્વારથી રંગમંડપમાં પ્રવેશ થાય છે.

ઝીણી કોતરણી તથા યક્ષ-યક્ષિણીઓની શિલ્પાકૃતિવાળા સુંદર થાંભલા છે. થાંભલા પર બારસાખમાં મગરમુખી અને કમળમુખી પ્રવેશદ્વાર પાસે આજુબાજુ બે ગોખમાં સુંદર રંગકામયુકત ઈન્દ્ર-ઈન્દ્રાણીની શિલ્પાકૃતિઓ છે. વળી દ્વાર પાસે દ્વારપાળ અને હાથીની અંબાડી પર બીરાજેલાં શેઠ-શેઠાણીની સુંદર રંગકામયુકત મૂર્તિ છે. કોતરણી ચિત્રાત્મક છે. મધ્યમાં ઝરૂખાની રચના છે. પ્રવેશદ્વારમાં પ્રવેશતાં જ જમણી બાજુ રંગકામ કરેલા મનોહર કાષ્ઠદ્વાર ધરાવતી દેવકુલિકામાં આરસનાં પગલાંની આઠ જોડ છે જેમાં એક મુનિ શ્રી મુક્તિવિજયજી મ. સા. ની પાદુકા છે. આ પગલાં ઘુમ્મટ અને ચાર થાંભલા યુકત કોતરણીવાળી છત્રીમાં પ્રતિષ્ઠિત છે. આ પાદુકાની પાછળ દિવાલ પર નીચે મુજબનું લખાણ જોવા મળે છે.

( ૧ ) પંન્યાસ શ્રી મુક્તિવિજયજી મહારાજની ચરણ પાદુકા શ્રી વટ્ટપત્તન નગરે શ્રી કલ્યાણ પાર્શ્વનાથ પ્રાસાદે કારાપિતે શ્રાવક હરીલાલ પ્રભુદાસ સજ્ઞાતી દશા શ્રીમાળી લઘુ શાખાયા તે પ્રતિષ્ઠીતે સં. ૧૯૪૦ વર્ષે શ્રાવણ માસે શુકલે પક્ષે તીર્થ દસમી બુધવાસરે સ્થાપીતે શ્રાવક નાથાલાલ લક્ષ્મીચંદ જ્ઞાતી દશા શ્રીમાળી લઘુ શાખાયા.

( ૨ ) સં. ૧૮૭૮ના માઘ સુદી. . . . . . . . . . . . . ચંદ્રવાસરે પં. રૂપવિજય પાદુકા

( ૩ ) સં. ૧૮૫૧ વૈશાખ સુદી ૬ (૧ ) હંસવિજયગણિ ( ૨ ) મુ(સુ)જાણવિજયગણિ

( ૪ ) સં. ૧૮૭૨ના વૈશાખ. . . . . . . . . . . . . . . .

પ્રવેશદ્વારમાં પ્રવેશતાં ડાબી બાજુ મોટી જગ્યામાં મોટા ત્રિગઢ ઉપર ચાર થાંભલીઓવાળ ઘુમ્મટની નીચે આરસની ચૌમુખી પ્રતિમા બિરાજમાન છે. ચૌમુખજીમાં શ્રી અજિતનાથ ભગવાન, શ્રી આદીશ્વર ભગવાન, શ્રી વાસુપૂજ્યસ્વામી તથા શ્રી વિમળનાથ ભગવાનની ૧૩" ની પ્રતિમાઓ બિરાજમાન છે. દરેક પ્રતિમાની નીચે મૂર્તિલેખ છે તે નીચે મુજબ છે.

(૧) શ્રી અજિતનાથ સં. ૧૯૦૩ શાકે ૧૭૬૮ પ્રથમ માઘ શુકલ પાંચ તીથૌ ભૃગુવાસરે અહમદાબાદ વાસ્તવ્ય શ્રીમાળી જ્ઞાતીય લઘુ શાખાયા પ્રેમચંદ તત્ ભાર્યા શ્રી કૂલીબાઈ. . . .

(૨) શ્રી અનંતધર્મ આદિનાથ, ઉપર પ્રમાણે જ લેખ છે. સં. ૧૯૦૩.......

(૩) શ્રી વાસુપૂજ્ય ૧૯૦૩

(૪) શ્રી વિમળનાથઃ સં. ૧૯૦૩ શાકે ૧૭૬૮ માઘ શુકલ પાંચમ ભૃગુવાસરે અહમદાબાદ નગરે.

આખા દેરાસરમાં ફરતે સુંદર કાચકામ છે, જેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના દશ ભવ ચિત્રિત કરવામાં આવ્યા છે. વળી શ્રીપાળ ચરિત્રનો આરસમાં ઉપસાવેલ પટ છે. દેરાસરમાં શ્રી ગિરનાર તીર્થ, શ્રી આબુ તીર્થ, શ્રી શત્રુંજય તીર્થ અને શ્રી સમવસરણની રચનાઓનો પટ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં પણ સુંદર કાચકામ કરવામાં આવ્યું છે. અહીં મૂળનાયક શ્રી કલ્યાણ પાર્શ્વનાથ ભગવાનની ૧૩" ની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. દેરાસરમાં કુલ ૧૨ પાષાણ પ્રતિમાઓ, ૨૦ ધાતુ પ્રતિમાઓ અને ૮ જોડ પગલાં બિરાજમાન છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહાસુદ ૧૩ છે. ટ્રસ્ટી વકીલ રમણલાલ પરીખ, જયંતીલાલ શાહ, પ્રવીણચંદ્ર શેઠ છે.

## ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩ જૈન શ્વેતાંબર ડિરેકટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી જિનાલય તરીકે થયો છે. ૧૧ પાષાણ પ્રતિમાઓ તથા ૧૬ ધાતુ પ્રતિમાઓ હતી. દેરાસરની સ્થાપના સંવત ૧૯૦૪ નોંધાયેલ છે.

સં. ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૧૫ પાષાણ પ્રતિમાઓ તથા ૨૩ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે ૧૮૯૩માં આ દેરાસર બંધાવ્યાની નોંધ છે.

ઉપર્યુક્ત આધારોથી આ જિનાલયનો સમય સં. ૧૮૯૬નો નક્કી થાય છે અને સં. ૧૯૦૪માં જીર્ણોદ્ધાર કરાવ્યો હશે એવું અમારું અનુમાન છે.

• • •

## (૧૭) શ્રી મહાવીરસ્વામી જિનાલય (સંવત ૧૯૯૦ પૂર્વે)

### મામાની પોળ, રાવપુરા.

મામાની પોળમાં પ્રવેશતાં ડાબી બાજુ, બે માળનું એક શિખરબંધી દેરાસર આવેલું છે.

જિનાલયનાં પ્રવેશદ્વારની જમણી બાજુ ગોખમાં શ્રી માણિભદ્રવીરની પ્રતિમા સ્થાપિત કરેલ છે. રંગમંડપમાં પ્રવેશ કરતાં જમણી બાજુ અને ડાબી બાજુ શેઠ છગનલાલનાં ધર્મપત્ની બાઈ ચંચલની નાની મૂર્તિ છે. રંગમંડપમાં દિવાલમાં ઉપરના ભાગમાં ફરતે શ્રી મહાવીરસ્વામી ભગવાનના ૨૬ ભવ, શ્રી અષ્ટાપદ તીર્થ, શ્રી સમેતશિખર તીર્થ, શ્રી ગિરનાર તીર્થ, શ્રી પાવાપુરી તીર્થ અને શ્રી ચંપાપુરી તીર્થના પટ છે. વળી શ્રી મહાવીરસ્વામી ભગવાનના છેલ્લા ભવના પાંચ કલ્યાણકની ઉજવણીનો તથા શ્રી શત્રુંજયનો આરસનો કોતરણીવાળો રંગીન પટ છે. ગોખલામાં શ્રી ગૌતમસ્વામી અને શ્રી સુધર્માસ્વામીની આરસ પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે.

ચાંદીથી મઢેલા સુંદર ગર્ભદ્વારવાળા તથા કાચકામથી સુશોભિત ગભારામાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાનની ૧૯" ની પ્રતિમા બિરાજમાન છે. દેરાસરમાં કુલ ૧૧ પાષાણ પ્રતિમાઓ અને ૧૪ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. ઉપરાંત ધાતુની કમળ પાંદડીમાં નવપદયંત્ર છે તેમાં વચ્ચે અરિહંત પદના સ્થાને ૫" ચૌમુખી પ્રતિમા છે. મૂળનાયક ભગવાનની જમણી બાજુ શ્રી આદિનાથ ભગવાન તથા ડાબી બાજુ શ્રી અજિતનાથ ભગવાન બિરાજમાન છે. દેરાસરમાં પ્રદક્ષિણા ફરી શકાય તેવી ભમતીની જગ્યા છે.

શ્રી અજિતનાથ ભગવાનની મૂર્તિની નીચેના ભાગમાં આ પ્રમાણે લેખ છે.

"વડોદરા મામાની પોળના રહીશ શ્રીમાન શેઠ લાલભાઈ છગનલાલ તરફથી તેમના પૂજ્ય પિતાશ્રી સ્વર્ગસ્થ શ્રીમાન શેઠ છગનલાલ મનસુખરામના પુણ્ય સ્મરણાર્થે મામાની પોળના શ્રી મહાવીરસ્વામીના દેરાસરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. તેની પ્રતિષ્ઠા તેમના તરફથી વિ. સં. ૧૯૯૦ના બીજા વૈશાખ સુદી ૧૦ ને ગુરુવાર ઈ. સ. ૧૯૩૪ મે માસની તા. ૨૪ના દિવસે થઈ છે. "

જિનાલયના ઉપરના ભાગે શિખરમાં નાનો ગભારો છે તેમાં ઊંચી પાળી પર નાના ઘુમ્મટની રચના છે. અહીં ૫" ની પ્રતિમા બિરાજમાન છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૧૦ ના રોજ છે. તે દિવસે પ્રતિવર્ષ શેઠ શ્રી લાલભાઈ છગનલાલ પરીખ પરિવાર દ્વારા ધ્વજારોપણ મહોત્સવ થાય છે.

દેરાસરનો વહીવટ શ્રી રાવપુરા મામાની પોળ શ્વે. મૂ. જૈન સંઘ હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટી વકીલ રમણલાલ પરીખ, શાહ જયંતીલાલ, પ્રવીણચંદ્ર શેઠ છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૧૨ પાષાણ પ્રતિમાઓ તથા ૨૨ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સમેતશિખર તીર્થ, શ્રી અષ્ટાપદ તીર્થ અને શ્રી શત્રુંજય તીર્થના પટનો ઉલ્લેખ થયેલ છે. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યાની નોંધ છે.

આ જિનાલયનો જીર્ણોદ્ધાર સંવત ૧૯૯૦માં થયો છે તેથી જિનાલયનો સમય સંવત ૧૯૯૦ પૂર્વેનો અંદાજી શકાય.

• • •

## (૧૮) શ્રી ગોડી પાર્શ્વનાથ જિનાલય (સં. ૧૫૪૮)

### દેરાપોળ, બાબજીપુરા, રાજમહેલ રોડ.

દેરા પોળમાં પ્રવેશતાં જ જમણી બાજુ આ દેરાસર આવેલ છે. આરસનો ઓટલો ચઢતાં એક તરફ ગુરુમંદિર છે અને બાજુમાં જિનાલય છે.

પ્રસ્તુત જિનાલયનો રંગમંડપ લાંબો, મોટો અને બે વિભાગવાળો છે. બંને વિભાગમાં એકેક સાદા ઘુમ્મટ છે. એક વિભાગમાં શ્રી ગિરનાર તીર્થ અને શ્રી અષ્ટાપદ તીર્થનાં મોટા પટ છે. બીજા વિભાગમાં શ્રી શત્રુંજય તીર્થ અને શ્રી ગિરનાર તીર્થના પટ છે.

રંગમંડપમાં એક નાનો ગભારો છે. તેમાં શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાન સહિત ૫ પાષાણ પ્રતિમાઓ અને ૫ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. ડાબી બાજુ ગોખલામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની આરસની અને ૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

એક ગર્ભદ્વારવાળા મુખ્ય ગભારામાં મૂળનાયક શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાનની પરિકર સહિત ૯" ની પ્રતિમા સહિત ૪ પાષાણ પ્રતિમાઓ, ૧૧ ધાતુ પ્રતિમાઓ અને ૧ જોડ પગલાં બિરાજમાન છે. મૂળનાયક પ્રભુની પ્રતિષ્ઠા સંવત ૧૫૪૮ના વૈશાખ માસમાં થઈ છે.

રંગમંડપમાં ગભારામાં શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પરનું લખાણ. . . "સં. ૧૯૩૩ માઘ કૃષ્ણ પાંચમ. . . " તથા શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા પરના લખાણમાં. . . . "સં ૧૯૨૧ના માઘ સુદી સાતમ પાલનપુર વાસ્તવ્ય" અને શ્રી ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમા પરના લખાણમાં "ઓસવાલ જ્ઞાતીય. . . શાખાયાં ભાઈ પાનકેનચંદ્ર પુત્ર. . . . . . . સ્વામી . . . . . . . " આ પ્રમાણે વંચાય છે.

જિનાલયમાં એક તકતી પર નીચે મુજબ લેખ છે.

શ્રી ગોડી પાર્શ્વનાથ નમોનમઃ

"તપાગચ્છાધિપતિ પૂજ્યપાદ ૧૦૦૮ મુક્તિવિજયજી (અપરનામ મૂલચંદજી) ગણિ પટ્ટાલંકાર બાલબ્રહ્મચારી શાંતમૂર્તિ ૧૦૦૮ આચાર્ય વિજયકમલસૂરીશ્વરજી મહારાજના પટ પ્રભાવક પૂ. શાસન પ્રભાવક ૧૦૦૮ આચાર્ય શ્રીમાન મોહનસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા તેઓશ્રીના શિષ્યરત્ન આચાર્ય શ્રી વિજયધર્મસૂરિ મહારાજના સદુપદેશથી રકમ મળેલ છે. "

જિનાલયનો જીર્ણોદ્ધાર સં. ૧૯૮૦માં થયો છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ શ્રાવણ સુદ ૮ છે.

દેરાસરનો વહીવટ "શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન દેરાસર સંઘ" હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટી શ્રી પન્નાલાલ શાહ, શ્રી નંદલાલ શાહ, શ્રી પ્રવીણભાઈ શાહ છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૧૯૬૩ જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. અહીં ૮ પાષાણ પ્રતિમાઓ તથા ૧૮ ધાતુ પ્રતિમાઓ હતી.

સંવત ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો છે. ૬ પાષાણ પ્રતિમાઓ તથા ૭ ધાતુ પ્રતિમાઓ હતી. શેઠ શ્રી મોતીલાલ તારાચંદે આ દેરાસર બંધાવ્યાની નોંધ છે.

સંવત ૨૦૩૦માં શ્રી રાવપુરા મામાની પોળ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ, વડોદરા દ્વારા પ્રકાશિત ''જૈન તીર્થ પરિચય'' નામના પુસ્તકમાં શ્રી ગોડી પાર્શ્વનાથની પ્રતિષ્ઠા સંવત ૧૫૪૮ના વૈશાખ માસમાં થયાનું નોંધાયું છે. વળી, બીજા ગભારામાં શ્રી ધર્મનાથ ભગવાનની પ્રતિષ્ઠા સં. ૧૯૩૩માં થયાનો ઉલ્લેખ છે.

• • •

## (૧૯) શ્રી શાંતિનાથ જિનાલય (સં. ૧૯૬૩ પૂર્વે)

### કોઠી પોળ, રાવપુરા.

કોઠી પોળમાં રોડ પર આવેલી પૌષધ શાળાની નજીક આ દેરાસર આવેલ છે. વિશાળ જગ્યા ધરાવતા આ દેરાસરમાં પ્રવેશતાં ડાબી બાજુએ પેઢીની ઑફિસ અને જમણી બાજુએ ખુલ્લો રંગમંડપ છે જેમાં સામરણયુક્ત ત્રણ દ્વારવાળી દેવકુલિકામાં શ્રી પદ્માવતી દેવી, શ્રી લક્ષ્મી દેવી તથા શ્રી સરસ્વતી દેવીની આરસની મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. ઘુમ્મટયુક્ત કાચના દ્વારવાળા કબાટમાં આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ. સા.ના હાથમાં સંયમના ઉપકરણો સહિત ઊભી ગુરુમૂર્તિ છે.

દેવીઓની મૂર્તિની સ્થાપના સં. ૨૦૪૨ અને ગુરુમૂર્તિની સ્થાપના સં. ૨૦૪૭માં થયેલી છે. આગળ જતાં રંગમંડપમાં પ્રવેશ માટેનું એક દ્વાર છે. દ્વારની જમણી-ડાબી બાજુ શ્રીપાલ અને મયણા સુંદરીની શિલ્પાકૃતિ બનાવવામાં આવી છે જે પ્રણામ કરતાં ઊભેલી મુદ્રામાં છે. ઉપરના

ભાગમાં બંને બાજુ દિવાલ પર તેમના જીવનના કેટલાક પ્રસંગોને ઉપસાવી ચિત્રકામ કરવામાં આવ્યું છે. બંને બાજુના ગોખમાં શ્રી ચક્રેશ્વરી દેવી તથા શ્રી માણિભદ્રવીરની આરસની મૂર્તિઓ છે. બાજુની દિવાલ પર દેરાસરના જીર્ણોદ્ધારની વિગતો દર્શાવતા લેખ પરથી નીચેની માહિતી પ્રાપ્ત થાય છે.

"સં. ૨૦૦૮ મહા સુદ ૬ ને શુક્રવારે તા. ૧-૨-૫૨ના રોજ જીર્ણોદ્ધાર કરાવ્યા બાદ પુનઃપ્રતિષ્ઠા થઈ છે. જેના ઉપદેશક આચાર્યો પ. પૂ. ધર્મપ્રભાવક શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. યુગદિવાકર શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. શાંતમૂર્તિ શ્રી વિજય લાભસૂરીશ્વરજી મહારાજ છે. અંજનશલાકા કરાવનાર મુંબઈ નિવાસી હરિદાસ સોભાગચંદ્ર છે."

સફેદ આરસના સિંહાસન પર મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની પરિકરયુક્ત ૨૧" ની અને શ્રી નેમનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. દેરાસરમાં કુલ ૩૦ પાષાણ પ્રતિમાઓ અને ૫૪ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

બીજા મૂળનાયક શ્રી નેમનાથ ભગવાનની પ્રતિમાની એક તરફ શ્રી પાર્શ્વનાથ ભગવાન અને બીજી તરફ શ્રી નેમનાથ ભગવાનની પ્રતિમાઓ બિરાજમાન છે. જમણી બાજુ પ્રતિષ્ઠિત શ્રી નેમનાથ ભગવાનની પ્રતિમામાં નીચે મુજબનો લેખ કોતરવામાં આવ્યો છે.

"સં. ૧૯૨૧ રા ૧૭૮૬ પ્રથમ માઘ માસે શુકલ પક્ષે ૭ ગુરુવાસરે સા. શ્રી આણંદજી કલ્યાણજી શ્રી સિદ્ધક્ષેત્રે નેમનાથજિન બિંબ્ સર્વસૂરિભિઃ પ્રતિ"

શ્રી નેમનાથ ભગવાનની પ્રતિષ્ઠા સં. ૧૯૭૩ના મહા સુદ ૬ના રોજ થયેલ છે. દેરાસરની ફરતે પ્રદક્ષિણા માટે ભમતીની જગ્યા છે. ભમતીમાં શિખર ઉપસાવેલા ગોખમાં શ્રી નાકોડા પાર્શ્વનાથ ભગવાનની કાઉસગ્ગ મુદ્રાયુક્ત પ્રતિમા, એક ચોવીસી, શ્રી આદિનાથ, શ્રી શાંતિનાથ અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની નાની લીલા રંગની પ્રતિમાઓ બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની સામેની દિવાલ પર ત્રણ બાજુ યક્ષની આરસની મૂર્તિઓ છે.

ઉપરના ભાગમાં નાની દેવકુલિકામાં ત્રણ પ્રતિમાઓ બિરાજમાન છે. અહીં શિખરની અંદર મૂળનાયક શ્રી સીમંધરસ્વામીની ૨૫" ની પ્રતિમા સહિત શ્રી પદ્મનાભસ્વામી અને શ્રી મહાવીરસ્વામી ભગવાન બિરાજમાન છે.

શ્રી સીમંધરસ્વામીની પ્રતિમામાં નીચે મુજબ લેખ કોતરવામાં આવ્યો છે.

"॥ સ્વસ્તિ ॥ શ્રી વિક્રમાર્ક સં. ૨૦૦૮ શ્રી વીરશઅદ ૨૪૭૮ વર્ષે માઘ માસે શુકલ પક્ષે ષષ્ઠી તિથૌ શુક્રવાસરે વટપ્રદ (વડોદરા) નગર રાવપુરા કોઠીપોલ સ્થિત શ્રી શાંતિનાથ જિન પ્રાસાદે પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સૌરાષ્ટ્ર દેશે ચેલાકુલ વેરાવલે અદ્રિ બંદર વાસ્તવ્ય દશા શ્રીમાલી જ્ઞાતીય તપાગચ્છીય શ્રેષ્ઠીવર્ય સૌભાગ્યચન્દ્રાત્મજ હરિદાસેન અ. સૌ. સ્વપત્ની ઝવેરબાઈ સંયુતેન સ્વશ્રેયાર્થં કારાપિતા વિહરમાન શ્રી સીમંધરસ્વામી મૂર્તિ પ્રતિષ્ઠિતાં ચ તપાગચ્છીય ભટ્ટારકાચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજી પટ્ટાલંકાર આચાર્ય શ્રી વિજયપ્રતાપ-

સૂરિભિઃ સ્વકીય પટ્ટપ્રભાવક શ્રી વિજયધર્મસૂરિ. . . . . . . . . . . . . . ."

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૬ છે. તે નિમિત્તે શ્રી છોટાલાલ ઉત્તમચંદ પરિવાર દ્વારા દર વર્ષે ધ્વજારોપણ મહોત્સવ થાય છે.

દેરાસરનો વહીવટ "શ્રી શાંતિનાથજી જૈન દેરાસર અને ધર્માદા ખાતાની પેઢી" હસ્તક છે. દેરાસરનાં ટ્રસ્ટી શ્રી રતિલાલ શાહ, શ્રી ઉત્તમચંદ શાહ, શ્રી પન્નાલાલ શાહ છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩ જૈન શ્વેતાંબર ડિરેકટરીમાં આ જિનાલયમાં ૨૨ પાષાણ પ્રતિમાઓ તથા ૪૭ ધાતુ પ્રતિમાઓનો ઉલ્લેખ થયેલ છે.

સં. ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૧૨ પાષાણ પ્રતિમાઓ અને ૧૬ ધાતુ પ્રતિમાઓ હતી. શેઠ શ્રી અમરચંદ પાનાચંદે આ દેરાસર બંધાવ્યાની નોંધ છે. ૨ ગુરુમૂર્તિ અને મોહનવિજયજી જ્ઞાનમંદિરનો ઉલ્લેખ થયેલ છે.

સં. ૨૦૩૦માં શ્રી રાવપુરા મામાની પોળ જૈન સંઘ, વડોદરા દ્વારા પ્રકાશિત "જૈન તીર્થ પરિચય" નામના પુસ્તકમાં વડોદરાના જૈન દેરાસરો વિભાગમાં સદર જિનાલય અંગે જણાવાયું છે કે આશરે ચારસો વર્ષ પૂર્વે શેઠ ખુશાલદાસ અમરચંદે આ દેરાસર બંધાવેલું, જેમાં મૂ. ના. શ્રી શાંતિનાથની પ્રતિમા બિરાજમાન હતી. ધીમે ધીમે આસપાસના વિસ્તારમાં જૈનોની વસ્તી વધવાથી આશરે પચાસ વર્ષ પહેલાં બાજુમાં નવીન જિનાલય બંધાવ્યું અને તેમાં મૂળનાયક શ્રી નેમનાથ ભગવાન બિરાજમાન છે. આ પછી વિ. સં. ૨૦૦૯માં જીર્ણોદ્ધાર કરાવ્યો અને ઉપર શિખરમાં પણ પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી.

ઉક્ત આધારોથી આ જિનાલયનો સમય સં. ૧૯૬૩ પૂર્વેનો નિર્ધારિત થાય છે પરંતુ નિશ્ચિત સમય નક્કી કરવા વધુ સંશોધનની જરૂર છે.

• • •

## (૨૦) શ્રી આદીશ્વર જિનાલય (સં. ૧૯૬૩ પૂર્વેનો)

### (શ્રી શત્રુંજય તીર્થાવતાર પ્રાસાદ)

### એમ. જી. રોડ, માંડવી.

મહાત્મા ગાંધી રોડ પર શ્રી શત્રુંજય તીર્થની નાની રચનાવાળું આ દેરાસર આવેલું છે. આ જિનાલય ત્રણ શિખરયુક્ત છે અને ત્રણ માળનું છે.

મુખ્ય પ્રવેશદ્વારની ઉપરની બાજુ શ્રી સરસ્વતી દેવી અને કબૂતરની શિલ્પાકૃતિ છે. ગૂઢમંડપનો ઓટલો લાંબો છે. જેના થાંભલાઓ ઉપર જુદાં-જુદાં વાજિંત્ર વગાડતી સુંદર પૂતળીઓ અને મોરની શિલ્પકૃતિઓ છે. રંગમંડપ મોટો અને થાંભલાઓથી સુશોભિત છે. અહીં

પણ થાંભલા ઉપર વાજિંત્ર વગાડતી સુંદર પરીઓની કૃતિઓ જોવા મળે છે. મોટા રંગમંડપના ઘુમ્મટમાં વચ્ચે કાચનું મોટું ઝુમ્મર છે. રંગમંડપમાં શ્રી તારંગાજી, શ્રી પાવાપુરી, શ્રી સમેતશિખર, શ્રી રાજગિરિ, શ્રી રાણકપુર, શ્રી ચંપાપુરી, શ્રી અષ્ટાપદ, શ્રી શત્રુંજય અને શ્રી ગિરનાર તીર્થોના મોટા પટ પત્થર પર ઉપસાવીને બનાવ્યાં છે. ગભારાની બહાર ગોખલામાં શ્રી ગૌમુખ યક્ષ અને શ્રી ચક્રેશ્વરી દેવીની મૂર્તિઓ બિરાજમાન છે.

પાંચ ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની ૧૯" ની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની ડાબી બાજુ શ્રી ધર્મનાથ ભગવાન અને જમણી બાજુ શ્રી વાસુપૂજ્યસ્વામી બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની સામેની બાજુ અગાસીમાં આરસના કમળાકાર પબાસનમાં શ્રી પુંડરીક સ્વામીની પ્રતિમા બિરાજમાન છે. બે તરફ કમળમાં શ્રી ગૌતમસ્વામી અને શ્રી સુધર્માસ્વામીની પ્રતિમા બિરાજમાન છે. દેરાસરમાં કુલ ૭ આરસની પ્રતિમા અને ૨ જોડ પગલાં બિરાજમાન કરવામાં આવ્યા છે.

દેરાસરની પેઢીની ઑફિસની બહાર બે ગોખલામાં શ્રી મહાલક્ષ્મી દેવી અને શ્રી જયસિંહસૂરીશ્વર મ. સા. ની મૂર્તિ છે. તેની બાજુમાં શ્રી શત્રુંજયગિરિની રચના અને રાયણ પગલાં બાજુ જવાનો રસ્તો છે તેના બારણાની બંને બાજુ શ્રી સરસ્વતી દેવી અને શ્રી અંબિકા દેવીની મૂર્તિ છે.

દેરાસરની બાજુમાં ચાર પગથિયાં ઉતરીએ તો શ્રી શત્રુંજયગિરિની પત્થરની વિવિધ રંગોથી રંગાયેલી સુંદર રચના જોવા મળે છે. બાજુની દેરીમાં શ્રી આદિનાથ પ્રભુની પાદુકા કમળમાં સ્થાપિત કરેલી છે. તેની બાજુમાં બે ઇંદ્રોની મૂર્તિઓ છે. પાછળની દિવાલ પર સમવસરણનો પટ છે તેમજ મરૂદેવા માતાને હાથી પર થયેલ કેવળજ્ઞાન અને શ્રી આદીશ્વર ભગવાનને ઈક્ષુરસથી પારણાં કરાવ્યાનો પ્રસંગનો પટ છે.

ઉપરના માળ પર મૂળનાયક શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની ૨૩" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૧૫ પાષાણ પ્રતિમાઓ અને ૬ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. ગભારાની બહાર ડાબી બાજુ ગોખલામાં ૩ સ્ફટીકની, ૪ ધાતુ પ્રતિમાઓ તેમજ જમણા ગોખલામાં ૩ સ્ફટીકની અને ૬ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. ત્રીજા માળે શિખરની અંદર ગોળ સિંહાસન ઉપર ચોમુખજી બિરાજમાન છે.

દેરાસરની એક દિવાલ પર નીચે પ્રમાણે લેખ છે.

"સંપ્રતિ મહારાજાના ભરાવેલ પ્રાચીન શ્રી આદિનાથ પ્રભુના કાષ્ઠમય પ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવવાનો નિર્ણય શ્રી ચુનીલાલ નાથાભાઈ પટવા, મંત્રીની વિનંતીથી સં. ૧૯૯૭ના પર્યુષણ પર્વમાં આત્માનંદ જૈન ઉપાશ્રયે પૂ. પંડિતવર્ય કપૂરવિજયજી મહારાજ સાહેબે ચતુર્વિધ સંઘ સમક્ષ કર્યો. જયસૂરિ મહારાજે જીર્ણોદ્ધાર કરાવવાનો પ્રારંભ કર્યો. ૧૯૯૮ માગશર સુદ ૬ અને વૈશાખ સુદી ૭ બુધવારે પ્રતિમાનું ઉત્થાપન કરાવ્યું. શિલાસ્થાપના અને ખાતમુહૂર્તે શ્રી પુંડરીક ગણધર વિહારનું ખાતમુહૂર્ત કર્યું. સં. ૧૯૯૯ના ફાગણ સુદ ૩. ત્રણ શિખરોમાં પ્રાસાદ

પુરુષ ઇન્દ્ર-પ્રતિષ્ઠા શ્રી સંઘમાં ઉછામણપૂર્વક શ્રી દર્શનસૂરિ મહારાજ સાહેબ હસ્તે કરવામાં આવી. દેવગૃહમાં પ્રભુ પ્રવેશ મહોત્સવ ૨૦૦૮ ચૈત્ર વદ ૧૧ થી વૈશાખ વદ ૬ સુધી કર્યો. નવીન પરિકરનો અંજનવિધિ ૨૦૧૭ના આસો સુદ ૧૦ના કર્યો. ફાગણ સુદી ૫ થી ૧૩ સુધીનો અટ્ઠાઈ મહોત્સવ કર્યો. શ્રી આદિનાથ પ્રભુ પ્રતિમાઓ, શ્રી પુંડરીક ગણધર આદિ મૂર્તિ ગાદીનશીન મુંબઈના શેઠ શ્રી હરીદાસે આપેલ."

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૧૦ છે. તે નિમિત્તે ધ્વજારોપણ મહોત્સવ ઉજવાય છે.

દેરાસરનો વહીવટ ટ્રસ્ટ હસ્તક છે. ટ્રસ્ટી શ્રી ઉમાકાંતભાઈ સરૈયા, ભુવનકુમાર શાહ તથા રસીકલાલ શાહ છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૩૧ પાષાણ પ્રતિમાઓ તથા ૬૭ ધાતુ પ્રતિમાઓ હતી. ૪ સ્ફટીકની પ્રતિમા અને ૧ ગુરુમૂર્તિનો ઉલ્લેખ થયેલ છે. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યાની નોંધ છે.

આ જિનાલયનો અંદાજીત સમય સં. ૧૯૬૩ પૂર્વેનો છે અને નિશ્ચિત સમય નક્કી કરવા વધુ સંશોધનની જરૂર છે.

• • •

## (૨૧) શ્રી ધર્મનાથ પ્રભુનું ગૃહ ચૈત્ય

### એમ. જી. રોડ, મોટા દેરાસરની સામે, પેન એમ્પોરિયમ.

મહાત્મા ગાંધી રોડ પર, મોટા દેરાસરની સામે નવીનભાઈ સ્વરૂપચંદ પેનવાળાના મકાનના ચોથા માળે આ ઘરદેરાસર આવેલ છે.

આરસના પબાસન ઉપર મૂળનાયક શ્રી ધર્મનાથ ભગવાનની ૩" ની ચોવીસી સહિત પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૬ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. બાજુમાં નાના સિંહાસનમાં શ્રી પદ્માવતી દેવીની પ્રતિમા ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર લેખ નીચે મુજબ કોતરવામાં આવ્યો છે.

"શ્રી ઓસવાલ જ્ઞાતીય બલરાજા માગબાઈ સૂત શા. વેણીભાઈ નીના સૂત રણીયર સંવત ૧૫૬૭ વર્ષે જેઠ વદી ૬ ધર્મનાથ બિંબ કારિતં તપાગચ્છ શ્રી હેમવિમળસૂરિ શિષ્ય હેમગણિના ઉપદેશેન."

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૧૧ છે. તે નિમિત્તે પૂજા ભણાવાય છે અને કુટુંબના સભ્યો ભેગા થઈ જમે છે.

દેરાસરની સ્થિતિ જીર્ણ થઈ હોઈ જીર્ણોદ્ધાર કરાવવા યોગ્ય છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. ૬ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સ્વરૂપચંદ ગરબડદાસે આ દેરાસર બંધાવ્યાની નોંધ પ્રાપ્ત થાય છે.

• • •

## (૨૨) શ્રી શાંતિનાથ ગૃહ ચૈત્ય

### એમ. જી. રોડ, મોટા દેરાસરની બાજુમાં.

મહાત્મા ગાંધી રોડ પર, મોટા દેરાસરની બાજુમાં શ્રી જમનાદાસ કેશવલાલ ચુડગરના મકાનના ત્રીજા માળે આ ઘરદેરાસર આવેલ છે.

કાષ્ઠની કોતરણીયુક્ત, શિખરની રચનાવાળી છત્રીમાં શ્રી શાંતિનાથ ભગવાનની ૩" ની ચાંદીના પરિકર સહિતની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૫ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે તથા શ્રી પાર્શ્વનાથ યક્ષની કસોટીના પત્થરમાંથી બનેલ શ્યામ રંગની મૂર્તિ છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબ લેખ કોતરવામાં આવ્યો છે.

"સંવત ૧૬૧૫ વર્ષે પોષ વદી ૬ શુક્રે ભીલાઈ શ્રી શાંતિનાથ બિંબ શ્રી વિજયસેનસૂરિભિઃ "

દેરાસરની વર્ષગાંઠ તિથિ માગશર વદ ૧૦ છે. દેરાસરનો વહીવટ ટ્રસ્ટી શ્રી ગાંડાલાલ જમનાદાસ ચુડંગર હસ્તક છે. તેઓના જણાવ્યા મુજબ આ દેરાસર આશરે ૧૩૦ વર્ષ જેટલું પ્રાચીન છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. ૫ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી જમનાદાસ કેશવલાલ ચુડગરે આ દેરાસર બંધાવ્યાની નોંધ છે.

• • •

## (૨૩) શ્રી શાંતિનાથ ગૃહ ચૈત્ય

### સારણેશ્વર મહાદેવનો ખાંચો, એમ. જી. રોડ.

મહાત્મા ગાંધી રોડ પર, સારણેશ્વર મહાદેવના ખાંચામાં શ્રી જયંતિલાલ જમનાદાસ ચૂડગરના મકાનમાં સુંદર ઘરદેરાસર બનાવવામાં આવ્યું છે.

મુખ્ય પ્રવેશદ્વારની બે બાજુ બે દ્વારપાળની કૃતિઓ છે. રંગમંડપમાં ઘુમ્મટના ભાગમાં શ્રી શાંતિનાથ ભગવાનના ૧૦ ભવ તથા ૧૪ સ્વપ્નો ચિત્રિત કરેલા જોવા મળે છે. સુંદર કમાનો

તેમજ પુષ્પમાળા ગ્રહણ કરીને ઊભેલી પરીઓની કૃતિઓથી શોભતા આરસના જિનાલયમાં કોતરણી પણ સુંદર છે. છતમાં પણ સુંદર કોતરણી છે. વળી, દિવાલ પર મોટી ફ્રેમમાં ઋષિમંડળ યંત્ર તેમજ સિદ્ધચક્ર યંત્ર ઉપસાવેલ છે. ઉપરાંત દિવાલ પર સિદ્ધાચલ, ગિરનાર-સહસાવન, આબુ, સમેતશિખર, અષ્ટાપદ, તારંગા, ચંપાપુરી, પાવાપુરી, નંદીશ્વર દ્વીપ તેમજ સમવસરણના સુંદર પટો પણ છે. સુભદ્રા સતીના જીવનના બે પ્રસંગોના પટ તેમજ શ્રી શત્રુંજય મહાતીર્થના વિશાળ પટના દર્શન થાય છે. કાચમાં પાવાપુરીના જલમંદિરની સુંદર પ્રતિકૃતિ પણ છે. એક ગોખલામાં કોતરણી કરીને શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ ઉપસાવી છે તેમજ સુંદર સુવર્ણ રંગથી કોતરણીમાં રંગકામ કરેલું જોવા મળે છે. ખૂબ જ સુંદર કળા-કારીગરીથી યુક્ત એવા રંગમંડપમાં તાંબાની બે કથરોટમાં બે યંત્રો - ઋષિમંડળ યંત્ર અને સિદ્ધચક્ર યંત્ર પણ બિરાજમાન છે.

ગર્ભદ્વારની ઉપરના ભાગમાં શ્રી નેમિનાથ ભગવાનની જાન તેમજ પશુપોકારનું દ્રશ્ય ચિત્રિત કરેલું જોવા મળે છે તેમજ મેરૂશિખર પર થતાં જન્માભિષેકનો પ્રસંગ પણ ચિત્રિત કરેલો છે. શ્રી મહાવીરસ્વામી ભગવાનના ૧૧ ગણધરોના ચિત્રો કાચની ફ્રેમમાં છે તેમજ નાના ગોખની રચનામાં શ્રી ગૌતમસ્વામીના દર્શન થાય છે. તાંબાના પતરાં પર અષ્ટાપદની પ્રતિકૃતિ પણ છે.

ગભારામાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૧૨" ની પ્રતિમા સહિત કુલ ૫ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

લગભગ પચાસેક વર્ષથી વધુ સમયથી અત્રે આ દેરાસર છે, જેની વર્ષગાંઠ તિથિ અંગે દેરાસરની સંપૂર્ણ સારસંભાળ રાખતા શ્રી જયપ્રકાશભાઈ જે. ચુડગરને કોઈ માહિતી પ્રાપ્ત થયેલ નથી.

• • •

## (૨૪) શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય (સં. ૨૦૫૪ )

### ભાલેરાવ ટેકરી, જી. પી. ઓ. પાછળ, રાવપુરા.

રાવપુરા રોડ પર જી. પી. ઓ. ની પાછળ બે માળનું દેરાસર આવેલ છે.

ત્રણ ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનની પરિકર સહિત ૫૧" ની પ્રતિમા બિરાજમાન છે. ડાબી તરફના ગભારામાં શ્રી જીરાઉલા પાર્શ્વનાથ ભગવાનની ૩૯" ની અને જમણી તરફના ગભારામાં શ્રી આદિનાથ ભગવાનની ૩૫" ની પ્રતિમા બિરાજમાન છે. બંને પ્રતિમા પાછળ ભામંડલ છે.

ભોંયરામાં શ્રી સિમંધરસ્વામી ભગવાનની ૪૧" ની, શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની ૩૧" ની અને શ્રી નેમનાથ ભગવાનની ૩૧" ની પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરમાં એક ગુરુમૂર્તિ, તેમની પાદુકા, પંચધાતુના સહસ્રકુટ અને ધાતુના શ્રી અષ્ટાપદની રચના કરવામાં આવી છે.

શ્રી ઘંટાકર્ણ મહાવીર, શ્રી નાકોડા ભૈરવનાથ, શ્રી પંચાંગુલી દેવી, શ્રી ચક્રેશ્વરી દેવી,

શ્રી સરસ્વતી દેવી, શ્રી પદ્માવતી દેવી, શ્રી લક્ષ્મી દેવી તથા શ્રી મહાકાલી દેવીની આરસની મૂર્તિઓ બિરાજમાન કરવામાં આવી છે.

આ ભવ્ય જિનાલયનું ખાતમુહૂર્ત વિ. સં. ૨૦૪૭ મા. સુ. ૧૩ શુક્રવારને તા. ૩૦-૧૧-૧૯૯૦ અને શિલાન્યાસ વિ. સં. ૨૦૪૭ મા. વદ. ૧ સોમવારને તા. ૩-૧૨-૧૯૯૦માં થયેલ છે. વિ. સં. ૨૦૫૪માં ધામધૂમપૂર્વક અંજનશલાકા મહોત્સવ ઉજવાયો હતો અને મહા સુદ ૬ના દિને પ્રતિષ્ઠા થઈ હતી.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૬ ના શુભ દિને છે.

દેરાસરનો વહીવટ શ્રી વડોદરા અચલગચ્છ જૈન સંઘ હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટી વિસનજી સુંદરજી ગડા, વલભજી પ્રેમજી સાવલા, નેમચંદ ખીમજી ગડા છે.

ઉપરોક્ત આધારો દ્વારા નિર્ણીત થાય છે કે આ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૨૦૫૪માં થયેલ છે.

• • •

## (૨૫) શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલય (સં. ૧૯૬૩ પૂર્વે )

### સુલતાનપુરા, મોઢપોળ, સાધના ટોકીઝની ગલીમાં.

મોઢ પોળમાં અંદર ડાબી બાજુ ત્રણ શિખરયુકત સાદું પણ સુંદર આ દેરાસર આવેલું છે.

મધ્યમ એવા રંગમંડપના સ્તંભની ઉપર રોહિણી, પ્રજ્ઞપ્તિ, વ્રજશૃંખલા, વ્રજકુશી, ચક્રેશ્વરી, પુરુષદત્તા, કાલી અને મહાકાલી આ આઠ દેવીઓ છે.

ત્રણ ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાનની ૨૩" ની પ્રતિમા બિરાજમાન છે. ડાબી તરફના ગભારામાં શ્રી મહાવીરસ્વામી ભગવાન અને જમણી તરફના ગભારામાં શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન બિરાજમાન છે. અહીં કુલ ૧૧ પાષાણ પ્રતિમાઓ અને ૪૬ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દાદર ચઢતાં જમણી બાજુ દિવાલ ઉપર આરસમાં નીચે મુજબનો લેખ છે.

॥ શ્રી ચંદ્રપ્રભ સ્વામિને નમઃ ॥

॥ શ્રી આત્મવલ્લભ સમુદ્ર સદ્‌ગુરુભ્યો નમઃ ॥

"અમદાવાદ નિવાસી શેઠ શ્રી શાંતિદાસના વંશપરંપરામાં પાંચમી પેઢીએ અમદાવાદ નિવાસી શેઠ શ્રી ડાહ્યાભાઈ દીપચંદભાઈએ વડોદરા સુલતાનપુરામાં નિવાસ કરીને જૈન દેરાસર બંધાવી મહાન તીર્થ તળાજાથી શ્રી ચંદ્રપ્રભસ્વામીજીની પ્રતિમા લાવીને આ દેરાસરમાં મૂળનાયક તરીકે પ્રતિષ્ઠા કરી. આ પરિવારના વારસદાર શ્રીમતી પોપટબેનના સુપુત્ર ઝવેરચંદ કેસરીચંદ

ઝવેરીએ વિક્રમ સં. ૧૯૯૭માં આ દેરાસર શ્રી વડોદરા શહેર જૈન સંઘને અર્પણ કર્યું છે. આ દેરાસર જીર્ણ થતાં આજથી આઠ વર્ષ પહેલાં શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય સમિતિ વડોદરાના સહકારથી જિન પ્રાસાદ નવો બંધાવવાનો નિર્ણય કર્યો.

ખનનવિધિ વિ. સં. ૨૦૩૦ મહા સુદ- ૩ શનિવાર તા. ૨૬-૧-૭૪

શિલાન્યાસ વિધિ વિ. સં. ૨૦૩૦ મહા સુદ- ૧૦ શનિવાર તા. ૨-૨-૭૪

પ્રભુ પ્રવેશ- વિ. સં. ૨૦૩૨ ફાગણ સુદ-૧૦ ગુરુવાર તા. ૧૧-૩-૭૬

જિનમંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ થતાં પંજાબ દશોદ્ધારક આચાર્ય દેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મ. (આત્મારામજી)ના પટ્ટધર પંજાબકેસરી યુગવીર આ. દે. શ્રીમદ્ વલ્લભસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર શાંત તપોમૂર્તિ જિનશાસન રત્ન આ. દેવ શ્રીમદ્ વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટધર પરમારક્ષ પ્રિયોદ્ધારક ચારિત્ર ચૂડામણિ આ. દે. શ્રીમદ્ ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજ આદિ વિશાળ સાધુ-સાધ્વીઓની પાવન નિશ્રામાં વીર સં. ૨૫૦૭, વિ. સં. ૨૦૩૭, આત્મ સં. ૮૭, વલ્લભ સં. ૨૭, સમુદ્ર સં. ૪ ના વૈ. વ. ૬ સોમવારના તા. ૨૫-૫-૮૫ના શુભમુહૂર્ત સુરત નિવાસી શેઠ શ્રી ભગુભાઈ નગીનદાસ ઝવેરીના પુત્રવધુ સુશીલાબેનના શુભ હસ્તે મૂ.ના. શ્રી ચંદ્રપ્રભસ્વામીજીની પ્રતિષ્ઠા કરી છે. શ્રી મુનિસુવ્રતસ્વામીજીની પ્રતિષ્ઠા સ્વ. શાહ હિંમતલાલ જીવચંદના પરિવાર તરફથી, શ્રી મહાવીરસ્વામીજીની પ્રતિષ્ઠા શાહ રસીકલાલ છગનલાલ તરફથી. ''

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ વદ ૬ના રોજ છે.

દેરાસરનો વહીવટ ટ્રસ્ટી ઓચ્છવલાલ શાહ, સૂર્યકાન્તભાઈ શાહ, હર્ષદભાઈ દોશી હસ્તક છે.

## ઐતિહાસિક સંદર્ભ

સંવત ૧૯૬૩ જૈન શ્વેતાંબર ડિરેકટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૯ પાષાણ પ્રતિમાઓ અને ૬૪ ધાતુ પ્રતિમાઓ હતી.

સંવત ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો છે. ૯ પાષાણ પ્રતિમાઓ અને ૫૪ ધાતુ પ્રતિમાઓ હતી. શેઠ શ્રી કેસરીચંદે આ દેરાસર બંધાવ્યાની નોંધ છે. દરવર્ષે શ્રી શાંતિલાલ ભગુભાઈ ઝવેરી પરિવાર દ્વારા ધ્વજારોપણ કરવામાં આવે છે.

આ જિનાલય સં. ૧૯૯૭થી શ્રી સંઘ હસ્તક છે પરંતુ સં. ૧૯૬૩ પૂર્વે ઘરદેરાસર તરીકે અસ્તિત્વમાં વધુ નિશ્ચિતતા માટે સંશોધનની આવશ્યકતા છે.

• • •

## (૨૬) શ્રી આદીશ્વર ભગવાન જિનાલય (સં. ૧૯૩૨ )

### રંગમહેલ વાડી.

રંગમહેલ વાડીમાં, એક માળનું ઘુમ્મટબંધી દેરાસર આવેલ છે. દેરાસરની બહાર ચાર ટોડલા પર વાજિંત્રોવાળી ચાર પૂતળીઓ, ઉપર ત્રણ તાપસ અને બે સિંહનાં પૂતળાં બેસાડેલાં છે. ત્રણેક પગથિયાં ચઢતાં શ્રી શત્રુંજય પટનું ચિત્રકામ કરેલ જોવા મળે છે.

પહેલા માળે એક ગર્ભદ્વારવાળા નાના ગભારામાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની ૧૩" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ, ૩ સ્ફટીક પ્રતિમાઓ અને ૧૧ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર લેખ નીચે મુજબ કોતરવામાં આવ્યો છે.

"સં. વ. ૧૯૭૫ શાકે સ. ૧૭૩૦ પ્રતઃ.......માઘ પંચમે... અમદાવાદ વાસી..."

"૧૫૨૪ વૈશાખ સુદી ૨ સિદ્ધિ વા શ્રીમાલ જ્ઞાતીય પાર્શ્વનાથ બિંબ જ્ઞાનસાગરસૂરી."

દેરાસરની વર્ષગાંઠ તિથિ જેઠ વદ ૨ છે. તે નિમિત્તે ચઢાવો બોલી ઘુમ્મટ પર ધ્વજા ચઢાવાય છે.

દેરાસરનો વહીવટ ટ્રસ્ટ હસ્તક છે. ટ્રસ્ટી શ્રી અજિતભાઈ ઝવેરી અને શ્રી ચંપાલાલ છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૧૯૬૩ જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૩ પાષાણ પ્રતિમાઓ, ૩ સ્ફટીક પ્રતિમા અને ૧૧ ધાતુ પ્રતિમાઓ હતી.

સંવત ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો છે. ૩ પાષણ પ્રતિમાઓ, ૩ સ્ફટિક પ્રતિમા તથા ૧૨ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે સંવત ૧૯૩૨માં આ દેરાસર બંધાવ્યાની નોંધ છે.

આ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૧૯૩૨માં થયેલી છે.

• • •

## (૨૭) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહ ચૈત્ય (સં. ૨૦૫૧)

### ૨૩, પરિમલ પાર્ક, નિઝામપુરા.

નિઝામપુરા, પરિમલ પાર્કમાં નં-૨૩માં શ્રી બીપીનભાઈના ઘરમાં આ ઘરદેરાસર આવેલું છે. બંગલામાં પ્રવેશતાં જમણી બાજુ કાચકામ યુક્ત શિખરબંધ દેરીમાં શ્રી ઘંટાકર્ણ વીરની મૂર્તિ છે. આગળ જતાં જમણી તરફ શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરિજીની મૂર્તિ બિરાજમાન છે.

રંગમંડપ કે ગભારા વગરના દેરાસરમાં સામે જ શિખરવાળી દેરીમાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ૪૫" ની પ્રતિમા બિરાજમાન છે. પ્રતિમાજીની પાછળ, દિવાલ પર, છત્રી પર તેમજ તોરણો અને થાંભલા પર સુંદર કાચકામ કરવામાં આવ્યું છે. મૂળનાયકની આજુબાજુ સામરણ યુક્ત ધુમ્મટવાળી દેરીમાં શ્રી વાસુપૂજ્યસ્વામી અને શ્રી સુપાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ અને ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

પ્રવેશદ્વાર પાસે જમણી બાજુ ગોખમાં શ્રી ગૌતમસ્વામીની દેશના આપતી મુદ્રામાં પ્રતિમા અને તેની બાજુના ગોખમાં શ્રી પાર્શ્વયક્ષ, ડાબી બાજુ ગોખમાં શ્રી પદ્માવતી દેવીની આરસની મૂર્તિ છે. શ્રી ઘંટાકર્ણવીરની અને શ્રી પદ્માવતી દેવીની મોટી મૂર્તિ કાચથી મઢેલાં કબાટમાં છે.

**અહીં નમસ્કાર મહામંત્ર સાધના કેન્દ્ર દ્વારા શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાની સન્મુખ બેસીને સતત નવકારની સાધના ચાલે છે. અત્યાર સુધી ૭ ક્રોડની વધુ નવકારના જાપ થઈ ચૂક્યા છે.**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહચૈત્યની પ્રતિષ્ઠા શાસન સમ્રાટ આચાર્ય શ્રી વિજય નેમિસૂરિ-વિજ્ઞાન કસ્તૂરસૂરિ મહારાજ સાહેબના પટ્ટધરો પ. પૂ. આ. મ. શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી તથા તેઓશ્રીના ગુરુબંધુ પ. પૂ. આ. શ્રી અશોકચંદ્રસૂરીશ્વર મ. સા. આદિ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં વિ. સં. ૨૦૫૧, વીર સં. ૨૫૨૧, નેમિ સં. ૪૬ના મહા સુદ ૧૩ સોમવારે તા. ૧૩-૨-૧૯૯૫ના દિવસે કરવામાં આવી છે.

મૂળનાયકશ્રી ની પ્રતિષ્ઠાનો લાભ શ્રીમતી સવિતાબેન કાંતિદાસ વોરા પરિવારે લીધો હતો. મુનિ શ્રી શાંતિચંદ્ર વિજયજી, સાધ્વીજી ભગવંત, શ્રી શુભોદયાશ્રીજી, મયણાશ્રીજી, કલ્પરત્નાશ્રીજીના સંયમની અનુમોદનાર્થે આ પ્રતિષ્ઠા થયેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૧૩ છે. તે નિમિત્તે ચઢાવો બોલીને નાની ધ્વજા ચઢાવવામાં આવે છે.

દેરાસરનો વહીવટ શ્રી બીપીનભાઈ કાંતિલાલ વોરા હસ્તક છે.

આ જિનાલયની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૧માં થયેલ છે.

• • •

## (૨૮) શ્રી આદિનાથ જિનાલય (સં. ૨૦૩૮ )

### અજય સોસાયટી, નિઝામપુરા.

નિઝામપુરા, અજય સોસાયટીમાં વિશાળ જગ્યા ધરાવતું શિખરયુક્ત પ્રસ્તુત દેરાસર આવેલું છે. દેરાસરના પટાંગણમાં જાળીવાળા પ્રવેશદ્વારની ડાબી તરફ ઉંચાઈ ઉપર દેરાસર આવેલું છે.

જિનાલયના ત્રણ પ્રવેશદ્વાર કાષ્ઠ ઉપર નકશીકામવાળા છે. રંગમંડપમાં પણ કાષ્ઠના બે

દ્વાર છે. રંગમંડપનો ઘુમ્મટ નકશીકામવાળો છે. તોરણો પણ આરસનાં નકશીકામવાળાં છે. થાંભલા ઉપર સોનેરી રંગથી રંગેલી નૃત્યાંગનાઓ જોવા મળે છે.

ગર્ભગૃહમાં ૭ પાષાણ પ્રતિમાઓ અને ૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. ત્રણ ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની પરિકર યુકત ૨૫"ની પ્રતિમા બિરાજમાન છે. તેમની આજુબાજુ શ્રી મહાવીરસ્વામી ભગવાન અને શ્રી પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે.

ઉપરના માળે શિખરમાં શ્રી સીમંધરસ્વામી ભગવાનની ૨૧"ની પ્રતિમા બિરાજમાન છે.

આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં શ્રાવક શ્રી બાબુભાઈ સી. જરીવાલા પરિવારે (સુરત) પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો.

દેરાસરનું સ્થાપના વર્ષ વિ. સં. ૨૦૩૮ તા. ૫-૩-૮૨ છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૧૦ છે. તે નિમિત્તે દર વર્ષે શ્રી બાબુભાઈ સી. જરીવાલા પરિવાર દ્વારા ધ્વજારોપણ થાય છે.

દેરાસરનો વહીવટ શ્રી આદિનાથ જૈન સંઘ હસ્તક છે.

આ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૨૦૩૮માં થયેલ છે.

• • •

## (૨૯) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય

### ફત્તેહસાગર કોમ્પલેક્ષ, ફત્તેહગંજ.

ફત્તેહસાગર કોમ્પલેક્ષના બંગલા નં. ૨૧માં ઉપરના માળે આ દેરાસર આવેલું છે. નીચે ઉપાશ્રય છે.

રંગમંડપ કે ગભારા વગરના દેરાસરમાં આરસની પાળી ઉપર મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ફણા સહિત ૨૭" ની પરિકરયુકત પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ અને ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

આચાર્ય શ્રી શીલચંદ્રવિજયજી મ.સા.ની નિશ્રામાં શ્રાવક શ્રી મહેન્દ્રભાઈ ઝવેરી (મુંબઈ) પરિવારે પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો.

દેરાસરની વર્ષગાંઠ તિથિ જેઠ સુદ ૧૩ છે. તે નિમિત્તે ચઢાવો બોલીને ધ્વજારોપણ થાય છે તેમજ પૂજા ભણાવાય છે.

દેરાસરનો વહીવટ શ્રી ફતેહગંજ જૈન સંઘ હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટી હસમુખભાઈ શાહ, રજનીભાઈ શાહ તથા ભૂપેન્દ્રભાઈ શાહ છે.

• • •

## (૩૦) શ્રી આદિનાથ (શ્રી ઋષભદેવ પ્રભુ) પ્રાસાદ (સં. ૨૦૦૮)

### મહાવીર જૈન વિદ્યાલય, પ્રતાપનગર, આર. વી. દેસાઈ રોડ.

મહાવીર જૈન વિદ્યાલયના પરિસરમાં એક ખૂણા પર શિખરયુક્ત દેરાસર આવેલ છે.

રંગમંડપમાં એક ગોખલામાં આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી અને આચાર્ય શ્રી વલ્લભસૂરીશ્વરજી મ. સા. ની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે.

નાના ચોરસ ગભારામાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની ૨૩" ની પ્રતિમા બિરાજમાન છે. તેમની આજુબાજુ શ્રી વાસુપૂજ્યસ્વામી અને શ્રી સુવિધિનાથ ભગવાન બિરાજમાન છે. અહીં કુલ ૫ પાષાણ પ્રતિમાઓ અને ૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ કોતરવામાં આવ્યો છે.

"વિક્રમ સંવત ૨૦૦૨ વૈશાખ સુદ ૧૦ શનૌ રાજનગરવાસી શેઠ શ્રી હરિલાલ સૂત શિવલાલે (સત્યવાદી) સ્વશ્રેયાર્થે શ્રી આદીશ્વર જિનબિંબ કારિતં રાજનગરે શેઠ શ્રી નાથાલાલ સૂત રતિલાલ અંજનશલાકા મહોત્સવે તપાગચ્છાચાર્ય પ્રશાન્ત તપોનિધિ વિજયસિદ્ધિસૂરીશ્વરેણ પ્રતિષ્ઠિતં."

આસપાસના નાના નાના ગામોમાંથી આવતાં વિધાર્થીઓ આ સંસ્થામાં રહી શહેરની અલગ-અલગ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાભ્યાસ કરે છે. આ વિધાર્થીઓમાં ધાર્મિક સંસ્કારો જાગૃત રહે તેવી ઉદાત્ત અને શુભ ભાવનાથી પ્રેરાઈ, સંસ્થાના મકાનની બાજુમાં જ વડોદરાના સુપ્રસિદ્ધ ઝવેરી શેઠ જમનાદાસે સ્વદ્રવ્યે આ રમણીય જિનાલય બંધાવી આપ્યું હતું. સં. ૧૯૯૯માં ખાત-મુહૂર્ત થયા બાદ સં. ૨૦૦૮માં મહાવદ ૬ના રોજ આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજીની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે.

દેરાસરનો વહીવટ શ્રી મહાવીર જૈન વિદ્યાલય સંસ્થા હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટી ડૉ. શૈલેષભાઈ શાહ, બીપીનભાઈ શાહ તથા ભૂપેન્દ્રભાઈ મહાતી છે.

આ જિનાલયનો સમય સં. ૨૦૦૮નો છે.

• • •

## (૩૧) શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જિનાલય (સં. ૨૦૪૫)

### આચાર્ય શ્રી નેમિસૂરિ માર્ગ, શ્રી સોસાયટી, પ્રતાપગઢ.

શ્રી નેમિસૂરિ માર્ગ પર ત્રણ શિખરવાળું, બે માળનું, ભવ્ય દેરાસર આવેલ છે.

દેરાસરના પરિસરમાં પ્રવેશ કરતાં જ બે મોટા અંબાડીયુક્ત હાથીની મૂર્તિઓ છે. હાથી પર મહાવત અને અંબાડીમાં શેઠ-શેઠાણી આવકાર આપતાં બેઠાં છે. વચ્ચે એક નાની દેરીમાં પ. પૂ. આચાર્ય મેરૂપ્રભસૂરીશ્વરજીની મૂર્તિ અને નાની દેવકુલિકામાં શ્રી ઘંટાકર્ણ વીરની મૂર્તિ

પ્રતિષ્ઠિત કરેલ છે.

આરસનાં પગથિયાંવાળો મોટો ઓટલો આવે છે. જેમાં ગુલાબી થાંભલાઓમાં વચ્ચે ભગવાનની મૂર્તિઓ અને નીચે દેવીઓની મૂર્તિઓ કંડારેલી છે. ઉપર તોરણ છે. થાંભલાઓની ઉપર બહારની બાજુ વિવિધ રંગોથી શોભતી અને જુદા-જુદા ભાવ દર્શાવતી સુંદર પૂતળીઓ બેસાડી છે.

ડાબી બાજુ ઉતરતાં ગુરુમંદિર છે, તેમાં શાસન સમ્રાટ પ. પૂ. આ. વિજય નેમિસૂરીશ્વરજીની મૂર્તિ પ્રતિષ્ઠિત છે. બાજુમાં શ્રી માણિભદ્રવીરની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે. જમણી બાજુ ઉતરતાં ચાર દેવકુલિકાઓમાં શ્રી પદ્માવતી દેવી, શ્રી ચક્રેશ્વરી દેવી, સહસ્રકુટ, શ્રી નાકોડા ભૈરવનાથની મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરેલ છે.

વિશાળ રંગમંડપમાં વચ્ચે કંડારેલો મોટો ઘુમ્મટ છે. થાંભલાઓ ઉપર વાજિંત્ર વગાડતી સુંદર પૂતળીઓ અને સ્તંભો ઉપર વચ્ચે સુંદર તોરણો છે. રંગમંડપમાં અન્ય બે પ્રવેશદ્વાર છે જ્યાં જમણી બાજુ શ્રી સિદ્ધચક્રજીનો અને ડાબી બાજુ શ્રી શત્રુંજય તીર્થનો પટ છે. રંગમંડપમાં ગોખલામાં શ્રી ગૌતમસ્વામીની પ્રતિમા અને કાચના કબાટમાં સહસ્રકુટ છે.

ત્રણ ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાનની ફણા સહિત ૬૧" ની પ્રતિમા બિરાજમાન છે. ડાબા ગભારે શ્રી ચંદ્રપ્રભસ્વામી અને જમણા ગભારે શ્રી અજિતનાથ ભગવાન બિરાજમાન છે. દેરાસરમાં કુલ ૨૧ પાષાણ પ્રતિમાઓ અને ૧૫ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. શ્રી પાર્શ્વયક્ષ અને શ્રી પદ્માવતી દેવી પ્રતિષ્ઠિત કરેલ છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબ લેખ કોતરવામાં આવ્યો છે.

"વૃંદભૂષિત વિદૂષી સાધ્વીજી પ્રવીણાશ્રીજી (સંસારપક્ષે પિતૃષ્વસા) તથા તત્ શિષ્યાશ્રીજી સૌરભયશાશ્રીજી (સંસારપક્ષે ભગિની) ઉપદેશેન ચ વેજલપુરે વાસ્તવ્ય (વર્તમાન વડોદરા) નિવાસી ગાંધી નગીનદાસ વાડીલાલ તદ્ ધર્મપત્ની અ. સૌ. ચંપાબેન, સુપુત્ર સુશ્રદ્ધાગુણ સુરેન્દ્રભાઈ, પુત્રવધુ અ. સૌ. વીણાબેન, પૌત્ર ચિ. વિપુલભાઈ, રાકેશભાઈ, અમરકુમાર, પૌત્રવધુ હીનાબેન, સોનલબેન, પ્રપૌત્ર વિરલ, હિરલ, કરણ પરિવારેણ કા. પ્ર. શાસન સમ્રાટ આ. શ્રી. વિજયનેમિસૂરી, પટ શ્રી વિજયોદયસૂરી, પટ શ્રી મેરૂપ્રભસૂરીશ્વરૈઃ, આ. દેવસૂરી, આ. કુમુદચંદ્રસૂરી, આ. મહિમાપ્રભસૂરી, આ. ચંદ્રોદયસૂરી, આ. સૂર્યોદયસૂરી, આ. હેમચંદ્રસૂરી, પૂ. શ્રી માનતુંગવિજયગણિ, પં. શ્રી ચંદ્રસેનવિજયગણિ, પં. શ્રી ઇંદ્રસેન વિજયગણિ સહિતૈઃ વટપદ્ર (વડોદરા) નગરે અંજનશલાકા મહોત્સવ શાસન સમ્રાટ જૈન દેહ. પેઢી નિર્મિત મંદિરે વિ. સં. ૨૦૪૫ માઘ શુકલ ૧૧ ગુરુવાસરે શ્રી શ્રમણ સંઘસ્ય શાંતિર્ભવતુ. આલેખિત ગણિવર્ય શ્રી સિંહસેન વિજયેન. "

ઉપર પહેલે માળે મૂળનાયક શ્રી કલ્યાણ પાર્શ્વનાથ ભગવાનની ૨૧" ની પ્રતિમા બિરાજમાન છે. ડાબી બાજુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન અને જમણી બાજુ શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ કોતરવામાં આવ્યો છે.

"સ્વસ્તિ શ્રી પાર્શ્વનાથ બિંબે શાસન સમ્રાટ વિજયનેમિ, વિજ્ઞાન, કસ્તૂર, ચંદ્રોદયસૂરી, શિષ્ય ગણિ, પ્રમોદચંદ્રગણિ, વિજયોપદેશેન રંધીલા વાસ્તવ્ય ભાવજીભાઈ સૂત જંયતિલાલ શ્રેયસે તત્પત્ની જયકુંવર શ્રાવિકયા પુત્ર અશોકભાઈ, પ્રવીણભાઈ યુતયા પ્ર. તપા. આ. શ્રી વિજયપ્રતાપ્સૂરિ, ધર્મસૂરીજ્યા, મુ. યશોવિજય જયાનન્દવિજય."

શિલાલેખ :- શાસન સમ્રાટ જૈન દેરાસર પેઢી નિર્મિત શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ નૂતન જિનમંદિર શિલાલેખ પ્રશસ્તિ.

ૐ હ્રીં અર્હં નમઃ ।। શ્રી કલ્યાણ પાર્શ્વનાથના ઘર દહેરાસરમાંથી ૧૨ વર્ષ બાદ પૂજ્યપાદ આચાર્ય ભગવંતની પ્રેરણા અને માર્ગદર્શન અનુસાર ભવ્ય, વિશાળ, રમણીય તેમજ ગગનોત્તુંગ શિખર અને બે દેવકુલિકાઓ ઉપરાંત આકર્ષક, કલાકોતરણીયુક્ત શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાનનું નૂતન જિનમંદિર તૈયાર થયેલ છે. જેનું ખનન તથા શિલાસ્થાપન વિધિ પણ પ. પૂ. આચાર્ય ભગવંત આદિ વિશાળ સાધુ-સાધ્વીઓની ઉપસ્થિતિમાં અનેરા આનંદ અને ઉત્સાહ સભર થયેલ છે. શાસન સમ્રાટ કદમ્બગિરિ પ્રમુખ તીર્થોદ્ધારક સમારાધિત સૂરિમંત્ર તપાગચ્છાધિપતિ પૂ. પા. આ. ૧૦૦૮ શ્રી નેમિસૂરીશ્વરજી મ. સા.ના અખંડ પુણ્ય પ્રભાવ સામ્રાજ્યે તત્ પટ્ટધર ગી. શિરોમણિ ન્યાય વિશારદ પૂ. આ. શ્રી વિજયઉદયસૂરીશ્વરના પટ્ટાલંકાર વર્તમાન ગચ્છાધિપતિ પરોપકાર પરાયણ પૂ. આ. શ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજીની પાવનકારી શુભનિશ્રામાં શ્રી બૃહદ નંદાવર્તપૂજન, વિવિધ પૂજન સહિત, લઘુ બૃહદ શાંતિસ્નાત્ર, દબદબાભરી શ્રી પંચકલ્યાણકની ભવ્ય ઉજવણી સુવિશુદ્ધ અને અણિશુદ્ધ વિધાન સહ ત્રણ ટંક ૧૧ દિવસનાસ્વામી વાત્સલ્ય તેમજ પ્રતિષ્ઠા દિવસે સમસ્ત વડોદરા સંઘની નવકારશી યુક્ત ભવ્યાતિભવ્ય ૧૨ દિવસીય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ચર્તુવિધ સંઘની ઉપસ્થિતિમાં ઉજવાયો. પૂ. આ.ના વરદ્ હસ્તે સૂરિમંત્રિત વાસક્ષેપ પૂર્વક અંજન તથા પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

ખનન - ૨૦૪૦ શ્રાવણ સુદ ૯ રવિવાર
શિલાસ્થાપના ૨૦૪૦ શ્રાવણ સુદ ૧૪
અંજન ૨૦૪૫ મહા સુદ ૧૧
પ્રતિષ્ઠા ૨૦૪૫ મહા સુદ ૧૩ રવિવાર"

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૧૩ છે. તે નિમિત્તે પરંપરાગત ધ્વજારોપણ થાય છે અને શ્રી સંઘજમણ રાખવામાં આવે છે.

દેરાસરનો વહીવટ શાસન સમ્રાટ જૈન દેરાસર પેઢી હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટી શ્રી કાંતિલાલ શાહ, હસમુખલાલ શાહ, અજિતભાઈ શાહ આદિ છે.

ઉપર્યુક્ત પ્રમાણોથી નિશ્ચિત રૂપે કહી શકાય કે આ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૨૦૪૫માં થયેલ છે.

• • •

## (૩૨) શ્રી સુમતિનાથ જિન પ્રાસાદ (સંવત ૨૦૫૧ )

### શાંતિપાર્ક, સિંધવાઈ માતા રોડ, આયુર્વેદિક હૉસ્પિટલ પાસે.

સિંધવાઈ માતા રોડ પર આયુર્વેદિક હૉસ્પિટલ નજીક શાંતિપાર્કમાં શિખરયુકત દેરાસર આવેલ છે.

મોટા કમ્પાઉંડવાળા આ દેરાસરના પ્રવેશદ્વાર પાસે દેરીમાં શ્રી માણિભદ્રવીર અને શ્રી નાકોડા ભૈરવનાથની મૂર્તિ છે. આ ઉપરાંત દેવકુલિકામાં શ્રી ઘંટાકર્ણવીર અને શ્રી પદ્માવતી દેવીની મૂર્તિઓ પણ બિરાજમાન છે.

દેરાસરના રંગમંડપમાં ગોખમાં શ્રી ગૌતમસ્વામી અને શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ. સા. ની આરસની મૂર્તિ બિરાજમાન કરવામાં આવી છે. વળી બે કાઉસગ્ગીયા પ્રતિમા જેમાં જમણી બાજુ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ અને ડાબી બાજુ શ્રી ભીડભંજન પાર્શ્વનાથ બિરાજે છે.

મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની ૩૧" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૧૧ પાષાણ પ્રતિમાઓ અને ૬ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૧માં આચાર્ય શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી તથા શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શ્રી કીર્તિકુમાર મણિલાલ વોરા પરિવાર દ્વારા કરવામાં આવી છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૧૦ છે. તે નિમિત્તે અઢાર અભિષેક અને શ્રી સંઘજમણ થાય છે.

દેરાસરનો વહીવટ ટ્રસ્ટી શ્રી ચંદ્રકાન્તભાઈ ડગલી, મહેન્દ્રભાઈ શાહ અને ભાઈલાલ શાહ હસ્તક છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૫૧નો છે.

• • •

## (૩૩) શ્રી શાંતિનાથ ગૃહ ચૈત્ય (સં. ૨૦૩૦)

### ૨૦, ગૌતમનગર, જી. ઈ. બી. પાસે, રેસકોર્સ સર્કલ.

રેસકોર્સ સર્કલ પર જી. ઈ. બી. પાસે , ગૌતમનગરના ૨૦ નંબરના બંગલામાં ઘુમ્મટબંધી ઘરદેરાસર આવેલ છે.

બંગલાના મધ્યમ કદના એક ચોરસ ઓરડામાં પ્રસ્તુત દેરાસર બનાવેલ છે. નાના એવા ગભારામાં પબાસન ઉપર મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૧૧" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૬ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. બાજુમાં બે ઊભા ગોખ પૈકી એકમાં શ્રી પદ્માવતી

દેવીની મૂર્તિ છે.

દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૩૦માં આચાર્ય શ્રી ધર્મધુરંધરસૂરીશ્વરજી મ. સા. તથા શ્રી ભુવનચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શ્રી રમેશચંદ્ર ચીમનલાલ તથા શ્રીમતી નયનાબેન રમેશભાઈ ના હસ્તે કરવામાં આવી છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ વદ ૭ના દિવસે છે.

દેરાસરનો વહીવટ શ્રી રમેશભાઈ શાહ, સંદીપભાઈ શાહ અને અનુપમાબેન ભરતભાઈ હસ્તક છે.

આ જિનાલયનો સમય સં. ૨૦૩૦નો છે.

• • •

## (૩૪) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય (સં. ૧૯૬૩ પૂર્વે)

### ફત્તેપુરા, મેઈનરોડ.

ફત્તેપુરાના મુખ્ય માર્ગ પર પૂર્વાભિમુખ શિખરયુકત દેરાસર આવેલ છે.

પગથિયાં ચઢતાં મુખ્ય પ્રવેશદ્વારે કમળાકાર ધરાવતી સામરણયુકત છત્રીની રચના છે. એક બાજુ દેવકુલિકામાં શ્રી પદ્માવતી દેવી અને બીજી બાજુ દેવકુલિકામાં શ્રી માણિભદ્ર દેવની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. પરસાળના ભાગમાં પેઢીની ઑફિસ તથા કેસરસુખડની ઓરડી છે. જેની બાજુમાં એક નાના ગોખમાં આચાર્ય શ્રી જિનદત્તસૂરી તથા આચાર્ય શ્રી જિનકુશલસૂરીનાં પગલાં સ્થાપિત કરવામાં આવ્યાં છે.

દેરાસરના રંગમંડપમાં સ્તંભો ઉપર તથા મધ્યમાં પૂજા કરવા જતી, વાજિંત્રો વગાડતી, વિવિધ રંગોથી શોભતી સુંદર ૧૬ પૂતળીઓ છે. રંગમંડપમાં શ્રી સમેતશિખર તીર્થ, શ્રી અષ્ટાપદ તીર્થ, શ્રી શત્રુંજય મહાતીર્થ તથા શ્રી સિદ્ધચક્રજીના પટ ઉપર પત્થર વડે ઉપસાવીને સુંદર રંગકામથી નયનરમ્ય બનાવ્યાં છે. ગોખમાં શ્રી ગૌતમસ્વામીની પ્રતિમા બિરાજમાન છે.

ત્રણ ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ફણા સહિત ૯" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૯ પાષાણ પ્રતિમાઓ અને ૯ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

શ્રી નવલખા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ છે.

"સંવત ૧૯૦૩ શાકે ૧૭૬૮ પ્રવર્તમાને માઘ માસે શુકલ પક્ષે ૫ તિથૌ ભૃગુવાસરે શ્રી ગુર્જર દેશે શ્રીમદ્ વડોદરા નગરે વાસ્તવ્ય ઓસવાલ જ્ઞાતીય વૃદ્ધ શાખાયાં સા. સોમચંદ્ર તત્ ભાર્યા બાઈ ધનકુંવર તત્ પુત્ર સા. હીરાચંદ તત્ ભાર્યા અંજાબાઈ. . . . . . . પતિ ઉભયલોકે શ્રેયાર્થ શ્રી પાર્શ્વ જિનેશ્વર બિંબ કારાપિતં શ્રીમત્ત પાગચ્છે પ્રતિષ્ઠિતં ભટ્ટારક શ્રી વિજયનરેન્દ્ર-

સૂરીશ્વરેણ ઈતિ ભદ્રં ભવતુ ભવ્યેભ્યઃ. . . . . . . . . .।"

દેરાસરની ઐતિહાસિક ભૂમિકા દર્શાવતાં નીચે મુજબના બે પ્રતિષ્ઠા પ્રશસ્તિ લેખ દેરાસરમાં પ્રાપ્ત થાય છે.

( ૧ ) "શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતના ભવ્ય જિનાલયમાં જિનબિંબાદિની પ્રતિષ્ઠા પ્રશસ્તિ. . . . . . . વડોદરાના ફત્તેપુરાના પ્રાચીન શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતના જિનાલયનો આમૂલચૂલ જીર્ણોદ્ધાર કરાવી મૂળનાયક શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન આદિ નવ જિનબિંબોની પ્રતિષ્ઠા સં. ૨૦૪૧ના ફાગણ સુદ ૩ ની મહામહોત્સવ પૂર્વક પ. પૂ. શાસન સમ્રાટ તપાગચ્છાધિપતિ આચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ્ વિજયનેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરીશ્વરજીના પટ્ટધર મ. સા. પ. પૂ. આચાર્ય શ્રી વિજયજયચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિ પરિવાર સહિત કરી હતી. તે જિનમંદિરમાં તેઓ પૂજય પ્રતિષ્ઠા કારકાચાર્ય શ્રી ના વરદ્ હસ્તે કાઉસગ્ગ મુદ્રાવાળા શ્રી નાકોડા પા., શ્રી નાગેશ્વર પા., શ્રી માણિભદ્ર, શ્રી પદ્માવતી તથા પૂ. શાસનસમ્રાટ આચાર્ય વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ આદિની મૂર્તિ તથા પૂ. દાદા જિનદત્તસૂરિ, દાદા કુશલસૂરિ મ.ની ચરણ પાદુકાઓની પ્રતિષ્ઠા સંવત ૨૦૪૨ વૈશાખ સુદ ૩ સોમવારે ફરમાવેલ શુભમુહૂર્તે કરવામાં આવી છે. "

( ૨ ) "શ્રી પ્રગટપ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન પ્રતિષ્ઠા પ્રશસ્તિઃ ફત્તેહ પુરઈ શંખેશ્વર પાસજી વંદઈ (તીર્થમાલા)

શ્રી વડોદરાના ફત્તેહપુરાના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનમંદિરની પ્રાચીનતા અંગે પ્રાપ્ત થતી 'કિંવદન્તિ' મુજબ આજથી લગભગ ૪૫૦ વર્ષ પૂર્વે પાવાગઢ અનેકવિધ સમૃદ્ધિના શિખરે હતું, ત્યારે તેના વિસ્તારમાં વર્તમાન ફત્તેહપુરા ફત્તેહપુરી નગરી હતી. તે નગરીમાં બાલબ્રહ્મચારી બારવ્રતધારક ઝવેરી ખુશાલચંદ શેઠને નિષ્કામ શ્રી જિનધર્મની આરાધનાના પ્રભાવે દિવ્ય પ્રેરણા થઈ કે વિજાપુરના જિનમંદિરમાં શ્રી નવફણાવાળા પાર્શ્વનાથ ભગવંતના પ્રતિમાજી લઈ આવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નામ રાખી તમારા ગૃહમંદિરમાં પ્રતિષ્ઠા કરો... શેઠ શ્રી એ પ્રેરણાનુસાર પ્રતિમાજી લાવી વૈશાખ સુદ ૧૦ના પોતાના ગૃહમંદિરમાં પ્રતિષ્ઠા કરી અને વિશુદ્ધ ભાવથી પ્રભુજીની ભકિત કરી સમાધિપૂર્વક દેવગત થતાં શેઠશ્રી ના સ્વર્ગગમન બાદ તેમનાં બહેને શેઠશ્રીની સર્વ સંપત્તિ શ્રી સંઘને અર્પણ કરી પોતે દીક્ષા લઈ પોતાનું શ્રેય સાધ્યું. કાળક્રમે ચાંપાનેરથી શ્રી સુમતિનાથજી ભગવાન તથા શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનનાં બે પ્રતિમાજી લાવી મૂળનાયકની બંને પડખે પધરાવવામાં આવ્યાં હતાં. તથા વર્ષો બાદ શ્રી નવલખા પાર્શ્વનાથજીને પણ પધરાવ્યા હતા. ફત્તેહપુરીના પરમ શ્રદ્ધાળુ શ્રી જિનશાસન રસિક મહાનુભાવોની શ્રદ્ધા, પ્રીતિ અને ભકિતના કારણે તે જિનમંદિર વધાવી લેવાની વિચારણા સુધી પહોંચ્યું. પરંતું જાગૃત અધિષ્ઠાયકના પ્રભાવથી વડોદરા નગર તેમજ ઉપનગરના શ્રદ્ધાળુ મહાનુભાવોની સવિશેષ શ્રદ્ધા અને ભકિતમાં વૃદ્ધિ થવા લાગી અને જોગાનુજોગ સ્વર્ગસ્થ પૂજય મુનિ શ્રી દયામુનિજી મ. સા.ની પ્રેરણા પણ સહાયક બની છે. જેથી દેવવિમાન સરખું શિખરબદ્ધ આ જિનચૈત્ય તૈયાર કરવામાં આવ્યું છે. તેથી જિનમંદિરમાં મૂળનાયક શ્રી શંખેશ્વર

પાર્શ્વનાથ ભગવાન આદિ ચાર પ્રાચીન જિનબિંબો તથા શ્રી જીરાઉલા પાર્શ્વનાથજી ભગવાન, શ્રી આદિનાથ, તથા શ્રી શાંતિનાથજી ભગવાન શ્રી મહાવીરસ્વામી ભગવાન તથા શ્રી ગૌતમસ્વામી ભગવાન તથા શ્રી માણિભદ્રવીર તેમજ શ્રી પદ્માવતી દેવીની નૂતન ભવ્ય પ્રતિમાઓ ભરાવી પ. પૂ. આ. મ. શ્રી વિજયચંદ્રોદયસૂરિ મ.ના વરદ્‌હસ્તે અંજનશલાકા પ્રતિષ્ઠા કરવામાં આવી છે. પ્રાચીન તેમજ અર્વાચીન સર્વ જિનબિંબોની પ. પૂ. શાસન સમ્રાટ શ્રી કદમ્બગિરિ પ્રમુખાનેક તીર્થોદ્ધારક તપાગચ્છાધિપતિ આ. મ. શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ. સા.ના પટ્ટધર પ. પૂ. આ. મ. શ્રી વિજયવિજ્ઞાનસૂરિ મ.ના પટ્ટધર પ. પૂ. આ. શ્રી વિ. કસ્તૂરસૂરિ મ. સા.ના પટ્ટધર પ. પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિ મ. જે પોતાના પટ્ટધર પ. પૂ. આ. મ. શ્રી વિજયજયચંદ્રસૂરિ મ. ચંદ્રવિજયાન્ત મુનિ શ્રી પ્રદીપકલ્યાણ- રાજ- નિર્મળ-અનંત-અક્ષય-સુધર્મ-વિબુધ-અણગારાદિ સાધુ-સાધ્વી પરિવાર સહિત આ જિનચૈત્યના ખનન-ભૂમિપૂજા, પ્રવેશ તથા પ્રતિષ્ઠાના શુભ મુહૂર્તે પ. પૂ. આ. મ. શ્રી વિ. અશોકચંદ્રસૂરિ ફરમાવેલ વિ. સં. ૨૦૪૧ વીર સં. ૨૫૧૧ ને નિ. સં. ૩૯ વર્ષે ફા. સુ. શુકવારે તા. ૨૨-૨-૧૯૮૫ના શુભ મુહૂર્તે સૂરિમંત્ર મંત્રિત વાસક્ષેપ કરવા મુનિ રાજચંદ્ર વિ. નિર્મલચંદ્ર વિ. અનંત ચંદ્ર વિ. સુધર્મચંદ્ર વિજયૈરલેખિત. "

ઈ. સ. ૧૯૮૩માં ૧૩-૧૧-૮૩ના રોજ શ્રી જીરાવલા પાર્શ્વનાથ ૪૧", શ્રી આદીશ્વર ૨૫", શ્રી શાંતિનાથ ૨૫", શ્રી મહાવીરસ્વામી ૨૫" અને શ્રી ગૌતમસ્વામીની ૨૫" ની પ્રતિમા ભરાવી એની પ્રતિષ્ઠા સાંઢેરાવ ભુવન-અંજનશલાકા સમિતિ પાલિતાણામાં કરાવી.

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૩ છે. તે નિમિત્તે ચઢાવો બોલી ધ્વજારોપણ થાય છે, પૂજા ભણાવાય છે અને પ્રભાવના થાય છે.

દેરાસરનો વહીવટ ભુવનકુમાર શાહ, સુમંતલાલ શાહ, મનુભાઈ પારેખ હસ્તક છે.

## ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩ જૈન શ્વેતાંબર ડિરેકટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. તે સમયે પાષાણની ૪ તથા ધાતુની ૧૦ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો છે. ૪ પાષાણ પ્રતિમાઓ તથા ૫ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હોવાની નોંધ છે.

આ જિનાલયનો સમય સં. ૧૯૬૩ થી પૂર્વેનો માની શકાય. લગભગ ૪૫૦ વર્ષ પહેલાનો જણાવેલ છે. સં. ૨૦૪૧માં અર્વાચીન શિખરબંધી જિનાલયની પ્રતિષ્ઠા થયેલ છે.

• • •

## (૩૫) શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જિનાલય (સં. ૨૦૫૨ )

### સુભાષ પાર્ક સોસાયટી, સંગમ ચાર રસ્તા, હરણી રોડ.

હરણી રોડ પર સંગમ ચાર રસ્તા પાસે સુભાષ પાર્ક સોસાયટીના વિશાળ પરિસરમાં શિખરયુક્ત દેરાસર આવેલ છે.

લાકડાના ત્રણ પ્રવેશદ્વારમાંથી રંગમંડપમાં પ્રવેશ કરતાં ગોખલામાં શ્રી પદ્માવતી દેવી અને શ્રી ચક્રેશ્વરી દેવીની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. આગળ ગર્ભગૃહની નજીક ડાબી બાજુ ગોખલામાં શ્રી ગૌતમસ્વામી અને જમણી બાજુ શ્રી માણિભદ્રવીરની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. રંગમંડપમાં કોતરણીયુક્ત ચોરસ ઘુમ્મટ છે.

ત્રણ ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનની અષ્ટ પ્રાતિહાર્યયુક્ત ૨૯" ની પ્રતિમા બિરાજમાન છે. ડાબા ગભારામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ૨૧" ની અને જમણા ગભારામાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની ૨૧" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ અને ૧૧ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૨માં આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શ્રી અચરજલાલ લલ્લુભાઈ ભણશાળી (મુંબઈ નિવાસી) ના હસ્તે કરવામાં આવી છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૭ના રોજ છે. તે નિમિત્તે દરવર્ષે ધનીબેન અચરજલાલ લલ્લુભાઈ પરિવાર દ્વારા ધ્વજારોપણ કરવામાં આવે છે. તેમજ શ્રીસંઘજમણ અને લ્હાણું પણ થાય છે.

દેરાસરનો વહીવટ શ્રી પુણ્યપવિત્ર શ્વેતાંબર મૂ. પૂ. જૈન સંઘ કરે છે. દેરાસરના ટ્રસ્ટીઓ શ્રી રમણલાલ ચીમનલાલ, જે. ડી. શાહ, નીતીનભાઈ શાહ છે.

આ જિનાલયની પ્રતિષ્ઠા સંવત ૨૦૫૨માં થયેલ છે.

• • •

## (૩૬) શ્રી વિમળનાથ ગૃહ ચૈત્ય (સં. ૨૦૫૦)

### સરસ્વતીનગર, વારસિયા રીંગ રોડ.

હરણી વારસિયા રીંગરોડ પર મીરા સોસાયટીની આગળ સરસ્વતીનગરમાં શ્રી વિમળનાથ ભગવાનનું ગૃહજિનાલય આવેલું છે.

નીચાણ વાળી જગ્યામાં દેરાસરનું મુખ્ય પ્રવેશદ્વાર જાળી અને લાકડાના દ્વારવાળું છે. દેરાસરના પ્રવેશદ્વાર ઉપર "શ્રી વિમળનાથજી ગૃહજિનાલય શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ, વડોદરા. સ્થાપના તારીખ ૧૦-૧૨-૧૯૯૩. સંવત ૨૦૫૦" લખેલ છે. રંગમંડપ મધ્યમ કદનો

છે. ગભારાની રચના નથી પરંતુ બે ભાગમાં શિખરબંધી દેરી જેવી રચના કરેલી છે.

શિખરબંધી દેરીમાં મૂળનાયક શ્રી વિમળનાથ ભગવાનની ૧૫" ની પ્રતિમા બિરાજમાન છે. અન્ય ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની જમણી બાજુ શિખરબંધી દેરીમાં શ્રી મહાકાલી માતા અને શ્રી ચક્રેશ્વરી દેવીની મૂર્તિ છે. દેરાસરની બાજુમાં ઉપાશ્રય તથા ઑફિસ આવેલી છે. તેની બાજુમાં અતિથિગૃહ છે. અહીં દિવાલ પર એક શિલાલેખ પ્રાપ્ત થાય છે જે નીચે મુજબ છે,

"શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ વડોદરા દ્વારા નિર્મિત ગૃહમંદિરમાં બિરાજમાન શ્રી વિમળનાથ પ્રભુજીની પ્રતિષ્ઠા રાષ્ટ્રસંઘ કચ્છ કેસરી અચલ ગચ્છાધિપતિ પરમપૂજય આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.ની દિવ્ય કૃપાથી તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વર મ. સા.ના શુભાશીષે એવં વિજયસામ્રાજયે તેઓશ્રીના આજ્ઞાવર્તીની સુસાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મ. સા. ની શિષ્યા સુસાધ્વી શ્રી કુમુદકિરણાશ્રીજી મ. સા. આદિ ઠાણાની શુભ નિશ્રામાં સંવત ૨૦૫૦ કારતક વદ ૧૩ શુક્રવારના પાવન દિવસે શુભ મુહૂર્તે યતિવર્ય શ્રી મોતીસાગરજી મ. સા. દ્વારા કરાયેલ વિધિ-વિધાનો પૂર્વક સંઘની ઉપસ્થિતિમાં હર્ષોલ્લાસ સહ સંપન્ન થઈ છે."

દેરાસરની વર્ષગાંઠ તિથિ કારતક વદ ૧૩ છે. તે નિમિત્તે ચઢાવો બોલી ધ્વજારોપણ કરવામાં આવે છે. તેમજ સત્તરભેદી પૂજા, અઢાર અભિષેક, પ્રભાવના તથા સાધર્મિક ભક્તિ થાય છે.

દેરાસરનો વહીવટ શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજના ટ્રસ્ટી શ્રી ઠાકરશી પદમશી પનપરિયા અને શ્રી શાંતિલાલ કલ્યાણજી લોડાયા કરી રહ્યા છે.

આ જિનાલયનો સમય સં. ૨૦૫૦નો છે.

• • •

## (૩૭) શ્રી શીતળનાથ જિનાલય (સં. ૨૦૪૫)

### ૪૭, પારસ સોસાયટી,

### આર. ટી. ઓ. ઑફિસ પાસે, વારસિયા રોડ.

વારસિયા રોડ પર આર. ટી. ઓ. ઑફિસ પાસે પારસ સોસાયટીમાં ૪૭ નંબરમાં પહેલે માળે ઘુમ્મટબંધી દેરાસર આવેલ છે. નીચે ઉપાશ્રય છે.

ત્રણ પ્રવેશદ્વારમાંથી પ્રવેશી રંગમંડપમાં પ્રવેશવાના દ્વાર પાસે દિવાલ ઉપર એક લેખ છે જે નીચે મુજબ છે.

"આ મંદિરનું નવનિર્માણ પ. પૂ. આ. કેસરસૂરીશ્વરજીના સમુદાયના પૂ. આ. શ્રી

પ્રશાન્ત શ્રી જી મ. સા.ના પ્રશિષ્યા (ભીકમચંદની સુપુત્રી આશાબેન) પૂ. હર્ષિતપૂર્ણાશ્રીજી મ. સા. ની પ્રેરણાથી મરૂધર પાડીવ નિવાસી સ્વ. પૂ. પિતાશ્રી મલુકચંદજીની પુણ્ય સ્મૃતિમાં તથા માતૃશ્રી હલાસીબેનના આત્મશ્રેયાર્થે તેમના સુપુત્રો ભીકમચંદ, જ્ઞાનમલ, મોહનલાલ, પૌત્ર પારસમલ, પ્રકાશચંદ્ર, મનોજ, લલીત, પ્રવીણ, આશીષ પ્રપૌત્ર રાજેન્દ્ર, પ્રદીપ, દીપેશ વગેરે તાતેડ પરિવારે સ્વદ્રવ્યથી બનાવી વૈશાખ વદ ૬ (માર, જેઠ વદ ૬ ) વિક્રમ સંવત ૨૦૪૫ના શુભદિને પ. પૂ. શ્રી કેસરસૂરિજી મ. સા.ના પૂ. આ. શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં મહામહોત્સવપૂર્વક શ્રી શીતળનાથ વગેરે જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવીને શ્રી પારસ શ્વે. મૂ. જૈન સંઘ વડોદરાને સાદર સમર્પિત કરેલ છે. શ્રી સંઘસ્ય શુભં ભવતું.

મધ્યમ કદના રંગમંડપમાંથી ગભારાને ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી જગ્યા છે. રંગમંડપમાં જમણી બાજુ ગોખમાં શ્રી પુંડરીકસ્વામી અને ડાબી બાજુ ગોખમાં શ્રી ગૌતમસ્વામીની પાષાણ પ્રતિમાઓ બિરાજમાન છે.

ગભારામાં વચ્ચે શિખર અને આજુબાજુ ઘુમ્મટની રચનાવાળી આરસની છત્રીમાં મૂળનાયક શ્રી શીતળનાથ ભગવાનની ૨૧" ની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની ડાબી તરફ શ્રી મહાવીરસ્વામી અને જમણી તરફ શ્રી સંભવનાથ ભગવાન બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ અને ૫ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ વદ ૬ છે. તે નિમિત્તે ચઢાવો બોલી ધ્વજારોપણ કરવામાં આવે છે. તેમજ સત્તરભેદી પૂજા ભણાવાય છે તથા સંઘમાં જમણવાર થાય છે.

દેરાસરનો વહીવટ ટ્રસ્ટ હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટીઓ શ્રી ભીકમચંદ મલુકચંદ તાતેડ, અને રમણલાલ શાહ છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૪૫નો છે.

• • •

## (૩૮) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહ ચૈત્ય (સં. ૨૦૫૨)

### ૨૫, હરિનગર સોસાયટી, ગાત્રી રોડ.

ગાત્રી રોડ પર, હરિનગર સોસાયટીમાં ૨૫ નંબરમાં પહેલે માળે ઘરદેરાસર આવેલું છે.

મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ૨૫" ની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની આજુબાજુ શ્રી વાસુપૂજયસ્વામી અને શ્રી સુપાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ અને ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૨માં શ્રી વારિષેણ મહારાજની નિશ્રામાં શ્રાવક શ્રી

શાંતિભાઈ કેશવલાલ દ્વારા કરવામાં આવી છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૫ છે. તે નિમિત્તે ધ્વજારોપણ તેમજ અઢાર અભિષેક થાય છે.

દેરાસરનો વહીવટ ગૃહમાલિક શ્રી શાંતિભાઈ કેશવલાલ શાહ કરી રહ્યાં છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૫૨નો છે.

• • •

## (૩૯) શ્રી ચંદ્રપ્રભસ્વામી ગૃહ ચૈત્ય (સં. ૨૦૪૪)

### ૨૪, આનંદનગર સોસાયટી, ઋષભ પ્રોડકટીવીટી રોડ.

ઋષભ પ્રોડકટીવીટી રોડ પર ૨૪, આનંદનગર સોસાયટીમાં આ ઘરદેરાસર આવેલ છે. દેરાસર પ્રમાણમાં ખૂબ જ નાનું છે.

ત્રિગડા પર નાના સિંહાસનમાં છત્રી નીચે મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામીની ૫" ની પંચતીર્થી પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની આજુબાજુ શ્રી શાંતિનાથ ભગવાન અને શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિમાઓ બિરાજમાન છે. ત્રણેય ધાતુની પ્રતિમાઓ પાછળ દિવાલ પર ૧૪ સ્વપ્ન કોતરેલા છે અને ચાંદીનો છોડ ઉપસાવેલો છે તથા તોરણમાં અષ્ટમંગલ કોતરેલા છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ કોતરવામાં આવ્યો છે.

"સંવત ૧૫૬૭ વર્ષે માઘ સુદ ૫ ગુરૌ વેડા ગ્રામે શ્રી શ્રી વોશેં શ્રે ગુણપતૈ ભામાન્ત પુત્રી શ્રાવીકયા નીજપતિ કમ્હાસા ગુણીયાર્થ શ્રી ચંદ્રપ્રભબીંબં કારીતમ્ શ્રી વૃદ્ધા તપાગચ્છે શ્રી લબ્ધિસાગરસૂરિભિઃ સંતૌને શ્રીસૂરિભીઃ પ્રતિષ્ઠિતં ચિરંજીવીયાત. "

શ્રી અજિતનાથ ભગવાનનો લેખ.

"સં. ૧૮૭૭ માઘ વદી-૨ વાર ચંદ્ર હરજીવન માતિ અજિતનાથ બીંબં પ્રતિષ્ઠિતં. "

શ્રી શાંતિનાથ ભગવાનનો લેખ.

"સંવત ૧૮૯૩ મહા સુદી ૧૦ અમૃતબાઈ શ્રી શાંતિનાથ બીંબં કારાપીત પ્ર. શ્રી પાલીતાણા શ્રી સાગર પ્ર. શ્રી શાંતીસાગરસૂરિભિઃ"

આ દેરાસર પહેલાં નરસિંહજીની પોળમાં દલા પટેલની પોળમાં હતું. ત્યાંથી સંવત ૨૦૪૪માં અહીં લાવવામાં આવ્યું છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૧૦ છે. તે નિમિત્તે પંચકલ્યાણકની પૂજા ભણાવાય છે.

દેરાસરનો વહીવટ ડૉ. બચુભાઈ વૈદ્ય કરે છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે નરસિંહજીની પોળમાં થયો છે. અહીં ૩ ધાતુ પ્રતિમાઓ હતી. મણિભાઈ બાપુભાઈ વૈદ્યે આ દેરાસર બંધાવ્યાની નોંધ છે.

હાલના સ્થળે આ જિનાલયની પ્રતિષ્ઠા સંવત ૨૦૪૪માં થયેલ છે.

• • •

## (૪૦) શ્રી સંભવનાથ જિનાલય (સં. ૨૦૫૯)

### ૨૦/૨૧ આમ્રકુંજ સોસાયટી, અલકાપુરી.

અલકાપુરી વિસ્તારમાં લાયન્સ હોલ સામે આમ્રકુંજ સોસાયટીમાં બં.નં. ૨૦/૨૧માં દેવવિમાન જેવું ઉત્તુંગ, લાલ પત્થરનું, શિખરયુક્ત નૂતન જિનાલય આવેલું છે.

પગથિયાં ચઢીને નાનો ઓટલો આવે છે. પગથિયાંની બન્ને બાજુ હાથીની મૂર્તિઓ છે તથા બાજુમાં નાનો ચબુતરો બનાવવામાં આવ્યો છે.

ત્રણ પ્રવેશદ્વારવાળા જિનાલયના રંગમંડપમાં શ્રી શત્રુંજય તીર્થ અને શ્રી ગિરનાર તીર્થના પટ છે. અન્ય બે બાજુ બીજા બે પ્રવેશદ્વાર છે. ગભારા પાસે એક ગોખલામાં શ્રી ગૌતમસ્વામી તથા બીજી બાજુ ગોખલામાં શ્રી નેમિસૂરીશ્વરજી મ. સા.ની પંચધાતુની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી છે.

ગભારા મધ્યે મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનની ૩૫" ની (પરિકર સહિત ૭૧" ની) ધાતુ પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની આજુબાજુ શ્રી મહાવીરસ્વામી અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. અહીં પંચધાતુની કુલ ૨૧ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની પાછળના ભાગમાં દેરીમાં શ્રી ઘંટાકર્ણવીર અને શ્રી પદ્માવતી દેવીની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે.

વિ. સં. ૨૦૫૯માં આચાર્ય શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શાહ બાલુભાઈ મગનલાલ પરિવારના હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ પોષ વદ ૧ છે. તે નિમિત્તે ચઢાવો બોલી ધ્વજા ચઢાવવામાં આવે છે. દેરાસરનો વહીવટ શ્રી રેસકોર્સ શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ જૈન સંઘના પ્રમુખ શ્રી બીપીનભાઈ આર. શાહ, શ્રી અશોકભાઈ એ. જૈન અને શ્રી પ્રતાપભાઈ બી. શાહ કરી રહ્યાં છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૫૯નો છે.

• • •

## (૪૧) શ્રી સીમંધરસ્વામી જિનાલય (સંવત ૨૦૫૯)

### ૨૧, ધનુષ્ય સોસાયટી, ચાણક્યપુરી પાસે.

સમા રોડ પર ૨૧, ધનુષ્ય સોસાયટીમાં બે માળનું શિખરયુક્ત નુતન જિનાલય આવેલું છે.

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના કેરવાડા ગામેથી વડોદરાના શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ તરફથી સંવત ૨૦૫૫ના મહા વદ ૫ તા. ૫-૨-૧૯૯૯ ને શુક્રવારનાં રોજ શુભમુહૂર્તે પૂ. આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં તથા મુનિ શ્રી કલ્યાણ બોધિવિજયજી મ. સા. ની પ્રેરણાથી, મંગલ આશીર્વાદ અને ઉપસ્થિતિમાં અતિ પ્રાચીન મૂળનાયક શ્રી આદિનાથ ભગવાન, અન્ય ૪ પાષાણ પ્રતિમાઓ અને ૧૪ ધાતુ પ્રતિમાઓ, ૨ જોડ આરસનાં પગલાં, શ્રી પદ્માવતી દેવી, શ્રી માણિભદ્રવીર, શ્રી ચક્રેશ્વરી દેવી આદિ વિશાળ પરિવાર ઉત્થાપન કરી અત્રે પરોણા દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ આ જિનાલયનું કામ પૂર્ણ થતાં વિ. સંવત ૨૦૫૯ના વૈશાખ સુદ ૬ના રોજ પૂ. આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં અન્ય પાંચ નવી પાષાણ પ્રતિમાઓ સહિત સમગ્ર જિનબિંબોની પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે. વિશાળ રંગમંડપમાં ગોખલામાં અધિષ્ઠાયક દેવ-દેવીની પ્રતિમા બિરાજમાન છે.

ભોંયતળિયાના ભાગમાં ગભારામાં મૂળનાયક શ્રી સીમંધરસ્વામીની ૫૧" ની પ્રતિમા બિરાજમાન છે. જેની પ્રતિષ્ઠા શ્રી કીર્તિભાઈ શાહ પરિવારના હસ્તે થયેલ છે. અહીં કુલ ૫ પાષાણ પ્રતિમાઓ બિરાજમાન છે.

ઉપરના માળે ગભારામાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની ૩૫" ની પ્રતિમા બિરાજમાન છે. જેની પ્રતિષ્ઠા શેઠ શ્રી જેશીંગભાઈ બી. પરીખ પરિવારના હસ્તે થયેલ છે. અહીં કુલ ૫ પાષાણ પ્રતિમાઓ અને ૧૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. શ્રી પદ્માવતી દેવીની ધાતુમૂર્તિ છે.

મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ કોતરવામાં આવ્યો છે.

"શ્રી આદીશ્વર બિંબ સંવત ૧૮૪૪ વર્ષે વૈશાખ સુદી ૧૦ ગુરૌ શ્રી તપાગચ્છેન શ્રી વિજયલક્ષ્મીસૂરિણા સંપૂજિતં કેરવાડા વાસ્તવ્ય લાડુઆ શ્રીમાલી જ્ઞાતીય સમસ્ત શે ખુશાલ - ઠાતી ભાર્યા શ્રી કપુરબાઈ સ્વશ્રેયસે શ્રી ઋષભદેવબિંબં કારાપિતં ભકતાનાં ઋદ્ધિ વૃદ્ધિ ચિતનોતુ શ્રી ॥"

દેરાસરની પાછળના ભાગમાં બે અલગ દેરીમાં બે જોડ આરસ પગલાં પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૬ છે. તે નિમિત્તે શ્રી જે. બી. પરીખ પરિવાર તથા શ્રી કીર્તિભાઈ શાહ પરિવારને ધ્વજા બદલવાનો કાયમી લાભ આપવામાં આવેલ છે.

દેરાસરનો વહીવટ શ્રી પાર્શ્વનાથ જૈન સંઘના પ્રમુખ શ્રી જે. બી. પરીખ, શ્રી જયંતિભાઈ સી. શાહ, શ્રી કીર્તિભાઈ શાહ કરી રહ્યા છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૫૯નો છે.

• • •

## (૪૨) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહ ચૈત્ય

### ૨૧, ધનુષ્ય સોસાયટી નં-૧, ચાણક્યપુરી.

સમા રોડ પર ૨૧, ધનુષ્ય સોસાયટી નં-૧માં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું ઘરદેરાસર આવેલું છે.

નાના રૂમમાં છત્રીમાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ૭" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૫ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૬ છે. તે નિમિત્તે દેવકુલિકા પર ઘુમ્મટ જેવા શિખર પર ધ્વજા ચઢાવવામાં આવે છે.

દેરાસરની પ્રતિષ્ઠાનો લાભ શ્રી જે. બી. પરીખે લીધેલ છે. દેરાસરનો વહીવટ શ્રી જે. બી. પરીખ કરી રહ્યા છે.

• • •

## (૪૩) શ્રી આદિનાથ જિનાલય (સંવત ૧૯૬૩ પૂર્વે)

### તરસાલી ગામ

વડોદરાના તરસાલી ગામમાં એક માળનું શિખરયુક્ત દેરાસર આવેલું છે. મુખ્ય પ્રવેશદ્વારમાં પ્રવેશતાં મધ્યમ કદનો રંગમંડપ છે. જેના ઘુમ્મટમાં એક ઝુમ્મર છે.

એક ગર્ભદ્વારવાળા નાના ગભારામાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની ૧૭" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૫ પાષાણ પ્રતિમાઓ અને ૧૯ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. મુનિશ્રી જ્ઞાનસાગરગણિની સં. ૧૮૨૨ની એક જોડ પાદુકા છે. મૂળનાયક ભગવાનની બાજુની પ્રતિમા પરના લેખની સમય સંવત ૧૮૬૪ વંચાય છે.

દિવાલ ઉપર પત્થર વડે ઉપસાવેલ શ્રી સમેતશિખર તીર્થ અને શ્રી ગિરનાર તીર્થના રંગીન પટ છે. અહીં કારતક વદ ત્રીજના રોજ મેળો ભરાય છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૬ના રોજ ધ્વજારોપણ થાય છે. દેરાસરનો વહીવટ શ્રી ઠાકોરભાઈ હીમચંદ શાહ અને શ્રી ચંપકભાઈ શાહ કરી રહ્યા છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩ જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૪ પાષાણ પ્રતિમાઓ તથા ૧૭ ધાતુ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૫ પાષાણ પ્રતિમાઓ તથા ૧૭ ધાતુ પ્રતિમાઓ હતી. ગાંધી હઠીભાઈએ આ દેરાસર બંધાવ્યાની નોંધ છે.

ઉપર્યુક્ત આધારોથી આ જિનાલયનો સમય સંવત ૧૯૬૩ પૂર્વેનો છે. નિશ્ચિત સમય નક્કી કરવા વધુ સંશોધનની જરૂર છે.

• • •

## (૪૪) શ્રી શાંતિનાથ ભગવાન જિનાલય (સંવત ૨૦૫૦)

### ૬૭૯, શરદનગર, તરસાલી રોડ.

વડોદરાથી ૬ કિ. મી.ના અંતરે તરસાલી રોડ પર ૬૭૯, શરદનગરમાં વિશાળ જગ્યા ધરાવતું બે માળનું શિખરયુક્ત દેરાસર આવેલું છે. નીચે ઉપાશ્રય છે.

એક પ્રવેશદ્વારમાંથી પ્રવેશતાં અંદર શ્રી શત્રુંજયનો કાચનો એક પટ છે. ગભારો મધ્યમ કદનો છે. મધ્યે શિખર અને આજુબાજુ ઘુમ્મટ યુક્ત આરસનાં તોરણો અને થાંભલાવાળી છત્રીની રચના છે. અહીં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૨૧" ની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની ડાબી તરફ શ્રી મહાવીરસ્વામી ભગવાન તથા જમણી તરફ શ્રી આદિનાથ ભગવાન બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ અને ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની પ્રતિમા પરના લેખમાં સમય "સંવત ૨૦૫૦, વૈ. કૃષ્ણા ત્રીજ" વંચાય છે.

દેરાસરની પ્રતિષ્ઠા આ. શ્રી જિનભદ્રસૂરીશ્વરજી મ. સા. તથા આ. શ્રી યશોવર્મ-સૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શ્રી મહેશભાઈ તથા પંકજભાઈ અરવિંદભાઈ શાહ પરિવારે માતા હસુમતીબેનના શ્રેયાર્થે કરાવી હતી.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ વદ ૩ છે. તે નિમિત્તે શ્રી મહેશભાઈ અરવિંદભાઈ શાહ પરિવાર દ્વારા ધ્વજારોપણ કરવામાં આવે છે. તેમજ સત્તરભેદી પૂજા ભણાવાય છે.

દેરાસરનો વહીવટ ટ્રસ્ટ હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટીઓ શ્રી કિરીટભાઈ શાહ, દિનેશભાઈ શાહ, રમેશભાઈ શાહ છે.

આ જિનાલયનો સમય સં. ૨૦૫૦નો છે.

• • •

## (૪૫) શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય (સંવત ૨૦૪૦)

### ચંદ્રલોક સોસાયટીની બાજુમાં, માંજલપુર.

માંજલપુરમાં ચંદ્રલોક સોસાયટીની બાજુમાં વિશાળ જગ્યા ધરાવતું ત્રણ માળનું ત્રણ શિખર ધરાવતું દેરાસર આવેલું છે.

ભોંયતળીયે રંગમંડપમાં ગોખલામાં આચાર્ય શ્રી સુગુરુસૂરીશ્વરજી, આચાર્ય શ્રી વલ્લભસૂરીશ્વરજી અને આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મ. સા. ની પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી છે. અલગ ગભારામાં શ્રી પદ્માવતી દેવીની ૬૧" ની મૂર્તિ છે. ૫ ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની ૨૧" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૧૫ પાષાણ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરના ભોંયરામાં મૂળનાયક શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનની ૨૧"ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરના પહેલે માળે ત્રણ શિખરમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામી બિરાજમાન છે. અહીં કુલ ૯ પાષાણ પ્રતિમાઓ બિરાજમાન છે. દેરાસરમાં કુલ ૯ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

સંવત ૨૦૪૦માં શ્રી ચંદુલાલ પ્રભુલાલ શાહ પરિવારે આ દેરાસર બંધાવેલ. મૂળનાયક ભગવાનની પ્રતિષ્ઠા તા. ૨૩-૧-૮૪ના રોજ થઈ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ પોષ વદ ૬ છે.

દેરાસરનો વહીવટ શ્રી લાલબાગ જૈન સંઘ કરી રહ્યો છે. દેરાસરના ટ્રસ્ટી શ્રી સુભાષભાઈ શાહ, કિરીટકુમાર શાહ, શ્રી હંસકુમાર ઝવેરી છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૪૦નો છે.

• • •

## (૪૬) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય (સંવત ૨૦૪૬)

### રાધા કૃષ્ણ સોસાયટી, રીફાઈનરી રોડ, ગોરવા.

રીફાઈનરી રોડ, ગોરવા, રાધા કૃષ્ણ સોસાયટીમાં સહયોગ સોસાયટીની સામે પહેલે માળે શિખરયુક્ત દેરાસર આવેલું છે.

આરસની શિખરબંધ છત્રીમાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ૧૯" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ અને ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

શ્રી ભક્તિવર્ધક શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન ચૈત્ય સમિતિ, ગોરવાના સહયોગથી નિર્માણ પામેલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ચલ પ્રતિષ્ઠા પ. પૂ. આ. શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ.

સા. ની પ્રેરણાથી, તેમની નિશ્રામાં વિ. સં. ૨૦૪૬માં ફાગણ સુદ ૪ના દિવસે થઈ છે.

મૂળનાયક ભગવાનની અંજનશલાકા અમદાવાદમાં આચાર્ય શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા.ના કરકમળ દ્વારા કરવામાં આવી છે. મૂળનાયક ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ શ્રી આશાભાઈ સોમાભાઈ પટેલ પરિવારે સ્વ. શ્રી સુરેન્દ્રભાઈના આત્મશ્રેયાર્થે લીધો છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૪ છે. તે નિમિત્તે ચઢાવો બોલી ધ્વજારોપણ થાય છે. તેમજ પૂજા ભણાવાય છે તથા પ્રભાવના અને જમણવાર કરવામાં આવે છે.

દેરાસરનો વહીવટ શ્રી ભક્તિવર્ધક શ્વે. મૂ. પૂ. જૈન ચૈત્ય સમિતિ હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટી શ્રી જે. આર. શાહ, હસમુખભાઈ દોશી, એસ. કે. શાહ છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૪૬નો છે.

• • •

## (૪૭) શ્રી શાંતિનાથ ભગવાનનું ગૃહ ચૈત્ય (સં. ૨૦૨૦ આસપાસ)

**૧૫, પરિશ્રમ સોસાયટી, સુભાનપુરા.**

સુભાનપુરા વિસ્તારમાં આવેલ પરિશ્રમ સોસાયટીના બંગલા નં. ૧૫ના પાછળના ભાગમાં શ્રી આશાભાઈ સોમાભાઈ પટેલના ઘરમાં દેરાસર આવેલું છે.

મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૭" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૪ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ કોતરવામાં આવ્યો છે.

"સંવત ૧૭૮૬ વર્ષે વૈશાખ વદી ૧૩ રવો ઉશવંશે શ્રી વિજયદેવસૂરિ રાજયે ભ. શ્રી વિજયદયાસૂરી ગચ્છે શ્રી ચંપાબાઈ કેન શ્રી શાંતિનાથ બિંબ કારિતં પ્રતિષ્ઠિત શ્રી લક્ષ્મીસાગરસૂરિભિઃ"

સદર પ્રતિમાજી ભરૂચના શ્રીમાળી પોળના શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનના દેરાસરમાંથી લાવવામાં આવી છે. ઘર માલિક દ્વારા જાણવા મળ્યું તે અનુસાર આશરે ૪૦ વર્ષ પહેલાં અત્રે પ્રતિષ્ઠિત કરવામાં આવી છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ માગશર સુદ ૫ ના રોજ આવે છે. તે નિમિત્તે પૂજા ભણાવવામાં છે. દેરાસરનો વહીવટ શ્રી આશાભાઈ સોમાભાઈ પટેલ હસ્તક છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૨૦ આસપાસનો છે.

• • •

# (૪૮) શ્રી આદિનાથ જિનાલય (સંવત ૨૦૫૭)

## ગાંધીપાર્ક પાસે, હરણી રોડ.

હરણી રોડ પર ગાંધી પાર્ક પાસે પશ્ચિમાભિમુખ શિખરયુકત નુતન જિનાલય આવેલું છે.

મુખ્ય માર્ગ ઉપર જ ઝાંપામાંથી પ્રવેશતાં ત્રણ પ્રવેશદ્વાર વાળું જિનાલય છે. રંગમંડપમાં ડાબી બાજુ શ્રી શત્રુંજય તીર્થ અને જમણી બાજુ શ્રી સમેતશિખર તીર્થના પટ છે. ઘુમ્મટ તથા સ્તંભો ગુલાબી રંગથી સુશોભિત કરવામાં આવ્યા છે. ગભારાની બહાર ગોખલામાં ડાબી બાજુ શ્રી પુંડરીકસ્વામી અને જમણી બાજુ શ્રી ગૌતમસ્વામીની આરસ પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની ૧૭" ની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની ડાબી તરફ શ્રી મહાવીરસ્વામી અને જમણી તરફ શ્રી પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ અને ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ પ્રાપ્ત થાય છે.

"સ્વસ્તિ શ્રી આદિનાથ જિનબિંબ શ્રી શ્રીયશાશ્રી પ્રેરણયા જોગાણી નાલીબેન ધરણચંદ મોતીચંદ માતાપિત્રોશ્ચ શ્રેયસે તત્પુત્ર મફતલાબેન પત્ની વાસુતી. "

શ્રી મહાવીરસ્વામી ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ પ્રાપ્ત થાય છે.

"૨૦૫૫ વર્ષે - સૂર્યોદયસૂરિભિઃ"

આ દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૭માં આચાર્ય શ્રી મહાનંદસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શ્રી જિતેન્દ્રભાઈ રમણલાલ શાહ પરિવારે કરેલી છે. તે અગાઉ ૧૫ વર્ષ સુધી આ ગૃહમંદિર એક ઓરડામાં ભગવાનને પરોણા પધરાવી બનાવ્યું હતું.

દેરાસરની વર્ષગાંઠ તિથિ જેઠ સુદ ૫ છે. તે નિમિત્તે ચઢાવો બોલી ધ્વજારોપણ થાય છે અને જમણવાર થાય છે.

દેરાસરનો વહીવટ શ્રી હરણી રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ હસ્તક છે.. દેરાસરના ટ્રસ્ટી શ્રી ચંદ્રકાન્તભાઈ શાહ, શ્રી જગદીશભાઈ શાહ, શ્રી અલ્કેશભાઈ શાહ છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૫૭નો છે.

• • •

## (૪૯) શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય (સંવત ૨૦૪૦)

### પ્રતાપકુંજ સોસાયટીના નાકે, કારેલી બાગ.

કારેલી બાગ, આત્મારામ રોડ પર, પ્રતાપકુંજ સોસાયટીના નાકે બે માળનું શિખરયુક્ત જિનાલય આવેલું છે. દેરાસરમાં મુખ્ય માર્ગ પરથી અને સોસાયટીમાંથી બે બાજુથી પ્રવેશ થઈ શકે છે. દેરાસરની ફરતે ઊંચી દિવાલ બનાવેલ છે તે કળશ અને દેરીઓવાળી છે. દ્વારશાખ આરસના ઊંચા તોરણોવાળી છે.

મુખ્ય પ્રવેશદ્વારમાં પ્રવેશ કરતાં ડાબી બાજુ દેવકુલિકામાં શ્રી લક્ષ્મી દેવી, શ્રી પદ્માવતી દેવી તથા શ્રી અંબિકાદેવીની સુંદર મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી છે. દેવીઓની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૪૭માં થઈ છે. જમણી બાજુ દેવકુલિકામાં શ્રી નાકોડા ભૈરવનાથ, શ્રી માણિભદ્રવીર તથા શ્રી ઘંટાકર્ણવીરની મૂર્તિઓ છે. આ તમામની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૩માં કરવામાં આવી છે. બાજુમાં કાચના બારણાવાળા ગોખમાં ગોળ કમળની રચના કરીને શ્રી ધર્મસૂરીશ્વરજી મ. સા. ની મૂર્તિ વિ. સં. ૨૦૫૩માં પ્રતિષ્ઠિત કરેલ છે.

દેરાસરને કાષ્ઠનાં ત્રણ પ્રવેશદ્વાર છે. રંગમંડપમાં પ્રવેશ કરતાં ગોખમાં શ્રી પુંડરીક ગણધર તથા શ્રી ગૌતમ ગણધરની પ્રતિમાઓ બિરાજમાન છે. આગળ જતાં શ્રી શત્રુંજય તીર્થ અને શ્રી ગિરનાર તીર્થના પટ દિવાલ ઉપર પત્થરમાં ઉપસાવેલાં છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની ૨૫" ની શ્યામ વર્ણની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની ડાબી તરફ શ્રી નમીનાથ ભગવાનની ૨૧" ની અને જમણી તરફ શ્રી મહાવીરસ્વામીની ૨૧" ની પ્રતિમા બિરાજમાન છે. ભગવાનની પાછળ ફૂલવેલ અને ભકિત કરતાં ઇન્દ્રોની પ્રતિકૃતિ ચાંદીના પતરાના પટમાં આલેખાયેલી છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ પ્રાપ્ત થાય છે.

"શ્રી મુનિસુવ્રતસ્વામી જિનેન્દ્રાય નમઃ

પૂજયપાદ મહાપ્રભાવક આચાર્ય ભગવન્તઃ શ્રી વિજયમોહનસૂરીશ્વરજી સાહેબ પૂજયપાદ ધર્મપ્રભાવક ધર્મસૂરીશ્વરજી મ. સા. ની પરમ કૃપા અને પાવન પ્રેરણા તથા સાહિત્ય કલારત્ન આચાર્ય શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મ. સા. પ. પૂ. શતાવધાની આ. શ્રીમદ્ વિજયજયાનન્દસૂરીશ્વરજી મહારાજ સાહેબ પ. પૂ. પ્રવચનવિશારદ આચાર્ય શ્રી વિજયકનક-સૂરીશ્વરજી મ. સા.ના મંગલ આર્શિવાદથી પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી મહાનન્દવિજયજી મ. પૂ. મુનિરાજ મહાપદ્મવિજયજી મ. પૂ. બાલમુનિરાજ શ્રી રાજરત્નવિજયજી મ. પૂ. મુનિરાજ શ્રી કલાપૂર્ણવિજયજી મ. પૂ. બાલમુનિમહાધર્મ વિજયજી મ. પૂ. મુનિરાજમહાભદ્રવિજયજી તથા પૂ. નંદનવિજયજી આદિ વિશાળ સાધુ-સાધ્વીજીઓના સમુદાયની પાવનકારી શુભનિશ્રામાં વિ. સં. ૨૦૪૨ વીર સંવત ૨૫૧૨ ફાગણ સુદિ-૨ બુધવારના શુભ મુહૂર્તે શ્રી મુનિસુવ્રતસ્વામી પરિકર

સહિત ગાદીનશીન વિધિ કરેલ છે. ”

ઉપરના માળે મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૧૯" ની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની ડાબી તરફ શ્રી શીતળનાથ ભગવાનની ૧૫" ની અને જમણી તરફ શ્રી અજિતનાથ ભગવાનની ૧૫" ની પ્રતિમા બિરાજમાન છે. દેરાસરમાં કુલ ૮ પાષાણ પ્રતિમાઓ અને ૬ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૪૦ માઘ શુકલ ૧૪ બુધવાર તા. ૧૫-૨-૧૯૮૪માં આચાર્યશ્રી ધર્મસૂરીશ્વરજી, આચાર્યશ્રી જયાનન્દસૂરીશ્વરજી, ઉપાધ્યાય શ્રી કનકવિજય, પં. શ્રી મહાનન્દવિજયગણિની નિશ્રામાં કરોલ નિવાસી શાહ શાંતિલાલ બાપુલાલ તથા તેમના ધર્મપત્ની ભાનુબેન, સુપુત્રો પરિવારના હસ્તે કરવામાં આવી છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૨ છે. તે નિમિત્તે ચઢાવો બોલી ધ્વજારોપણ થાય છે. લાડવાની પ્રભાવના કરવામાં આવે છે. દેરાસરનો વહીવટ શ્રી કારેલી બાગ શ્વે. મૂ. જૈન સંઘ હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટી શ્રી શાંતિલાલ શાહ, શ્રી જયંતિલાલ શાહ છે.

જિનાલયનો સમય સં. ૨૦૪૦નો છે.

• • •

## (૫૦) શ્રી શાંતિનાથજી જિનાલય (સંવત ૨૦૫૩)

### વીરનગર સોસાયટી, કારેલી બાગ.

કારેલી બાગ, વી. આઈ. પી. રોડ પર વીરનગરમાં એક માળનું શિખરયુક્ત દેરાસર આવેલું છે.

પહેલા માળે એક હોલમાં દિવાલને ફરતા શ્રી શત્રુંજય તીર્થ, શ્રી ગિરનાર તીર્થ, શ્રી સમેતશિખર તીર્થ, શ્રી અષ્ટાપદ તીર્થ, શ્રી આબુ તીર્થ તથા શ્રી નવપદજીના ફોટા કાચમાં મઢેલાં છે.

પબાસન પર દેરી જેવી રચના કરીને મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૨૧" ની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની ડાબી તરફ શ્રી અજિતનાથ ભગવાન અને જમણી તરફ શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ અને ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. વળી પબાસન પર શ્રી પુંડરીકસ્વામી અને શ્રી ગૌતમસ્વામીની મૂર્તિ ગુરુમુદ્રામાં બિરાજમાન છે.

દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૩માં આચાર્ય શ્રી વિજયયશોદેવસૂરીશ્વરજીની નિશ્રામાં થયેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ માગશર સુદ ૩ છે. તે નિમિત્તે ચઢાવો બોલી ધ્વજારોપણ થાય છે. જમણવાર કરવામાં આવે છે.

દેરાસરનો વહીવટ શ્રી કારેલી બાગ શ્વે. મૂ. જૈન સંઘ હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટી શ્રી શાંતિલાલ શાહ, શ્રી જયંતિલાલ શાહ, શ્રી મહેન્દ્રભાઈ શાહ છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૫૩નો છે.

• • •

## (૫૧) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય (સંવત ૨૦૪૬)

### ૧૧, અષ્ટાપદ સોસાયટી, કારેલી બાગ.

કારેલી બાગ, આવકાર હોલની બાજુમાં, પાણીની ટાંકી રોડ પર, અષ્ટાપદ સોસાયટીના નાકે આ દેરાસર આવેલું છે.

ઉપાશ્રયની બાજુમાં એક નાની ઓરડીમાં આરસની દેવકુલિકા છે, તેની ઉપર નાનું શિખર તથા ઘુમ્મટ બનાવેલ છે.

નાના ગભારામાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ૭" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૪ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની સ્થાપના વિ. સં. ૨૦૪૬માં થઈ છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૬ છે. તે નિમિત્તે ધ્વજા ચઢાવવામાં આવે છે.

દેરાસરનો વહીવટ જાસુદબેન નંદલાલ ઉમેટાવાળા, તારાબેન શાહ, હસમુખભાઈ હસ્તક છે.

મૂળનાયક ભગવાનની અંજનશલાકા અમદાવાદમાં સેટેલાઈટમાં શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા.ના વરદ્ હસ્તે થયેલ છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૪૬નો છે.

• • •

## (૫૨) શ્રી આદિનાથ જિનાલય (સંવત ૨૦૫૯)

### આદિનાથ સોસાયટી, બ્રાઈટ સ્કુલના ખાંચામાં.

બ્રાઈટ સ્કુલના ખાંચામાં, આદિનાથ સોસાયટીમાં શિખરયુક્ત નુતન જિનાલય આવેલ છે. પ્રવેશદ્વારમાં પ્રવેશતાં જ સૌ પ્રથમ ગોખલામાં શ્રી ક્ષેત્રપાળ દાદાની આરસ પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી છે.

રંગમંડપમાં દિવાલ પર ઉપસાવીને બનાવેલો શ્રી શત્રુંજય તીર્થનો પટ છે. બે ગોખલામાં શ્રી ગૌતમસ્વામી અને શ્રી માણિભદ્રવીરની પ્રતિમા છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની ૨૧" ની પ્રતિમા

બિરાજમાન છે. અષ્ટ પ્રાતિહારી યુક્ત પ્રતિમાના દર્શનથી મનને પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. મૂળનાયક ભગવાનની ડાબી તરફ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન અને જમણી તરફ શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા સહિત કુલ ૬ પાષાણ પ્રતિમાઓ અને ૯ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. અહીં પત્થર પર ઉપસાવીને બનાવેલ શ્રી સિદ્ધચક્ર યંત્રનો પટ છે. બે ગોખલામાં શ્રીપદ્માવતી માતા અને શ્રી ઘંટાકર્ણવીરની પ્રતિમા છે.

મૂળનાયક ભગવાનની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૯માં પૂ. આચાર્ય શ્રી વિજયેન્દ્રદિન્ન-સૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં મણીબેન માણેકલાલ મહેતા પરિવારના હસ્તે થયેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ પોષ વદ ૩ છે.

દેરાસરનો વહીવટ શ્રી આદિનાથ જૈન સંઘ, કારેલી બાગ હસ્તક છે. દેરાસરનાં ટ્રસ્ટી શ્રી શાંતિભાઈ બાપુલાલ, જયંતિભાઈ છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૫૯નો છે.

• • •

## (૫૩) શ્રી આદિનાથ ગૃહ ચૈત્ય (સંવત ૨૦૫૨)

### ડેક્ષ પ્લાઝા, વાઘોડિયા રોડ.

વાઘોડિયા રોડ પર, ઝવેરનગર બસ સ્ટોપ પાસે, સૌભાગ્ય લક્ષ્મી સોસાયટીમાં એક મકાનમાં પ્રસ્તુત ઘરદેરાસર આવેલું છે.

વડોદરાના શ્રી દાદા પાર્શ્વનાથ ભગવાનના જિનાલયમાંથી શ્રી આદીશ્વર ભગવાનની ૧૫" ની પ્રાચીન પ્રતિમા અને અન્ય ૨ ધાતુ પ્રતિમાઓ લાવી અત્રે વિ. સં. ૨૦૫૨ના જેઠ સુદ ૨ના રોજ પરોણા દાખલ કરેલ છે. પ્રસ્તુત પ્રતિમાની શાંતિનગર સોસાયટીમાં બંધાઈ રહેલ શિખરબંધી દેરાસરમાં પ્રતિષ્ઠા થવાની છે. હાલમાં દેરાસરનું કામકાજ ચાલું છે.

દેરાસરનો વહીવટ શ્રી સૌભાગ્ય લક્ષ્મી શ્વે. મૂ. પૂ. જૈન સંઘ હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટી શ્રી બાબુલાલ એન. શાહ, શ્રી ચંદ્રકાન્તભાઈ, શ્રી ભૂપેન્દ્રભાઈ જે. શાહ છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૫૨નો છે.

• • •

## (૫૪) શ્રી મહાવીરસ્વામી જિનાલય (સંવત ૨૦૪૨)

### નવપદ સોસાયટી, આજવા રોડ.

આજવા રોડ પર, નવપદ સોસાયટીમાં રોડ ઉપર શિખરયુક્ત જિનાલય આવેલું છે. પગથિયા પાસે આજુબાજુ હાથી ઉપર શેઠ-શેઠાણી અને દ્વારપાળની મૂર્તિવાળું શિલ્પ કંડારવામાં આવ્યું છે.

રંગમંડપમાં મોટું ઝુમ્મર છે. રંગમંડપમાં શ્રી શત્રુંજય તીર્થ, શ્રી ગિરનાર તીર્થ, શ્રી સિદ્ધચક્રજી અને શ્રી સમેતશિખર તીર્થના પટ આરસમાં કોતરેલાં છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની ૩૯" ની પરિકર યુકત પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ અને ૪ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. ગર્ભગૃહમાં જમણી તરફ કમળ પર શ્રી ગૌતમસ્વામીની પ્રતિમા અને ડાબી તરફ શ્રી સુધર્માસ્વામીની પ્રતિમા બિરાજમાન છે.

ગર્ભદ્વારની ડાબી બાજુ દિવાલ પર નીચે મુજબ લખેલ છે.

"શ્રી મહાવીરસ્વામી જિન પ્રાસાદ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ પૂજયપાદ પ્રવચન પ્રભાવક શ્રી આચાર્ય ભગવાન શ્રી મોહનસૂરીશ્વરજી મ. સા. પૂ. પા સિદ્ધાંતતિષ્ઠ આ. ભ. શ્રી વિ. પ્રતાપસૂરીશ્વરજી મ. સા. તથા પૂજયપાદ યુગદિવાકર આ. ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ. સા. ની દિવ્યકૃપા વર્ષા અને પ. પૂ. સાહિત્ય કલારત્ન આ. વિ. યશોદેવસૂરીશ્વરજી મ. સા. પ. પૂ. શતાવધાની આ. વિ. જયાનંદસૂરીશ્વરજી મ. સા. તથા પ. પૂ. પ્રવચન વિશારદ આ. શ્રી. કનકરત્નસૂરીશ્વરજી મ. સા.ના શુભ આશીર્વાદ સહ પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી મહાનંદવિજયજી ગણિવર પ. પૂ. પં. પ્રવર શ્રી સૂર્યોદયવિજયજી ગણિવર તથા પૂ. ગણિવર્ય શ્રી પૂર્ણાનંદ-વિજયજી પૂ. ગણિવર્ય શ્રી મહાબલવિજયજી, પૂ. મુનિવર શ્રી પદ્મવિજયજી મ. સા. પૂ. બાલમુનિ શ્રી રાજરત્નવિજયજી મહારાજ, પૂ. મુનિવર શ્રી કલાપૂર્ણવિજયજી મહારાજ, પ. પૂ. બાલમુનિ ધર્મવિજયજી, પૂજય મુનિ શ્રી મહાભદ્ર વિજયજી મ. પૂ. મુનિ શ્રી નંદવિજયજી મહારાજ આદિ વિશાળ સાધુ-સાધ્વી સમુદાયની નિશ્રામાં વીર સંવત ૨૫૧૨ વિક્રમ સંવત ૨૦૪૨ વૈશાખ સુદ ૧૦ તા. ૧૯-૫-૮૬ સોમવારે શુભ મુહૂર્તે શ્રી ઈંદ્રપુરી જૈન સંઘ તથા નવપદ સોસાયટી મહાવીરસ્વામી જિનાલય ટ્રસ્ટ વડોદરાના ઉપક્રમે શ્રી મૂળનાયક મહાવીરસ્વામી પ્રભુજી પરિકર સહ આદિ જિનબિંબોનો પ્રતિષ્ઠા મહોત્સવ, ધ્વજ દંડ, કલશરોપણ, વિમાન દ્વારા જિનાલય ઉપર પુષ્પવર્ષા સાથે ધામધૂમથી ઉજવાયેલ છે.

જમણી બાજુ દ્વાર પાસે દિવાલ ઉપરના લખાણ પરથી જાણી શકાય કે, "આ. ભ. વિ. ધર્મસૂરીશ્વરના શુભ આશીર્વાદ સાથે અને પ. પૂ. પ્રવર શ્રી સૂર્યોદયવિજયજીગણિવર્યની પાવન પ્રેરણા અને માર્ગદર્શનથી શ્રી મહાવીરસ્વામી જિનાલયનું નિર્માણ થયેલ છે. "

રંગમંડપમાં ડાબી બાજુના દ્વારમાંથી ઉપરના માળે જઈ શકાય છે. ત્યાં શિખરમાં ગભારાની રચના છે. ગભારામાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની શ્યામ વર્ણની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની પ્રતિષ્ઠા આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શ્રી જેઠમલજી ઝાબક પરિવાર દ્વારા કરવામાં આવી છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૧૦ છે. તે નિમિત્તે શ્રી દેવીચંદજી ફોજમલજી પરિવાર દ્વારા ધ્વજારોપણ થાય છે તેમજ પ્રભાવના અને જમણવાર થાય છે.

દેરાસરનો વહીવટ શ્રી નવપદ સોસાયટી, મહાવીરસ્વામી જિનાલય ટ્રસ્ટ હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટી શ્રી ચંપાલાલ કેસરીમલ સંઘવી, શ્રી આસકરણભાઈ નેમીચંદ શાહ, શ્રી જેઠમલ ફોજમલ ઝાબક છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૪૨નો છે.

• • •

## (૫૫) શ્રી વિમળનાથ જિનાલય (સંવત ૨૦૪૯)

### ૧૫, અંકુર સોસાયટી, પાણી ગેટની બહાર.

પાણી ગેટની બહાર, ઉદ્યોગનગરની પાછળ, ૧૫, અંકુર સોસાયટીમાં બે માળનું ત્રણ નાના શિખરવાળું દેરાસર આવેલું છે. ઉપરના ભાગે ઉપાશ્રય છે.

કોતરકામવાળા પ્રવેશદ્વાર પાસે હાથીનું અંબાડીયુક્ત શિલ્પ છે. દ્વારની બારસાખ ઉપર શ્રી મહાલક્ષ્મી દેવી અને તેની આજુબાજુ કોતરકામવાળા નાના-નાના હાથી છે.

અહીં નીચે મુજબનો લેખ પ્રાપ્ત થાય છે.

"શ્રી વડોદરા અંકુર સોસાયટી મધ્યે વિમળનાથજી જિનાલયની અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ તથા પૌષધ શાળા આંયબિલ શાળાની પ્રતિષ્ઠા વિધિ વિ. સં. ૨૦૪૯ જેઠ વદ ૫ ને બુધવારે શુભ મુહૂર્તે શ્રી લબ્ધિવિક્રમ ગુરુકૃપા પ્રાપ્ત પ્રખર પ્રવચનકારક પૂ. આ. દેવ રાજયશ મહારાજ પૂ. મુનિ નંદિયશ મહારાજ, પૂ. મુ. વજ્રયશવિજય મહારાજ પૂ. મુનિ દેવેશ વિ. મહારાજ, પૂ. મુનિ વિતરાગયશવિજય મહારાજ આદિની શુભ નિશ્રામાં ભવ્ય રથયાત્રા પંચકલ્યાણક મહોત્સવ પ્રતિદિનની નવકારશી પૂર્વક ઉજવાયેલ છે. આ શુભ પ્રસંગે પૂ. મુનિ ચંદ્રવિજયજી મ. પૂ. મુનિ નીતિવિજયજી મ. ઉપસ્થિત હતા. તથા અમારી વિનંતીથી પૂ. સા. સર્વોદયા શ્રી. પૂ. મ. સા...... (બેન મ. ) આદિ ૧૮ ઠાણા પધારેલ."

સાદા રંગમંડપની મધ્યમાં ત્રણ શિખરયુક્ત આરસની દેરીમાં મૂળનાયક શ્રી વિમળનાથ ભગવાનની ૨૭" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ અને ૪ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની સ્થાપના વિ. સં. ૨૦૪૯માં આ. શ્રી રાજયશસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શ્રી મનોજભાઈ ચીનુભાઈ શાહ પરિવારના હસ્તે થયેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ જેઠ વદ ૫ છે. તે નિમિત્તે શ્રી નરેન્દ્રભાઈ ચીમનલાલ પરિવાર દ્વારા ધ્વજારોપણ થાય છે તેમજ પૂજા ભણાવવામાં આવે છે, પ્રભાવના તથા સ્વામી વાત્સલ્ય થાય છે.

દેરાસરની બાજુમાં આંયબિલ શાળા છે. દેરાસરનો વહીવટ શ્રી વર્ધમાન જૈન સંઘ હસ્તક છે. દેરાસરનાં ટ્રસ્ટી શ્રી રસીકલાલ શાહ, શ્રી નવિનચંદ્ર શાહ છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૪૯નો છે.

## (૫૯) શ્રી શીતળનાથસ્વામી જિનાલય (સંવત ૧૯૬૩ પૂર્વે)

### ઉત્તમચંદ ઝવેરીની પોળ, પાણીગેટ રોડ.

પાણીગેટ રોડ પર, ઉત્તમચંદ ઝવેરીની પોળમાં પેસતાં જમણી બાજુ શિખરયુકત જિનાલય આવેલું છે.

ટોડલાં પર વિવિધ વાજિંત્રયુકત પૂતળીઓના શિલ્પ કંડારવામાં આવ્યાં છે. ઉપરની દિવાલના ભાગમાં યક્ષ તથા બે બાજુ તાપસ અને છેલ્લે બે સિંહ તથા એની ઉપર ધર્મચક્ર છે. રંગમંડપમાં ઘુમ્મટમાં કાચનું મનોરમ્ય કામ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી શીતળનાથ ભગવાનની ૧૯" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૧૩ પાષાણ પ્રતિમાઓ, ૨ સ્ફટીક પ્રતિમાઓ અને ૮ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પાછળ ભમતીમાં નાના રૂમમાં સુંદર છત્રી છે જેના પાયામાં સુંદર કોતરણી છે. ત્યાં શ્રી ગૌતમસ્વામીના ૩ જોડ પગલાં સ્થાપિત કરવામાં આવ્યા છે. ત્યાં નીચે મુજબનો લેખ છે.

"મ. સં. ૧૮૨૬નાં ફાલ્ગુન માસે શુકલ પક્ષે તીથૌ સાત્તમને બુધવાસરે શ્રી વટપદ્ર નગરે ગૌતમસ્વામી પાદુકાં કીર્તિવિજય મોતીવિજયેન કારિતમ શ્રી તપાગચ્છે પ્રતિષ્ઠિતં. . . . . . . શ્રી ધરણેન્દ્રસૂરીશ્વરેણ શુભમ્ ભવતું. "

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૭ છે. તે નિમિત્તે ચઢાવો બોલી ધ્વજારોપણ થાય છે. તેમજ પેંડા-પતાસાની પ્રભાવના થાય છે.

દેરાસરનો વહીવટ ઘડિયાળી પોળમાં રહેતા ટ્રસ્ટી શ્રી અજિતભાઈ ઝવેરી અને શ્રી નરેન્દ્રભાઈ શાહ હસ્તક છે. તેઓના જણાવ્યા મુજબ આ દેરાસર આશરે ૧૨૫ વર્ષ જેટલું પ્રાચીન છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેકટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૧૧ પાષાણ પ્રતિમાઓ અને ૧૬ ધાતુપ્રતિમાઓ હતી. શા. લલ્લુભાઈ હરીભાઈએ બંધાવ્યાની નોંધ છે.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો છે. ૧૧ પાષાણ પ્રતિમાઓ અને ૧૪ ધાતુપ્રતિમાઓ ઉપરાંત બે સ્ફટિકની પ્રતિમા હતી. શ્રી સંઘે બંધાવ્યાની નોંધ છે.

આ જિનાલયનો સમય સં. ૧૯૬૩ પૂર્વેનો છે.

• • •

## (૫૭) શ્રી સુમતિનાથ ગૃહ ચૈત્ય (સંવત ૨૦૪૮)

### ૨, ચેતન સોસાયટી, આકોટા.

આકોટા રોડ પર, પોલીસ લાઈનની બાજુમાં, ચેતન સોસાયટીના, ૨ નંબરના બંગલામાં, ત્રીજેમાળે પ્રસ્તુત ઘરદેરાસર આવેલું છે.

દેરાસરનો વિસ્તાર ઘરદેરાસરના પ્રમાણમાં મોટો છે. જ્યાં ફોટાના રૂપમાં શ્રી શત્રુંજય તીર્થ, શ્રી ગિરનાર તીર્થનો નાનો પટ અને શ્રી સમવસરણનાં પટ છે.

આરસના પબાસન પર કમળમાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની ૧૧"ની પ્રતિમા બિરાજમાન છે. અહીં ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. ભગવાનની પાછળ દિવાલ પર ચૌદ સ્વપ્ન અને અષ્ટ પ્રાતિહાર્ય સુંદર સોનેરી રંગથી ચિત્રિત કરીને કાચથી મઢેલ છે. ત્રણ નાના ઘુમ્મટ અને આરસનું તોરણ છે. મૂળનાયક ભગવાનની પ્રતિમા ખંભાતથી લાવીને અહીં બિરાજમાન કરેલ છે.

મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ પ્રાપ્ત થાય છે.

"સંવત ૧૬૬૭ વર્ષે જેઠ સુદી ૫ સોમે ઓસવાલ જ્ઞાતીય. . . . . ભાર્યા બાઈ મરઘાહી પુત્ર જયવંત ભાર્યાકી બાઈ શ્રીવંત ભાર્યા નેનાય કારાપિતં પ્રતિષ્ઠિતં વિજય દાનસૂરી . . . .કલ્યાણ સુજસ. "

દેરાસરનું સ્થાપના વર્ષ વિ. સં. ૨૦૪૮ છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ જેઠ વદ ૧૦ છે. તે નિમિત્તે શ્રી હિંમતલાલ બી. શાહ પરિવાર દ્વારા ધ્વજારોપણ થાય છે. તેમજ અઢાર અભિષેક તથા સત્તરભેદી પૂજા ભણાવાય છે.

દેરાસરનો વહીવટ મકાન માલિક શ્રી હિંમતલાલ બી. શાહ હસ્તક છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૪૮નો છે.

• • •

## (૫૮) શ્રી આદીશ્વર ગૃહ ચૈત્ય (સંવત ૨૦૩૫)

### ૬, 'શ્રમદા', સંપતરાય કોલોની, અલકાપુરી.

અલકાપુરી, સંપતરાય કોલોનીના ૬ નંબરના 'શ્રમદા' બંગલાના ચોગાનમાં એક ઓરડામાં આ દેરાસર આવેલું છે.

દરવાજામાં પ્રવેશતાં જ બે બાજુ બે હાથીની શિલ્પાકૃતિ છે. દરવાજા ઉપર ભગવાનને ખોળામાં લઈ અભિષેક કરતાં ઈન્દ્રની શિલ્પાકૃતિ છે. વળી ઈન્દ્ર-ઈન્દ્રાણી ચામર ઢાળતાં અને સૂર્ય-ચંદ્રના વિમાનની રચના કરવામાં આવી છે.

આરસની ઓટલી પર મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની ૭" ની પ્રતિમા બિરાજમાન

છે. અહીં કુલ ૬ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. ભગવાનની પાછળ રંગીન ઘુમ્મટ બનાવ્યા છે. ઇન્દ્ર-ઇન્દ્રાણીને નમન કરતાં ચિત્રિત કર્યાં છે. શ્રી શત્રુંજય તીર્થનો કાપડ પર ચિતરેલો પટ મઢીને મૂકવામાં આવ્યો છે.

દેરાસરનું નિર્માણ વર્ષ વિ. સં. ૨૦૩૫ છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૬ છે. તે નિમિત્તે ધ્વજારોપણ થાય છે. તેમજ અઢાર અભિષેક થાય છે.

દેરાસરનો વહીવટ મકાન માલિક શ્રી ડાહ્યાભાઈ હિંમતલાલ શાહ હસ્તક છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૩૫નો છે.

• • •

## (૫૯) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહ ચૈત્ય (સંવત ૨૦૪૦)

### મહાબલીપુરમ, તાંદલજા રોડ.

જુના પાદરા રોડ, તાંદલજા રોડ પર બેસીલ સ્કુલની બાજુમાં મહાબલીપુરમ વિસ્તારમાં આ ઘરદેરાસર આવેલું છે.

આરસની ઓટલી પર મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ૨૧" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૧ પાષાણ પ્રતિમા અને ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. શ્રી શત્રુંજય તીર્થનો ૧ પટ પણ છે.

સંવત ૨૦૪૦માં પ્રતિમાજી અત્રે ચલપ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ શ્રાવણ વદ ૬ના શુભ દિવસે આવે છે.

દેરાસરનો વહીવટ શ્રી મહાબલીપુરમ જૈન સંઘ હસ્તક છે. દેરાસરનાં ટ્રસ્ટી હીરાભાઈ એચ. શાહ, ડાહ્યાભાઈ શાહ, વર્ધમાનભાઈ શાહ છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૪૦નો છે.

• • •

## (૬૦) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય (સંવત ૨૦૫૧)

### ૪/એ, શ્રીનગર સોસાયટી, અકોટા સ્ટેડિયમ નજીક.

અલકાપુરી વિસ્તારમાં શ્રીનગર સોસાયટીમાં, ૪/એ નંબરના પ્લોટમાં શિખરયુક્ત જિનાલય આવેલું છે.

પૂર્વે અલકાપુરી વિસ્તારમાં (સં. ૨૦૩૦ સુધી) માત્ર એક જ ઘરદેરાસર હતું. ત્યારબાદ જૈનોની વસ્તી વધતાં જૈન સંઘે એક શિખરબંધી જિનાલય બંધાવવાનું નક્કી કર્યું. તે માટે શ્રીનગર સોસાયટીમાં ૪/એ નંબરના પ્લોટની જમીન ખરીદી જિનાલય બંધાવવાનું શરૂ કર્યું. સં.

૨૦૫૧માં મહા સુદ ૬ ને તા. ૧૪-૨-૧૯૯૫ રવિવારે આ. શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શિખરબંધી જિનાલયમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરવામાં આવી. નયનાબેન રમેશચંદ્ર શાહે ઉત્સાહ ભેર પ્રતિષ્ઠાનો લાભ લીધો.

હાલ પણ જિનાલયમાં કામ ચાલુ છે. વિશાળ જગ્યામાં જિનાલય અને બાજુમાં ઉપાશ્રય બાંધવામાં આવેલ છે. દેરાસરમાં ભોંયરું પણ છે. દેરાસર ઉંચાણ ઉપર છે. તેની આગળના ભાગમાં મોટો ચોક છે. પ્રવેશચોકીમાં થાંભલાઓ પર શિલ્પાકૃતિઓ અને કોતરણી છે.

વિશાળ કદના રંગમંડપમાં ત્રણ પ્રવેશદ્વાર છે. આજુબાજુ બીજાં બે દ્વાર છે. જમણી બાજુ દિવાલ પર શ્રી ગિરનાર તીર્થ અને શ્રી શત્રુંજય તીર્થના પટની કોતરણી કરેલ છે. ડાબી બાજુ દિવાલ પર શ્રી સમેતશિખર તીર્થ અને શ્રી અષ્ટાપદ તીર્થના પટની કોતરણી કરેલ છે. ગર્ભદ્વાર પાસે જમણી બાજુ ગોખમાં શ્રી પુંડરિકસ્વામી અને ડાબી બાજુ શ્રી ગૌતમસ્વામી ગણધરની પાષાણની પ્રતિમા બિરાજમાન છે. રંગમંડપમાં નીચે મુજબનો લેખ વાંચવા મળેલ છે.

"શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ :

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથાય નમ : શ્રી ગૌતમસ્વામીને નમ :

પરમોપાસ્ય શ્રી વિજય નેમિ - વિજ્ઞાન - કસ્તૂરસૂરીશ્વરેભ્યો નમ :

પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનમંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પ્રશસ્તિ

વડોદરા અલકાપુરી જૈન શ્વે. મૂર્તિપૂજક શ્રી સંઘે પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતનો શિખરબંધ નૂતન જિન પ્રાસાદ અલકાપુરી - વડોદરાના શ્રી સંઘો તથા મહાનુભાવોનો સુંદર સહકાર મળતાં તૈયાર કરવામાં આવ્યો છે. નયનરમ્ય આ પ્રાસાદમાં સપરિકર કલિકાલ કલ્પતરુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન, શ્રી મુનિસુવ્રતસ્વામી, શ્રી શાંતિનાથજી, શ્રી મહાવીરસ્વામીજી, શ્રી આદીશ્વર ભ. તથા શ્રી ગૌતમસ્વામીજી તથા શ્રી પુંડરિકસ્વામીજી ભૂમિગૃહ (ભોંયરામાં) કાઉસગ્ગ મુદ્રાવાળા શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભ., શ્રી આશાપૂરણ પાર્શ્વનાથજી, શ્રી જીરાઉલા પાર્શ્વનાથજી રંગમંડપમાં શ્રી પદ્માવતી દેવી, શ્રી ચક્રેશ્વરી દેવી વગેરે ભવ્યાતિભવ્ય મનોહર મૂર્તિઓની અંજનશલાકા, પ્રાણપ્રતિષ્ઠા કરાવવામાં આવી છે.

આ મહોત્સવ પ. પૂ. શાસન સમ્રાટ અનેક તીર્થોદ્ધારક તથા ગચ્છાધિપતિ આચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર વાત્સલ્યવારિધિ પ. પૂ. આ. શ્રી વિજય વિજ્ઞાનસૂરીશ્વરજી મ.ના પટ્ટધર સિદ્ધાંત મહોદધિ પ. પૂ. આ. શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા. તથા તેઓશ્રીના ગુરુબંધુ સૂરિમંત્ર સમારાધક પ. પૂ. આ. વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની પાવન નિશ્રામાં તેઓશ્રીના વરદ હસ્તે પૂ. મુનિ શ્રી વિદ્યાધરવિજયજી મ. તથા મુનિ શ્રી રવિચંદ્ર વિજયજી મ.ના સદુપદેશ પ્રભુજીના પંચકલ્યાણકની ભવ્ય ઉજવણી, ૪૧ છોડનું ઉજમણું, શ્રી બ્રહન્નંદ્યાવર્ત પૂજન, શ્રી બૃહદ શાંતિ સ્નાત્રાદિ પ્રત્યેક મંગલવિધાનો પૂર્વક ૧૦ દિવસના સ્વામી વાત્સલ્યો, સાધર્મિક ભકિત, જીવદયા, અનુકંપાદિના

સુકૃત્યો કરવા પૂર્વક ભારે ઉત્સાહ ઉમંગ વચ્ચે થયેલ છે.

આ પ્રસંગ પૂ. પં. શ્રી હ્રીઁ કાર ચંદ્ર વિ. પ. શ્રી સ્થૂલિભદ્ર વિ. પ. શ્રી પુષ્પચંદ્ર વિ. પ. શ્રી સોમચંદ્ર વિ. પ્રવર્તક મુનિ શ્રી કલ્યાણચંદ્ર વિ. પ. શ્રી કુશલચંદ્ર વિ. મ. આદિ ચતુર્વિધ શ્રી સંઘની ઉપસ્થિતિમાં થયેલ છે.

અંજનશલાકા શુભદિન વિ. સં. ૨૦૫૧ વી. સં. ૨૫૨૧ નેમી સં. ૪૬ વર્ષે મહા સુદ - ૫ ના તા. ૪-૨-૧૯૯૫ શનિવાર, પ્રભુપ્રતિષ્ઠા. મહા સુદ ૬ તા. ૫-૨-૧૯૯૫ રવિવાર શુભ મુહૂર્તે શુભ નવમાંશે કરવામાં આવી છે.

શ્રીરસ્તુ શુભં ભવતુ, શ્રી શ્રમણ સંઘસ્ય."

ચાંદીની ઝીણી કોતરણીવાળા ત્રણ ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ૫૧" ની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની ડાબી તરફ શ્રી મહાવીરસ્વામી અને જમણી તરફ શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિમાઓ બિરાજમાન છે. બંને પ્રતિમા પર લેખનો સંવત ૨૦૫૧ છે. દેરાસરમાં કુલ ૫ પાષાણ પ્રતિમાઓ અને ૮ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ પ્રાપ્ત થાય છે.

"ૐ હ્રીઁ અર્હં નમ : સ્વસ્તિ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનબિંબ વટપદ્ર (વડોદરા) નિવાસી શ્રેષ્ઠિશ્રી ચીમનલાલ સુત રમેશચંદ્ર ધર્મપત્ન્યા તથા ઉમેટા નિવાસી શ્રેષ્ઠિશ્રી સુરજમલ કેસરીસંગ સુપુત્રી નયનાબેન શ્રાવિકયા પુત્ર સંદીપભાઈ પુત્રવધુ બીનાબેન પૌત્ર અચલ, અમન પુત્રી દીપ્તિબેન સુનિલકુમાર, અનુપમાબેન ભરતકુમાર પ્રમુખ પરિવાર યુતયા સ્વશ્રેયસે વડોદરા નગરે શ્રી અલકાપુરી સંઘ કારિતજિનચૈત્યે મૂળનાયક પ્રત્યેન સંસ્થાપનાર્થં કા. પ્ર. ચ. શાસન સમ્રાટ શ્રી કદમ્બગિરિ પ્રમુખાનેક તિર્થોદ્ધારક વેદયુગિન યુગપ્રધાન કલ્પ તપાગચ્છાધિપતિ આચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વર પટ્ટ ગિરિવરોપરી નવીન ટૂંક પ્રતિષ્ઠાકારકાચાર્ય 'આચાર્ય શ્રી કસ્તૂરસૂરીશ્વરજી પટ્ટ શ્રી શંત્રુજય તીર્થે સમવસરણ મહામંદિર પ્રતિષ્ઠાકારકાચાર્ય શ્રી વિજયચંદ્રોદયસૂરીભિઃ શ્રી સૂરીમંત્ર સમારાધકાચાર્ય શ્રી વિજયઅશોકચંદ્ર-સૂરીભિઃ પં. હ્રીઁમકારચંદ્ર વિ. પં. સ્થૂલિભદ્ર ભિઃ પં. પુષ્પચંદ્ર વિ. પં. સોમચંદ્ર વિ. પ્રવર્તક મુનિ કલ્યાણચંદ્ર વિ. પ્ર. પં. મુનિ કુશલચંદ્ર વિ. સાધુ સાધ્વી પરિવાર યુતેઃ શ્રી શંત્રુજય તીર્થાવલી પંચદશ. સહસજિન બિંબાષ્ઠ પ્રકાશ પુત્રા મહોત્સવ પ્રવર્તીતે વિ. સં. ૨૦૫૧ વિ. સં. ૨૫૨૧ નેમી સં. ૪૬ વર્ષે મહા શુકલ પંચમ્યા શનિવાસરે મુનિ શ્રી રવિચંદ્ર વિજયોપદેશેન અલકાપુરી જૈન શ્રી સંઘ કારીતાંજન શલાકા મહોત્સવે શ્રી શંખેશ્વરપાર્શ્વ જિન ચૈત્યે મુનિ વિદ્યાધરવિજયેન શ્રી રસ્તુ શુભં ભવતુ."

દેરાસરમાં ભોંયરામાં એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ૧૦૮" ની શ્યામવર્ણની કાઉસગ્ગ મુદ્રામાં પ્રતિમા બિરાજમાન છે. અહીં ૩ પ્રતિમાઓ કાઉસગ્ગ મુદ્રામાં બિરાજમાન છે.

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ પ્રાપ્ત થાય છે.

"સ્વસ્તિ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જિનબિંબ વંથલી વર્તમાન વડોદરા વા. મહેતા ડાહ્યાભાઈ પત્ની હરકુંવર શ્રાવિકયા તથા લાખાપાદર વર્તમાન વડોદરા વા. રસીલાબેન ચીમનલાલ હીરાચંદ પુત્ર બીપીનચંદ્ર શ્રાદ્ધેન બંધુ લલિતકુમાર મહેશકુમાર પત્ની આશાબેન બંધુપત્ની સ્મિતા નિજ પુત્ર નિશાંત કપિલ બંધુપુત્ર પરાગ, પુત્રી કાજલ, દિશમાણી પરિવાર સુતયા કા.પ્ર.ચ શાસન સમ્રાટ તપા. આચાર્ય શ્રી વિજય નેમિવિજ્ઞાન કસ્તૂરસૂરીશ્વરૈઃ રાજસ્થાને શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જિન ચૈત્ય જીર્ણોદ્ધાર સંપન્ન નવશત વર્ષાન્તરે વિ. સં. ૨૦૩૭ વર્ષે વૈશાખ શુકલ સપ્તમ્યાં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જિન બિંબાન્યત્ સર્વ બિંબાજનશલાકા પ્રતિષ્ઠા કારકાચાર્ય વિજય ચંદ્રોદયસૂરિભિ શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરૈઃ પં. હ્રીઁકારચંદ્ર વિ. પં. સ્થૂલિભદ્ર વિ. પં. પુષ્પચંદ્ર વિ. પં. સોમચંદ્ર વિ. પ્ર. મુનિ કલ્યાણચંદ્ર વિ. પ્ર. મુનિ કુશલચંદ્ર વિજયાદિ સાધુ-સાધ્વી પરિવાર યુતૈઃ વિ. સં. ૨૦૫૧, વિ. સં. ૨૫૨૧ નેમિ સં. ૪૬ વર્ષે માંઘ ધવલ પંચમ્યા શનિવાસરે મુનિ રવિચંદ્રવિજયોપદેશેન વડોદરા રૂપનગરે અલકાપુરી જૈન શ્રી સંઘ કારિતે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રાસાદ પ્રાણપ્રતિષ્ઠાવસરે મુનિ અમરસેન નિર્મલકુલ ચંદ્ર વિજયે........"

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૬ના રોજ આવે છે. તે નિમિત્તે દર વર્ષે નયનાબેન રમેશભાઈ પરિવાર દ્વારા ધ્વજારોપણ થાય છે તેમજ જમણવાર થાય છે.

દેરાસરમાં કારતક સુદ પુનમે શ્રી શત્રુંજય મહાતીર્થનો કાપડનો પટ બંધાય છે. દર્શનાર્થીઓને ભાતુ આપવામાં આવે છે.

દેરાસરનો વહીવટ શ્રી અલકાપુરી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટી શ્રી ભોગીલાલ શાહ, શ્રી ડાહ્યાલાલ શાહ, શ્રી સુમન્તભાઈ શાહ છે.

અહીં સાધુ-સાધ્વી વિહારમાં સ્થિરતા કરીને સંઘને લાભ આપે છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૫૧નો છે.

• • •

## (૬૧) શ્રી નેમિનાથ ભગવાન ગૃહ ચૈત્ય (સંવત ૨૦૪૮)

### ૫/૬, મહાવીરધામ સોસાયટી, હરણી એરોડ્રામ સામે.

હરણી એરોડ્રામ સામે, ૫/૬, મહાવીરધામ સોસાયટીમાં શ્રી પ્રવીણચંદ્ર નાથાલાલ દલાલના ઘરમાં ઘરદેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા નાના ગભારામાં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની ૯" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં ૩ પાષાણ પ્રતિમાઓ અને ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

ધાતુના શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ પ્રાપ્ત થાય છે.

"સંવત ૧૫૨૮ વર્ષે માઘ સુદી પાંચમને રવિવાર સા. ભાર્યા સીતાબાઈ......"

દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૪૮માં આચાર્ય શ્રી જિનેન્દ્રસૂરી મહારાજની નિશ્રામાં શ્રી પ્રવીણચંદ્ર નાથાલાલ દલાલના હસ્તે કરવામાં આવેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ માગશર વદ ૩ના રોજ આવે છે. તે નિમિત્તે સ્નાત્ર ભણાવાય છે અને પેંડાની પ્રભાવના થાય છે.

દેરાસરનો વહીવટ શ્રી પ્રવીણચંદ્ર નાથાલાલ દલાલ હસ્તક છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૪૮નો છે.

• • •

## (૬૨) શ્રી કુંથુનાથસ્વામી જિનાલય (સંવત ૨૦૫૧)

### શ્રી સુધનલક્ષ્મી જૈન સોસાયટી, સુભાનપુરા.

સુભાનપુરામાં હાઈટેન્શન રોડ ૫૨, વિમળનાથ કોમ્પલેક્ષ, સુધનલક્ષ્મી જૈન સોસાયટીમાં ઘુમ્મટબંધી દેરાસર આવેલું છે.

રંગમંડપમાં ગોખમાં શ્રી ગૌતમસ્વામીની પ્રતિમા બિરાજમાન છે. ગભારામાં મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનની પરિકરયુકત ૩૧" ની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની પ્રતિમા બોડેલીથી લાવવામાં આવેલ છે. આ પ્રતિમા વીરસંવત ૨૧૯૫ ની છે. અહીં કુલ ૬ પાષાણ પ્રતિમાઓ અને ૬ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૧માં આચાર્ય શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં શ્રી આશાભાઈ સોમાભાઈ પટેલના હસ્તે થયેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૩ના રોજ આવે છે. તે નિમિત્તે ચઢાવો બોલી ધ્વજારોપણ થાય છે તેમજ શ્રી સિદ્ધચક્ર પૂજન ભણાવાય છે, જમણવાર થાય છે.

દેરાસરનો વહીવટ શ્રી કુંથુનાથસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટી શ્રી વિનુભાઈ શાહ, શ્રી શશિકાન્ત શાહ છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૫૧નો છે.

• • •

## (૬૩) શ્રી વાસુપૂજયસ્વામી ગૃહચૈત્ય (સંવત ૨૦૪૧)

### મેહુલ સોસાયટી નં- ૨, સુભાનપુરા.

સુભાનપુરામાં અંધશાળા સામે, મેહુલ સોસાયટી નં-૨માં એક માળનું દેરાસર આવેલ છે. બાજુમાં ઉપાશ્રય છે.

દેરાસરમાં છત ઉપર વિશાળ ભાગમાં સુંદર મીના કારીગરીનું કામ છે. મૂળનાયક ભગવાનની પાછળ પણ દિવાલ પર ચામર ઢાળતી સ્ત્રીઓમાં મીનાકામની સુંદર કારીગરી કરવામાં આવી છે. આ ઉપરાંત શ્રી ગૌતમસ્વામી વિલાપ, ધ્યાનસ્થ શ્રી મહાવીરસ્વામી, શ્રી મહાવીરસ્વામી ભગવાનને ખેડૂતનો ઉપસર્ગ, શ્રી ઋષભદેવને શ્રેયાંસકુમાર દ્વારા પારણાં કરાવ્યાનો પ્રસંગ, ચંદનબાળા દ્વારા શ્રી મહાવીરસ્વામી ભગવાનને વહોરાવવાના પ્રસંગોનાં ચિત્રકામ મનોહર કાચકામમાં ઉપસાવેલા છે.

શ્રી શત્રુંજય તીર્થ, શ્રી સમેતશિખર તીર્થ, શ્રી અષ્ટાપદ તીર્થ, શ્રી ગિરનાર તીર્થનાં પટ દિવાલ ઉપર પત્થર વડે ઉપસાવેલ છે. શ્રી સમેતશિખર તીર્થ, શ્રી રાજગિરિ, શ્રી પાવાપુરીનાં દૃશ્યો કાચ ઉપર સુંદર રીતે દર્શાવ્યા છે.

મધ્યમાં શિખર અને આજુબાજુ ઘુમ્મટયુક્ત તોરણવાળી આરસની છત્રીમાં મૂળનાયક શ્રી વાસુપૂજયસ્વામી ભગવાનની ૨૧" ની પ્રતિમા બિરાજમાન છે. આ પ્રતિમા પર વિ. સં. ૨૦૩૫માં ભરાવ્યાનું લખાણ છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ અને ૪ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની ડાબી તરફ શ્રી પાર્શ્વનાથ ભગવાન અને જમણી તરફ શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. સંવત ૨૦૪૧માં દેરાસરની પ્રતિષ્ઠા કરાવવામાં આવેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ શ્રાવણ સુદ ૧૩ છે. તે નિમિત્તે ચઢાવો બોલી ધ્વજારોપણ થાય છે તેમજ ત્રણ દિવસના મહોત્સવમાં શ્રી સિદ્ધચક્ર પૂજન ભણાવાય છે, જમણવાર થાય છે.

દેરાસરનો વહીવટ શ્રી વાસુપૂજયસ્વામી ગૃહચૈત્ય સમિતિ હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટી શ્રી જિતુભાઈ વૈદ્ય, શ્રી કીરીટભાઈ શાહ, શ્રી અરવિંદભાઈ પરીખ છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૪૧નો છે.

• • •

## (૬૪) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહ ચૈત્ય (સંવત ૨૦૪૭)

### ૫૨, વિહાર સોસાયટી, ઋષભ પ્રોડકટીવીટી રોડ.

આકોટા સ્ટેડીયમ સામે, ઋષભ પ્રોડકટીવીટી રોડ પર, વિહાર સોસાયટીના, ૫૨ નંબરના બંગલામાં ગીરીશભાઈ બી. શાહના ઘરમાં ઘરદેરાસર આવેલ છે. જિનાલય ધાબાબંધી છે.

એક નાના રૂમમાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ૯" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. શ્રી પદ્માવતી દેવીની ધાતુ મૂર્તિ છે. શ્રી શત્રુંજય તીર્થના પટનો એક ફોટો છે.

દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૪૭ના મહાવદ ૫ ને તા. ૩-૨-૧૯૯૧ના રોજ કરવામાં આવી હતી.

દેરાસરનો વહીવટ શ્રી ગીરીશભાઈ બી. શાહ દ્વારા કરવામાં આવે છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૪૭નો છે.

• • •

## (૬૫) શ્રી મહાવીરસ્વામી જિનાલય (સંવત ૨૦૪૯)

### રાજસ્થંભ સોસાયટી, મોતીબાગ.

પોલો ગ્રાઉન્ડ, બગીખાના, બરોડા સ્કુલની પાછળ, રાજસ્થંભ સોસાયટીના નાકે, એક માળનું નુતન જિનાલય આવેલું છે.

દેરાસરમાં પ્રવેશ કરતાં આરસનો ઓટલો છે. ત્રણ પ્રવેશદ્વારમાંથી પ્રવેશતાં આરસના તળભાગવાળો રંગમંડપ છે જેમાં તોરણવાળા ગોખમાં શ્રી માતંગ યક્ષ અને શ્રી સિદ્ધાયિકા દેવીની મૂર્તિઓ છે.

રંગમંડપમાં નીચે મુજબનું લખાણ છે.

"શંખેશ્વર પાર્શ્વનાથાય નમ : મહાવીરસ્વામીને નમ : ઉવસગ્ગહરં પાર્શ્વનાથાય નમઃ શ્રી આત્મ - કમલ - લબ્ધિ - જયંત - વિક્રમ - નવીન - રાજયશ ગુરુવરેભ્યો નમઃ શ્રી વડોદરા મોતીબાગ રાજસ્થંભ સોસાયટીમાં શ્રી મોતીબાગ જૈન સંઘે પૂ. દાદા ગુરુવર વિક્રમસૂરિજી મ. સા. પટ્ટાલંકાર જીર્ણોદ્ધારકના પુરસ્કર્તા રાજયશસૂરી મ. સા. ની ઉપસ્થિતિમાં ૪૫ દિવસમાં જિનમંદિરનું ખનન મુહૂર્ત, શિલાન્યાસ, અંજનશલાકા, પ્રતિષ્ઠા, ધ્વજાદંડ રોપ, કળશારોહણ મહોત્સવ કર્યો છે. પૂ. આ. દેવની નિશ્રામાં અષ્ટોતરી સ્નાત્ર, ભવ્ય રથયાત્રા અને નવકારશી જમણપૂર્વક મહોત્સવ કર્યો છે. પૂ. મુનિ ભગવંતો અને સાધ્વી સર્વોદયા શ્રી મ. સા.ના વિશાળ સમુદાય સાથે હાજર હતા. પ્રભુજીના જિનબિંબો અમારી શ્રદ્ધાની શુદ્ધિ કરે અને પ્રતિષ્ઠાથી સંઘમાં, ગામ, નગર, વિશ્વમાં સહુનું કલ્યાણ થાઓ.

૨૦૪૯ જેઠ વદ ૧૦ સોમવાર. "

આરસના પબાસન પર મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાનની ૩૧" ની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની ડાબી તરફ શ્રી વાસુપૂજયસ્વામી ભગવાન અને જમણી તરફ શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. ત્રણેય ભગવાન ઉપર નાના-નાના શિખર અને ધ્વજા છે. અહીં કુલ ૫ પાષાણ પ્રતિમાઓ અને ૬ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. ભોંયરામાં આરસની ઓટલી પર મનને હરી લે તેવી શ્રી પદ્માવતી દેવીની મૂર્તિ છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ પ્રાપ્ત થાય છે.

"મોતીબાગ જિનાલયે વિ. સં. ૨૦૪૯ જેઠ કૃષ્ણ નવમી તિથૌ શનિવાસરે શ્રી લબ્ધિવિક્રમ ગુરુકૃપા પ્રાપ્ત પૂ. આ. રાજયશસૂરીશ્વરેણ પ્રતિષ્ઠિતં માતા દમયંતી પિતા સુરેશચંદ્ર શાહસ્ય ધર્મભાવ વૃધ્યર્થે સુપુત્ર રૂપેન, રશ્મિ, પુત્રવધૌ જૈની, નિશા પૌત્ર અભિષેક પૌત્રી

નીલાદિભિઃ, મૂળનાયક વર્ધમાનસ્વામી (મહાવીર) જિનબિંબ કારાપિતં શ્રી સંઘસ્ય શુભમ્ ભવતુ."

દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૪૯માં આચાર્ય શ્રી રાજયશસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શ્રી સુરેશભાઈના હસ્તે કરવામાં આવી છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ જેઠ વદ ૧૦ છે. તે નિમિત્તે પરંપરાગત ધ્વજારોપણ થાય છે તેમજ જમણવાર થાય છે.

દેરાસરનો વહીવટ ટ્રસ્ટ હસ્તક છે. દેરાસરના ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈ પરીખ, શ્રી જગદીશભાઈ શાહ, શ્રી જયેન્દ્રભાઈ શાહ છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૪૯નો છે.

• • •

## (૬૬) શ્રી આદિનાથ જિનાલય

### ૨૪, રાધિકા હાઉસીગ સોસાયટી, સૈયદ વાસણા રોડ.

સૈયદ વાસણા રોડ પર, રાધિકા હાઉસીંગ સોસાયટીમાં ૨૪ નંબરમાં શિખરયુક્ત દેરાસર આવેલું છે. જિનાલયને મુખ્ય એક પ્રવેશદ્વાર છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની ૩૧" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ અને ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની બાજુમાં દેરીમાં શ્રી માણિભદ્રવીરની ૭૧" ની પ્રતિમા બિરાજમાન છે.

દેરાસરનો જીર્ણોદ્ધાર વિ. સં. ૨૦૦૮માં કરવામાં આવેલ છે. આ અગાઉ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ધાતુ પ્રતિમા લાવી પરોણાગત રાખવામાં આવ્યા હતા.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૩ છે. તે નિમિત્તે ધ્વજારોપણ મહોત્સવ થાય છે.

દેરાસરની બાજુમાં ગુરુમંદિર છે જેમાં વચ્ચે આ. શ્રી કસ્તૂરસૂરીશ્વરજી મ. સા. ની, જમણી બાજુ પ. પૂ. મૂલચંદજી મહારાજ તથા ડાબી બાજુ આ. શ્રી કમલસૂરીશ્વરજી મ. સા. ની પ્રતિમા છે. આ પ્રતિમાઓની પ્રતિષ્ઠા પૂ. આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ. સા.ના ઉપદેશથી સ્વ. પિતાશ્રી શેઠ છોટાલાલ ઉત્તમચંદ તથા સ્વ. માતુ શ્રી મેનાબેનના સ્મરણાર્થે તેમના સુપુત્રોવડે વિ. સં. ૨૦૧૫માં મહા સુદ ૧૦ ને બુધવારે કરવામાં આવી છે.

દેરાસરનો વહીવટ શ્રી માણિભદ્ર જૈન મંદિર ટ્રસ્ટ હસ્તક છે. દેરાસરનાં ટ્રસ્ટી શ્રી વી. ડી. શાહ, મીરાબેન વી. શાહ, અને શ્રી રમણભાઈ છે.

• • •

## (૯૭) શ્રી સીમંધરસ્વામી જિનાલય (સંવત ૨૦૫૯)

### રત્નપુરી એપાર્ટમેન્ટસ, ચૌખંડી.

ચૌખંડી વિસ્તારમાં, પેટ્રોલપંપની સામે, રત્નપુરી એપાર્ટમેન્ટસના પહેલા જ બ્લોકના પ્રથમ માળે ધાબાબંધી દેરાસર આવેલ છે.

પ્રવેશદ્વારમાં પ્રવેશતાં સામે જ નાના ત્રિગઢની રચના છે. જેની ઉપર મૂળનાયક શ્રી સીમંધરસ્વામીની ૨૧" ની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની આજુબાજુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાન બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ અને ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ પ્રાપ્ત થાય છે.

" વિ. સં. ૨૦૫૯ કાર્તિક શુકલા ત્રયોદશો દિને રવિવાસરે શ્રી સીમંધરસ્વામી જિનબિંબમિદં પ્રતિષ્ઠિતં શ્રી પ્રેમ - ભુવનભાનુસૂરીશ્વરપટ્ટાલંકાર ગીતાર્થ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજયજયઘોષસૂરિભિઃ પૂ. આ. શ્રી હેમચંદ્ર શિષ્ય પૂ. પંન્યાસ શ્રી અક્ષયબોધિવિજયગણિ પ્રેરિત શ્રી નવપદ આરાધક ટ્રસ્ટ નિર્મિત રત્નપુરી વડોદરા સંઘ ગૃહ જિનાલય કારિતવ્યં . . . સુશ્રાવિકા સુશીલાબેન છોટાલાલ સહ ઈત્યંતેન પુત્રઃ મુકેશ, સ્વ. પ્રકાશ, પુત્રવધુ રેખા, રંજન. . . . પૌત્રી પીંકી. . . . પરિવારેણ ઈતિ શુભં ભવતુ સંઘસ્ય."

રત્નપુરી એપાર્ટમેન્ટસમાં જ રહેતા શ્રી છોટાલાલ મોહનલાલ શાહના નાની વયના પુત્ર શ્રી પ્રકાશભાઈના અવસાન બાદ તેમની સ્મૃતિમાં માતુશ્રી સુશીલાબેન તથા ભાઈ શ્રી મુકેશભાઈએ વિ. સં. ૨૦૫૯માં પૂ. આચાર્ય શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં પ્રતિષ્ઠા કરાવેલ છે.

જિનાલયની વર્ષગાંઠ તિથિ પોષ વદ ૧ છે. તે નિમિત્તે મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર કરેલી શિખરની રચના પર ચઢાવો બોલી ધ્વજા બદલવામાં આવે છે.

દેરાસરનો અન્ય વહીવટ શ્રી નવપદ આરાધના ટ્રસ્ટ, મુંબઈ દ્વારા તથા સ્થાનિક વહીવટ શ્રી મુકેશભાઈ હસ્તક છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૫૯નો છે.

• • •

## (૯૮) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહ ચૈત્ય (સંવત ૨૦૫૯)

### આમ્રપાલી સોસાયટી, માંજલપુર.

માંજલપુર વિસ્તારમાં આમ્રપાલી સોસાયટીના બ્લોક નં. બી. ૩માં ધાબાબંધી ઘરદેરાસર આવેલું છે.

દેરાસરને બે પ્રવેશદ્વાર છે. જેની સન્મુખ પબાસન પર છત્રીની ઉપર મધ્યમાં શિખર અને આજુબાજુ ઘુમ્મટની રચના છે. જેમાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ૧૯"ની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ પ્રાપ્ત થાય છે.

"વિ. સં. ૨૦૫૯ કારતક સુદિ ૧૩ તીથૌ રવિવાસરે મુળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનબિંબમિદં પ્રતિષ્ઠિતં ગચ્છાધિપતિ આચાર્ય શ્રી પ્રેમ-ભુવન ભાનુસૂરીશ્વર પટ્ટધર ગીતાર્થ ગચ્છાધિપતિ જૈનાચાર્ય શ્રી જયઘોષસૂરિભિઃ પન્યાસ શ્રી અક્ષયબોધિવિજયાદિ સહિતં કારિતં ચ મણિલાલ સ્વરૂપચંદ શ્રાદ્ધા ધર્મપત્ની લીલાવતી, પુત્ર સૂર્યકાંત, દિલીપ, નીરૂપમા, જિતેન્દ્ર, વસુમતી, અનિલ, સુવર્ણા, પુત્રી સદ્‌ગુણા આદિ પરિવારેણ."

દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૯માં પૂ. આચાર્ય શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શ્રીમતી લીલાવતીબેન મણિલાલ પરિવારના હસ્તે કરવામાં આવેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ કારતક વદ ૧૧ છે. તે નિમિત્તે શ્રીમતી લીલાવતીબેન મણિલાલ પરિવાર દ્વારા ધ્વજા બદલવામાં આવે છે.

દેરાસરનો સમગ્ર વહીવટ શ્રી ભાગ્યવર્ધક વિશ્વામિત્રી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ દ્વારા કરવામાં આવે છે. દેરાસરનાં ટ્રસ્ટી શ્રી જિતેન્દ્રભાઈ એમ. શાહ, શ્રી બીપીનભાઈ કે. શાહ છે.

આ જિનાલયનો સમય સંવત ૨૦૫૯નો છે.

• • •

# વડોદરા જિલ્લાનાં જિનાલયો

# વડોદરા જિલ્લાનાં જિનાલયો

## ગામ : છાણી તાલુકો : વડોદરા

### ૧. શ્રી શાંતિનાથ જિનાલય ( સં. ૧૯૬૩ પૂર્વે )

વડોદરાથી ૭ કિ. મી. દૂર આવેલ પ્રાચીન છાયાપુરી નામથી પ્રખ્યાત અને હાલના છાણી ગામમાં વાણિયાવાડમાં શ્રી શાંતિનાથ ભગવાનનું ત્રિશિખરીય ઉત્તરાભિમુખ જિનાલય આવેલું છે.

વિશાળ જગ્યા ધરાવતા જિનાલયમાં ૭-૮ પગથિયાં ચઢીને સુંદર રંગરોગાનવાળા, કોતરણીમય સ્તંભોયુક્ત પ્રવેશચોકીમાં ત્રણ પ્રવેશદ્વાર છે. જિનાલયને અન્ય બે બાજુ પ્રવેશદ્વાર છે. વિશાળ રંગમંડપમાં ઘુમ્મટમાં શ્રી શાંતિનાથ ભગવાનનાં ભવો તથા વાજિંત્ર વગાડતી નારીઓનું ચિત્રણ છે. સ્તંભો ઉપર પણ વાજિંત્ર વગાડતી સુંદર પૂતળીઓ છે. વચ્ચે મોટું ઝુમ્મર છે. આજુબાજુ કાચની હાંડીઓ છે. આરસની ફરસ પણ સુંદર છે.

૩ ગર્ભદ્વાર ધરાવતાં ગભારામાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની જેસલમેરીયા પીળા રંગની આરસ પ્રતિમા ૧૭" ની છે. ૧૩ પાષાણ પ્રતિમાઓ ૫૬ ધાતુ પ્રતિમાઓ તથા ૧ સ્ફટિક પ્રતિમા બિરાજમાન છે. ગભારામાં એક ગોખલામાં નીલા રંગની નીલમની શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે. મૂળનાયક ભગવાનનું પરિકર સુંદર કોતરણીવાળું છે તથા પાછળની દિવાલ પર પણ સુંદર કોતરણી છે.

ડાબી બાજુ દેવકુલિકામાં શ્રી મહાવીરસ્વામીની ૧૫" ની અને જમણી બાજુ દેવકુલિકામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૧૩" ની પાષાણ પ્રતિમા સહિત ભમતીમાં કુલ ૮ પ્રતિમાઓ છે. બાજુમાં એક ઓરડીમાં ગોખલામાં શ્રી માણિભદ્રવીર, શ્રી પદ્માવતી દેવીની પાષાણ પ્રતિમા તથા ચાર જોડ આરસનાં પગલાં છે. બહાર ભમતીમાં શ્રી શાંતિનાથ ભગવાનના ભવના પટ બનાવવાનું કામ હાલ ચાલુ છે. દેરાસરની સ્થિતિ સારી છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા વદ ૬ ને દિવસે પંચાહ્નિકા મહોત્સવપૂર્વક ચઢાવો બોલીને ધ્વજારોપણ અને શ્રીસંઘજમણ થાય છે.

હાલ ૧૬૦ જૈન કુટુંબોની વસ્તી ધરાવતાં ગામમાં કુલ ૨ દેરાસર અને ૧ ઘરદેરાસર

છે. શ્રાવક-શ્રાવિકાના ૨-૨ ઉપાશ્રય છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં પાંચમો સ્થાન ધરાવતો મોટો જ્ઞાનભંડાર છે, શ્રી મુક્તિવિજય ગણિ જૈન પાઠશાળા છે, જેમાં ૮૦ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે. યાત્રિકો માટે અતિથિ ભવન છે.

છેલ્લા ૫૦ વર્ષમાં ગામના દરેક કુટુંબની એક વ્યક્તિએ દીક્ષા ગ્રહણ કરેલ છે, અર્થાત્ હાલમાં આ ગામની ૧૬૦ વ્યક્તિ સંયમપાલન કરી રહેલ છે જે છાણી ગામની વિશિષ્ટતા છે. એટલા માટે જ ભૂતકાળમાં મગરુર સયાજીરાવ ગાયકવાડે છાણી ગામને "છાણી દીક્ષાની ખાણી"ના બિરુદથી નવાજેલ.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૧૮ પાષાણ પ્રતિમાઓ, ૭૮ ધાતુ પ્રતિમાઓ તથા ૩ રત્નની પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૧૮ પાષાણ પ્રતિમાઓ, ૬૩ ધાતુ પ્રતિમાઓ તથા ૨ સ્ફટિક પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ લલ્લુભાઈ જમનાદાસ તેનો વહીવટ કરતા હતા. એક જ્ઞાનમંદિરનો ઉલ્લેખ થયેલ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

ઉપર્યુક્ત સંદર્ભોને આધારે જિનાલયનો સમય સં. ૧૯૬૩ પૂર્વેનો અંદાજી શકાય છે.

• • •

## ગામ : છાણી તાલુકો : વડોદરા

### ૨. શ્રી કુંથુનાથ પ્રભુનું ગૃહ ચૈત્ય (સં. ૧૯૪૪)

વડોદરાથી ૭ કિ. મી.ના અંતરે છાણી ગામમાં કોઠારી ફળિયામાં પ્રવેશતાં આપણી જમણી બાજુ આવેલા પહેલા મકાનમાં ઉપરના માળે મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનનું ધાબાબંધી, આરસપહાણયુક્ત, બે માળનું ઘરદેરાસર આવેલ છે.

૧૭ પગથિયાં ચઢતાં નાનો દરવાજો આવે છે, જ્યાંથી દેરાસરમાં પ્રવેશ થાય છે. સીડી ચઢતાં બે બાજુ સુંદર ડિઝાઈન કરી અરીસા જડેલા છે.

કાચ પર ચિત્રકામ કરી રંગમંડપમાં દિવાલ પર ફ્રેમથી જડેલાં છે તેમજ તીર્થંકર પરમાત્માના જીવનચરિત્રના અંશો, ઐતિહાસિક પ્રસંગો તેમજ વિવિધ તીર્થપટ જોવા મળે છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનની ૧૯" ની પાષાણ પ્રતિમા બિરાજે છે. ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૭ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. ભગવાનની પાછળ દિવાલ પર ભામંડલ, ફૂલ વરસાવતી પરી તેમજ ફૂલની ડિઝાઈનનું ચિત્રકામ કરેલ છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પરના લેખ મુજબ વિ. સં. ૧૬૭૦ના વૈશાખ સુદ ૩ના રોજ શ્રી વિજયસેનસૂરીશ્વરજી મ. સા. દ્વારા પ્રતિષ્ઠા કરાવ્યાનું લખાણ વાંચી શકાય છે. શ્રી

સંભવનાથ ભગવાનની પ્રતિમા પર સં. ૧૬૬૧ સ્પષ્ટ વાંચી શકાય છે.

૧૪ પગથિયાં ચઢતાં મકાનના ઉપરના ત્રીજા માળે પણ દેરાસર આવેલ છે, જેમાં ચારે બાજુ ખુલ્લી જગ્યામાં રંગમંડપ તેમજ વચ્ચે ઓરડીમાં સમવસરણ બનાવીને ચાર દ્વારવાળા ગભારામાં ચૌમુખજી શ્રી આદિનાથ, શ્રી વિમળનાથ, શ્રી અજિતનાથ તથા શ્રી ધર્મનાથ ભગવાનની ૫" ની ધાતુની પ્રતિમાઓ બિરાજમાન છે. રંગમંડપમાં તીર્થંકર પરમાત્માના જીવનચરિત્ર દર્શાવતા અંશો, ઐતિહાસિક પ્રસંગો, વિવિધ તીર્થપટ છે.

દેરાસરનો જીર્ણોદ્ધાર થયેલ છે તેમજ ફાગણ સુદ ૫ ના રોજ વર્ષગાંઠ તિથિ આવે છે. રૂબરૂ મુલાકાત દરમિયાન દેરાસરની પ્રતિષ્ઠાની કંકોત્રી જોવા મળેલ, જેનું લખાણ નીચે મુજબ છે.

''શ્રી જિનાય નમઃ !

સ્વસ્તિ શ્રી મહાશુભસ્થાને પુજારાધે દેવગુરુ ભગતોકારક શ્રી જિન. આજ્ઞા પ્રતિપાલક મહામંત્ર સમારાધક શેઠજી સાહેબ શેઠ. . . . . વગેરે

શ્રી છાણીથી શીવલાલ પરષોત્તમદાસના પ્રણામ વાંચશોજી. વિનંતી વિશેષ કે અત્રે શ્રી સત્તરમા કુંથુનાથજી મહારાજને લખતે બીરાજવા સારુ નવીન દેરાસર તઈઆર કરાવ્યું છે. તેનું શુભ મહુરત સંવત ૧૯૪૪ના ફાગણ સુદી ૫ શુકરવારના સવારના ૭ ને ૨૧ મિનિટે પધારવાના છે તે સંબંધી ઓચ્છવનો વરઘોડો ફાગણ સુદી ૪ ગુરુવારનો છે માટે આપ સાહેબો સહકુટુંબ સહિત ફાગણ સુદ ૩ બુધવારે અત્રે પધારશોજી. આપ સર્વે સાહેબોના પધારવાથી શ્રી જિનશાસનની ઉન્નતિ વિશેષ થશે. એ જ અરજ સંવત ૧૯૪૪ના . . . . . . . . . . . .
. . . . . વાર

લી. સેવક . . . . . . . . . . . . . ."

## ઐતિહાસિક સંદર્ભ

સંવત ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. સંવત ૧૯૪૪માં આ ઘરદેરાસર બંધાવ્યાનો ઉલ્લેખ છે.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૧૧ ધાતુ પ્રતિમાઓ હતી. શેઠ બાપુલાલ શીવલાલે સં. ૧૯૪૪માં આ ઘરદેરાસર બંધાવ્યું હતું. કેસરીચંદ નગીનદાસ બાપુલાલ તેનો વહીવટ કરતા હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

આ જિનાલયનો સમય સં. ૧૯૪૪નો છે.

• • •

## ગામ : છાણી તાલુકો : વડોદરા

### ૩. શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય ( સં. ૨૦૫૦ )

છાણી ગામમાં અમીનગર સોસાયટીમાં એક શિખર ધરાવતું નૂતન જિનાલય આવેલું છે.

બાહ્ય પ્રવેશદ્વાર કલાત્મક રંગીન બનાવેલ છે જેની ઉપર ધર્મચક્ર છે તથા નૃત્ય કરતી બે સ્ત્રીઓની કૃતિ છે. આગળ વધીને ૧૦ પગથિયાં ચઢીને રંગમંડપમાં પ્રવેશ થાય છે. અહીં ભોંયરામાં જવાનો માર્ગ છે પણ ત્યાં કોઈ પ્રતિમાજી નથી. ત્રણેય બાજુ પ્રવેશદ્વાર ધરાવતાં રંગમંડપમાં સ્તંભો છે જેની ઉપર નૃત્ય કરતી અને વાજિંત્ર વગાડતી સ્ત્રીઓની કૃતિ છે. ગર્ભગૃહ પાસે ગોખલામાં યક્ષ-યક્ષિણીની આરસની પ્રતિમાઓ છે તથા બે બાજુના દ્વાર પર શ્રી શત્રુંજય અને શ્રી ગિરનાર તીર્થના નાના પટ છે. રંગમંડપમાં દિવાલ પર પ્રશસ્તિ લખેલ છે જે નીચે મુજબ છે.

"વિ. સં. ૨૦૫૦ વીર સં. ૨૫૨૦ તા. ૧૫-૬-૯૪ જેઠ સુદ ૬ બુધવારે પ. પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજીના શિષ્ય કે જેઓ છાણીના છે પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. આ. શ્રી વારિષેણસૂરીશ્વરજી મ. સા.ના વરદ હસ્તે પ્રતિષ્ઠા થયેલ છે. "

કાષ્ઠમાં કોતરણીવાળા ત્રણ ગર્ભદ્વાર ધરાવતાં ગભારામાં પાષાણની ચૌમુખી પ્રતિમા ૨૧" ની બિરાજમાન છે. જેમાં મૂળનાયક (૧) શ્રી વાસુપૂજ્યસ્વામી, (૨) શ્રી મુનિસુવ્રતસ્વામી, (૩) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ અને (૪) શ્રી શાંતિનાથ ભગવાન બિરાજે છે. આ ચૌમુખી પ્રતિમા પર અશોકવૃક્ષ છે તથા સુંદર આરસનું રંગીન પરિકર પણ છે. આ ઉપરાંત અન્ય કોઈ પાષાણ પ્રતિમા નથી. ૨ ધાતુ પ્રતિમાઓ છે. પ્રતિમાજીની પ્રતિષ્ઠા વડોદરા નિવાસી શેઠ શ્રી આશાભાઈ સોમાભાઈ પટેલના હસ્તે કરવામાં આવેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ જેઠ સુદ ૬ના દિવસે ચઢાવો બોલીને ધ્વજા ચઢાવવામાં આવે છે. તે દિવસે પ્રભાવના થાય છે અને જમણવાર પણ કરવામાં આવે છે.

જિનાલયનો નિર્માણ સમય સં. ૨૦૫૦નો નિશ્ચિત થાય છે.

• • •

## ગામ : બીલ તાલુકો : વડોદરા

### ૪. શ્રી મહાવીરસ્વામીનું ગૃહ ચૈત્ય ( સં. ૨૦૩૯ )

વડોદરાથી ૧૨ કિ. મી.ના અંતરે આવેલ બીલ ગામની બજારમાં શ્રી વસંતલાલ મનસુખલાલના મકાનમાં શ્રી મહાવીરસ્વામીનું ગૃહમંદિર ઉપરના માળે આવેલ છે.

લાંબા મોટા ઓરડાના ખૂણામાં એક નાની ઓરડીમાં ચાંદીથી મઢેલ દેરાસર પધરાવેલ છે. પબાસનની આગળના ભાગમાં મહાવત સહિતની બે હાથીની કૃતિ છે. મૂળનાયક શ્રી

મહાવીરસ્વામીની ધાતુ પ્રતિમા ૯" ની તેમજ એક સિદ્ધચક્રજી બિરાજમાન છે જેના પબાસન નીચે ચૌદ સ્વપ્ન અંકિત કરેલ છે. તેમજ ઉપર નારીશિલ્પો અને પરીઓની કૃતિ છે તથા ભરૂચ જિલ્લાના અંગારેશ્વર ગામના ઘરદેરાસરમાંથી છત્રી લાવવામાં આવેલ છે.

પરિવારની એક દીકરીના દીક્ષા પ્રસંગે સં. ૨૦૩૯ના વૈશાખ સુદ ૧૧ ને રવિવારે તા. ૨૨-૫-૧૯૮૩ના રોજ ભગવાનને પાદરાથી લાવીને અત્રે ગૃહમંદિરમાં પ્રવેશ કરાવેલ છે.

ગામમાં હાલ બે જ જૈન કુટુંબો રહે છે. છેલ્લા ૫૦ વર્ષમાં ગામમાંથી એક વ્યક્તિએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

આ જિનાલયનો સમય સં. ૨૦૩૯નો છે.

• • •

## ગામ : વરણામા તાલુકો : વડોદરા

### ૫. શ્રી વિઘ્નહર પાર્શ્વનાથનું ગૃહ ચૈત્ય ( સં. ૨૦૩૯ )

વડોદરાથી ૧૮ કિ. મી.ના અંતરે આવેલ વરણામા ગામમાં પાણીની ટાંકીથી જમણી બાજુ થોડું અંતર કાપતાં મૂળનાયક શ્રી વિઘ્નહર પાર્શ્વનાથનું બે માળનું, ધાબાબંધી, ઘરદેરાસર આવેલ છે.

૩ પગથિયાં ચઢતાં જાળી તથા બારણામાંથી પ્રવેશ થાય છે ત્યાંથી જમણી બાજુ ૧૪ પગથિયાં ચઢતાં નાના રૂમમાં આ દેરાસર છે જ્યાં ફર્શ ગાલીચા ટાઈલ્સની છે.

નાના પબાસન, સુંદર ડિઝાઈનની નાનકડી પાટ પર મૂળનાયક શ્રી વિઘ્નહર પાર્શ્વનાથની ૫" ની ધાતુ પ્રતિમા બિરાજમાન છે. તેની પાછળ છોડ, મસ્તકની ઉપર ચાંદીના ત્રણ છત્ર છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"સ્વસ્તિ શ્રી અમદાવાદ નગરે સં. ૨૦૩૮ વૈ. સુ. ૩ સાબરમતી નિવાસી પ્યારીબેન જુહારમલ (બેડાવાળા) એ શ્રી પાર્શ્વનાથ જિનબિંબ ભરાવેલ છે."

દેરાસરની સ્થાપના વિ. સં. ૨૦૩૯માં થયેલ જેની પ્રતિષ્ઠા શ્રી અશોકસાગરજી મ. સાહેબે કરાવેલ. પ્રતિષ્ઠાનો લાભ જયંતિલાલ, રમેશચંદ્ર, નટવરલાલે લીધેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ વદ ૧૩ છે. દેરાસરનો વહીવટ શ્રી વરણામા જૈન શ્વે. મૂ. પૂ. સંઘ વતી શ્રી ગૌતમભાઈ તથા શ્રી નટુભાઈ હસ્તક છે.

આ જિનાલયનો સમય સં. ૨૦૩૯નો છે.

• • •

## ગામ : વરણામા તાલુકો : વડોદરા

### ૬. શ્રી નીલકમલ પાર્શ્વનાથ જિનાલય ( સં. ૨૦૫૮ )

વડોદરાથી ૧૮ કિ. મી.ના અંતરે વડોદરા-મુંબઈ નેશનલ હાઈવે નં. ૮ પર મૂળનાયક શ્રી નીલકમલ પાર્શ્વનાથનું ત્રણ માળનું, શિખરબંધી, ભવ્ય દેરાસર આવેલ છે.

૧૨ પગથિયાં ચઢતાં બે બાજુ નાની ધ્વજાવાળી દેરી છે, જેમાં આચાર્ય શ્રી ધર્મસૂરીશ્વરજી તથા આચાર્ય શ્રી મહાબલસૂરીશ્વરજીની મૂર્તિ છે. પાછળ બીજી બે નાની ધ્વજાવાળી દેરી બને છે જેમાં શ્રી માણિભદ્રવીર, શ્રી ઘંટાકર્ણ મહાવીર સ્થાપિત કરવામાં આવશે.

પગથિયાં ચઢતાં ત્રણ દ્વાર તથા બે દ્વાર એમ પાંચ દ્વારનો રંગમંડપ છે. રંગમંડપમાં પ્રવેશતાં જમણી બાજુ (૧) શ્રી સીમંધરસ્વામીજી, (૨) શ્રી મહાવીરસ્વામી, (૩) શ્રી ગૌતમસ્વામીની ગણધર ગુરુમૂર્તિ, (૪) શ્રી પુંડરિકસ્વામીની ગણધર ગુરુમૂર્તિ, (૫) શ્રી પદ્માવતીજી, (૬) . . . . . . . . . . . . આમ કુલ ૬ ગોખ છે. રંગમંડપ વિશાળ છે જેનો ઘુમ્મટ નિર્મિત થઈ રહ્યો છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી નીલકમલ પાર્શ્વનાથ ભગવાનની ફણા સહિત, પરિકરયુક્ત, નીલવર્ણની ૫૧" ની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયકને ફરતી પંચતીર્થી સફેદ વર્ણની છે. મૂળનાયક ભગવાનની આજુબાજુ ૪૧" ની શ્રી નેમીનાથ ભગવાન તથા શ્રી મુનિસુવ્રતસ્વામી બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"સ્વસ્તિ શ્રી વી. સં. ૨૫૨૮ વિ. સં. ૨૦૫૮ કારતક કૃષ્ણ ૩ સોમવારે આચાર્ય શ્રી વિ. મહાબલસૂરિ ભાવનાનુસારેણ તથા પ્રેરણયા ગુર્જર વડોદરા સમીપે વરણામા ગામે શ્રી પાર્શ્વ પદ્માવતી ધર્મધામે મણિયારા (હાલ વડોદરા) વાસ્તવ્ય પૂ. પિતાશ્રી અમૃતલાલ ચીમનલાલ શાહ પૂ. માતૃશ્રી અ. સૌ. પૂંજીબેન તત્સૂત રમેશભાઈ ભાર્યા અ. સૌ. રેખાબેન પૌત્ર અક્ષય પૌત્રી અમી પરિવારેલ મૂલનાયક શ્રી નીલકમલ પાર્શ્વનાથ જિન પ્રતિમા કારિતાં પ્રતિષ્ઠિતોયં તથા આ. શ્રી પ્રતાપસૂરિ યુગદિવાકર આ. વિ. ધર્મસૂરિ કૃપયા આ. શ્રી યશોદેવસૂરિ પટ આ. શ્રી મહાનંદસૂરિભિઃ ગણિ મુનિ શ્રી મહાપ્રભવિજય આદિ યુતે વડોદરા કારેલી બાગ મુનિસુવ્રત જિન પ્રાસાદે શુભં ભવતુ. "

મુનિસુવ્રતસ્વામી ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"સ્વસ્તિ શ્રી વી. સં. ૨૫૨૮ વિ. સં. ૨૦૫૮ . . . . . . . . . ઉમલ્લા (હાલ વડોદરા) વાસ્તવ્ય પૂ. ચંપકલાલ દેવશીભાઈ શાહ શ્રેયસે પૂ. માતુશ્રી વિમળાબેન તત્સુત ડૉ. નિરંજનભાઈ રમેશભાઈ ભાર્યા અ. સૌ. સ્મિતાબેન અ. સૌ. રશ્મિબેન પૌત્ર નીરવ, પાર્થ પૌત્રી નિરાલી, ઈશિતા, . . . . . . . . . . પરિવારેણ મુનિસુવ્રત જિનબિંબ કારાપિતં પ્રતિષ્ઠિતં ચ. "

નેમનાથ ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"ગુર્જરદેશે - મુંબઈ - વાસ્તવ્ય કિશોરભાઈ ભાર્યા અ. સૌ. ચારૂમતીબેન રાજીવભાઈ, રાજેશભાઈ, પ્રશાંતભાઈ, પુત્રવધુ અ. સૌ. રેશ્માબેન, અ. સૌ. બેલાબેન મહેતા પરિવારેણ નેમિનાથ જિન પ્રતિમા કારાપિતં પ્રતિષ્ઠિતં."

ભોંયરાનું કામ બાકી છે જ્યાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની ૩૧" ની પ્રતિમા પધરાવવામાં આવશે. વળી શ્રી નાકોડા ભૈરવ, ૨૪ ભુજાના શ્રી પદ્માવતી, શ્રી અંબિકા દેવી, શ્રી પંચાંગુલી દેવી, શ્રી મહાલક્ષ્મીજી, શ્રી સરસ્વતીજીની મૂર્તિ સ્થાપિત કરવામાં આવશે. ફરતે ગોળાકારમાં ભગવાનના જીવનચરિત્રના પટ મૂકવામાં આવશે.

ઉપર શિખરમાં શ્રી આદિનાથ ભગવાનની ૩૧" ની પ્રતિમા પધરાવવામાં આવશે.

દેરાસરની સ્થાપના વિ. સં. ૨૦૫૮માં પૂ. આચાર્ય શ્રી મહાનંદસૂરીશ્વરજીની નિશ્રામાં થઈ જેનો લાભ અમરતલાલ, ચીમનલાલ, તથા પૂંજીબેને લીધેલ.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૭ છે. દેરાસરનો વહીવટ શ્રી પાર્શ્વ પદ્માવતી જૈન ધામ વતી શ્રી પ્રદીપકુમાર શાંતિલાલ શાહ, શ્રી મહેન્દ્રભાઈ રમણલાલ, શ્રી હસમુખભાઈ મણીલાલ (વડોદરા) હસ્તક છે.

વિશાળ સંકુલમાં પૂ. મહાબલસૂરિજી "જૈન ઉપાશ્રય" પૂ. સાધ્વીજી મ. "જૈન ઉપાશ્રય", જૈન ધર્મશાળા, જૈન ભોજનશાળાનું નિર્માણ થવાનું છે. સાધુ મહારાજના ઉપાશ્રય પાછળ નવગ્રહ મંદિર બનાવવાની યોજના છે.

મુખ્ય દેરાસરનું કાર્ય નિર્માણધીન છે.

આ જિનાલયનો સમય સં. ૨૦૫૮નો છે.

• • •

## ગામ : પોર તાલુકો : વડોદરા

### ૭. શ્રી પાર્શ્વનાથનું ગૃહ ચૈત્ય ( સં. ૧૨૯૩ )

વડોદરાથી ૨૦ કિ. મી.ના અંતરે પોર ગામમાં શેઠની શેરીમાં શ્રી પ્રવિણભાઈ ચીમનલાલના ઘરમાં ઉપરના માળે નાના ચોરસ છાપરાવાળા રૂમમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનનું છાપરાબંધી, સાદા પત્થરનું ઘરદેરાસર આવેલ છે.

એક ઓરડીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની ધાતુ પ્રતિમા ૨.૫" ની બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમાના લેખમાં માત્ર "સં. ૧૨૯૩ના વૈશાખ સુદી ૧૦ વંચાય છે."

આ દેરાસર આશરે ૧૦૦ વર્ષ પ્રાચીન છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૧૦ના

રેજ છે.

માત્ર ૫ જૈન કુટુંબો ધરાવતા આ ગામમાં દેરાસરની સામે એક મકાન ભાડે રાખવામાં આવેલ છે, તેનો ઉપયોગ વિહાર દરમિયાન સાધુ-સાધ્વીજી ભગવંત માટે રોકાણ અર્થે કરવામાં આવે છે.

• • •

## ગામ : કરજણ તાલુકો : કરજણ

### ૮. શ્રી નમિનાથ જિનાલય ( સં. ૧૯૯૧ )

કરજણ ગામના જુના બજાર વિસ્તારમાં મૂળનાયક શ્રી નમિનાથ ભગવાનનું ઘુમ્મટબંધી, સાદા પત્થર અને આરસપહાણનું બનેલું દેરાસર આવેલ છે.

દેરાસરના એક પ્રવેશદ્વારમાંથી રંગમંડપમાં પ્રવેશ થાય છે. જ્યાં વિવિધ તીર્થપટ અને તીર્થંકર પરમાત્માના જીવનચરિત્રને દર્શાવતાં પ્રસંગો કાચકામ, ચિત્રકામ તથા પત્થર પર ઉપસાવેલાં જોવા મળે છે. ગોખમાં ભૃકુટી યક્ષ અને ગંધારી યક્ષિણીની મૂર્તિ બિરાજમાન છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક ભગવાન શ્રી નમિનાથની પાષાણ પ્રતિમા ૨૩" ની છે. કુલ ૩ પાષાણ પ્રતિમાઓમાં બીજી શ્રી પુંડરિકસ્વામી અને ત્રીજી શ્રી પાર્શ્વનાથ ભગવાનની છે. ૫ ધાતુ પ્રતિમાઓ છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"વિ. સં. ૧૯૮૯ ફા. સુ. ૨ રવિવાસરે અણસ્તુ ગ્રામ વાસ્તવ્ય ભલાભાઈ તનુજ શિવલાલ ધર્મપત્ની . . . . . . કરજણ ગ્રામે સ્વશ્રેયાર્થે કારિતમિદં શ્રી નમિનાથ જિનબિંબં પ્રતિષ્ઠિતં ચ. શ્રી કદમ્બગિરિ તીર્થાદિ વાસ્તવ્યે શ્રી વર્ધમાનસ્વામિ પ્રાસાદે સર્વેન ચ . . . . . શ્રી શાસનસમ્રાટ સૂરિચક્રચક્રવર્તિ જગદ્ગુરુ . . . . . . . . . તપાગચ્છાધિપતિ ભટ્ટારકાચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વર પટ્ટધરાચાર્ય શ્રી વિજયોદયસૂરિભિઃ"

વિ. સં. ૧૯૯૧માં આ દેરાસરની પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે જેની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૧૦ છે. આ નિમિત્તે શ્રી નટવરભાઈ ભીખાલાલ પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે. ગામમાં આવેલ ૩ દેરાસરમાં વારાફરતી દર વર્ષે જમણવાર કરવામાં આવે છે.

નવા બજાર વિસ્તારમાં શાહ હીરાલાલ વીરચંદ આરાધના ભવન આવેલ છે જે એક માળનું છે. ગામમાં કુલ મળી શ્રાવક-શ્રાવિકાના ૨-૨ ઉપાશ્રય આવેલ છે. આત્મવલ્લભ જૈન પાઠશાળા ચલાવવામાં આવે છે. જ્ઞાનભંડારમાં ૧૦૦૦ થી ૧૨૦૦ પુસ્તકો છે જેનો લાભ સાધુ-સાધ્વીજી ભગવંત લે છે.

ગામમાં હાલ ૨૨૦ જૈન કુટુંબો રહે છે તેમજ છેલ્લા ૫૦ વર્ષમાં ગામના ૨ દીક્ષાર્થીઓએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

સૌ પ્રથમ સં. ૧૯૬૩માં પૂ. દાદા શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણાથી કરજણમાં શ્રી કુંથુનાથ ભગવાનની ધાતુપ્રતિમા શેઠ શ્રી રણછોડભાઈ વીરચંદભાઈના મકાનની ઓરડીમાં દેરાસર બનાવી પધરાવવામાં આવેલ, ત્યાર બાદ સં. ૧૯૯૧માં પૂજ્ય આચાર્ય શ્રી મોહનસૂરીશ્વરજી મ. સા.ના ઉપદેશથી પાર્વતીબેને નવેસરથી ઘુમ્મટબંધી જિનાલય બંધાવી અત્રે શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી જે આજે હયાત છે.

આ જિનાલયનો સમય સં. ૧૯૯૧નો છે.

• • •

## ગામ : કરજણ તાલુકો : કરજણ

## ૯. શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય ( સં. ૨૦૧૧ )

કરજણ ગામના બજાર વચ્ચે ડાબી બાજુ પર મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીનું ઘુમ્મટબંધી, આરસયુક્ત, બે માળનું પૂર્વાભિમુખ જિનાલય આવેલ છે.

પત્થરની જાળીવાળી બાહ્ય દિવાલથી આરક્ષિત જિનાલયમાં લોખંડના ઝાંપામાંથી પ્રવેશ કરી દસેક પગથિયાં ચઢીને મુખ્ય પ્રવેશદ્વાર આવે છે જ્યાં બે બાજુ બે નાના દ્વારપાળની આકૃતિ છે તથા સ્તંભ પર નારીની આકૃતિ છે. વળી દિવાલ પર અંબાડીયુક્ત હાથીની આકૃતિ છે.

બહાર ચોકમાં ડાબી બાજુ બે નાની દેવકુલિકાનું કામ ચાલુ છે જ્યાં શ્રી લક્ષ્મીજી, શ્રી ઘંટાકર્ણ વીર તથા શ્રી માણિભદ્રવીરની પ્રતિમાજી છે. દેરાસરની ધાબાની દિવાલ પર પ્રવેશદ્વારની ઉપરના ભાગમાં શ્રી લક્ષ્મીજી અને બે હાથીની સુંદર કૃતિ ઉપસાવેલ છે.

ત્રણ પ્રવેશદ્વાર ધરાવતા જિનાલયનો રંગમંડપ મોટો અને ભવ્ય છે. ગાલીચા જેવી સુંદર ફર્શ છે તથા દિવાલ પર ફરતે શ્રી આબુજી, શ્રી અષ્ટાપદજી, શ્રી સિદ્ધચક્રજી, શ્રી શત્રુંજય, શ્રી ગિરનાર, શ્રી સમેતશિખર, શ્રી પાવાપુરી તથા કાચથી ઉપસાવેલ શ્રી શંખેશ્વર તીર્થના સુંદર પટ છે. વળી ઘુમ્મટમાં શ્રી મુનિસુવ્રતસ્વામીના પાંચ કલ્યાણકો, અશ્વને પ્રતિબોધ, સુદર્શનાને શ્રી મુનિસુવ્રતસ્વામી દ્વારા ઉપદેશ તથા સમડી વિહારના ઐતિહાસિક પ્રસંગોને દર્શાવતાં ચિત્રો દોરેલ છે. રંગમંડપમાં આઠ થાંભલાઓ પર આઠ પૂતળીઓની સુંદર રચના છે. ગોખમાં શ્રી વરુણ યક્ષ અને શ્રી નરદત્તા યક્ષિણીની પ્રતિમા છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની ૨૭" ની, શ્યામ વર્ણની પંચતીર્થી સહિત કુલ ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૬ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

ઉપર શિખરમાં નાની ઓરડીમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૧૭" ની પાષાણ પ્રતિમા તથા ૪ ધાતુ પ્રતિમાઓ અત્રે બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"વિ. સં. ૨૪૮૦ વિક્રમ સં. ૨૦૧૦ વૈશાખ સુદી ૭ બુધવારસે શ્રી શ્રીમાળી જ્ઞાતીય

શ્રેષ્ઠી વર્ય ચરદાસસુત નાથાલાલ ભાર્યા મોઘીબાઈ ઇત્યાદિ શ્રી શાંતિનાથ બિંબ પ્રતિષ્ઠિતં તપાગચ્છીય પૂજ્ય વિજયમોહનસૂરિ પટ્ટા. વિજયપ્રતાપસૂરી પટ્ટા. વિજયધર્મસૂરિ પાલેજ નગરે."

વિ. સં. ૨૦૧૧માં આ જિનાલયની પ્રતિષ્ઠા થયેલ છે, જેની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૭ આવે છે. આ નિમિત્તે સંઘ તરફથી ફાળો એકઠો કરી જમણવાર કરવામાં આવે છે તેમજ લ્હાણું આપવામાં આવે છે અને શાહ ભીખાજી નથ્થજી (કાછોલીવાળા) પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

આજ વિસ્તારમાં શ્રાવક-શ્રાવિકાઓનાં ૨ ઉપાશ્રય-આરાધના ભવન આવેલ છે તેમજ ઉપાશ્રયમાં શ્રી આત્મવલ્લભ જૈન પાઠશાળા ચાલે છે.

દેરાસરની પ્રશસ્તિ આ મુજબ છે.

''શ્રી મુનિસુવ્રતસ્વામી જિનપ્રાસાદ કરજણ-મિયાંગામમાં વસતા શ્વે. મૂ. પૂ. તપાગચ્છીય જૈન સકલ સંઘની આર્થિક સહાયથી બંધાવ્યો છે અને તે જિનપ્રાસાદમાં વીર સંવત ૨૪૮૧ વિક્રમ સંવત ૨૦૧૧ના વૈશાખ સુદ ૭ના ગુરુવારે તપાગચ્છીય પૂ. આચાર્ય શ્રી વિજય-મોહનસૂરીશ્વરજી મ. સા.ના પટ્ટાલંકાર પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ વિ. મુનિમંડલની શુભ નિશ્રામાં શ્રી મુનિસુવ્રતસ્વામી, શ્રી આદિનાથ, શ્રી મહાવીરસ્વામી, શ્રી શાંતિનાથ પ્રભુને ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ, અરિહંત ભગવંતનું મહાપૂજન, અષ્ટોત્તરી મહાસ્નાત્ર વગેરે વિધિ વિધાનપૂર્વક ગાદીનશીન કરવામાં આવ્યા છે. મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી શાહ હીરાલાલ વીરચંદના માતૃશ્રી મંછાબહેનના સ્મરણાર્થે તેમના સુપૌત્રો કાંતિલાલ હીરાલાલ તથા કેસરીચંદ નગીનદાસ તથા ઇંદુલાલ દલસુખભાઈએ મળી બિરાજમાન કર્યા છે. વીર સં. ૨૪૮૧ વિ. સં. ૨૦૧૧ વૈશાખ સુદ ૭."

આ જિનાલયનો સમય સં. ૨૦૧૧નો છે.

• • •

## ગામ : કરજણ તાલુકો : કરજણ

### ૧૦. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ( સં. ૨૦૫૦ )

કરજણ ગામમાં વર્ધમાન સોસાયટીમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું શિખરબંધી, આરસયુક્ત, ચૌમુખી પ્રતિમાવાળું જિનાલય આવેલ છે.

રંગકામ કરેલ જાળીવાળા પ્રવેશદ્વારમાંથી જિનાલયમાં પ્રવેશ થાય છે. પ્રવેશદ્વારની ઉપર પૂતળીઓ છે. પગથિયા પર બે બાજુ રંગકામ કરેલ હાથીની આકૃતિ જોવા મળે છે.

ત્રણ પ્રવેશદ્વારમાંથી રંગમંડપમાં પ્રવેશ થાય છે જ્યાં બહારની દિવાલ પર લેખ લખેલ છે.

"શ્રી શંખે. પાર્શ્વ. પ્રભુનું ચૌમુખી જિનાલય કરજણ જૈન શ્રી સંઘની જિનદાસ

ધર્મદાસની પેઢીએ કર્યું છે. વિ. સં. ૨૦૫૦ ફાગણ સુ. ૨ તા. ૧૪-૩-૯૪ સોમવારના રોજ મૂ.ના. શ્રી શંખે. પાર્શ્વ. તથા પરિવારની પ્રતિષ્ઠા થઈ. "

રંગમંડપમાં સુંદર રંગકામ જોવા મળે છે. થાંભલા ઉપર ચામર, ફૂલમાળા તથા વાજિંત્ર લઈને ઊભેલ રંગીન નારીશિલ્પ જોવા મળે છે. ઘુમ્મટમાં પણ રંગીન કોતરણી છે. બે બાજુ ગોખલામાં શ્રી ગૌતમસ્વામીની આરસ પ્રતિમા, શ્રી પાર્શ્વનાથ પ્રભુની ધાતુ પ્રતિમા બિરાજમાન છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુના ગોખની બાજુમાં અધિષ્ઠાયક દેવ શ્રી પાર્શ્વ યક્ષ અને સામે શ્રી પાર્શ્વ પદ્માવતીની આરસની પ્રતિમા બિરાજમાન છે.

સામે એક ગર્ભદ્વાર (ચાર પ્રતિમા- દરેકની સામે દ્વાર)વાળો ગભારો છે. ગર્ભદ્વારની બે બાજુ ગોખલામાં કાઉસગ્ગ મુદ્રામાં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પ્રભુની શ્યામ વર્ણની બે પાષાણ પ્રતિમાઓ છે. ગભારામાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની ૨૫" ની ચૌમુખજી પાષાણ પ્રતિમા છે જેમાં (૧) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, (૨) શ્રી મહાવીરસ્વામી, (૩) શ્રી નેમનાથ તથા (૪) શ્રી આદીશ્વર પ્રભુની પ્રતિમા બિરાજમાન છે. ઉપરાંત ૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૦માં દેરાસરની સ્થાપના થયેલ છે જેની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૨ના દિવસે આવે છે. આ નિમિત્તે સંઘ તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે અને શ્રી સંઘ જમણ દર ત્રણ વર્ષે એકવાર કરવામાં આવે છે.

દેરાસરની બાજુમાં જ શ્રીમતી જશોદાબેન હીરાલાલ બાપુલાલ શાહ આરાધના ભવન આવેલ છે જ્યાં પાઠશાળા પણ ચાલે છે.

આ જિનાલયનો સમય સં. ૨૦૫૦નો છે.

• • •

## ગામ : મીયાગામ તાલુકો : કરજણ

### ૧૧. શ્રી શાંતિનાથ જિનાલય ( સં. ૧૮૫૧ )

કરજણ તાલુકાથી ૩ કિ. મી.ના અંતરે આવેલા મીયાગામમાં શ્રી શાંતિનાથ ભગવાનનું શિખરબંધી દેરાસર આવેલ છે.

સૌ પ્રથમ દ્વારમાં પ્રવેશતાં આગળ જ ઉપાશ્રય આવે છે. પછી નાના બારણામાંથી પ્રવેશતાં મોટો ચોક આવે છે. ચોકમાં પૂ. શ્રી ઉદયરત્નસૂરીશ્વરજીનાં પગલાં પ્રતિષ્ઠિત કરેલ છે. વળી એક કુલિકામાં આરસની પીઠિકા અને છત્રીમાં શ્રી મહાલક્ષ્મી માતાની પ્રતિમા પ્રતિષ્ઠિત કરેલ છે જેની પાછળના ભાગમાં દેરાસરનું મુખ્ય પ્રવેશદ્વાર છે, પરંતુ હાલ તે દ્વાર બંધ જ રાખવામાં આવે છે.

ચોકમાંથી દસેક પગથિયાં ચઢીને દેરાસરને ત્રણ બાજુ ત્રણ કાષ્ઠના બનેલા દરવાજા છે જ્યાંથી રંગમંડપમાં પ્રવેશતાં રંગીન થાંભલા નજરે પડે છે. અહીં બે થાંભલા પર કાચથી

દ્વારપાળની કૃતિ ઉપસાવેલ છે. રંગમંડપમાં શ્રી પાવાપુરી, શ્રી શત્રુંજય, શ્રી ગિરનાર આદિ તીર્થના ચિત્રિત પટ છે. કાચથી ઉપસાવેલ શ્રી સિદ્ધચક્રજીનો પટ પણ છે. રંગમંડપમાં ઘણા ખાલી ગોખલા છે. કહે છે કે ત્યાંથી પ્રભુજીની પ્રતિમા ગામની નજીકમાં જ આવેલ સુમેરૂ તીર્થમાં બિરાજમાન કરેલ છે. ગભારાની બહાર બે ગોખલામાં અધિષ્ઠાયક દેવ-દેવીની પ્રતિમાજી છે.

પીત્તળની જાળીવાળા એક ગર્ભદ્વારની બારસાખ રંગીન છે. ગભારામાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની આરસ પ્રતિમા ૨૫" ની બિરાજમાન છે. ૫ પાષાણ પ્રતિમાઓ તથા ૪ ધાતુ પ્રતિમાઓ છે. ૪ જોડ આરસનાં પગલાં પણ છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખ નીચે મુજબ છે.

"સંવત ૧૮૫૧ વર્ષે વૈશાખ સુદ ૬ તીથૌ ચંદ્રે તપાગચ્છે શ્રી વિજયજિનેન્દ્રસૂરિ રાજ્યે શ્રી મહ્યાનગર વાસ્તવ્ય શ્રીમાલી જ્ઞાતીય વૃદ્ધ શાખાયાં શ્રેષ્ઠિ સોમાલજી. . . . . . . "

આ જ દેરાસરના પરિસરમાં આવેલ મોટા ભોંયરામાં શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનની ઊંચી પ્રતિમા બિરાજમાન હતી, જે હાલ સુમેરૂ તીર્થમાં મૂળનાયક તરીકે બિરાજમાન છે.

ચોકમાં આવેલ ઉપાશ્રયમાં શ્રી માણિભદ્રવીરની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. પૂ. ઉદયરત્ન મહારાજ સાહેબ અહીં કાળધર્મ પામેલ અને તેમના દેહનો અગ્નિસંસ્કાર ગામ બહાર એક તળાવ પાસે કરવામાં આવેલ, જે સ્થાને તેઓનાં પગલાં પણ સ્થાપિત કરવામાં આવેલ પરંતુ હાલ ત્યાંથી લાવીને અહીં દેરાસરના પરિસરમાં પધરાવવામાં આવેલ છે.

વિ. સં. ૨૦૨૯માં જીર્ણોદ્ધાર થયેલ આ દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૬ છે. શેઠ શ્રી ઝવેરચંદ નેમચંદ પરિવારના સભ્યો દર વર્ષે ધ્વજા ચઢાવે છે તથા લાડવાની પ્રભાવના પણ કરવામાં આવે છે.

પ્રાચીન સમયમાં મહ્યાનગર નામથી પ્રચલિત આજના મિયાગામમાં હાલ માત્ર ૪ જૈન કુટુંબોની વસ્તી છે. ગામમાંથી છેલ્લા ૫૦ વર્ષમાં ૫ થી ૬ બહેનોએ દીક્ષા ગ્રહણ કરેલ છે. ગામમાં અન્ય જિનાલયો પણ હતાં પરંતુ હાલ એક પ્રતિમા રાખી, ત્યાંની બીજી બધી જ પ્રતિમાઓ ગામની નજીક બનેલ શ્રી સુમેરૂ તીર્થમાં પધરાવવામાં આવેલ છે.

## ઐતિહાસિક સંદર્ભ

સંવત ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૩૪ પાષાણ પ્રતિમાઓ તથા ૯ ધાતુ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૩૪ પાષાણ પ્રતિમાઓ તથા ૯ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે સંવત ૧૮૫૧માં દેરાસર બંધાવ્યાનો ઉલ્લેખ છે. શેઠ સોમચંદ કસ્તુરચંદ તેનો વહીવટ કરતા હતા. મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખની સંવત ૧૮૫૧ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

આ જિનાલયનો સમય સં. ૧૮૫૧નો છે.

## ગામ : માનપુર તાલુકો : કરજણ

### ૧૨. શ્રી અભિનંદનસ્વામીનું ગૃહ ચૈત્ય ( સં. ૧૯૮૩ )

કરજણ તાલુકાથી ૧૦ કિ. મી.ના અંતરે આવેલ માત્ર એક જ જૈન કુટુંબની વસ્તી ધરાવતા માનપુર ગામમાં શ્રી અભિનંદનસ્વામીનું છાપરાબંધી, સાદા પત્થરયુક્ત ઘરદેરાસર આવેલ છે.

એક ગર્ભદ્વારયુક્ત ગભારામાં મૂળનાયક શ્રી અભિનંદનસ્વામીની ધાતુ પ્રતિમા ૭" ની છે તેમજ એક શ્રી સિદ્ધચક્રજી બિરાજમાન છે.

દેરાસરની નીચે જ એક ખંડમાં શ્રાવકનો ઉપાશ્રય આવેલ છે. ગામના રહેવાસીના જણાવ્યા મુજબ તેઓ સદર પ્રતિમાજી અન્ય કોઈ સ્થળે પધરાવી દેવા ઇચ્છુક છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. ધાતુ પ્રતિમા એક જ હતી. શ્રી સંઘે ૧૯૮૩માં આ દેરાસર બંધાવ્યાનો ઉલ્લેખ છે. માણેકલાલ હરીલાલ તેનો વહીવટ કરતા હતા. મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખની સંવત ૧૮૭૭ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

આ જિનાલયનો સમય સં. ૧૯૮૩નો છે.

• • •

## ગામ : પાછીયાપુરા તાલુકો : કરજણ

### ૧૩. શ્રી સુમતિનાથ જિનાલય ( સં. ૧૯૬૩ પૂર્વે )

કરજણ તાલુકાથી ૩૦ કિ. મી.ના અંતરે તેમજ નારેશ્વર રોડ પર પાલેજથી ૯ કિ. મી.ના અંતરે આવેલ અને ૪ જૈન કુટુંબોની વસ્તી ધરાવતા પાછીયાપુરા ગામમાં શ્રી જૈન શ્વેતાંબર સુમતિનાથ ભગવાનનું શિખરબંધી દેરાસર આવેલ છે.

લાકડાના એક પ્રવેશદ્વારમાંથી પ્રવેશતાં વિશાળ ચોક આવે છે. ચોકમાં એક બાજુ દેરાસર અને તેની બાજુમાં ઉપાશ્રય (આરાધના ભવન) આવેલ છે. ઉપાશ્રયની બહારની દિવાલ ઉપર ગોખમાં શ્રી ચક્રેશ્વરી દેવી તેમજ ઉપાશ્રયમાં ગોખમાં શ્રી માણિભદ્રવીરની મૂર્તિ બિરાજમાન છે.

કાષ્ઠના બનેલાં એક પ્રવેશદ્વારમાંથી અંદર પ્રવેશતાં આરસના રંગમંડપમાં પ્રવેશ થાય છે. જ્યાં શ્રી શત્રુંજય તીર્થ અને શ્રી સુભદ્રા સતીના જીવન પ્રસંગનો પટ છે. રંગમંડપમાં ઘુમ્મટમાં શ્રી સુમતિનાથ ભગવાનના ૩ ભવ અને ૫ કલ્યાણક ચિત્રિત કરેલાં છે. વળી છ'રી પાલિત સંઘનું પણ ચિત્રણ કરવામાં આવેલ છે. ગોખલામાં શ્રી તુંબરુ યક્ષ અને શ્રી મહાકાલી

યક્ષિણીની મૂર્તિ બિરાજમાન છે.

એક ગર્ભદ્વારવાળા ગભારાની બારસાખ સોનેરી રંગથી રંગેલ છે. પબાસનની પાછળ સોનેરી રંગથી ફૂલવેલ અને પ્રસંગો આલેખેલ છે. શ્રી સુમતિનાથ ભગવાનની ૧૯" ની પ્રતિમા સહિત ૫ પાષાણ પ્રતિમાઓ તથા ૬ ધાતુ પ્રતિમાઓ અત્રે બિરાજમાન છે. અહીં પણ ઘુમ્મટમાં રાસ રમતી નારીઓનાં સુંદર ચિત્રો દોરેલાં જોવા મળે છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પરનો મૂર્તિલેખ ઘસાઈ ગયેલ છે પરંતુ બાજુમાં શ્રી સંભવનાથની પ્રતિમા પર "સંવત ૧૬૧૯" અને અન્ય બે પ્રતિમા પર "સંવત ૧૮૫૧" વંચાય છે.

આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં. ૧૯૯૭માં થયેલ છે જેની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૧૦ છે, જે નિમિત્તે ચઢાવો બોલીને ધ્વજા ચઢાવવામાં આવે છે. જમણવાર થાય છે.

## ઐતિહાસિક સંદર્ભ

સંવત ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૭ પાષાણ પ્રતિમાઓ તથા ૧૩ ધાતુ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૫ પાષાણ પ્રતિમાઓ તથા ૬ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ નગીનદાસ બેચરદાસ તેનો વહીવટ કરતા હતા. મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખની સંવત ૧૬૬૩ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૬૩ પૂર્વેનો છે. પ્રતિમા પરના લેખને આધારે સં. ૧૬૬૩ આસપાસ પ્રતિષ્ઠા થયાનું માની શકાય તેમ છતાં નિશ્ચિત સમય નક્કી કરવા વધુ સંશોધનની જરૂર છે.

• • •

## ગામ : મોટી કોરલ તાલુકો : કરજણ

### ૧૪. શ્રી શાંતિનાથ ભગવાનનું ગૃહ ચૈત્ય ( સં. ૧૯૪૩ )

કરજણથી ૩૫ કિ. મી.ના અંતરે આવેલ મોટી કોરલ ગામ મધ્યે બજારમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનનું ઘુમ્મટબંધી, આરસનું, ઉત્તરાભિમુખ ઘરદેરાસર આવેલ છે.

ઊંચી દિવાલથી રક્ષિત નાનું પરિસર ધરાવતા જિનાલયના લોખંડની જાળીવાળા દરવાજામાંથી પ્રવેશતાં ત્રણ પ્રવેશદ્વારવાળા રંગમંડપમાં પ્રવેશ થાય છે. આરસની ફર્શ તથા દિવાલ પર અરીસા જડેલા છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે ૯" ની શ્રી શાંતિનાથ ભગવાનની પાષાણ પ્રતિમા પરિકર સહિત અને ૪ ધાતુ પ્રતિમાઓ અત્રે બિરાજમાન છે. ગભારાની દિવાલો પર સુંદર

ડિઝાઇનવાળી ચાઈનીઝ ટાઈલ્સ ચોટાડેલી છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ શ્રાવણ સુદ ૮ છે જે નિમિત્તે ગામના જૈન ભાઈઓ તરફથી ધ્વજા ચડાવવામાં આવે છે.

ગામમાં હાલ ૩ જૈન કુટુંબોની વસ્તી રહે છે.

**વિશેષ નોંધ :**-આ જિનાલય આશરે વિ. સં. ૧૯૫૦માં બંધાયેલ છે જે ૧૦૮ વર્ષ પ્રાચીન છે. આ દેરાસર પહેલાં કાષ્ઠનું હતું જે ઈ. સ. ૧૯૭૦માં નર્મદાનું પુર આવવાથી બેસી ગયું હતું. ત્યારબાદ જીર્ણોદ્ધાર કરાવી નવું દેરાસર બંધાયેલ છે. છપ્પનિયા કાળમાં ભગવાનની પ્રતિષ્ઠા થઈ હતી તેમ છતાં ભાવિક ભક્તો દર પૂનમે સાધલી અને દિવેર ગામથી પૂનમ ભરવા આવતા હતા.

૫૦૦ વર્ષ અગાઉ આ ગામ કુંતનપુરી નામથી પ્રચલિત હતું. હજુ આજે પણ ટેકરી પર મહેલના અવશેષો જોવા મળે છે. અન્ય ધર્મનાં ૫૦૦ વર્ષ પ્રાચીન મંદિરો અહીં ઊભા છે જેમાં કુબેર ભંડારી, પંચ કુબેરેશ્વર, આદિત્યેશ્વર મહાદેવ તથા આશાપુરી માતાના મંદિર મુખ્ય છે.

## ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૨ પાષાણ પ્રતિમાઓ તથા ૨ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે સંવત ૧૯૪૩માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ ચુનીલાલ નરસિંહદાસ તેનો વહીવટ કરતા હતા. એક પુસ્તક ભંડારનો ઉલ્લેખ છે. દેરાસરની સ્થિતિ સાધારણ હતી.

આ જિનાલયનો સમય સં. ૧૯૪૩નો છે.

• • •

## ગામ : સિનોર તાલુકો : સિનોર

### ૧૫. શ્રી સુમતિનાથ જિનાલય (સં. ૧૮૦૦ આસપાસ)

વડોદરા ગામથી ૬૦ કિ. મી.ના અંતરે સિનોર ગામ આવેલ છે. ગામમાં પ્રવેશતાં બજારમાં થઈને શ્રાવક વાડામાં શ્રી સુમતિનાથ ભગવાનનું બે માળનું, શિખરબંધી જિનાલય આવેલ છે.

દેરાસરના પરિસરમાં પ્રવેશતાં દેરાસરની બહાર ઓટલા પર બે બાજુ, બે દેરીમાં શ્રી ઘંટાકર્ણવીર તથા શ્રી માણિભદ્રવીરની પ્રતિમા બિરાજમાન કરેલ છે.

દેરાસરમાં ૩ પગથિયાં ચઢીને પ્રવેશ થાય છે. બહારની થાંભલીઓ પર વાજિંત્ર સાથે દેવીઓની આકૃતિ છે તથા ઉપરની બાજુ બાળકોની આકૃતિ દષ્ટિમાન થાય છે. ઉપરના ભાગમાં સુંદર ઝરૂખો તથા છત્રીની રચના છે. સુંદર કલાત્મક કોતરણીવાળા જર્મનના દરવાજાની બે બાજુ બહારના ભાગમાં દ્વારપાળની ઊભી સુંદર આકૃતિ છે. ઉપર ઝરૂખાના ભાગ પર કેટલાંક હાથી,

અશ્વ, સિંહ આદિ પશુઓની કૃતિ ઉપસાવેલ છે. મધ્યમાં દ્વારપાળ છે. મુખ્ય પ્રવેશદ્વારથી રંગમંડપમાં પ્રવેશ થાય છે.

દેરાસરના રંગમંડપમાં શ્રાવક જીવનના આચારોને પાળતાં ઐતિહાસિક દ્રષ્ટાંતોના જીવનના પ્રસંગો, તીર્થંકર પરમાત્માના ઉપસર્ગો, જીવનચરિત્રને દર્શાવતા આશરે ત્રીસેક પટ તથા તીર્થના પટ છે જેમાં શ્રી સમેતશિખર, શ્રી તારંગા, શ્રી શત્રુંજય, શ્રી ચંપાપુરી, શ્રી પાવાપુરી, શ્રી અષ્ટાપદ તથા શ્રી ભોપાવર છે. વળી અહીંથી ભોંયરામાં જવાનાં પગથિયાં છે જ્યાં કાષ્ઠનો કોતરણીવાળો દરવાજો છે.

૩ ગર્ભદ્વારવાળા ગભારામાં ૧૫" ની મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની પ્રતિમા સહિત ૧૬ પાષાણ તથા ૨૭ ધાતુ પ્રતિમાઓ અત્રે બિરાજમાન છે.

રંગમંડપમાં આવેલ કાષ્ઠના દરવાજામાંથી ૧૨ પગથિયાં ઉતરતાં ભોંયરામાં પ્રવેશ થાય છે. જર્મન-સિલ્વરના કઠેડાના આધારે નીચે ઊતરતાં રંગમંડપમાં ઈટાલીયન ટાઈલ્સ ચોંટાડેલી દેખાય છે. નર્મદા નદીમાંથી નીકળેલ અતિ પ્રાચીન અને ચમત્કારિક એવી શ્રી આદિનાથ પ્રભુની ૩૯" ની પ્રતિમા બિરાજમાન છે જેની આજુબાજુ શ્રી મલ્લિનાથ ભગવાન અને વિશિષ્ટ પરિકરમાં શ્રી મહાવીરસ્વામીની પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૩ છે જે નિમિત્તે ચઢાવો બોલીને ધ્વજા ચઢાવવામાં આવે છે અને શ્રી સંઘસ્વામી વાત્સલ્ય થાય છે.

આ જ વિસ્તારમાં શ્રાવક શ્રાવિકાનો ૩ માળનો ઉપાશ્રય આવેલ છે. અહીં જ્ઞાનભંડાર તેમજ આયંબિલશાળા પણ છે. ગામમાં હાલ ૩૫ જૈન કુટુંબો રહે છે તેમજ છેલ્લા ૫૦ વર્ષમાં ગામની ૩ બહેનોએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

## ઐતિહાસિક સંદર્ભ

સંવત ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૨૦ પાષાણ પ્રતિમાઓ તથા ૪૬ ધાતુ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૧૯ પાષાણ પ્રતિમાઓ તથા ૨૯ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે લગભગ સંવત ૧૮૦૦માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ પ્રેમચંદ બેચરદાસ તેનો વહીવટ કરતા હતા. મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખની સંવત ૧૮૦૫ છે. એક જ્ઞાનભંડાર અને ભોંયરામાં પ્રતિમાજીનો ઉલ્લેખ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

આ જિનાલયનો સમય સં. ૧૮૦૦ આસપાસનો છે.

• • •

## ગામ : સાધલી તાલુકો : સિનોર

### ૧૯. શ્રી કુંથુનાથ જિનાલય ( સં. ૨૦૧૯ )

સિનોરથી ૨૦ કિ. મી.ના અંતરે સાધલી ગામમાં મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનનું એક શિખરવાળું, આરસયુક્ત જિનાલય આવેલું છે.

ત્રણ દરવાજા પૈકી મધ્ય દરવાજેથી ૧૫ પગથિયાં ચઢીને જિનાલયમાં પ્રવેશતાં લાંબો રંગમંડપ આવે છે જેમાં બંને બાજુ શ્રી શત્રુંજય, શ્રી સમેતશિખર, શ્રી ગિરનાર તથા શ્રી સિદ્ધચક્ર યંત્રના પટ છે. ગોખલામાં અધિષ્ઠાયક દેવ-દેવીઓની પ્રતિમાઓ બિરાજમાન છે. ઘુમ્મટના ભાગમાં આઠ દેવ-દેવીઓની આકૃતિઓ જોવા મળે છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે શ્રી કુંથુનાથ ભગવાનની ૧૩" ની અષ્ટપ્રતિહાર્ય પ્રતિમા સહિત કુલ ૪ પાષાણ પ્રતિમાઓ તથા ૧૩ ધાતુ પ્રતિમાઓ છે. પાષાણનાં પગલાં ૧ જોડ છે. હાલ દેરાસરનાં જીર્ણોદ્ધારનું કામ ચાલતું હોવાથી બધાં પ્રતિમાજી પરોણા દાખલ કરેલ છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"સ્વસ્તિ શ્રી વિક્રમ્ સં. ૧૦૭૯ વર્ષે જેઠ શુક્લ . . . . . . . . . તપાગચ્છીય. . . . . . . . "

વિ. સં. ૨૦૧૯માં આ જિનાલયની સ્થાપના થઈ હતી. આ જિનાલયની વર્ષગાંઠ તિથિ માગશર સુદ ૬ છે. તે નિમિત્તે શ્રી સંઘ તરફથી ચઢાવો બોલીને ધ્વજા ચઢાવવામાં આવે છે. જિનાલયના જીર્ણોદ્ધારનું કામ હાલ ચાલુ છે જે પૂર્ણ થયેથી આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં પુનઃપ્રતિષ્ઠા થનાર છે.

આશરે ૧૦ જૈન કુટુંબોની વસ્તી ધરાવતાં આ ગામમાં આ જ વિસ્તારમાં ધર્મવિહાર નામનો બે માળનો શ્રાવક-શ્રાવિકા બંનેના ઉપયોગ માટેનો ઉપાશ્રય આવેલ છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. મૂળનાયક તરીકે શાંતિનાથ ભગવાનની ધાતુ પ્રતિમા હતી. શ્રી સંઘે સંવત ૧૯૮૪માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ અચલદાસ ગુલાબચંદ તેનો વહીવટ કરતા હતા. મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખની સંવત ૧૮૨૨ છે. દેરાસરની સ્થિતિ સાધારણ હતી.

હાલ શ્રી કુંથુનાથ જિનાલયનો સમય સં. ૨૦૧૯નો છે તે અગાઉ શ્રી શાંતિનાથ જિનાલયનો સમય સં. ૧૯૮૪નો છે.

• • •

## ગામ : ડભોઈ તાલુકો : ડભોઈ

### ૧૭. શ્રી શાંતિનાથ જિનાલય ( સં. ૧૯૩૧ )

ડભોઈ ગામમાં મોદીની શેરીમાં જુના શ્રી શાંતિનાથ ભગવાનનું ધુમ્મટબંધી, આરસનું દેરાસર આવેલ છે.

દેરાસરની જમણી બાજુ કાષ્ઠના રંગકામવાળા દરવાજામાંથી પ્રવેશતાં આશરે ૪ પગથિયાં ચઢીને ઉપર અગાશીમાં જવા માટેની સીડીનો દરવાજો તથા ડાબી બાજુના સળીયાવાળા દરવાજામાંથી ૮ કાષ્ઠના સ્તંભવાળી લાંબી શૃંગારચોકીમાં એક કાષ્ઠનું જાળીવાળું તથા બીજું એમ બે પ્રવેશદ્વારવાળો દરવાજો છે. શૃંગારચોકીમાં સામે પત્થર ઉપર પ્લાસ્ટર ઑફ પેરિસમાંથી તૈયાર કરેલ શ્રી માણિભદ્રવીરની મૂર્તિ છે જેની ઉપર સોનેરી-રૂપેરી વરખ છાપેલ છે, તેમજ અહીં શૃંગારચોકીમાં કાષ્ઠના કઠેડાની રેલીંગ વચ્ચે બેઠક તથા એક પાટ મૂકેલ છે.

આરસની ભૌમિતિક આકૃતિવાળી ફર્શ તથા પત્થર પર ફૂલ-પાનની કોતરણીમય આકર્ષક રંગોવાળી છત ધરાવતાં ગૂઢમંડપમાં પત્થરના સ્તંભો પણ રંગીન સાદી કોતરણીવાળા જોવા મળે છે. અહીં દિવાલ પર પત્થર વડે ઉપસાવેલ તથા લાલ અને સોનેરી રંગમાં જડતરથી જડેલ વિવિધ તીર્થના પટ છે જેમાં શ્રી અષ્ટાપદ, શ્રી નંદીશ્વર દ્વીપ, શ્રી ગિરનારજી ટુંક, શ્રી શત્રુંજય, શ્રી સમેતશિખર તથા શ્રી તારંગાનો સમાવેશ થાય છે. ધુમ્મટમાં ચારે બાજુ સુંદર કાચની લટકતી હાંડીઓ જોવા મળે છે.

૩+૧ ડાબી બાજુ કાષ્ઠના એમ મળી કુલ ૪ ગર્ભદ્વાર ધરાવતાં ગભારમાં ૧૧" ની મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા સહિત ૧૭ પાષાણ પ્રતિમાઓ જેમાં ૨ કાઉસગ્ગ મુદ્રામાં તથા ૩૦ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

આ દેરાસરનો જીર્ણોદ્ધાર થયેલ છે. વર્ષગાંઠ તિથિ માગશર સુદ ૫ છે.

દેરાસરમાં વરસાદના પાણીના સંગ્રહ માટે ૨ ટાંકા, ૧ કુવો છે જેમાંથી જરૂર મુજબ પાણી વાપરવામાં આવે છે.

#### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૧૬ પાષાણ પ્રતિમાઓ તથા ૨૪ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર સંવત ૧૯૩૧માં બંધાવ્યું હતું.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૧૭ પાષાણ પ્રતિમાઓ તથા ૨૭ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ જેઠાલાલ બાપુલાલ તેનો વહીવટ કરતા હતા. દેરાસરની સ્થિતિ સાધારણ હતી.

આ જિનાલયનો સમય સં. ૧૯૩૧નો છે.

# ગામ : ડભોઈ તાલુકો : ડભોઈ

## ૧૮. શ્રી શામળા પાર્શ્વનાથ જિનાલય

ડભોઈ ગામમાં જૈન વાઘા વિસ્તારમાં શામળાજીની શેરીમાં ઘુમ્મટબંધ, આરસનું, ૨ માળનું, ભોંયરા સહિત શ્રી શામળા પાર્શ્વનાથજીનું જિનાલય આવેલું છે.

શેરીમાં ડાબી બાજુના પ્રવશેદ્વારમાંથી આશરે ૪ પગથિયાં ચઢતાં જિનાલયના પ્રાંગણમાં પ્રવેશ થાય છે જ્યાં જમણી બાજુ ઑફિસ આવેલી છે. ૯ પગથિયાં ચઢતાં ખુલ્લો ચોક આવે છે જ્યાં હીરવિજયસૂરીનાં પગલાંની દેરી, સંઘ સ્થાપિત પેઢીની નવી ઑફિસ, કેસર—સુખડની રૂમ આવેલ છે.

જમણી બાજુથી જિનાલયની લાંબી શૃંગારચોકીમાં પ્રવેશ થાય છે જ્યાં ૮ પત્થરના રંગકામવાળા સ્તંભો આવેલા છે. જિનાલયમાં પ્રવેશ માટેના ૩ દ્વાર આવેલ છે જે પૈકી મુખ્ય દ્વાર પત્થરની બારસાખવાળું બે બાજુ દ્વારપાળના શિલ્પ સહિતનું છે. પત્થરની ફૂલ કારીગરીવાળી રંગકામ કરેલી કમાનો તેમજ એક બાજુ બે મોટા અરીસા આવેલાં છે.

મુખ્ય પ્રવેશદ્વાર કાષ્ઠ ઉપર પિત્તળજડિત તેમજ આજુબાજુના બે દ્વાર કાષ્ઠના સાદી કોતરણીવાળા છે. રંગમંડપમાં આરસના કોતરણીમય સ્તંભો ઉપર પત્થરના વાજિંત્રો વગાડતાં રંગીન નારીશિલ્પો છે તેમજ વચ્ચેની ચોકીમાં મોટું ઝુમ્મર અને આજુબાજુ કાચની હાંડીઓ લટકાવેલ છે. વળી કાચના દ્વારવાળા એક ગોખલામાં સોનેરી રંગકામયુક્ત શ્રી માણિભદ્રવીરની કાષ્ઠની મૂર્તિ તથા શ્રી ચક્રેશ્વરી દેવીની આરસ પ્રતિમા છે. વળી, આરસના ગોખલામાં શ્રી ગૌતમસ્વામીની આરસ પ્રતિમા, શ્રી ધરણેન્દ્ર દેવની આરસ પ્રતિમા તથા દક્ષિણાવર્ત શંખ બિરાજમાન છે. તદુપરાંત ગોખલામાં શ્રી પદ્માવતી દેવી, શ્રી યશોવિજયજી મ. સા. ની આરસ પ્રતિમા બિરાજમાન છે.

૩ ગર્ભદ્વારવાળા ગભારા પૈકી મુખ્ય ગભારામાં ૩૯" ની મૂળનાયક શ્રી શામળા પાર્શ્વનાથની પ્રતિમા બિરાજમાન છે તેમજ બંને બાજુ ગભારે શ્રી નેમનાથ ભગવાન બિરાજમાન છે. જિનાલયમાં ૨૫ પાષાણ પ્રતિમાઓ (જેમાં ૨૧ પદ્માસન, ૪ કાઉસગ્ગ મુદ્રામાં), ૩૫ ધાતુ પ્રતિમાઓ (જેમાં ૮ ચાંદીના) તથા ૧ જોડ પગલાં બિરાજમાન છે.

ગૂઢમંડપમાં જમણી બાજુથી ૧૪ પત્થરના પગથિયાં ઊતરતાં ભોંયરું આવે છે જેના એક દ્વારમાંથી પ્રવેશતાં આપણી ડાબી બાજુ જર્મન-સિલ્વરના સળિયાવાળી જાળીના ગભારામાં ૩૫" ની મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૪ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. પ્રભુની જમણી બાજુ આરસનો માતૃકા પટ તેમજ ડાબી બાજુ આરસનો ૨૦ તીર્થંકર પટ દિવાલમાં જડેલા છે.

આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયેલ છે તેમજ વર્ષગાંઠ તિથિ માગશર સુદ ૬ છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. અહીં ૨૮ પાષાણ પ્રતિમાઓ ૭૧ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ નગીનદાસ દોલતરામ તેનો વહીવટ કરતા હતા. વિશાળ દેરાસરમાં એક ધાતુની ગુરુમૂર્તિ તથા ભોંયરામાં પ્રતિમાજીનો ઉલ્લેખ છે. દેરાસરની સ્થિતિ સાધારણ હતી.

• • •

## ગામ : ડભોઈ તાલુકો : ડભોઈ

### ૧૯. શ્રી શાંતિનાથ જિનાલય

ડભોઈ ગામમાં લોઢણ પાર્શ્વનાથજીના ખાંચામાં પંડ્યા શેરીના નાકે ઘુમ્મટબંધ, આરસ-પત્થરયુક્ત શ્રી શાંતિનાથ જિનાલય આવેલ છે.

શેરીમાં ચોકની મધ્યમાં લોખંડના ઝાંપામાંથી આશરે ૫ પગથિયાં ચઢતાં કાષ્ઠના પ્રવેશદ્વારવાળી શૃંગારચોકીમાં પ્રવેશ થાય છે. અહીં ફર્શમાં આરસ તથા છતમાં પત્થરમાં ઉપસાવેલ ફૂલ-વેલની રંગીન કારીગરી છે તેમજ કાષ્ઠના ૮ સ્તંભો આવેલ છે. ડાબી બાજુ અગાસીમાં જવા માટે સીડી આવેલી છે.

પીત્તળથી મઢેલા પ્રવેશદ્વારમાંથી ગૂઢમંડપમાં પ્રવેશ થાય છે જ્યાં સામી બાજુની દિવાલ પર વિવિધ તીર્થપટ વિવિધ રંગોમાં શોભાયમાન છે જેમાં શ્રી અષ્ટાપદ, શ્રી આબુ, શ્રી શત્રુંજય, શ્રી સમેતશિખર તથા શ્રી ગિરનાર તીર્થના પટ છે તેમજ તેની નીચેની બાજુ દેવી તથા હાથીના શિલ્પ ઉપસાવેલાં છે.

જર્મન-સિલ્વરની બારસાખ સહિત જર્મન-સિલ્વર મઢિત ૩ ગર્ભદ્વાર પૈકી મુખ્ય ગર્ભદ્વારના ગભારા મધ્યે ૨૧" ની શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. ડાબા ગભારે શ્રી મહાવીરસ્વામી અને જમણા ગભારે શ્રી ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમાઓ બિરાજમાન છે. આ ઉપરાંત ૧૦ પાષાણ પ્રતિમાઓ તથા ૧૧ ધાતુ પ્રતિમાઓ જેમાં ૧ ચાંદીની ચોવીસી બિરાજમાન છે. મુખ્ય દ્વારની આજુબાજુ ઐતિહાસિક પ્રસંગો તેમજ દ્વારપાળના શિલ્પ છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"શા. ૧૯૨૧, સં. ૧૭૮૬ પ્ર. માઘ સુ. ૧૩ ગુરવાસરે અચલગચ્છે કચ્છદેશે કાંગરાના વાઉશવંશાલ . . . . . . . . ગોત્રે સા. શ્રી નાયકમણસ ભાર્યા બાહીરબાઈ કુક્ષે પુત્રરત્ન સા. શ્રી કેશવજી પાદલીપ્ત . . . . . . . "

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૧૩ છે તે નિમિત્તે ધ્વજા ચઢાવવામાં આવે છે.

જૈન વાઘા વિસ્તારમાં શ્રાવકનો ૩ માળનો મહોપાધ્યાય યશોવિજયજી જૈન ઉપાશ્રય આવેલ છે. અહીં જ્ઞાનભંડાર, આયંબિલશાળા તેમજ આત્માનંદ જૈન પાઠશાળા આવેલ છે.

ગામમાં હાલ ૩૦૦ જૈન કુટુંબો રહે છે. છેલ્લા ૫૦ વર્ષમાં ૧૭૦ દિક્ષાર્થીઓએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. અહીં ૧૦ પાષાણ પ્રતિમાઓ તથા ૫ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે દેરાસર બંધાવ્યું હતું. શેઠ ચંદુલાલ હીંમતલાલ તેનો વહીવટ કરતા હતા. મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખની સંવત ૧૯૨૧ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

• • •

## ગામ : ડભોઈ તાલુકો : ડભોઈ

### ૨૦. શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય ( સં. ૧૯૪૦ )

ડભોઈ ગામમાં શેઠની શેરી મધ્યે મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીનું શિખરબંધી, આરસયુક્ત નૂતન જિનાલય આવેલ છે.

પત્થરમાં સુંદર કોતરણીયુક્ત કમાનવાળા મોટા દરવાજાના ઝાંપામાંથી પ્રવેશી ૧૦ પગથિયાં ચઢતાં આછી કોતરણીવાળા ૬ પત્થરનાં સ્તંભો તથા કોતરણીવાળી કમાનો ધરાવતી લાંબી શૃંગારચોકીમાં પ્રવેશ થાય છે જયાં પત્થરની કોતરણીમય બારસાખમાં મુખ્ય પ્રવેશદ્વારનું દ્વાર હાથી-ફૂલ-કુંભની કૃતિથી સુશોભિત છે. બાકીનાં ૪ પ્રવેશદ્વાર સાદા કાષ્ઠના જેમાં ૨ પ્રવેશદ્વાર મુખ્ય દ્વારની આજુબાજુ તથા ૨ પ્રવેશદ્વાર બે બાજુ ઉપર આવેલાં છે.

પ્રવેશદ્વારમાંથી પ્રવેશતાં ૨૦ સ્તંભોવાળા મોટા ગૂઢમંડપમાં પ્રવેશ થાય છે જેનો ઘુમ્મટ વિશાળ સુંદર કોતરણીમય રંગકામથી સુશોભિત છે. રંગમંડપમાં ડાબી બાજુ શ્રી શત્રુંજય, શ્રી નંદીશ્વર દ્વીપનો પટ અને આરસના ગોખમાં શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાનની આરસ પ્રતિમા છે. જમણી બાજુ ગોખમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની આરસ પ્રતિમા, શ્રી આત્મારામજી મ. સા. ની આરસ પ્રતિમા, શ્રી ગૌતમસ્વામી તથા શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથની આરસ પ્રતિમા બિરાજમાન છે.

આરસની બારસાખવાળા ગભારાનું વચ્ચેનું ગર્ભદ્વાર ચાંદી મઢિત તથા બે બાજુ બે કાષ્ઠના ગર્ભદ્વાર આવેલ છે. ૨૩" ની શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા સહિત ૧૭ પાષાણ પ્રતિમાઓ તથા ૨૮ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની પ્રતિમા પરના લેખમાં વિ. સં. ૧૯૨૧ વાંચી શકાય છે તથા અન્ય બે પાષાણ પ્રતિમાઓ પર પણ વિ. સં. ૧૯૨૧ અને બીજી બે પાષાણ પ્રતિમાઓ પર વીર સં. ૨૫૦૩ વાંચી શકાય છે.

આ દેરાસરનો જીર્ણોદ્ધાર થયેલો છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૮ છે.

## ઐતિહાસિક સંદર્ભ

સંવત ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. અહીં ૧૧ પાષાણ પ્રતિમાઓ તથા ૧૭ ધાતુ પ્રતિમાઓ હતી. સંવત ૧૯૪૦માં દેરાસર બંધાવ્યાનો ઉલ્લેખ છે.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૧૨ પાષાણ પ્રતિમાઓ તથા ૧૭ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે લગભગ સંવત ૧૯૪૩માં દેરાસર બંધાવ્યાનો ઉલ્લેખ છે. શેઠ છોટાલાલ છગનલાલ તેનો વહીવટ કરતા હતા. મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખની સંવત ૧૯૨૧ છે. ૧ સ્ફટિકનાં પ્રતિમાજી અને ૨ ગુરુમૂર્તિઓનો ઉલ્લેખ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો નિર્માણ સમય સં. ૧૯૪૦નો છે.

• • •

## ગામ: ડભોઈ તાલુકો : ડભોઈ

## ૨૧. શ્રી આદીશ્વર જિનાલય ( સં. ૧૯૧૫ )

ડભોઈ ગામ મધ્યે શ્રી આદીશ્વર ભગવાનનું આરસ તથા પત્થરકામયુક્ત, શિખરબંધી બે માળનું જિનાલય આવેલું છે.

જિનાલયમાં બે બાજુથી પ્રવેશ થાય છે : લોઢણ પાર્શ્વનાથના ખાંચામાંથી તથા પંડ્યા શેરીમાંથી. જિનાલયના પરિસરમાં કુલ ૩ દેવકુલિકાઓ આવેલ છે.

પત્થરના સાદી કોતરણીવાળા ચાર સ્તંભોવાળી શૃંગારચોકીમાંથી પત્થરની બારસાખવાળા ૩ પ્રવેશદ્વારમાંથી રંગમંડપમાં પ્રવેશ થાય છે જ્યાં બે બાજુ આરસના ગોખમાં શ્રી ગોમુખ યક્ષ અને શ્રી ચક્રેશ્વરી દેવી (જેસલમેરી પીળા રંગની) પ્રતિમા બિરાજમાન છે. અહીંના વિશાળ રંગમંડપના દરેક સ્તંભ ઉપર નૃત્યમુદ્રામાં વાજિંત્રો વગાડતાં નારીશિલ્પો તેમજ રંગકામ કરેલ કોતરણીમય કમાનો જોવા મળે છે. ગર્ભદ્વારની બહાર બે બાજુ ગોખમાં શ્રી મહાવીરસ્વામી તથા શ્રી ગૌતમસ્વામીની પ્રતિમાઓ બિરાજમાન છે.

આરસની બારસાખથી યુક્ત ૩ ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની ૨૫" ની પ્રતિમા બિરાજમાન છે. અહીં ૧૮ પાષાણ પ્રતિમાઓ (૧ સ્ફટિકનાં) અને ૨૭ ધાતુના પ્રતિમાઓ (૧ ચાંદીનાં) બિરાજમાન છે.

જિનાલયની જમણી બાજુથી ભોંયરામાં જવા માટેના દ્વારમાંથી આશરે ૧૫ પગથિયાં ઊતરતાં ડાબી બાજુ વિશાળ રંગમંડપમાં વચ્ચે લેમ્પ શેડ તથા આજુબાજુ રંગબેરંગી હાંડીઓ જોવા મળે છે જેમાં વીજળીના ગોળા ભરાવેલા છે. અહીં દિવાલ પર ફરતે વિવિધ પટ આવેલા છે.

આરસની બારસાખમાં જર્મન-સિલ્વર મઢિત ૩ ગર્ભદ્વારના મુખ્ય ગભારામાં મૂળનાયક શ્રી પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ (ફણા સહિત)ની ૪૩" ની આશરે ૧૫૦૦ વર્ષ પ્રાચીન પાષાણ પ્રતિમા બિરાજમાન છે. આ ઉપરાંત ૧૯ પાષાણ પ્રતિમાઓ (૨ કાઉસગ્ગીયા, ૨ શ્યામ કસોટી) તથા ૧૫ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

જિનાલયની જમણી બાજુના પ્રવેશદ્વારમાંથી બહાર નીકળતાં ડાબી બાજુ જિનાલયની પાછળની દિવાલ પર તેમજ બાજુમાં આવેલ કેસર-સુખડ રૂમની દિવાલ પર શ્રી મહાવીરસ્વામી અને શ્રી આદીશ્વર પ્રભુના જીવનચરિત્ર દર્શાવતાં અંશો રજૂ કરવામાં આવ્યા છે.

તેની આગળની બાજુ ગુરુમંદિર આવેલ છે જેના રંગમંડપના ગોખમાં શ્રી માણિભદ્રવીરની આરસ પ્રતિમા બિરાજમાન છે તેમજ ગભારામાં ગુરુમૂર્તિ તથા બે બાજુ શ્રી જંબુસૂરિ મ. સા. તથા શ્રી પ્રેમસૂરિ મ. સા. ની ચરણપાદુકાઓ બિરાજમાન છે.

ગુરુમંદિરની સામે ઘુમ્મટબંધી શ્રી ચંદ્રપ્રભસ્વામીનું જિનાલય આવેલ છે. અહીં રંગમંડપના ગોખમાં શ્રી અંબિકા દેવીની આરસ પ્રતિમા બિરાજમાન છે. ગભારામાં આરસની છત્રીમાં મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામીની ૧૯" ની ગ્રે રંગની તેમજ બે બાજુ શ્રી સુધર્માસ્વામી અને શ્રી જંબુસ્વામીની પ્રતિમા કમળ ઉપર બિરાજમાન છે.

વિ. સં. ૨૦૦૪માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયેલ છે તેમજ મહા સુદ ૧૦ના રોજ વર્ષગાંઠ તિથિ છે. જે નિમિત્તે શ્રી જયંતિલાલ બાપુલાલ પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

શ્રીમાળી વાઘા વિસ્તારમાં શ્રાવકનો ૩ માળનો અને શ્રાવિકાનો ૧ ઉપાશ્રય આવેલ છે. અહીં જ્ઞાનભંડાર છે જેમાં ૧૨,૦૦૦ પુસ્તકો તેમજ આશરે ૧૦,૦૦૦ થી ૧૨,૦૦૦ પ્રતો છે.

## ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી બે અલગ જિનાલય (૧) પંડ્યા શેરીમાં શ્રી આદિનાથજી, (૨) ચંદ્રપ્રભુજીના ખાંચામાં શ્રી ચંદ્રપ્રભુજી તરીકે થયો છે, જેમાં શ્રી આદિનાથજી જિનાલયમાં ૧૦ પાષાણ પ્રતિમાઓ તથા ૨૬ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે લગભગ સંવત ૧૯૧૫માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ છોટાલાલ છગનલાલ તેનો વહીવટ કરતા હતા. મૂળનાયક ભગવાન પર લેખની સંવત ૧૪૭૯ છે. દેરાસરની સ્થિતિ સારી હતી અને શ્રી ચંદ્રપ્રભજી જિનાલયમાં ૮ પાષાણ પ્રતિમાઓ તથા ૫ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે લગભગ સંવત ૧૯૩૮માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ ત્રિભોવનદાસ હરગોવિંદદાસ તેનો વહીવટ કરતા હતા. મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખની સંવત ૧૬૩૯ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો નિર્માણ સમય સં. ૧૯૧૫નો છે.

• • •

## ગામ : કાયાવરોહણ તાલુકો : ડભોઈ

## ૨૨. શ્રી નમિનાથ જિનાલય ( સં. ૨૦૨૩ )

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાથી ૧૯ કિ. મી.ના અંતરે કાયાવરોહણ ગામમાં ગ્રામ પંચાયત પાસે આવેલા નાના બજારમાં મૂળનાયક શ્રી નમિનાથ ભગવાનનું શિખરબંધી, એક ગર્ભદ્વારવાળું જિનાલય આવેલ છે જેનો જીર્ણોદ્ધાર વિ. સં. ૨૦૨૩માં થયેલ અને પુનઃપ્રતિષ્ઠા આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ તથા આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ શિષ્યગણની નિશ્રામાં શ્રાવિકા શ્રીમતી ચંદનબેન નગીનદાસ ત્રિભોવનદાસ પરિવાર હસ્તક કરવામાં આવેલ છે.

લોખંડની જાળીવાળા દરવાજામાંથી પ્રવેશી ૯ પગથિયાં ચઢતાં દેરાસરમાં પ્રવેશ થાય છે. રંગમંડપમાં આવેલી ૮ થાંભલીઓ પર ઘુમ્મટ છે તથા ૮ નારીશિલ્પો વાજિંત્રો સાથે નૃત્યની મુદ્રામાં ઉપસાવેલ છે. અહીં શ્રી ગિરનાર તથા શ્રી શત્રુંજય તીર્થના પટ ચિત્ર કરેલ ઉપસ્થિત છે તેમજ ગોખમાં શ્રી ભૃકુટી યક્ષ અને શ્રી ગાંધારી યક્ષિણીની મૂર્તિ બિરાજમાન છે. અલગ દેરીમાં શ્રી ઘંટાકર્ણવીર તથા શ્રી માણિભદ્રવીરની મૂર્તિ છે. એક ગર્ભદ્વારવાળા ગભારાની બહાર શ્રી લક્ષ્મી દેવી અને શ્રી પદ્માવતી દેવીની મૂર્તિ ગોખલામાં બિરાજમાન છે. પ્રભુને ફરતે પ્રદક્ષિણા આપવા માટેની જગ્યા રાખવામાં આવેલ છે.

ગભારા મધ્યે મૂળનાયક શ્રી નમિનાથ ભગવાનની ૨૧" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે. અહીં ૩ પાષાણ પ્રતિમાઓ જેમાં શ્રી મુનિસુવ્રતસ્વામી અને શ્રી પાર્શ્વનાથ પ્રભુની શ્યામ પ્રતિમા તથા ૮ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખ નીચે મુજબ છે.

"વીર સંવત ૨૪૮૧ વિ. સં. ૨૦૧૧ વર્ષે જેઠ શુક્લ ચતુર્થ્યાં બુધદિને કર્પટ વાણિજ્યે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રાસાદે શ્રી સંઘ શ્રીમાળી જ્ઞાતીય શાહ શાંતિલાલ મણીલાલ અંબાલાલ, સેવકલાલઃ અવગ્ર ડાહ્યાભાઈ સુત . . . . પરિવાર તપાગચ્છીય આચાર્ય શ્રી મહાનંદસાગરસૂરિ . . . . . . . . . . . . શ્રી મહાનંદ નમિનાથ બિમ્બ કારીતં પ્રતિષ્ઠિતં. "

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૩ છે. જે નિમિત્તે ચઢાવો બોલી ધ્વજા ચઢાવવામાં આવે છે, જમણવાર અને લહાણું થાય છે.

ગામમાં હાલ ૭ જૈન કુટુંબો રહે છે. છેલ્લા ૫૦ વર્ષમાં ૧ દીક્ષાર્થીએ દીક્ષા ગ્રહણ કરેલ છે. ઉપાશ્રય નવો બંધાનાર છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં કારવણ નામથી ઓળખાતા આ ગામમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. મૂળનાયક ભગવાન શ્રી પાર્શ્વનાથ હતા. આશરે ૫૦ વર્ષ પહેલાં મુંબઈમાં લઈ ગયા જે મૂળનાયક શ્રી ગોડીજી પાર્શ્વનાથ તરીકે છે. અહીં ૫ ધાતુ

પ્રતિમાઓ હતી. શ્રી સંઘે લગભગ ૧૫૦૦માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ મોતીલાલ ચુનીલાલ તેનો વહીવટ કરતા હતા. મૂળનાયકની પ્રતિમા પર લેખની સંવત ૧૮૪૫ છે. દેરાસરની સ્થિતિ સાધારણ હતી.

વર્તમાન શ્રી નમિનાથ જિનાલયનો સમય સં. ૨૦૨૩નો છે. તે અગાઉ શ્રી પાર્શ્વનાથ જિનાલયનો સમય સં. ૧૫૦૦નો છે.

• • •

## ગામ : પાદરા તાલુકો : પાદરા

## ૨૩. શ્રી શાંતિનાથ જિનાલય ( સં. ૧૯૬૩ પૂર્વે )

પાદરા ગામમાં નવઘરીમાં પ્રવેશતાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનનું ૩ શિખરવાળું, સાદા પત્થર અને આરસયુક્ત આશરે ૪૫૦ વર્ષ પ્રાચીન એવું જિનાલય આવેલ છે.

દેરાસરમાં પ્રવેશવા માટેનું પ્રવેશદ્વાર ઊંચું અને મોટું છે. જેની ઉપર નારીશિલ્પો અને વાઘ-સિંહના શિલ્પો જોવા મળે છે. લોખંડના ઝાંપામાંથી અંદર આવતાં ચોક આવે છે. ચોકમાં પાણીની પરબ અને બાજુમાં પૂજારીની ઓરડી, ભોંયરા સહિતનું ચૌમુખજી જિનાલય તેમજ બે દેવકુલિકા જેમાં શ્રી માણિભદ્રવીર અને શ્રી ઘંટાકર્ણવીરની મૂર્તિ છે તેમજ ગોખલામાં શ્રી ચક્રેશ્વરી દેવી, પૂ. આત્મારામજી મ. સા. ની આરસ પ્રતિમા છે. એક પ્રવેશદ્વાર છે જેની બે બાજુની દિવાલ પર દ્વારપાળ ઊભેલા ચિત્રિત કરવામાં આવેલ છે, ઉપરના ભાગમાં રંગકામયુક્ત હાથી અને શિખરની રચના ઉપસાવેલ છે.

મોટા ચોકની મધ્યમાં શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર છે. ત્રણ બાજુ ત્રણ નાના ઓટલા અને પ્રવેશદ્વાર છે જ્યાંથી રંગમંડપમાં પ્રવેશ થાય છે. અહીં થાંભલા ઉપર સુંદર રંગકામ તેમજ ઘુમ્મટમાં રાસ રમતી બાળાઓ ચિત્રિત કરેલી જોવા મળે છે. શ્રી શાંતિનાથ ભગવાનના ભવોનું આલેખન પણ છે. ગોખલામાં શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા. ની ગુરુપ્રતિમા બિરાજમાન છે.

કાષ્ઠના જાળીવાળા એક ગર્ભદ્વારની બારસાખ સોનેરી અને લાલ રંગથી રંગેલી છે. નાના ગભારામાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૩૧" ની આરસ પ્રતિમા ઉપરાંત ૯ પાષાણ પ્રતિમાઓ તથા ૨૯ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"સંવત ૧૬૮૨ વર્ષે જેઠ વદી ૯ ગુરુવાસરે શ્રી અહીમદાવાદ નગરે શ્રી ઓસવાલ જ્ઞાતીય પુત્રરત્ન શ્રી શાંતિદાસેન શ્રી શાંતિનાથ બિંબસ્તુ કારિતં પ્રતિસ્થિતં"

બાજુમાં બે દેવકુલિકા છે. ડાબી બાજુની દેવકુલિકામાં શ્રી મુનિસુવ્રતસ્વામી સહિત ૫ પાષાણ પ્રતિમાઓ જેમાં ૨ રાતા વર્ણની છે. જમણી બાજુની દેવકુલિકામાં શ્રી સુવિધિનાથ

ભગવાન સહિત ૫ પાષાણ પ્રતિમાઓ બિરાજમાન છે.

જિનાલયના ચોકમાં ૧ દેવકુલિકામાં આરસની ચૌમુખી પ્રતિમા છે જેમાં (૧) શ્રી સુપાર્શ્વનાથજીની ૧૫", (૨) શ્રી સંભવનાથજીની ૧૫", (૩) શ્રી પદ્મપ્રભસ્વામીની ૧૫" અને (૪) શ્રી આદિનાથજીની ૧૭" ની પ્રતિમા બિરાજમાન છે.

બાજુમાં એક ગોખલામાં શ્રી આદીશ્વર ભગવાનનાં પગલાંની જોડ આરસની છે જેની ઉપરની દિવાલમાં સોનેરી રંગથી સમવસરણનું સુંદર ચિત્ર દોરેલ છે.

ચૌમુખજીની દેવકુલિકાની નીચે ભોંયરું આવેલ છે. ભોંયરામાં શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાનની શ્યામવર્ણની ૨૫" ની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. શ્રી ગૌતમસ્વામીની રાતા વર્ણની ધાતુની પ્રતિમા પણ બિરાજમાન છે.

ચૌમુખજીની દેવકુલિકાની બાજુમાં ઓસરી જેવા ભાગમાં દિવાલ પર અલગ-અલગ પટ છે. જેમાં શ્રી મહેસાણા તીર્થ, શ્રી કાપરડાજી, શ્રી રાણકપુર, કલ્પવૃક્ષ, શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાન, શ્રી સ્થુલભદ્રજી, શ્રી વજ્રસ્વામીનો પ્રસંગ, શ્રી કુરગડુ મુનિ, શ્રી નાગદત્ત, શ્રી ગિરનારજી, ભોપાલના શ્રી શાંતિનાથ, શ્રી આદિનાથ ભગવાન, શ્રી મહાવીરસ્વામીનો આમલકી ક્રિડાનો પ્રસંગ, શ્રી પદ્માવતી દેવી, શ્રી આદીશ્વર ભગવાનને શ્રેયાંસકુમાર દ્વારા પારણું, શ્રી અષ્ટાપદજી, શ્રી માનતુંગ મુનિ, શ્રી ઈલાચીકુમાર, મેઘમાળી, દીક્ષા કલ્યાણક, અતિમુક્તક મુનિ, સંગમનો શ્રી વીરપ્રભુને ઉપસર્ગનો પ્રસંગ, શ્રી વીરપ્રભુ દ્વારા દેવદૂષ્ય વસ્ત્રનું અનુકંપાદાન, કેવલજ્ઞાન કલ્યાણક, નલિનીગુલ્મ વિમાન, શ્રી અવંતી સુકુમારનો પ્રસંગ, ચંડકૌશિકનો પ્રસંગ, શ્રી વીરપ્રભુને ગોવાળિયાનો ઉપસર્ગ તથા ખીલા કાઢવાનો પ્રસંગ, શ્રી ચંદનબાળાનો પ્રસંગ તથા પાવાપુરીના જળમંદિરના સુંદર પટો છે.

દેરાસરની બાજુમાં "ધર્મવિહાર જૈન આરાધના ભવન" નામનો ઉપાશ્રય છે. વળી "આત્મારામજી જૈન પાઠશાળા"માં આશરે ૩૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ગામમાં હાલ ૧૨૦ જૈન કુટુંબો રહે છે. આ દેરાસરની વર્ષગાંઠ તિથિ જેઠ સુદ ૫ ના દિવસે વારાફરતી ધ્વજા ચઢાવવામાં આવે છે. છેલ્લા ૫૦ વર્ષમાં આ ગામની કુલ ૪૭ વ્યક્તિઓએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

## ઐતિહાસિક સંદર્ભ

પાદરામાં હાલ જયાં શ્રી શાંતિનાથ ભગવાનનું જિનાલય છે ત્યાં પૂર્વે શ્રી વાસુપૂજયસ્વામીનું દેરાસર હતું. આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવવામાં આવ્યો ત્યારે શ્રી વાસુપૂજયસ્વામીની પ્રાચીન પ્રતિમાજી નૂતન જિનાલયના શિખરના ગભારામાં ઉપરના માળે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા અને મુખ્ય જિનાલયમાં મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુની નવી પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. આ શ્રી વાસુપૂજયસ્વામીના જિનાલયનો ઉલ્લેખ સંવત ૧૭૨૮ના પોષ સુદ ૭ના રોજ શ્રી પદ્મવિજયજી રચિત શ્રી ઉત્તમવિજયજી નિર્વાણ રાસ નામની કૃતિમાં આ મુજબ છે.

"દુહા : આવ્યા પાદરે જેટલે, વર્ષા અતિશય થાય,

મૂલચંદ હરખા હવે, વડોદરાથી આય,

પાદરા સંઘ મૂલચંદ તથા નવિ જાવાઈ તત્થ

અનુક્રમે ચોમાસું રહ્યા, વાસૂપૂજ્ય જિન રજત્થ.

ઢાળ ૧૦ : સુંદર ગુરુ પણ માની વિનતિ, આવ્યા ડભોઈ ગામ હો

લોઢણ પાસ જુહારીયા, સાર્યાં આતમ કાજ હોઃ સું. "

વળી, શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ દ્વારા પ્રકાશિત જૈન ઐતિહાસિક રાસમાળા ભાગઃ૧લા ના પાના નં. : ૫૨ ઉપર આ મુજબ ઉલ્લેખ છે.

"પૂ. ક્ષમાવિજયગણિના શિષ્ય પૂ. જિનવિજયગણિ સુરતમાં સઈદપુરામાં રહ્યાં. ત્યાં નંદીશ્વર અઠ્ઠાઈ મહોત્સવ થયો. ત્યાર પછી ગંધાર, આમોદ, જંબુસર, ત્યાંથી પાદરા (કે જ્યાં શ્રી વાસુપૂજ્યનું દહેરૂં છે.) આવ્યાં. અહીં ચોમાસું કર્યું.

પાદરામાં ચોમાસું રહ્યા. અહીં આઠ દિવસની માંદગી ભોગવી પણ ધ્યાનમાં જ મન લીન રાખી સંવત ૧૭૯૯ના શ્રાવણ સુદ ૧૦ ને કુંજવારને દિને સ્વર્ગગમન કર્યું. આ વખતે તેમની ઉંમર ૪૭ : સુડતાલીસ વર્ષની હતી. કાયાનો અગ્નિસંસ્કાર નગરની બહાર સરોવર પાસે સુખડ અગર કર્યો અને કિસન પ્રમુખ શ્રાવકે તેનો સ્તૂપ રચાવ્યો. "

અત્રે જે સ્તૂપનો ઉલ્લેખ કરેલ છે તે ગામમાં આવેલ દાદાવાડીમાં થોભ તરીકે આજે પણ ઉપસ્થિત છે. દાદાવાડીમાં અન્ય છ દેરીઓ છે. દાદાવાડીની સ્થાપના સંવત ૧૮૪૦, વૈશાખ સુદ ૭ ને સોમવારના રોજ શ્રીમદ્ દેવચંદજી મહારાજ દ્વારા કરવામાં આવેલ છે. બહારના ભાગમાં આવેલ છ દેરીમાં ગુરુમહારાજનાં પગલાં છે. રંગમંડપમાં દાદા શ્રી જિનદત્તસૂરિજીના જીવનના પ્રસંગો ચિત્રિત કરેલાં છે. નીચે વચમાં ઓટલી પર શ્રી જિનકુશલસૂરિજી, શ્રી જિનદત્તસૂરિજી અને શ્રી જિનચંદ્રસૂરિજીનાં પગલાં છે.

અન્ય ત્રણ ગોખલામાં શ્રી જિનકુશલસૂરીજી, શ્રી ગૌતમસ્વામી અને શ્રી સુખસાગરજી મ. સા. ની ગુરુમૂર્તિ બિરાજમાન છે.

વળી, એક ગોખલામાં શ્રી માણિભદ્રવીર અને અન્ય ગોખલામાં શ્રી સરસ્વતી દેવીની પ્રતિમા બિરાજમાન છે.

સંવત ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૩૫ પાષાણ પ્રતિમાઓ તથા ૩૫ ધાતુ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. અહીં ૩૫ પાષાણ પ્રતિમાઓ તથા ૩૧ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ ચીમનલાલ દલસુખભાઈ તેનો વહીવટ કરતા હતા. એક ગુરુમૂર્તિ, ભોંયરામાં

પ્રતિમાજી અને સુંદર ચિત્રકામનો ઉલ્લેખ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૬૩ પૂર્વેનો છે. પ્રતિમા લેખને આધારે માની શકાય કે સંવત ૧૭૦૦ આસપાસ જિનાલયની પ્રતિષ્ઠા થયેલ હોવી જોઈએ તેમ છતાં નિશ્ચિંત સમય નક્કી કરવા વધુ સંશોધનની જરૂર છે.

• • •

## ગામ : પાદરા તાલુકો : પાદરા

## ૨૪. શ્રી સંભવનાથ જિનાલય ( સં. ૧૯૩૧ પૂર્વે )

પાદરા ગામમાં ચોકસી બજારમાં ત્રણ શિખરવાળું, આરસયુક્ત બનેલ શ્રી સંભવનાથ જિન દેરાસર આવેલ છે.

દેરાસરના મુખ્ય દ્વારની ઉપરની ધાબાની દિવાલ પર સુંદર સોનેરી રંગના ટીકાથી સુશોભિત બે હરણની આકૃતિ છે. પગથિયાં ચઢીને લાંબા ચોરસ ઓટલા પર રંગીન ૮ થાંભલા છે તેમજ જમણી બાજુની દિવાલ પર હાથીની પ્રતિકૃતિ છે. કાષ્ઠના બનેલાં ૩ પ્રવેશદ્વારમાંથી રંગમંડપમાં પ્રવેશ થાય છે જેના મુખ્ય પ્રવેશદ્વારની બે બાજુ ઊભેલાં દ્વારપાળનાં શિલ્પ છે તેમજ પ્રવેશદ્વારની મધ્યમાં ઉપર બે હરણ અને વચ્ચે લક્ષ્મી દેવીની આકૃતિ ઉપસાવેલ છે. મધ્યમાં દ્વારમાંથી પ્રવેશતાં મોટા લંબચોરસ રંગમંડપમાં ડાબી બાજુના એક ગોખલામાં શ્રી બુદ્ધિસાગરજી મ. સા. ની ગુરુમૂર્તિ અને સમવસરણનો પટ તેમજ જમણી બાજુ ગોખલામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની આરસ પ્રતિમા બિરાજમાન છે. રંગમંડપમાં થાંભલા ઉપર ૧૦ લંબગોળ અરીસા અને તેની ઉપર લંબચોરસ અરીસા મૂકેલા છે. ગોખમાં રક્ત વર્ણની યક્ષિણીની પ્રતિમા છે.

દેરાસરના મુખ્ય ગભારાને ત્રણ પ્રવેશદ્વાર જર્મન-પિત્તળના તેમજ બીજા બે ગભારાને ૧-૧ પ્રવેશદ્વાર આવેલાં છે. મુખ્ય ગર્ભગૃહ મધ્યે મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનની ૧૭" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે. જમણી બાજુના ગભારામાં શ્રી ચંદ્રપ્રભસ્વામી તથા ડાબી બાજુના ગભારામાં શ્રી વાસુપૂજ્યસ્વામીની પાષાણ પ્રતિમા સહિત ૧૯ પાષાણ પ્રતિમાઓ જેમાં ૨ શ્યામ વર્ણની તથા ૪૭ ધાતુ પ્રતિમાઓ અત્રે બિરાજમાન છે.

દેરાસરની બાજુમાં એક ઓરડામાં વિવિધ તીર્થના પટ, ભગવાનનો જન્મોત્સવનો પ્રસંગ તેમજ ઉપસર્ગને દર્શાવતા પટ, દિવાલ ઉપર શ્રી પદ્માવતી દેવીના મસ્તક ઉપર શ્રી સેરીસા પાર્શ્વનાથ ભગવાનનો ફોટો ચિત્રિત કરેલ છે.

પ્રભુને પ્રદક્ષિણા આપવાની ભમતીમાં એક દેવકુલિકામાં ૧૦૦ વર્ષ પ્રાચીન શ્રી મહાલક્ષ્મી દેવી તથા એક ગોખલામાં આરસના શ્રી નવપદજી છે.

વિ. સં. ૧૯૩૧માં આ દેરાસરનો જીર્ણોદ્ધાર થયેલ છે. આ દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૧૫ છે જે નિમિત્તે સંઘ તરફથી જમણવાર કરવામાં આવે છે.

દેરાસરની સામેના ભાગમાં શ્રાવકનો "શ્રી રામચંદ્રસૂરીશ્વરજી જૈન આરાધના ભવન" નામે ઉપાશ્રય છે. અહીં જ્ઞાનભંડાર પણ છે જેમાં ૧૫૦૦ પુસ્તકો અને ૨૦૦ થી ૨૫૦ હસ્તપ્રતો છે. વળી અહીં આયંબિલ શાળા પણ આવેલ છે.

## ઐતિહાસિક સંદર્ભ

સંવત ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૨૨ પાષાણ પ્રતિમાઓ તથા ૪૦ ધાતુ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. અહીં ૨૦ પાષાણ પ્રતિમાઓ તથા ૩૯ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ ભાઈલાલ લલ્લુભાઈ તેનો વહીવટ કરતા હતા. ૧ ગુરુમૂર્તિનો ઉલ્લેખ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૩૧ પૂર્વેનો છે.

• • •

## ગામ : મુંજપુર તાલુકો : પાદરા

## ૨૫. શ્રી સુમતિનાથ જિનાલય ( સં. ૧૯૦૦)

પાદરાથી ૭ કિ. મી.ના અંતરે આવેલા મુંજપુર ગામની મધ્યમાં ઘુમ્મટબંધી, આરસયુક્ત મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનનું દેરાસર આવેલ છે.

દેરાસરના એક પ્રવેશદ્વારમાંથી નાના લંબચોરસ રંગમંડપમાં પ્રવેશ થાય છે. અહીં ગોખલામાં યક્ષ - યક્ષિણીની મૂર્તિઓ બિરાજમાન છે. વળી દિવાલ પર ઉપસાવીને બનાવેલ શ્રી શત્રુંજય તીર્થનો પટ છે.

એક ગર્ભદ્વારમાંથી ચોરસ ગર્ભગૃહમાં પ્રવેશ થાય છે. મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની ૧૩" ની પાષાણ પ્રતિમા સહિત ૨ ધાતુ પ્રતિમાઓ દેરાસરમાં બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"વિક્રમ માર્કસ્ય . . . ૧૯૯૯ માઘ માસે કૃષ્ણ પક્ષે શ્રી . . . . . સિદ્ધક્ષેત્રે . . . . . મંદિર દેવકુલિકાયાં શ્રી રાજનગર વાસ્તવ્ય શ્રીમાલી જ્ઞાતીય શ્રેષ્ઠિમગનલાલ સુતં આશારામ કારિતં . . . . . . . . . . . પ્રતિષ્ઠિતં - સ્મરણાર્થે તત્ સુપુત્ર . . . . . . . . . . . . શ્રી સુમતિનાથ પ્રભુમૂર્તિ . . . . . "

આથમણાપુરાના પ્રાચીન નામથી જાણીતા હાલના આ મુજપુર ગામમાં આશરે ૯૦ વર્ષ પહેલાં દેરાસરની પ્રતિષ્ઠા કરવામાં આવેલ તથા પાંચેક વર્ષ પહેલાં જીર્ણોદ્ધાર કરવામાં આવેલ. દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૨ છે જે નિમિત્તે સંઘ તરફથી પ્રભાવના કરવામાં આવે છે તેમજ લાલભાઈ જયંતિભાઈ શાહ (પાદરા નિવાસી) પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

દેરાસરની બાજુમાં જ શ્રાવકનો બે માળનો ઉપાશ્રય છે. ગામમાં હાલ ૮ જૈન કુટુંબો રહે છે તેમજ છેલ્લા ૫૦ વર્ષમાં ગામના ૧ દીક્ષાર્થીએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

**વિશેષ :-** જીર્ણોદ્ધાર કરાવ્યા બાદ પુનઃપ્રતિષ્ઠા કરાવતી વખતે મૂળનાયક ભગવાનના મુખની દિશા બદલવામાં આવેલ છે. અહીંના રહીશોના જણાવ્યા મુજબ જૈનોની વસ્તી ઓછી થવાથી ભગવાનને અહીંથી ખસેડી અન્ય સ્થળે પ્રસ્થાપિત કરવાનું વિચારેલ પરંતુ ઘણા પ્રયત્ન કરવા છતાં પણ ભગવાનની પ્રતિમા ઉત્થાપિત થઈ ન શકી. નીચે શ્રી પારસનાથ ભગવાન છે. શ્રદ્ધાળુ ભક્તો અને ગામના વડીલો જણાવે છે કે આ દેરાસરની ૧૧ પૂનમ ભરવાથી કામ સિદ્ધ થઈ જાય છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો છે. ૧ પાષાણ પ્રતિમા તથા ૨ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે લગભગ ૧૯૦૦માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ માધવલાલ વ્રજલાલ તેનો વહીવટ કરતા હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૦૦નો છે.

• • •

## ગામ : દરાપરા તાલુકો : પાદરા

## ૨૬. શ્રી સુમતિનાથ જિનાલય (સં. ૧૮૨૫)

પાદરાથી ૨ કિ. મી.ના અંતરે આવેલા દરાપરા ગામમાં પ્રવેશતાં ડાબી બાજુ વિશાળ પ્રાંગણમાં બે દેરાસર આવેલાં છે જેના મોટા કાષ્ઠના બનેલા જાળીવાળા દ્વારની બહારની દિવાલ પર હાથી તથા ઉપરની દિવાલ પર શ્રી લક્ષ્મી દેવી અને હાથીની કૃતિ દોરેલ છે.

મોટા પ્રવેશદ્વારમાંથી પ્રવેશતાં સામે એક નાનું ઘુમ્મટબંધી દેરાસર તથા બાજુમાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનનું શિખરબંધી, સાદા પત્થરયુક્ત, સારી સ્થિતિનું દેરાસર આવેલ છે.

પ્રવેશદ્વારની ચોકીમાં પગથિયાં ચઢીને કમાનો તથા પૂતળીઓ જોવા મળે છે. કાષ્ઠના દ્વારમાંથી વિશાળ રંગમંડપમાં પ્રવેશ થાય છે જ્યાં થાંભલા, રંગીન કમાનો, ટોડલા, વાજિંત્રો સહિતની પૂતળીઓ, સુંદર રંગીન હાંડીઓની રચના જોવા મળે છે. રંગમંડપની જમણી બાજુના દ્વારની બહાર ગોખમાં શ્રી મહાલક્ષ્મી દેવી છે.

એક ગર્ભદ્વારવાળો ગભારો છે જેના ગર્ભદ્વારમાં કોતરણીવાળી સુંદર રંગીન બારસાખ જોવા મળે છે તેમજ બે બાજુ દિવાલ પર દરવાનના ચિત્રો છે. ગભારામાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની ૨૭" ની પ્રતિમા સહિત ૭ પાષાણ પ્રતિમાઓ, ૧૦ ધાતુ પ્રતિમાઓ તથા ૨ જોડ પગલાં જેમાં એક શ્રી સુધર્માસ્વામીના અને બીજા શ્રી દીપવિજયનાં છે. ગભારામાં બે બાજુ બે ગોખલામાં પાષાણ પ્રતિમાઓ બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની પ્રતિમા આરસની કમાનો અને પૂતળીઓ ધરાવતી સુંદર છત્રીમાં બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખ નીચે મુજબ વંચાય છે.

"શ્રીમાલી જ્ઞાતીય. . . . . . . . . . . . . તિલકચંદ ભાર્યા મુખરબાઈ . . . . . . . . . શ્રી સુમતિનાથ બિંબ પ્રતિ શ્રી તપા. વલ્લભવિજયગણીભિઃ . . . . . . . . . ."

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૬ છે. તે નિમિત્તે સંઘ તરફથી જમણવાર કરવામાં આવે છે અને સ્વ. કંચનબેન મોતીલાલ પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

દેરાસરની સામે એક જૂનું મકાન છે, જેનો ઉપયોગ હાલ વિહારકાળમાં આવતા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતના ઉતારા માટે કરવામાં આવે છે. આ મકાનમાં એક ખૂણામાં નાના ગોખલામાં શ્રી માણિભદ્રવીરની નાની આરસની પ્રતિમા છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ નાના ગોખલામાં નાકોડા ભૈરવની નાની પ્રતિમા છે. અહીં ઘણો મોટો જ્ઞાનભંડાર પણ હતો જે હાલ કોબા ભંડારમાં ભેટ આપવામાં આપેલ છે.

આ ગામમાં દેરાસરથી દૂર ખેતરોની વચ્ચે આવેલ એક તળાવને કિનારે મોટા ઓટલા પર ત્રણ નાની દેરીઓમાં ચરણપાદુકાઓ છે. જેમાં વચ્ચે શ્રી ઋષભ જિનેન્દ્રના તથા આજુબાજુ શ્રી પુંડરીકસ્વામી અને શ્રી સુધર્માસ્વામીનાં પગલાં છે. વચ્ચેની દેરીમાં ઉપર શિખર અને આજુબાજુ ઘુમ્મટ પર કારતક સુદ ૧૫ ને દિવસે ધ્વજા બદલવામાં આવે છે. આ દિવસે દેરાસરમાંથી શ્રી આદિનાથ ભગવાનને પાલખીમાં ગ્રામજનો ભેગા થઈ લઈ જાય છે અને પગલાં પર ધ્વજા બદલી અન્ય વિધિ કરે છે. ત્રણેય પગલાં પર વિ. સં. ૧૮૧૨ વાંચી શકાય છે અને શ્રી સુધર્માસ્વામીની ચરણપાદુકા પરના લેખમાં "શ્રી જિનચંદ્રસૂરી . . . . . પટ્ટે . . . . . . . ભટ્ટા શ્રી જિનોદયસૂરીભિઃ કારિતં શ્રી દરાપરા સંઘેન" એ મુજબનું લખાણ વાંચી શકાય છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. અહીં ૧૪ પાષાણ પ્રતિમાઓ તથા ૩૩ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે લગભગ ૧૮૨૫માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ અંબાલાલ કીલાભાઈ તેનો વહીવટ કરતા હતા. એક પુસ્તકાલયનો ઉલ્લેખ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૮૨૫ આસપાસનો છે.

• • •

## ગામ : દરાપરા તાલુકો : પાદરા

### ૨૭. શ્રી શાંતિનાથ જિનાલય (સં. ૨૦૦૦ આસપાસ)

પાદરાથી ૨ કિ. મી.ના અંતરે આવેલ દરાપરા ગામમાં પ્રવેશતાં ડાબી બાજુ વિશાળ પ્રાંગણમાં બે દેરાસર આવેલ છે. મોટા પ્રવેશદ્વારમાંથી પ્રવેશતાં સામે એક નાનું ઘુમ્મટબંધી મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુનું દેરાસર આવેલ છે. આ દેરાસર ૨ માળનું, આરસ તથા સાદા પત્થરની બાંધણીવાળું, સારી સ્થિતિનું જોવા મળે છે.

૬ પગથિયાં ચઢીને કાષ્ઠનું ૧ પ્રવેશદ્વાર આવે છે જ્યાંથી રંગમંડપમાં પ્રવેશ થાય છે જ્યાં રંગીન થાંભલા છે.

૧ ગર્ભદ્વારવાળા ગભારામાં સુંદર રંગીન કોતરણી જોવા મળે છે. મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૧૩" ની પ્રતિમા સુંદર કોતરણી તથા આરસના અષ્ટમંગલયુક્ત પબાસન પર બિરાજમાન છે. ગભારામાં ત્રણેય પાષાણ પ્રતિમાઓ જેમાં શ્રી શાંતિનાથ ભગવાનની પદ્માસન મુદ્રામાં છે તથા ૧ ધાતુ પ્રતિમા ગભારામાં બિરાજમાન છે.

ડાબી બાજુના દ્વારથી નીકળીને ભોંયરામાં જવાય છે. ૧ નાના ગર્ભદ્વારયુક્ત ભોંયરામાં શ્રી અજિતનાથ ભગવાનની ૩૯"ની પ્રતિમા સહિત ૩ શ્યામ પાષાણની પ્રતિમાઓ બિરાજમાન છે.

પચાસેક વર્ષ પહેલાં કાષ્ઠના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવવાની જરૂર જણાતાં બાજુમાં નવું દેરાસર બનાવ્યું. આ સમયે મૂળનાયક ભગવાનની પ્રતિમાનું ઉત્થાપન કરી નવા દેરાસરમાં પ્રતિષ્ઠા કરવાની હતી પરંતુ પ્રતિમાજી ત્યાં પ્રતિષ્ઠિત ન થવાથી શ્રી સુમતિનાથ ભગવાનના નવા બનાવેલા દેરાસરમાં પ્રતિમા ચલપ્રતિષ્ઠિત કરવામાં આવી અને શ્રી શાંતિનાથ ભગવાનનું બીજું નાનું દેરાસર જે હાલ ઉપલબ્ધ છે તે બનાવી પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૬ છે જે નિમિત્તે શ્રી અંબાલાલ નગીનદાસ પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શ્રાવકનો એક ઉપાશ્રય છે. હાલ એક જ જૈન કુટુંબ રહે છે તેમજ છેલ્લા ૫૦ વર્ષમાં ગામના ૨ દીક્ષાર્થીઓએ દીક્ષા ગ્રહણ કરેલી છે.

• • •

## ગામ : સાંધી તાલુકો : પાદરા

### ૨૮. શ્રી આદીશ્વર જિનાલય (સં. ૧૯૫૩)

પાદરાથી ૯ કિ. મી.ના અંતરે આવેલ સાંધી ગામમાં વાંટાના ટેકરા પર ધાબાબંધી આરસયુક્ત શ્રી આદીશ્વર જિનાલય આવેલ છે.

કાષ્ઠના એક દરવાજામાંથી પ્રવેશતાં નાનો નૃત્યમંડપ આવે છે. અહીં દિવાલ પર એક બોર્ડ લગાવવામાં આવેલું છે. જેમાં દેરાસરની સ્થાપના તથા જીર્ણોદ્ધારની વિગતો લખવામાં આવી છે જે નીચે મુજબ છે.

"આશરે ૧૫૦ વર્ષ પહેલાં ગામમાં ૪૦ જેટલાં વીશા-નીમા જૈન કુટુંબોની વસ્તી હતી. તે સમયે ઘરદેરાસરમાં ધાતુનાં પ્રતિમાજી પૂજાતાં હતાં. ત્યાર બાદ શ્રી સંઘે જિનાલય બનાવવાનો નિર્ણય કર્યો અને પાલીતાણા મુકામે અંજનશલાકા થયેલ પ્રતિમાજીને ખભે વહન કરીને અત્રે લાવી સં. ૧૯૫૩માં અહીં પ્રતિષ્ઠા કરવામાં આવેલ. ત્યાર બાદ વિ. સં. ૨૦૩૬માં જીર્ણોદ્ધાર

કરાવી પૂ. આ. શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શેઠ શ્રી કાંતિલાલ મોહનલાલ શાહ પરિવારના હસ્તે અષાઢ સુદ ૧૦ના રોજ પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવેલ છે." અહીંથી ત્રણ પ્રવેશદ્વારવાળા રંગમંડપમાં પ્રવેશ થાય છે. મધ્યના પ્રવેશદ્વારની બારસાખમાં ટોડલા છે તથા કાષ્ઠમાં રૂપેરી રંગથી રંગવામાં આવેલી સુંદર કોતરણી છે.

એક ગર્ભદ્વારવાળા ગભારાની ફરતે પ્રદક્ષિણા માટેની જગ્યા રાખવામાં આવેલ છે.

ગભારામાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની ૧૫" ની આરસની પ્રતિમા તથા ૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. પ્રભુની પાછળની દિવાલ પર અરીસામાં ચામર ઢાળતા દેવોની આકૃતિ છે તેમજ સિંહાસનની નીચે અષ્ટમંગલ ઉપસાવેલ છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"સં. ૧૯૪૯ માઘ સુદી ૧૦મી સુક્ર સ્થાપિતા શ્રી ઋષભાનન જિન બિંબ કારયપિતા - પથ્થસિંહ બીહાદ્વરેણ . . . . . . . . . . . પ્રભા . . . . . . . . . . શ્રી વિજરાજસૂરિભિઃ તપાગચ્છે . . . . . . "

દેરાસરની પાછળના ભાગમાં ખુલ્લી જગ્યામાં ફૂલો ઉગાડેલ છે.

વિ. સં. ૧૯૫૩માં જિનાલયની સ્થાપના કરવામાં આવેલ જેનો વિ. સં. ૨૦૩૬માં જીર્ણોદ્ધાર કરેલ છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ અષાઢ સુદ ૧૦ છે તે નિમિત્તે ગામમાં જે વ્યક્તિ હાજર હોય તેમાંથી જ કોઈ એક ધ્વજા ચઢાવે છે.

આ જિનાલયની સામે શ્રાવકનો શ્રી જૈન શ્વે. મૂ. પૂ. જૈન ઉપાશ્રય આવેલ છે.

ગામમાં હાલ ૨ જ જૈન વ્યક્તિઓ રહે છે.

## ઐતિહાસિક સંદર્ભ

સંવત ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૧ પાષાણ પ્રતિમા તથા ૪ ધાતુ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. ૧ પાષાણ પ્રતિમા તથા ૫ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે લગભગ ૧૯૨૫માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ મોતીલાલ મગનલાલ તેનો વહીવટ કરતા હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૨૫નો છે.

• • •

## ગામ : મોભા તાલુકો : પાદરા

## ૨૯. શ્રી વર્ધમાનસ્વામી જિનાલય (સં. ૨૦૩૯)

પાદરાથી ૧૮ કિ. મી.ના અંતરે આવેલ મોભા ગામમાં સ્ટેશન પાસે પૂર્વાભિમુખ, એક શિખરવાળું તથા સાદા પત્થર અને આરસનું બનેલું શ્રી વર્ધમાનસ્વામી જૈન દેરાસર આવેલ છે.

૫ પગથિયાં ચઢતાં નાના નૃત્યમંડપમાં પ્રવેશ થાય છે જ્યાંથી ૩ પ્રવેશદ્વારમાંથી રંગમંડપમાં પ્રવેશ થાય છે. મુખ્ય પ્રવેશદ્વારની આજુબાજુ બે દ્વાર ઉપર શ્રી ગિરનાર તથા શ્રી શત્રુંજય તીર્થના પટનાં ચિત્ર મઢેલાં છે.

એક ગર્ભદ્વારવાળા ગર્ભદ્વારની બહાર બે બાજુ ગોખમાં શ્રી માતંગ યક્ષ અને શ્રી સિદ્ધાયિકા દેવીની આરસ પ્રતિમાઓ બિરાજમાન છે.

ગર્ભગૃહ મધ્યે મૂળનાયક શ્રી વર્ધમાનસ્વામી (શ્રી મહાવીરસ્વામી)ની ૨૫" ની પ્રતિમા સહિત ૫ પાષાણ પ્રતિમાઓ તથા ૭ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"સ્વસ્તિ શ્રી વર્ધમાનસ્વામી જિનબિંબ પાટણ વર્તમાન મુંબઈ વા. શ્રે. મોહનલાલ સુત રસિકલાલ શ્રાદ્ધેન પત્ની કમલાબેન આદિ પરિવાર યુતેન કા. પ્ર. ચ. શાસનસમ્રાટ તપા. આ. શ્રી વિજયનેમિસૂરીશ્વર પટ્ટધર વિજયવિજ્ઞાનસૂરિ પટ્ટધર શિષ્ય વિજયચંદ્રોદયસૂરિભિ. . . ."

વિ. સં. ૨૦૩૯માં આ દેરાસરની સ્થાપના પૂ. આ. શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં થઈ હતી. દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ વદ ૧૦ છે જે નિમિત્તે સંઘ તરફથી જમણવાર કરવામાં આવે છે, પ્રભાવના આપવામાં આવે છે તથા મૂળનાયક ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ લેનાર સુશ્રાવક શેઠ શ્રી રસિકલાલ પાત્રાવાલા પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

૧૨ જૈન કુટુંબોની વસ્તી ધરાવતા આ ગામમાં શ્રાવક-શ્રાવિકાનો ૧-૧ ઉપાશ્રય છે જેમાં પાઠશાળા ચલાવવામાં આવે છે. ૨૦ વિદ્યાર્થીઓ ભણે છે. બાળકો ખૂબ જ ઉત્સાહી છે. દર વર્ષે પર્યુષણ પર્વની શરૂઆત પહેલાં ઉત્સાહભેર સુંદર કાર્યક્રમોનું આયોજન કરે છે તથા શ્રી શત્રુંજય આદિ તીર્થ કે દેરાસરની નાની સુંદર પ્રતિકૃતિ બનાવી દર્શનાર્થે રાખે છે. જોકે બાળકોના પરિવારજનો તથા પાઠશાળાનાં શિક્ષિકાબેન શ્રીમતી સવિતાબેન તેમને ઘણું માર્ગદર્શન પૂરું પાડે છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. મૂળનાયક ભગવાન શ્રી સંભવનાથજી હતા. અહીં ૪ ધાતુ પ્રતિમાઓ હતી. શેઠ અમરચંદ કપૂરચંદે લગભગ સંવત ૧૯૭૦માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ સોમચંદ દેવચંદ તેનો વહીવટ કરતા હતા. દેરાસરની સ્થિતિ સાધારણ હતી.

વર્તમાન શ્રી વર્ધમાનસ્વામી જિનાલયનો સમય સં. ૨૦૩૯નો છે. તે પહેલાં શ્રી સંભવનાથ જિનાલયનો સમય સં. ૧૯૭૦નો છે.

• • •

## ગામ : કુરાલ તાલુકો : પાદરા

### ૩૦. શ્રી શ્રેયાંસનાથ જિનાલય (સં. ૧૮૦૦ આસપાસ)

પાદરાથી ૨૦ કિ. મી.ના અંતરે કુરાલ ગામમાં બજારમાં મૂળનાયક શ્રી શ્રેયાંસનાથ ભગવાનનું ઉત્તરાભિમુખ, એક શિખરવાળું, સાદા પત્થર અને આરસયુક્ત જિનાલય આવેલ છે.

પાંચ પગથિયાં ચઢતાં નાના નૃત્યમંડપમાં પ્રવેશ થાય છે જ્યાંથી ૩ બાજુના ૩ પ્રવેશદ્વારથી રંગમંડપમાં પ્રવેશ થાય છે. રંગમંડપમાં સામે ડાબી બાજુના ગોખમાં અનુક્રમે શ્યામ ખંડિત પરિકરમાં પ્રતિમા, ૨ જોડ પગલાં (સં. ૧૮૮૩, સં. ૧૮૦૭), ૧ સફેદ આરસમાં જડિત પ્રતિમા તેમજ જમણી બાજુના ગોખમાં શ્રી જૈન જ્યોતિષવિદ્યામહોદધિ પ. પૂ. આ. શ્રી જયસિંહસૂરીશ્વરજી મહારાજની આરસની પાદુકા બિરાજમાન છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી શ્રેયાંસનાથ ભગવાનની ૧૫" ની પ્રતિમા સહિત ૫ પાષાણ પ્રતિમાઓ તથા ૧૧ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

વિ. સં. ૨૦૪૧માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરવામાં આવેલ છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૩ છે જે નિમિત્તે સંઘ તરફથી જમણવાર તેમજ નટવરભાઈ શાહ પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

એક જ જૈન કુટુંબ ધરાવતા ગામમાં ૧૦૦ વર્ષ જુનો કુરાલ જૈન ઉપાશ્રય છે.

**વિશેષ :**શ્રી શ્રેયાંસનાથ ભગવાનની પ્રતિમા આશરે ૭૦૦ વર્ષ પ્રાચીન છે.

આ. શ્રી જયસિંહસૂરીશ્વરજી સં. ૨૦૦૦, માગસર સુદ ૬ના રોજ આ ગામમાં કાળધર્મ પામ્યા હતા તેમજ ગામ બહાર તળાવને કિનારે તેમનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. તેમનાં પગલાં હાલ ત્યાં છે તેમજ ત્યાં ગુરુમંદિર બનાવવાનું છે.

#### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૯ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે લગભગ સંવત ૧૮૦૦માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ મગનલાલ છોટાલાલ તેનો વહીવટ કરતા હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૮૦૦ આસપાસનો છે.

• • •

## ગામ : માસર રોડ તાલુકો : પાદરા

### ૩૧. શ્રી અભિનંદનસ્વામી જિનાલય (સં. ૧૯૯૧)

પાદરાથી ૨૯ કિ. મી.ના અંતરે માસર રોડ, ગામમાં બજારમાં મૂળનાયક શ્રી અભિનંદનસ્વામીનું પશ્ચિમાભિમુખ, એક શિખરવાળું, નલીનીગુલ્મ આકારનું, દેવ-વિમાન જેવું આરસયુક્ત જિનાલય આવેલું છે.

મુખ્ય દરવાજામાંથી પ્રવેશતાં મોટા ચોકમાં એક તરફ શ્રી સિદ્ધચક્ર યંત્ર, શ્રી અષ્ટાપદ, શ્રી ગિરનાર, શ્રી શત્રુંજય, શ્રી આબુ, શ્રી સમેતશિખર આદિ વિવિધ તીર્થોના પટ દિવાલ ઉપર કોતરણી કરી કાચથી મઢેલાં છે. બાજુમાં ૪ દેરી છે જેમાં શ્રી જયસિંહસૂરીશ્વરજી, શ્રી ઘંટાકર્ણ વીર, શ્રી માણિભદ્રવીર તથા શ્રી મણિવિજય દાદાની પ્રતિમા સ્થાપિત કરવામાં આવેલ છે.

મોટો ચોક પસાર કરી, પાંચ પગથિયાં ચઢીને દેરાસરમાં પ્રવેશ થાય છે. જોકે મુખ્ય પ્રવેશદ્વાર હાલ ઉપયોગમાં લેવાતો નથી અને જમણી બાજુના પ્રવેશદ્વારનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે. મુખ્ય ત્રણ પ્રવેશદ્વારવાળા દેરાસરના રંગમંડપના ઘુમ્મટમાં રાસરમતી નારીઓ, ફૂલમાળા લઈ ઊભેલી દેવીઓના સુંદર ચિત્રકામ જોવા મળે છે. વળી એક શ્રી સિદ્ધચક્ર મહાયંત્રનો પટ પણ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારાની બહાર ગોખમાં શ્રી યક્ષેશ યક્ષ તથા શ્રી કાલિકા યક્ષિણીની આરસની મૂર્તિઓ બિરાજમાન છે તેમજ બે બાજુની દિવાલમાં ડાબી બાજુ ગોખમાં શ્રી મહાવીરસ્વામી તેમના મોટાભાઈ નંદીવર્ધન સમક્ષ પોતાની દીક્ષાની મંજૂરી માંગતા પ્રસંગને ઉપસાવેલ છે તેમજ જમણી બાજુ શ્રી પદ્માવતી દેવીની ધાતુ પ્રતિમા છે.

ગભારામાં મૂળનાયક શ્રી અભિનંદનસ્વામીની ૩૯" ની પ્રતિમા સહિત કુલ ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૧૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

વિ. સં. ૧૯૯૩માં આ જિનાલયની સ્થાપના કરવામાં આવેલ. આ જિનાલયની વર્ષગાંઠ તિથિ મહા વદ ૭ છે જે નિમિત્તે શ્રી સંઘ તરફથી જમણવાર કરવામાં આવે છે તેમજ ચડાવો બોલીને ધ્વજા ચઢાવવામાં આવે છે. જે ભાગ્યશાળી ચઢાવાનો લાભ લે તેમના તરફથી પ્રભાવના પણ કરવામાં આવે છે.

આ જ વિસ્તારમાં શ્રાવકના ૨ અને શ્રાવિકાનો ૧ ઉપાશ્રય છે તેમજ ૨૦૦થી ૩૦૦ પુસ્તકોનો જ્ઞાનભંડાર છે. ''શ્રી આત્માનંદ જૈન પાઠશાળા'' પણ ચાલે છે જેમાં ૩૦ વિદ્યાર્થીઓ ભણવા માટે આવે છે. દરરોજ સવારે દેરાસરમાં આશરે ૨૦ ભાવિકો ખૂબ જ ભક્તિભાવનાપૂર્વક શ્રી ભક્તામર સ્તોત્રનું પઠન કરે છે.

હાલ ગામમાં ૪૦ જૈન કુટુંબો રહે છે. છેલ્લા ૫૦ વર્ષમાં ગામની કોઈ વ્યક્તિએ દીક્ષા ગ્રહણ કરેલ નથી પરંતુ બોડેલીના પૂ. આ. શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજીની દીક્ષા અહીં દેરાસરના ચોકમાં થયેલ.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૧ પાષાણ પ્રતિમા તથા ૬ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે ૧૯૯૧માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ ચંદુલાલ કીલાભાઈ તેનો વહીવટ કરતા હતા. આ ભવ્ય દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૯૧નો છે.

• • •

## ગામ : માસર રોડ તાલુકો : પાદરા

## ૩૨. શ્રી શાંતિનાથ પ્રભુનું ગૃહ ચૈત્ય (સં. ૧૯૭૦)

પાદરાથી ૨૯ કિ. મી.ના અંતરે આવેલા માસર રોડ ગામમાં બજાર મધ્યે મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનનું પશ્ચિમાભિમુખ, છાપરાબંધી, સંઘનું ઘરદેરાસર એક મકાનમાં પહેલા માળે આવેલ છે.

દેરાસરના રંગમંડપમાં પ્રવેશતાં જમણી બાજુની દિવાલે શ્રી શત્રુંજય તીર્થ પટ તેમજ ડાબી બાજુની દિવાલે શ્રી જયસિંહસૂરીશ્વરજીએ કાગળ ઉપર શ્રી નવપદ યંત્રનો જાતે દોરેલો ફોટો મઢેલો છે.

ગભારામાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૩" ની પ્રતિમા સહિત ૫ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. મૂળનાયક ભગવાન ગોખમાં પધરાવેલ છે અને તેની ઉપર શિખરની રચના કરી ધ્વજા ચઢાવેલ છે. મૂળનાયકની પ્રતિમા ઉપર "સં. ૧૫૮૪ શ્રી શાંતિનાથ બિંબ" એ પ્રમાણેનું લખાણ સ્પષ્ટ વાંચી શકાય છે.

અહીં નીચે ભોંયતળીયાનો ઉપાશ્રય તરીકે ઉપયોગ થાય છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. ૨ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે લગભગ સંવત ૧૯૭૦માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ ચંદુલાલ કીલાભાઈ તેનો વહીવટ કરતા હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૭૦નો છે.

• • •

## ગામ : વણછરા તાલુકો : પાદરા

### ૩૩. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય

પાદરાથી ૩૩ કિ. મી.ના અંતરે વણછરા ગામ આવેલું છે જે પ્રાચીન વચ્છનગર નામથી પ્રચલિત હતું. આ ગામમાં ઢાઢર નદીને કિનારે પ્રાચીન શિખરબંધી જિનાલય આવેલું છે.

લોખંડની જાળીથી સુરક્ષિત કરેલ ઓટલા પર સાતેક પગથિયાં ચઢીને પ્રવેશદ્વાર છે. મુખ્ય પ્રવેશદ્વારની બે બાજુએ બે દ્વારપાળની આકૃતિ ચિત્રિત કરેલી છે.

મુખ્ય પ્રવેશદ્વારના સન્મુખ ગભારામાં મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથની શ્વેત આરસની ૨૫" ની પ્રતિમા છે.

જમણી બાજુના દ્વારની સન્મુખ એક નાની દેવકુલિકાની રચના કરવામાં આવી છે જેમાં સહસ્રફણા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે જેની પ્રતિષ્ઠા આચાર્ય શ્રી વિજય યશોભદ્રસૂરિના શિષ્ય શ્રી મુનિરાજરત્નવિજયની નિશ્રામાં શ્રી ધરણેન્દ્ર શ્રી પદ્માવતી માતા સહિત સં. ૨૦૩૫ જેઠ સુદ ૧૩ના દિવસે કરવામાં આવેલ છે. જિનાલયમાં કુલ ૪ પાષાણ પ્રતિમાઓ તથા ૨ ધાતુ મૂર્તિઓ અને ૪ યંત્રો બિરાજમાન છે.

મૂળનાયક ભગવાન શ્રી ચિંતામણી પાર્શ્વનાથની પ્રતિમા પર નીચે મુજબનો લેખ છે.

"શ્રી અર્હન્ ચિંતામણિ પાર્શ્વનાથ જિનબિંબ સંવત ૧૮૪૪ વર્ષે વૈશાખ માસે શુકલ પક્ષે દસમી ૧૦ ગુરુવાસરે શ્રી વિજયઆનંદસૂરિગચ્છે ભટ્ટા. શ્રી વિજયલક્ષ્મીસૂરિભિઃ . . . . . . . . . . . શ્રીમાલી સમસ્તસંઘેન જિનબિંબ જુહારિ. "

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૧૩ ને દિવસે દર વર્ષે શ્રી અશોકચંદ્ર છોટાલાલ શાહ પરિવાર ધ્વજા બદલે છે. આ નિમિત્તે શ્રી સંઘ તરફથી જમણવાર પણ થાય છે.

શ્રી વણછરા ચિંતામણી પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. પૂ. તીર્થની પેઢી દ્વારા સંચાલિત ધર્મશાળા તેમજ ભોજનશાળાની પણ વ્યવસ્થા દેરાસરની બાજુમાં જ કરવામાં આવેલ છે. વિહારકાળમાં પધારતા સાધુ સાધ્વીજી ભગવંતો માટે પણ રોકાણની સારી વ્યવસ્થા કરવામાં આવેલી છે.

ગામમાં હાલ એક પણ જૈન કુટુંબ રહેતું નથી પરંતુ, એક તીર્થનું સ્થાન પામી ચૂકેલા આ ગામમાં પ્રભાવી પ્રતિમા ધરાવતા આ જિનાલયના દર્શનાર્થે ઘણા ભાવિકો પધારે છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૧૯૬૩ જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. અહીં ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૩ ધાતુ પ્રતિમાઓ હતી.

સંવત ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. અહીં ૩ પાષાણ પ્રતિમાઓ અને ૩ ધાતુ પ્રતિમાઓ હતી. મૂળનાયક ભગવાનની પ્રતિમા

પરના લેખની સંવત ૧૮૪૪ જણાવાઈ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનું સંચાલન કરતી વહીવટી પેઢી તરફથી આપવામાં આવેલ માર્ગદર્શિકામાં જણાવ્યાનુસાર આ જિનાલય પ્રાચીન સમયમાં ગામની વચ્ચોવચ હતું પરંતુ, કુદરતી આપત્તિ આવવાને કારણે ઢાઢર નદી ઢસડાઈ આવીને છેલ્લા કેટલાક વર્ષોથી જિનમંદિરની બાજુમાંથી જ વહેતી થઈ છે. વળી જિનમંદિરમાં વર્ષો પૂર્વે બે ભોંયરાં હતાં જે પૈકી એક ગંધાર તીર્થ જતું હતું અને બીજું ખંભાત તીર્થ જતું હતું. આશરે ૮૫૦ વર્ષ પહેલાં હંસરાજ અને વચ્છરાજ નામના બે ભવ્યાત્માઓએ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવેલ. તે સમયે ગામમાં ૧૫૦૦ જેટલા જૈન કુટુંબો વસતાં હતાં.

છેલ્લે વિ. સં. ૨૦૨૮માં વડોદરાથી છ'રી પાલિત સંઘ લઈ પધારેલ શ્રી પદ્મવિજયજી મ. સા.ના ઉપદેશથી જીર્ણોદ્ધાર કરવાનો નિર્ણય થતાં સં. ૨૦૩૦માં શરૂ કરી સં. ૨૦૩૫માં પૂર્ણ થયેલો.

જિનાલયમાં પ્રજ્વલિત કરવામાં આવેલ અખંડ દીપકમાં હજુ આજે પણ કેશરની મેંશ થતી જોવા મળે છે. તદ્ઉપરાંત અતિપ્રાચીન એવી આ પ્રતિમાના દર્શનથી ઘણા ભાવિકોને વિવિધ ચમત્કારોનો અનુભવ પણ થયો છે.

• • •

## ગામ : વ્યારા (અંતોલી) તાલુકો : વાઘોડીયા

### ૩૪. શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલય (સં. ૧૫૦૦)

વાઘોડીયા તાલુકાથી ૭ કિ. મી.ના અંતરે વ્યારા ગામમાં બજારમાં, પરબડી પોળ મધ્યે પૂર્વાભિમુખ, ઘુમ્મટબંધી મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામીનું આરસયુક્ત પ્રાચીન જિનાલય આવેલું છે.

જિનાલયના પ્રાંગણમાં આવેલા લાંબા વિશાળ પથની આજુ-બાજુ પૂજા માટે ફૂલ-ઝાડ રોપેલાં છે તેમજ વિશાળ પ્રાંગણ ચારે બાજુ ફરતી દિવાલથી રક્ષિત છે.

ત્રણ પ્રવેશદ્વારવાળાં જિનાલયમાં મુખ્ય પ્રવેશદ્વારથી રંગમંડપમાં પ્રવેશતાં ઉપર ઘુમ્મટમાં શ્રી મહાવીરસ્વામીના જીવનપ્રસંગો ચિત્રિત કરેલાં છે. તેમજ બે બાજુ દિવાલમાં ઉપરની બાજુ ૨૪ તીર્થંકર ભગવાનોનાં ચિત્રો ચિત્રિત કરેલ છે. જમણી બાજુ દિવાલે શ્રી શત્રુંજય તીર્થનો પટ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામીની ૧૯" ની પ્રતિમા સહિત ૫ પાષાણ પ્રતિમાઓ તથા ૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"શ્રી ચંદ્રપ્રભુ બિંબ સંવત ૧૮૬૬ વર્ષે વૈશાખ માસે શુક્લ પક્ષે ૧૦ ગુરુ શ્રી

વિજયાદશ. . . . "

૭ જૈન કુટુંબોની વસ્તી ધરાવતા ગામમાં આવેલ દેરાસરનો જીર્ણોદ્ધાર અગાઉ થયેલો છે. વિ. સં. ૨૦૩૫માં માગસર સુદ ૫ ના દિવસે તા. ૪-૧૨-૭૮ના રોજ પુનઃપ્રતિષ્ઠા થયેલ છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૫ છે જે નિમિત્તે જમણવાર કરવામાં આવે છે તેમજ લ્હાણું આપવામાં આવે છે. દાનમલજી કપુરચંદજી પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

આ જ વિસ્તારમાં શ્રાવક-શ્રાવિકા બંનેના ઉપયોગ માટેનો એક "વ્યારા જૈન ઉપાશ્રય" આવેલ છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. અહીં ૪ પાષાણ પ્રતિમાઓ તથા ૨ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે ૧૫૦૦માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ મગનલાલ માણેકચંદ તેનો વહીવટ કરતા હતા. મૂળનાયક ભગવાનની પ્રતિમા પરના લેખની સંવત ૧૮૬૬ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૫૦૦નો છે.

• • •

## ગામ : જેતપુર - પાવી તાલુકો : જેતપુર - પાવી

### ૩૫. શ્રી ધર્મનાથ જિનાલય (સં. ૨૦૫૦)

જેતપુર પાવી ગામમાં તલાવ રોડના બજાર મધ્યમાં અંદરની બાજુ પર જમણી બાજુ મૂળનાયક શ્રી ધર્મનાથ ભગવાનનું ઘુમ્મટબંધી, આરસનું, પૂર્વાભિમુખ જિનાલય આવેલ છે.

પાંચ પગથિયાં ચઢતાં એક દ્વાર છે જેની ઉપર પત્થરનું ધર્મચક્ર છે જ્યાંથી રંગમંડપમાં પ્રવેશ થાય છે, જ્યાં વિવિધ તીર્થપટ તેમજ બે બાજુ ગોખમાં શ્રી માણિભદ્રવીર અને શ્રી ઘંટાકર્ણ વીરની પ્રતિમા છે. ગર્ભદ્વારની બહાર ગોખમાં શ્રી કિન્નર યક્ષ તથા શ્રી પ્રજ્ઞપ્તિ (કન્દર્પા) યક્ષિણીની મૂર્તિઓ બિરાજમાન છે.

૩ ગર્ભદ્વારવાળા ગભારા પૈકી મુખ્ય ગર્ભદ્વારે મૂળનાયક શ્રી ધર્મનાથ ભગવાનની ૧૫" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૦માં દેરાસરની સ્થાપના કરવામાં આવેલી જેની પ્રતિષ્ઠા આ. શ્રી સૂર્યોદયસૂરિ મહારાજની નિશ્રામાં થયેલ જેનો લાભ સુશ્રાવિકા શ્રીમતી શાંતાબેન નેમચંદ, રમેશભાઈ નેમચંદે લીધેલ છે. પ્રશસ્તિ નીચે મુજબ છે.

શ્રી ધર્મનાથ જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ

"જૈન શાસનના પરમ જ્યોતિર્ધર પૂજ્યપાદ યુગદિવાકર આચાર્ય ભ. શ્રી વિજય

ધર્મસૂરીશ્વરજી મ. સા. ની દિવ્ય કૃપા વર્ષા પ. પૂ. સાહિત્ય કલારત્ન આ. શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ. સા. પ. પૂ. શતાવધાની આ. શ્રી જયાનન્દસૂરીશ્વરજી મ. સા.ના શુભાશીર્વાદ સહ પ. પૂ. વ્યા. સા. ન્યા. તીર્થ આ. દેવ શ્રી વિજયસૂર્યોદયસૂરિજી મ. સા. પ. પૂ. શ્રી લલિતસેનવિજયજી મ., પૂ. મુનિ શ્રી રાજરત્નવિજયજી, પૂ. મુનિ જિનેન્દ્રવિજયજી, પૂ. મુનિ હરિષેણ વિ. આદિની નિશ્રામાં વિ. સં. ૨૦૫૦ પોષ વદિ ૧૨ તા. ૭-૨-૯૪ સોમવારથી મહા સુદી ૫ તા. ૧૫-૨-૯૪ મંગળવાર સુધી નવ દિવસના સવાર સાંજ ૧૮ સાધર્મિક વાત્સલ્ય, પૂજાઓ . . . . . . . . .

પ્રતિષ્ઠા :- વિ. સં. ૨૫૨૦ વિ. સં. ૨૦૫૦ મહા સુદી ૪ તા. ૧૪-૨-૯૪ સોમવારે મધ્યાહ્ને શાંતાબેન નેમચંદ, રમેશચંદ્ર નેમચંદે લાભ લીધો."

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૪ છે જે નિમિત્તે સંઘ તરફથી જમણવાર થાય છે તેમજ દિનેશભાઈ અંબાલાલ શાહ પરિવાર તરફથી પાંચ વર્ષ માટે ધ્વજા ચઢાવવામાં આવે છે.

દેરાસરની બાજુમાં શ્રાવક-શ્રાવિકાનો એક ઉપાશ્રય છે.

ગામમાં હાલ ૧૫ જૈન કુટુંબો રહે છે.

જિનાલયનો નિર્માણ સમય સં. ૨૦૫૦નો છે.

• • •

## ગામ : પાણીબાર તાલુકો : જેતપુર - પાવી

## ૩૬. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય (સં. ૨૦૪૩)

જેતપુર-પાવી તાલુકાથી ૩ કિ. મી.ના અંતરે આવેલા પાણીબાર ગામ મધ્યે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું ધાબાબંધી દેરાસર આવેલું છે.

દેરાસરમાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની ૨૧" ની પાષાણ પ્રતિમા તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૪૩માં દેરાસરની સ્થાપના કરવામાં આવી હતી. આચાર્ય શ્રી ઇન્દ્રદિન્નસૂરિ મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

વૈશાખ વદ ૧૧ દેરાસરની વર્ષગાંઠ તિથિ છે. તે નિમિત્તે જમણવાર થાય છે.

ગામમાં શ્રાવકોનો ઉપાશ્રય તેમજ જૈન પાઠશાળા આવેલ છે. પાઠશાળામાં ૫૦ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૨૦ થી ૨૫ જૈન કુટુંબો વસે છે તેમજ છેલ્લા ૫૦ વર્ષમાં ગામમાંથી ૪ મુમુક્ષુઓએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

જિનાલયનો સમય સં. ૨૦૪૩નો છે.

## ગામ : સિહોદ તાલુકો : જેતપુર - પાવી

### ૩૭. શ્રી કુંથુનાથ જિનાલય

જેતપુર-પાવી તાલુકાથી ૪ કિ. મી.ના અંતરે આવેલ સિહોદ ગામમાં મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનનું એક શિખરવાળું, આરસનું દેરાસર આવેલ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનની ૧૭" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની પ્રતિષ્ઠા પ. પૂ. વિરેન્દ્રસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં થયેલ જેનો લાભ શાહ કાંતિલાલ ઉજમલાલ પરિવારે લીધેલ. દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૩ છે. તે નિમિત્તે સંઘ તરફથી જમણવાર કરવામાં આવે છે.

ગામમાં શ્રી કુંથુનાથ જૈન ઉપાશ્રય અને શ્રી કુંથુનાથ જૈન પાઠશાળા છે. પાઠશાળામાં આશરે ૨૫ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ ૧૦ થી ૧૫ જૈન કુટુંબો વસે છે તેમજ છેલ્લા ૫૦ વર્ષમાં ગામમાંથી ૧ મુમુક્ષુએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

## ગામ : ભેંસાવહી તાલુકો : જેતપુર - પાવી

### ૩૮. શ્રી મહાવીરસ્વામી જિનાલય (સં. ૨૦૫૪)

જેતપુર-પાવી તાલુકાથી ૫ કિ. મી.ના અંતરે આવેલ ભેંસાવહી ગામમાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામીનું સામરણયુક્ત, એક શિખરવાળું, ભોંયરાસહિત દેરાસર આવેલ છે.

૩ ગર્ભદ્વારવાળા ગભારા પૈકી મુખ્ય ગભારામાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની ૪૧" ની તેમજ ભોંયરામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ૪૧" ની પ્રતિમા બિરાજમાન છે. દેરાસરમાં ૮ પાષાણ પ્રતિમાઓ, ૮ ધાતુ પ્રતિમાઓ તેમજ શ્રી માણિભદ્ર દેવ અને શ્રી પદ્માવતી દેવીની પ્રતિમાઓ બિરાજમાન છે.

અહીં ગુરુમંદિર આવેલ છે, જ્યાં શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. તેમજ શ્રી ભુવનભાનુ-સૂરીશ્વરજી મ. સા. ની પ્રતિમાઓ છે.

વિ. સં. ૨૦૫૪માં દેરાસરની પ્રતિષ્ઠા ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં થયેલ જેનો લાભ મૂળ થરાદના હાલ મુંબઈ નિવાસી શ્રી શાંતિલાલ ચીમનલાલ મૂળચંદભાઈ પરિવારે લીધેલ.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૧૨ છે જે નિમિત્તે શ્રી કલ્યાણભાઈ વજાભાઈ જૈન તથા શ્રી જેમતભાઈ કુતરભાઈ જૈન પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં ૧ ઉપાશ્રય તેમજ શ્રી મહાવીરસ્વામી જૈન પાઠશાળા છે. પાઠશાળામાં આશરે

૩૭ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૨૦ થી ૨૫ જૈન કુટુંબો વસે છે તેમજ છેલ્લા ૫૦ વર્ષમાં ગામમાંથી ૩ મુમુક્ષુઓએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૪નો છે.

• • •

## ગામ : મોટી અમરોલ તાલુકો : જેતપુર-પાવી

### ૩૯. શ્રી આદિનાથ જિનાલય

જેતપુર-પાવી તાલુકાથી ૬ કિ. મી.ના અંતરે આવેલ મોટી અમરોલ ગામમાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનનું એક શિખરવાળું દેરાસર આવેલ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની આરસની પ્રતિમા સહિત ૫ પાષાણ પ્રતિમાઓ, ૩ ધાતુ પ્રતિમાઓ, ૧ જોડ પગલાં તથા શ્રી માણિભદ્રવીરની પ્રતિમા બિરાજમાન છે.

પૂ. આ. શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં દેરાસરની પ્રતિષ્ઠા થયેલ છે. હજુ દેરાસર તેમજ ઉપાશ્રયનું બાંધકામ ચાલુ છે.

ગામમાંથી છેલ્લા ૫૦ વર્ષમાં ૧ મુમુક્ષુએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

• • •

## ગામ : મોટી બુમડી તાલુકો : જેતપુર-પાવી

### ૪૦. શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય (સં. ૨૦૫૪)

જેતપુર-પાવી તાલુકાથી ૮ કિ. મી.ના અંતરે આવેલ મોટી બુમડી ગામમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીનું શિખરબંધી દેરાસર આવેલ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની ૨૧" ની પ્રતિમા સહિત ૪ પાષાણ પ્રતિમાઓ તથા ૪ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબનો લેખ કોતરવામાં આવ્યો છે.

"વિ. સં. ૨૦૫૦ વૈશાખ સુદ ચતુર્થી વાસુપૂજ્યસ્વામીજી જિનબિંબ પ્રતિષ્ઠા તપાગચ્છ શ્રી ભુવનભાનુસૂરિ પટ્ટધરે શિષ્ય દિવાકર ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીજી હેમચંદ્રસૂરિજી ગચ્છાધિપતિ હરિવલ્લભસૂરિજી શેઠ શ્રી મુલચંદજી . . . . . . . . . . . . "

વિ. સં. ૨૦૫૪માં દેરાસરની આચાર્ય શ્રી જગતચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ જેનો લાભ શ્રી ખોડલા જૈન સંઘ, પાલનપુર તરફથી લેવામાં આવેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૫ છે જે નિમિત્તે સંઘ તરફથી જમણવાર કરવામાં આવે છે તેમજ જોરૂમલજીભાઈ ખોડલાવાળા પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શ્રી વાસુપૂજ્ય જૈન પાઠશાળા છે, જેમાં ૨૦ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૨૦ થી ૨૫ જૈન કુટુંબો વસે છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૪નો છે.

• • •

## ગામ : કુકણા તાલુકો : જેતપુર - પાવી

### ૪૧. શ્રી શાંતિનાથ જિનાલય (સં. ૨૦૫૬)

જેતપુર-પાવી તાલુકાથી ૮ કિ. મી.ના અંતરે આવેલા કુકણા ગામમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનનું છાપરાબંધી દેરાસર આવેલું છે.

દેરાસરમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૧૧" ની એકમાત્ર ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૬માં દેરાસરની સ્થાપના કરવામાં આવેલ છે.

ગામમાં શ્રી મહાવીરસ્વામી જૈન પાઠશાળા છે જેમાં આશરે ૪૦ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ ૨૦ જૈન કુટુંબો વસે છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૬નો છે.

• • •

## ગામ : બારાવાડ તાલુકો : જેતપુર-પાવી

### ૪૨. શ્રી સુમતિનાથ જિનાલય (સં. ૨૦૫૮)

જેતપુર-પાવી તાલુકાથી ૮ કિ. મી.ના અંતરે આવેલ બારાવાડ ગામમાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનનું છાપરાબંધી ઘરદેરાસર આવેલ છે.

દેરાસરમાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની ૧૧" ની પ્રતિમા સહિત ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૮માં દેરાસરની સ્થાપના કરવામાં આવેલ છે.

ગામમાં શ્રી સુમતિનાથ જૈન ધાર્મિક પાઠશાળા છે જેમાં આશરે ૩૮ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ ૨૦ જૈન કુટુંબો વસે છે.

જિનાલયનોં સમય સં. ૨૦૫૮નો છે.

• • •

## ગામ : પાટીયા તાલુકો : જેતપુર-પાવી

### ૪૩. શ્રી શીતળનાથ જિનાલય (સં. ૨૦૫૯)

જેતપુર-પાવી તાલુકાથી ૧૦ કિ. મી.ના અંતરે આવેલ પાટીયા ગામમાં મૂળનાયક શ્રી શીતળનાથ ભગવાનનું એક શિખરવાળું દેરાસર આવેલ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી શીતળનાથ ભગવાનની ૧૯" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૯માં પૂ. મુનિરાજ શ્રી હેમહંસવિજયજી મ. સા. ની નિશ્રામાં દેરાસરની પ્રતિષ્ઠા થયેલી છે જેનો લાભ દામિનીબેન હર્ષવદનભાઈએ લીધેલ છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા વદ ૩ છે.

ગામમાં કુસુમબેન ખાંતીલાલ જૈન પાઠશાળા છે જેમાં આશરે ૫૦ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ ૨૫ થી ૩૦ જૈન કુટુંબો વસે છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૯નો છે.

• • •

## ગામ : ગડોથ તાલુકો : જેતપુર-પાવી

### ૪૪. શ્રી શાંતિનાથ જિનાલય (સં. ૨૦૫૩)

જેતપુર-પાવી તાલુકાથી ૧૦ કિ. મી.ના અંતરે આવેલ ગડોથ ગામમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનનું એક શિખરવાળું દેરાસર આવેલ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૧૫" ની પાષાણ પ્રતિમા સહિત ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૩માં દેરાસરની પ્રતિષ્ઠા, પૂ. મુનિરાજ શ્રી અનંતબોધિ મ. સા. ની નિશ્રામાં થયેલ, જેનો લાભ કાંતિલાલ ઉજમલાલ શાહે લીધેલ છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ ચૈત્ર સુદ ૫ છે.

ગામમાં શ્રી શાંતિનાથ જૈન પાઠશાળા છે.

ગામમાં હાલ ૨૦થી ૨૫ જૈન કુટુંબો વસે છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૩નો છે.

• • •

## ગામ : નવાનગર તાલુકો : જેતપુર-પાવી

### ૪૫. શ્રી લોદ્રવા પાર્શ્વનાથ જિનાલય (સં. ૨૦૫૪)

જેતપુર-પાવી તાલુકાથી ૧૧ કિ. મી.ના અંતરે આવેલ નવાનગરમાં મૂળનાયક શ્રી લોદ્રવા પાર્શ્વનાથ ભગવાનનું એક શિખરવાળું દેરાસર આવેલ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી લોદ્રવા પાર્શ્વનાથ ભગવાનની ૨૧" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૪માં આચાર્ય શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવેલ જેનો લાભ તાડદેવ, મુંબઈ નિવાસી કાંતિલાલ શાહ પરિવારે લીધેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ માગસર સુદ ૧૪ છે જે નિમિત્તે સંઘ તરફથી જમણવાર કરવામાં આવે છે તેમજ ચઢાવો બોલીને ધ્વજા ચઢાવવામાં આવે છે.

હાલ ગામમાં આશરે ૧૦ જૈન કુટુંબો વસે છે.

• • •

## ગામ : મોટા બુટિયાપુરા તાલુકો : જેતપુર-પાવી

### ૪૬. શ્રી અનંતનાથ જિનાલય (સં. ૨૦૪૦ ની આસપાસ)

જેતપુર-પાવી તાલુકાથી ૧૨ કિ. મી.ના અંતરે આવેલ મોટા બુટિયાપુરા ગામમાં મૂળનાયક શ્રી અનંતનાથ ભગવાનનું એક શિખરવાળું દેરાસર આવેલ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી અનંતનાથ ભગવાનની ૧૫" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૧ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબનો લેખ કોતરવામાં આવ્યો છે.

"અનંતનાથ બિંબ કુંભાસણ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘેન શ્રી સંઘ શ્રેયસે કા. પ્ર. ચ. તપા શાસન શ્રી વિજય નેમિ વિજ્ઞાન કસ્તૂરસૂરિ પટ વિજયચન્દ્રોદયસૂરીશ્વરોપદેસેન કારિતે શ્રી અંજનશલાકા મહોત્સવે વિ. દેવસૂરિભિઃ ચન્દ્રોદયસૂરીશ્વર, વિ. હેમચન્દ્રસૂરિ . . . . . ."

૨૦ વર્ષ અગાઉ માગસર સુદ ૬ના દિવસે મુનિ શ્રી અરૂણિવજયજી મ. સા. ની નિશ્રામાં કુંભાસણ જૈન સંઘ, મુંબઈ દ્વારા પ્રતિષ્ઠા થયેલ અને દર વર્ષે તે વર્ષગાંઠના દિવસે

કુંભાસણ જૈન સંઘ તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે તેમજ ગામમાં જમણવાર થાય છે.

ગામમાં શ્રી અનંતનાથ જૈન ધાર્મિક પાઠશાળા છે જેમાં આશરે ૩૫ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૨૦થી ૨૫ જૈન કુટુંબો વસે છે.

જિનાલયનો સમય સં. ૨૦૪૦ની આસપાસનો છે.

• • •

## ગામ : જીવણપુરા તાલુકો : જેતપુર-પાવી

### ૪૭. શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જિનાલય (સં. ૨૦૫૯)

જેતપુર-પાવી તાલુકાથી ૧૨ કિ. મી.ના અંતરે આવેલ જીવણપુરા ગામમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સામરણયુક્ત શિખરબંધી દેરાસર આવેલ છે.

ગભારામાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૧૯" ની પ્રતિમા સહિત ૪ પાષાણ પ્રતિમાઓ તથા ૪ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૬માં દેરાસરની પ્રતિષ્ઠા પૂ. આચાર્ય શ્રી ઇન્દ્રદિન્નસૂરિ મ. સા. ની નિશ્રામાં થયેલ જેનો લાભ શેઠ શ્રી લાલા અમરનાથ જનકરાજે (લુધિયાણા) લીધેલ. દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૧૩ છે જે નિમિત્તે લાલા અમરનાથ જનકલાલ પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શ્રી સુવિધિનાથ જૈન ધાર્મિક પાઠશાળા છે જેમાં હાલ ૧૮ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૨૦ જૈન કુટુંબો વસે છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૬નો છે.

• • •

## ગામ : વિસાડી તાલુકો : જેતપુર-પાવી

### ૪૮. શ્રી સંભવનાથ જિનાલય (સં. ૨૦૪૭)

જેતપુર-પાવી તાલુકાથી ૧૨ કિ. મી.ના અંતરે આવેલ વિસાડી ગામમાં મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનનું એક શિખરવાળું આરસનું દેરાસર આવેલ છે.

ગભારા મધ્યે મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનની ૧૭" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. વળી, શ્રી માણિભદ્રવીર અને શ્રી ચક્રેશ્વરી દેવીની પ્રતિમા પણ બિરાજમાન છે.

ઈ. સ. ૧૯૯૧માં દેરાસરની સ્થાપના કરવામાં આવેલ જેની પ્રતિષ્ઠા પ. પૂ. મુનિરાજ શ્રી લાવણ્યસાગર વિ. મ. સા. ની નિશ્રામાં થયેલ.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૬ છે જે નિમિત્તે સંઘ તરફથી જમણવાર કરવામાં આવે છે તેમજ રાંદેલવાળા પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શ્રી વિશા શ્રીમાળી હોલ તેમજ શ્રી સંભવનાથ જૈન પાઠશાળા છે. પાઠશાળામાં આશરે ૨૮ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૩૦ જૈન કુટુંબો વસે છે. છેલ્લા ૫૦ વર્ષમાં ગામમાંથી ૨ મુમુક્ષુઓએ દીક્ષા ગ્રહણ કરી છે.

જિનાલયનો સમય સં. ૨૦૪૭નો છે.

• • •

## ગામ : ગજેન્દ્રપુરા તાલુકો : જેતપુર-પાવી

### ૪૯. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય (સં. ૨૦૫૬)

જેતપુર-પાવી તાલુકાથી ૧૫ કિ. મી.ના અંતરે આવેલ ગજેન્દ્રપુરા ગામ મધ્યે મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું એક શિખરવાળું જિનાલય આવેલ છે. આ ગામનું પ્રાચીન નામ લીમડીઘોડા હતું.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ૧૭" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ, ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે તેમજ શ્રી પદ્માવતી દેવી, શ્રી પ્રાસાદ દેવી, શ્રી યક્ષ દેવની મૂર્તિઓ પણ બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૬માં પૂ. પં. શ્રી લલિતસેન વિ. મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવેલ, જેનો લાભ સુશ્રાવિકા શ્રીમતી વીરમતીબેન શાંતીલાલ હીરાલાલ કુસુમગર પરિવારે લીધેલ.

દેરાસરની વર્ષગાંઠ તિથિ જેઠ સુદ ૬ છે જે નિમિત્તે સંઘ તરફથી જમણવાર થાય છે તેમજ શાંતીલાલ હીરાલાલ કુસુમગર પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શ્રાવક-શ્રાવિકાનો એક ઉપાશ્રય "આરાધના ભુવન" તેમજ "શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન પાઠશાળા" છે. પાઠશાળામાં ૩૫ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૬નો છે.

• • •

## ગામ : ભીંડોલ તાલુકો : જેતપુર-પાવી

### ૫૦. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય (સં. ૨૦૫૫)

જેતપુર-પાવી તાલુકાથી ૨૦ કિ. મી.ના અંતરે આવેલ ભીંડોલ મધ્યે મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું ત્રણ શિખરવાળું દેરાસર આવેલ છે.

ગભારામાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ૧૭" ની પાષાણ પ્રતિમા, ૨ ધાતુ પ્રતિમાઓ તેમજ શ્રી ચક્રેશ્વરી દેવી અને શ્રી પદ્માવતી દેવીની મૂર્તિઓ બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૫માં ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિ મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવેલ જેનો લાભ સુશ્રાવિકા શ્રીમતી સરોજબેન પરિવારે લીધેલ.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૨ છે જે નિમિત્તે શ્રીસંઘજમણ રાખવામાં આવે છે. તેમજ શ્રીમતી સરોજબેન શાહ પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શ્રાવકો માટે એક જૈન ઉપાશ્રય છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૫નો છે.

• • •

## ગામ : ધરોલીયા તાલુકો : જેતપુર-પાવી

### ૫૧. શ્રી મહાવીરસ્વામી જિનાલય (સં. ૨૦૨૪)

જેતપુર-પાવી તાલુકાથી ૨૦ કિ. મી.ના અંતરે આવેલ ધરોલીયા ગામમાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાનનું ઘુમ્મટબંધી દેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાનની ૧૩" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૨૪માં દેરાસરની પ. પૂ. ગણિવર્ય શ્રી ઇન્દ્રવિજયજી મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ જેનો લાભ શેઠ શ્રી રસીકલાલ ચુનીલાલ ભંડારીએ લીધેલ.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૧૦ છે જે નિમિત્તે ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શ્રાવકનો જૈન ઉપાશ્રય તેમજ શ્રી મહાવીરસ્વામી જિન પાઠશાળા છે જેમાં ૨૦ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૧૦ જૈન કુટુંબો વસે છે.

જિનાલયનો સમય સં. ૨૦૨૪નો છે.

• • •

## ગામ : ઝાંપા તાલુકો : જેતપુર-પાવી

### ૫૨. શ્રી કુંથુનાથ જિનાલય (સં. ૨૦૧૯)

જેતપુર-પાવી તાલુકાથી ૨૫ કિ. મી.ના અંતરે આવેલ ઝાંપા ગામમાં મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનનું દેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનની ૧૧" ની ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૧૯માં દેરાસરની પ. પૂ. ગણિવર્ય શ્રી ઇન્દ્રવિજયજી મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ જેનો લાભ શેઠ શ્રી રમણલાલ નગીનદાસ પરીખ (કપડવંજ) પરિવારે લીધેલ.

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૫ છે. જે નિમિત્તે સંઘ તરફથી શ્રીસંઘજમણ રાખવામાં આવે છે તેમજ ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શ્રાવકનો જૈન ઉપાશ્રય તેમજ શ્રી કુંથુજિન પાઠશાળા છે, જેમાં ૩૦ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૨૦ જૈન કુટુંબો વસે છે.

જિનાલયનો સમય સં. ૨૦૧૯નો છે.

• • •

## ગામ : કાવરા તાલુકો : જેતપુર-પાવી

### ૫૩. શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય (સં. ૨૦૫૯)

જેતપુર-પાવી તાલુકાથી ૨૫ કિ. મી.ના અંતરે આવેલ કાવરા ગામમાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનનું એક શિખરવાળું દેરાસર આવેલ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની પરિકરયુક્ત ૨૧" ની પ્રતિમા સહિત ૧૦ પાષાણ પ્રતિમાઓ તથા ૬ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. વળી દેરાસરમાં શ્રી ગૌતમસ્વામી તેમજ ગુરુ શ્રી વલ્લભસૂરીશ્વરજીની પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૯માં દેરાસરની આચાર્ય શ્રી યશોભદ્રસૂરિ મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ જેનો લાભ અંધેરી, મુંબઈ નિવાસી કોકીલાબેન જેન્તીભાઈ શાહ પરિવારે લીધેલ.

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૨ છે. જે નિમિત્તે શ્રીસંઘજમણ રાખવામાં આવે છે તેમજ શ્રી અશોક સરદારમલ શાહ પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શ્રાવક-શ્રાવિકાનો એક-એક ઉપાશ્રય, શ્રી આત્મવલ્લભ પાઠશાળા તેમજ

3000 પુસ્તકનો જ્ઞાનભંડાર છે.

છેલ્લા ૫૦ વર્ષમાં ગામમાંથી ૩ મુમુક્ષુએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૯નો છે.

• • •

## ગામ : તાડકાછલા તાલુકો : જેતપુર-પાવી

### ૫૪. શ્રી સંભવનાથ જિનાલય

જેતપુર-પાવી તાલુકામાં આવેલ તાડકાછલા ગામમાં મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનનું શિખરબંધી દેરાસર આવેલ છે.

ત્રણ ગર્ભદ્વારવાળા ગભારા પૈકી મુખ્ય ગભારામાં મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનની આરસ પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

દેરાસરની પ્રતિષ્ઠા આચાર્ય શ્રી જગચ્ચંદ્ર મ. સા. ની નિશ્રામાં થયેલ.

દેરાસરની વર્ષગાંઠ તિથિના દિવસે ગામમાં શ્રીસંઘજમણ રાખવામાં આવે છે તેમજ ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શ્રી સંભવનાથ પાઠશાળા છે જેમાં ૧૦ વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ મેળવે છે.

• • •

## ગામ : નાની બુમડી તાલુકો : જેતપુર-પાવી

### ૫૫. શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય (સં. ૨૦૫૯)

જેતપુર-પાવી તાલુકામાં આવેલ નાની બુમડી ગામમાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનનું ઘુમ્મટબંધી દેરાસર આવેલ છે.

ત્રણ ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની ૨૧" ની પ્રતિમા સહિત ૪ પાષાણ પ્રતિમાઓ તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૯માં દેરાસરની પૂ. મુનિરાજ શ્રી હેમહંસવિજયજી મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ જેનો લાભ શેઠ શ્રી રાજેન્દ્રકુમાર દલિચંદ સફલેચા પરિવારે લીધેલ.

દેરાસરની વર્ષગાંઠ તિથિ માગસર સુદ ૬ છે. જે નિમિત્તે સંઘ તરફથી શ્રીસંઘજમણ રાખવામાં આવે છે.

ગામમાં શ્રાવકનો એક ઉપાશ્રય, શ્રી મહાવીરસ્વામી જૈન પાઠશાળા છે જેમાં ૨૦ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૨૦ થી ૨૫ જૈન કુટુંબો વસે છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૯નો છે.

## ગામ : જૂની બોડેલી તાલુકો : સંખેડા

### ૫૬. શ્રી પાર્શ્વનાથ જિનાલય (સં. ૨૦૫૪)

સંખેડા તાલુકાથી ૬ કિ. મી.ના અંતરે આવેલ જૂની બોડેલી ગામમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનનું શિખરબંધી દેરાસર આવેલ છે.

ગભારામાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૧૧" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૪માં દેરાસરની પ્રતિષ્ઠાનો લાભ અમૃતલાલ બાફના પરિવારે લીધેલ.

ગામમાં શ્રી વર્ધમાન જૈન પાઠશાળા છે જેમાં આશરે ૫૫ વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ મેળવે છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૪નો છે.

• • •

## ગામ : લવેડ તાલુકો : સંખેડા

### ૫૭. શ્રી શ્રેયાંસનાથ જિનાલય (સં. ૨૦૩૭)

સંખેડાથી ૧૩ કિ. મી.ના અંતરે આવેલ લવેડ ગામમાં મૂળનાયક શ્રી શ્રેયાંસનાથ ભગવાનનું ધાબાબંધી દેરાસર આવેલ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી શ્રેયાંસનાથ ભગવાનની ૧૩" ની પાષાણ પ્રતિમા તેમજ ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૩૭માં દેરાસરની પ. પૂ. આચાર્ય શ્રી અમૃતવિજયજી મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ, જેનો લાભ શેઠ શ્રી કેસરીચંદ ભોગીલાલ પરિવારે લીધેલ.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૧૧ છે જે નિમિત્તે શ્રીસંઘજમણ રાખવામાં આવે છે તેમજ શ્રી કેસરીચંદ ભોગીલાલ પરિવાર (ખંભાત) તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શ્રી શ્રેયાંસનાથ જૈન પાઠશાળા છે જેમાં આશરે ૨૨ વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૩૦ જૈન કુટુંબો રહે છે.

જિનાલયનો સમય સં. ૨૦૩૭નો છે.

• • •

## ગામ : જેસીંગપુરા તાલુકો : સંખેડા

### ૫૮. શ્રી શાંતિનાથ જિનાલય

સંખેડા તાલુકાથી ૧૩ કિ. મી.ના અંતરે આવેલ જેસીંગપુરા ગામમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનનું છાપરાબંધી દેરાસર આવેલ છે.

દેરાસરમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની પંચધાતુની પ્રતિમા સહિત ૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસર બની રહ્યું છે. મૂળનાયક ભગવાનની પ્રતિષ્ઠા હજુ થઈ નથી.

• • •

## ગામ : ઉંચા કલમ તાલુકો : સંખેડા

### ૫૯. શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય (સં. ૨૦૫૫)

સંખેડાથી ૧૫ કિ. મી.ના અંતરે આવેલ ઉંચા કલમ ગામમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીનું શિખરબંધી દેરાસર આવેલ છે.

પાંચ ગર્ભદ્વારવાળા ગભારાનાં મુખ્ય ગભારામાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની ૧૫" ની પ્રતિમા સહિત ૫ પાષાણ પ્રતિમાઓ તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૫માં દેરાસરની પ્રતિષ્ઠા પૂ. પં. શ્રી લલિતસેન વિજયજી મ. સા. ની નિશ્રામાં થયેલ જેનો લાભ શેઠ શ્રી છગનલાલ મગનલાલ શાહ પરિવારે લીધેલ.

દેરાસરની વર્ષગાંઠ તિથિ માગસર વદ ૧ છે જે નિમિત્તે શ્રીસંઘજમણ રાખવામાં આવે છે તેમજ શ્રી છગનલાલ મગનલાલ પરિવાર (નોંધણ વદરવાળા) તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શ્રાવિકાનો ઉપાશ્રય-આરાધના ભુવન તેમજ શ્રી વાસુપૂજ્યસ્વામી જૈન પાઠશાળા છે જેમાં આશરે ૨૧ વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૧૦ જૈન કુટુંબો વસે છે.

• • •

## ગામ : ભદ્રાલી તાલુકો : સંખેડા

### ૬૦. શ્રી વિમળનાથ જિનાલય (સં. ૨૦૫૭)

સંખેડાથી ૧૫ કિ. મી.ના અંતરે આવેલ ભદ્રાલી ગામમાં મૂળનાયક શ્રી વિમળનાથ ભગવાનનું ઘુમ્મટબંધી દેરાસર આવેલ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી વિમળનાથ ભગવાનની ૧૩" ની પાષાણ પ્રતિમાઓ તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૭માં દેરાસરની પ. પૂ. મુનિરાજ શ્રી હેમહંસવિજયજી મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ જેનો લાભ શ્રી સિદ્ધિ ચેરીટેબલ ટ્રસ્ટ વતી સુશ્રાવિકા શ્રીમતી દામિનીબેન હર્ષવદન તથા સુલત્તાબેન આસિતભાઈએ (અમદાવાદ) લીધેલ.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ વદ ૨ છે જે નિમિત્તે શ્રીસંઘજમણ રાખવામાં આવે છે તેમજ ડાહ્યાલાલ ગઢવાલ (ઘાટકોપરવાળા) ધ્વજા ચઢાવે છે.

ગામમાં શ્રાવકનો શ્રી વિમળનાથ જૈન ઉપાશ્રય તેમજ શ્રી વિમળનાથ જૈન પાઠશાળા છે જેમાં આશરે ૩૫ વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૭ કુટુંબ વસે છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૭નો છે.

• • •

## ગામ : ચાંદણ તાલુકો : સંખેડા

### ૬૧. શ્રી મહાવીરસ્વામી જિનાલય (સં. ૨૦૫૭)

સંખેડાથી ૧૫ કિ. મી.ના અંતરે કેનાલ પાસે આવેલ ચાંદણ ગામમાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાનનું એક શિખરવાળું દેરાસર આવેલું છે.

ગભારામાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાનની ૨૧" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૭માં વૈશાખ વદ ૧૧ના દિવસે મુનિ શ્રી હેમહંસવિજયજી મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ જેનો લાભ શેઠ શ્રી હેમંતભાઈ બાબુલાલ શાહ પરિવારે લીધેલ.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ વદ ૧૧ છે જે નિમિત્તે ચઢાવો બોલીને ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શ્રી મહાવીરસ્વામી જૈન પાઠશાળા છે જેમાં આશરે ૩૩ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૭નો છે.

• • •

## ગામ : સાલપુરા તાલુકો : સંખેડા

### ૬૨. શ્રી કેસરિયાજી આદિનાથ (સં. ૨૦૫૫)

ડભોઈ-બોડેલી હાઈવે ઉપર તેમજ સંખેડાથી ૧૫ કિ. મી.ના અંતરે સાલપુરા ગામમાં શ્રી કેસરિયાજી આદિનાથ ભગવાનનું સામરણયુક્ત શિખરબંધી દેરાસર આવેલ છે.

વિશાળ પ્રાંગણ ધરાવતાં દેરાસરની બાજુમાં આરાધના ભવન અને ૨૧ રૂમ ધરાવતી ધર્મશાળા પણ છે. દેરાસરની આજુબાજુ બે દેવકુલિકા બનાવવાનું કાર્ય હાલ ચાલુ છે. ૨૦ પગથિયાં ચઢીને જિનાલયના મુખ્ય ૩ પ્રવેશદ્વારમાંથી રંગમંડપમાં પ્રવેશ થાય છે.

એક ગર્ભદ્વારવાળા ગભારાની મધ્યમાં મૂળનાયક શ્રી કેસરિયાજી આદિનાથ ભગવાનની ૧૯" ની કસોટીના પત્થરમાંથી બનાવેલ, શ્યામ વર્ણની, પંચતીર્થી પ્રતિમા બિરાજમાન છે. અહીં ૭ પાષાણ પ્રતિમાઓ તથા ૪ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પરના લેખમાં "સં. ૨૦૦૮ જેઠ સુદ-૬ બુધવાર આ. શ્રી વિજયવલ્લભસૂરિ." એ પ્રમાણે વાંચી શકાય છે.

ભોંયરામાં એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની ૫૧" ની પ્રતિમા સહિત ૬ પાષાણ પ્રતિમાઓ (જેમાં ૨ શ્યામ વર્ણની) તથા ૬ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમા પર નીચે મુજબનો લેખ કોતરવામાં આવ્યો છે.

"વીર સં. ૨૫૨૫ વિ. સં. ૨૦૫૫ ઈ. સ. ૧૯૯૯ માઘ શુક્લા પંચમ્યા તીથૌ શુક્રવાસરે ઉત્તરભાનુ નક્ષત્રે સાલપુર ઇન્દ્રધામ જિનાલયસ્ય ભૂગર્ભે ઈદમ યુગાવતારી શ્રી આદિનાથ જિનબિંબ પાંચાલદેશોલદ્ધારકાણાં તપાગચ્છીય જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરાણાં પટ્ટાલંકાર પંજાબ કેસરી યુગવીર જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરાણાં . . . . . . . . ઇન્દ્રદિન્નસૂરિભિઃ પાનીદેવી આત્મ શ્રેયાર્થે જીવરાજજી પરિવારેણ કારાપિતં. "

આશરે ૫૦ જૈન કુટુંબોની વસ્તી ધરાવતા આ ગામના એકમાત્ર દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૫ છે જે નિમિત્તે શ્રી સંઘ તરફથી શ્રીસંઘજમણ રાખવામાં આવે છે તથા શેઠ શ્રી પારસમલજી પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

દેરાસરના પરિસરમાં શ્રી વિજયઇન્દ્ર આરાધના ભુવન નામનો ૩ માળનો શ્રાવક-શ્રાવિકા બંનેના ઉપયોગ માટેનો ઉપાશ્રય છે. શેઠ શ્રી રાયચંદ ગુલાબચંદ અચ્છારીવાળા તરફથી પાઠશાળા ચાલે છે જેમાં ૨૦ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

છેલ્લા ૫૦ વર્ષ દરમિયાન આચાર્ય શ્રી ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા. સહિત કુલ ૪ મુમુક્ષોએ ગામમાંથી દીક્ષા ગ્રહણ કરેલ છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૫નો છે.

## ગામ : સાગવા તાલુકો : સંખેડા

### ૬૩. શ્રી પાર્શ્વનાથ જિનાલય (સં. ૨૦૫૨)

સંખેડા તાલુકાથી ૧૮ કિ. મી.ના અંતરે આવેલ સાગવા ગામમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનનું એક શિખરવાળું દેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથની ૧૩" ની અને શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથની ૯" ની પાષાણ પ્રતિમા તથા ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ માગશર સુદ ૫ છે. દેરાસરની પ્રતિષ્ઠા આચાર્ય શ્રી વિજય ઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં સં. ૨૦૫૨માં થયેલ છે.

ગામમાં શ્રી પાર્શ્વનાથ જૈન પાઠશાળા છે જેમાં આશરે ૩૯ વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ મેળવે છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૨નો છે.

• • •

## ગામ : રાજપરી તાલુકો : સંખેડા

### ૬૪. શ્રી સુપાર્શ્વનાથ જિનાલય (સં. ૨૦૩૭)

સંખેડાથી ૨૦ કિ. મી.ના અંતરે આવેલ રાજપરી ગામમાં મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું એક શિખરવાળું દેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની ૧૭" ની પ્રતિમા સહિત ૬ પાષાણ પ્રતિમાઓ તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૩૭માં વૈશાખ સુદ ૭ના દિવસે દેરાસરની પ્રતિષ્ઠા થયેલ, દર વર્ષે વર્ષગાંઠને દિવસે શ્રી સંઘ તરફથી શ્રીસંઘજમણ રાખવામાં આવે છે તેમજ શ્રી જગદીશચંદ્ર રતીલાલ શાહ પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શેઠ શ્રી જગદીશચંદ્ર રતીલાલ શાહ જૈન ઉપાશ્રય-શ્રાવકનો ઉપાશ્રય તેમજ શ્રી સુપાર્શ્વનાથ જૈન પાઠશાળા આવેલ છે જેમાં ૨૫ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૧૧ જૈન કુટુંબો વસે છે.

જિનાલયનો સમય સં. ૨૦૩૭નો છે.

• • •

## ગામ : છાનતલાવડા તાલુકો : સંખેડા

### ૯૫. શ્રી આદિનાથ જિનાલય (સં. ૨૦૧૯)

સંખેડાથી ૨૫ કિ. મી.ના અંતરે આવેલા છાનતલાવડા ગામમાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનનું ઘરદેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની ૧૩" ની પાષાણ પ્રતિમા તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૧૯માં દેરાસરની પ્રતિષ્ઠા પૂ. ગણિવર્ય શ્રી ઇન્દ્રિવજયજી મ. સા. ની નિશ્રામાં થયેલ જેનો લાભ શેઠ શ્રી ચીમનલાલ મગનલાલ પરિવારે લીધો હતો.

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૫ છે જે નિમિત્તે ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શ્રાવકનો જૈન ઉપાશ્રય તેમજ શ્રી આદિજિન પાઠશાળા છે જેમાં આશરે ૨૫ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૨૫ જૈન કુટુંબો વસે છે. છેલ્લા ૫૦ વર્ષમાં ગામમાંથી ૧ મુમુક્ષુએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

જિનાલયનો સમય સં. ૨૦૧૯નો છે.

• • •

## ગામ : ભગવાનપુરા તાલુકો : સંખેડા

### ૯૬. શ્રી સુવિધિનાથ જિનાલય (સં. ૨૦૪૧)

સંખેડાથી ૨૫ કિ. મી.ના અંતરે આવેલા ભગવાનપુરા ગામ મધ્યે પૂર્વાભિમુખ, ઘુમ્મટબંધી મૂળનાયક શ્રી સુવિધિનાથ ભગવાનનું દેરાસર આવેલું છે.

લાંબા મોટા ઓટલા ઉપર જમણી બાજુ દેરાસર તેમજ ડાબી બાજુ ઉપાશ્રય આવેલું છે. દેરાસરની ડાબી બાજુ તથા પાછળની ખુલ્લી જગ્યામાં જાસુદના છોડ રોપેલા છે.

એક પ્રવેશદ્વારમાંથી પ્રવેશતાં નાનો રંગમંડપ તેમજ વચ્ચે ગભારો આવે છે. પ્રદક્ષિણા માટે ફરતી જગ્યા છે. અહીં જમણી બાજુ દિવાલ પર લખેલ શિલાલેખ મુજબ વિ. સં. ૨૦૪૧ જેઠ સુદ ૨ બુધવાર તા. ૨૨-૫-૮૫ના દિવસે આચાર્ય શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં હાલ મુંબઈ નિવાસી શેઠ શ્રી રમણિકલાલ દયાળજી (દાઠા) પરિવારના હસ્તે પ્રતિષ્ઠા થયેલ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી સુવિધિનાથ ભગવાનની ૨૧" ની પ્રતિમા સહિત ૩ પાષાણની પદ્માસન મુદ્રામાં પ્રતિમાઓ તથા ૪ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ જેઠ સુદ ૨ છે જે નિમિત્તે શ્રી સંઘ તરફથી શ્રીસંઘજમણ રાખવામાં આવે છે તેમજ લહાણું આપવામાં આવે છે તથા મુંબઈ નિવાસી શ્રી સુરેશભાઈ રમણિકલાલ દાઠાવાળા પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

દેરાસરની બાજુમાં શ્રી શ્વે. મૂ. પૂ. જૈન ઉપાશ્રય શ્રાવક-શ્રાવિકા બંનેના ઉપયોગ માટે છે તેમજ આ જ વિસ્તારમાં શ્રી સુવિધિનાથ જૈન પાઠશાળા ચલાવવામાં આવે છે.

ગામમાં હાલ ૩૫ જૈન કુટુંબો વસે છે. છેલ્લા ૫૦ વર્ષમાં ૧ મુમુક્ષુઓએ દીક્ષા ગ્રહણ કરી છે.

જિનાલયનો સમય સં. ૨૦૪૧નો છે.

• • •

## ગામ : લોઢણ તાલુકો : સંખેડા

### ૬૭. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ગૃહ ચૈત્ય

સંખેડાથી ૩૦ કિ. મી.ના અંતરે આવેલ લોઢણ ગામમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની એક ધાતુ પ્રતિમા ધરાવતું ઘરદેરાસર છે.

ગામમાં શ્રી પાર્શ્વનાથ પાઠશાળા ચાલે છે જેમાં આશરે ૩૦ વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ મેળવે છે.

દેરાસરનું કામ ચાલું છે. ભગવાનની પ્રતિષ્ઠા થયેલ નથી.

• • •

## ગામ : કંબોઈ તાલુકો : સંખેડા

### ૬૮. શ્રી નમિનાથ જિનાલય (સં. ૨૦૩૨)

સંખેડાથી ૩૦ કિ. મી.ના અંતરે આવેલા કંબોઈ ગામમાં મૂળનાયક શ્રી નમિનાથ ભગવાનનું એક શિખરવાળું દેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી નમિનાથ ભગવાનની ૧૭" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

વિ. સં. ૨૦૩૨માં સુશ્રાવિકા શ્રીમતી પ્યારીબેન (નાકોડાવાળા)ના હસ્તે ભગવાનની પ્રતિષ્ઠા થઈ હતી.

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૨ છે જે નિમિત્તે ગ્રામજનો ભેગા મળી ધ્વજારોપણ કરે છે.

ગામમાં શ્રાવકનો કંબોઈ જૈન ઉપાશ્રય છે.

જિનાલયનો સમય સં. ૨૦૩૨નો છે.

## ગામ : ખાંડિયા તાલુકો : સંખેડા

### ૬૯. શ્રી નમિનાથ જિનાલય (સં. ૨૦૩૨)

સંખેડા તાલુકાથી ૩૪ કિ. મી.ના અંતરે આવેલા ખાંડિયા ગામમાં મૂળનાયક શ્રી નમિનાથ ભગવાનનું એક શિખરવાળું દેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી નમિનાથ ભગવાનની ૨૧" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

વિ. સં. ૨૦૩૨માં પાલનપુર નિવાસી મોતીલાલ કસ્તુરચંદના સુપુત્રી સુશ્રાવિકા શ્રીમતી જયવંતીબેને આ દેરાસર બંધાવેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ જેઠ સુદ ૬ છે.

જિનાલયનો સમય સં. ૨૦૩૨નો છે.

• • •

## ગામ : મોતીપુરા તાલુકો : સંખેડા

### ૭૦. શ્રી અનંતનાથ જિનાલય

સંખેડા તાલુકાના મોતીપુરા ગામમાં મૂળનાયક શ્રી અનંતનાથ ભગવાનનું સામરણયુક્ત દેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી અનંતનાથ ભગવાનની ૧૩" ની પાષાણ પ્રતિમા તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયઇન્દ્રદિન્નસૂરિજી મ. સા. ની નિશ્રામાં દેરાસરની પ્રતિષ્ઠા થયેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ માગસર સુદ ૬ છે જે નિમિત્તે મોતીપુરા જૈન સંઘ તરફથી શ્રીસંઘજમણ રાખવામાં આવે છે.

ગામમાં શ્રી અનંત જિન પાઠશાળા છે જેમાં આશરે ૨૦ વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ મેળવે છે.

છેલ્લા ૫૦ વર્ષમાં ગામમાંથી ૩ મુમુક્ષુઓએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

• • •

## ગામ : ઝાંખરપુરા તાલુકો : સંખેડા

### ૭૧. શ્રી શ્રેયાંસનાથ જિનાલય (સં. ૨૦૧૯)

સંખેડા તાલુકાના ઝાંખરપુરા ગામમાં મૂળનાયક શ્રી શ્રેયાંસનાથ ભગવાનનું દેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી શ્રેયાંસનાથ ભગવાનની ૧૧" ની પાષાણ પ્રતિમા તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૧૯માં દેરાસરની પૂ. ગણિવર્ય શ્રી ઇન્દ્રવિજયજી મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ જેનો લાભ સુશ્રાવિકા શ્રીમતી મીઠીબેન લીલાધર ગુલાબચંદ (વેરાવળવાળા) પરિવારે લીધો હતો.

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૪ છે જે નિમિત્તે ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શ્રાવકનો જૈન ઉપાશ્રય તેમજ શ્રી શ્રેયાંસનાથ જૈન પાઠશાળા છે જેમાં આશરે ૪૦ વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૨૦ જૈન કુટુંબો વસે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ગામમાંથી ૩ મુમુક્ષુએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

જિનલાયનો સમય સં. ૨૦૧૯નો છે.

• • •

## ગામ : છોટા ઉદેપુર તાલુકો : છોટા ઉદેપુર

### ૭૨. શ્રી શાંતિનાથ જિનાલય (સં. ૧૯૯૧)

છોટા ઉદેપુરમાં બજાર રોડ પર જમણી બાજુ મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનનું પૂર્વાભિમુખ ઘુમ્મટબંધી દેરાસર આવેલું છે.

ઉંચી દિવાલથી રક્ષિત દેરાસરની બહારની દિવાલ પર પૂતળી, સિંહ, ફૂલમાળા, શ્રી સરસ્વતી દેવી, પરી આદિની કૃતિ જોવા મળે છે. લોખંડના બે ઝાંપામાંથી અંદર પ્રવેશ થાય છે અને પછી નાનો ઓટલો આવે છે. પગથિયાં ચઢતાં કાષ્ઠના ૩ પ્રવેશદ્વાર આવેલાં છે. અહીં એક ગોખમાં અધિષ્ઠાયક દેવ શ્રી માણિભદ્રવીરની સુંદર ઊભી પ્રતિમા છે.

**પ્રશસ્તિ :-**

નમઃ

"શ્રી શાંતિનાથ ભગવાનના દેરાસરનો જીર્ણોદ્ધાર છોટા ઉદેપુરના શ્રી જૈન શ્વેતાંબર સંઘે રૂ. ૨૧, ૦૦૦ ખર્ચ કરી પ્રતિષ્ઠા વી. સં. ૨૪૬૧ વિ. સંવત ૧૯૯૧ના ફાગણ સુદી ૨ ને

બુધવાર આગમોદ્ધારક તપાગચ્છ આચાર્ય ૧૦૦૮ શ્રીમાન આનંદસાગરસૂરીશ્વરના શિષ્યરત્ન ઉ. શ્રી માણેકસાગર મહારાજના હસ્તે કરાવવામાં આવી છે.

"શ્રી છોટા ઉદેપુર નગરે વીર સં. ૨૫૨૫ વિ. સં. ૨૦૫૫ વૈશાખ સુદ ૭ ગુરુવારે તા. ૨૨-૪-૧૯૯૯ શુભ મુહૂર્તે પ્રતિષ્ઠા, મહોત્સવ સંપન્ન પાવન નિશ્રા માર્ગદર્શન એવમ્ પ્રેરણા શ્રી આત્મવલ્લભસમુદ્રસૂરીશ્વરજી મ. સા.ના ક્રમિક પટ્ટધર ગચ્છાધિપતિ આ. વિજયઈન્દ્ર-નીલસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન આ. શ્રી વિજયવિરેન્દ્રસૂરીશ્વરજી મ. સા. મુનિ શ્રી ગૌતમવિજયજી મ. સા. રાજેન્દ્રમુનિ તથા આ. શ્રી કેસરસૂરીશ્વરજી મ. સા. સમુદાયના ગચ્છાધિપતિ આ. શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ. સા.નાં આજ્ઞાવર્તી સાધ્વી શ્રી કુસુમશ્રીજી વગેરે."

૬ પગથિયાં ચઢતાં ૩ લાકડાનાં પ્રવેશદ્વારમાંથી રંગમંડપમાં પ્રવેશ થાય છે. પ્રવેશદ્વાર પર અષ્ટમંગલ તેમજ ૧૪ સ્વપ્ન દોરેલાં છે અને શ્રી શાંતિનાથ ભગવાનના ૧૨ ભવ વિશિષ્ટ પ્રકારે બતાવ્યાં છે. રંગમંડપમાં ડાબી બાજુ નાના ગોખમાં શ્રી પદ્માવતી દેવીની પ્રતિમા, શ્રી શાંતિનાથ ભગવાનના જીવનચરિત્ર દર્શાવતા અંશો અને પાંચ કલ્યાણક દોરેલા છે તેમજ વિવિધ તીર્થપટ અને ગોખમાં શ્રી ગરૂડ યક્ષ બિરાજમાન છે.

બે બાજુના બે પ્રવેશદ્વારમાંથી પ્રદક્ષિણા આપવાની જગ્યા રાખવામાં આવેલ છે. મધ્યના મુખ્ય પ્રવેશદ્વારની દિવાલ પર શ્રી પાર્શ્વનાથ ભગવાનને કમઠનો ઉપસર્ગ તથા શ્રી બાહુબલી દોરેલ છે. શ્રી અષ્ટાપદ મહાતીર્થ, શ્રીપાલ અને મયણાસુંદરીનો જીવનપ્રસંગ ચિત્રિત કરેલ છે. શ્રી સિદ્ધચક્ર યંત્ર, શ્રી રૈવતાચલ તીર્થ તથા અન્ય વિવિધ તીર્થપટ છે. ઘુમ્મટમાં નેમિનાથ કુમારની જાનના ચિત્રો છે.

ગભારામાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૧૧" ની પ્રતિમા સહિત ૯ પાષાણ પ્રતિમાઓ તથા ૫ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૨ છે જે નિમિત્તે મહેન્દ્રભાઈ મોહનલાલ શાહ પરિવાર તરફથી ધ્વજા ચઢાવવામાં આવે છે.

ગામમાં શ્રાવક-શ્રાવિકાનો ૧-૧ ઉપાશ્રય છે.

ગામમાં હાલ ૩૦ જૈન કુટુંબો વસે છે. છેલ્લા ૫૦ વર્ષમાં ગામમાંથી ૩ મુમુક્ષુઓએ દીક્ષા ગ્રહણ કરી છે.

## ઐતિહાસિક સંદર્ભ

સંવત ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો છે. ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૩ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે સંવત ૧૯૯૧માં આ દેરાસર બંધાવ્યું હતું જેનો વહીવટ શેઠ અમૃતલાલ ગોરધનદાસ કરતા હતા. મૂળનાયક ભગવાનની પ્રતિમા પરના લેખની સંવત ૧૬૫૪ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૯૧નો છે.

## ગામ : વાલોઠી જિલ્લો : વડોદરા

### ૭૩. શ્રી મહાવીરસ્વામી જિનાલય

વડોદરા જિલ્લાના વાલોઠી ગામમાં શ્રી મહાવીરસ્વામીનું એક શિખરવાળું દેરાસર આવેલું છે.

બે ગર્ભદ્વાર દ્વારા ગભારામાં પ્રવેશતાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની ૧૯" ની ૧ પાષાણ પ્રતિમા તથા ૧ ધાતુ મૂર્તિ બિરાજમાન છે.

આચાર્ય શ્રી ઇન્દ્રદિન્નસૂરિ મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ છે.

વૈશાખ સુદ ૧૦, દેરાસરની વર્ષગાંઠ તિથિ નિમિત્તે સંઘ તરફથી શ્રીસંઘજમણ રાખવામાં આવે છે તેમજ શેઠ શ્રી શ્રીમલભાઈ જૈન (મુંબઈ) પરિવારના હસ્તે દર વર્ષે ધ્વજા ચઢાવવામાં આવે છે

ઉપાશ્રયનું બાંધકામ ચાલુ છે. પાઠશાળા હાલમાં બંધ છે.

ગામમાં હાલ આશરે ૨૦ થી ૨૫ જૈન કુટુંબો વસે છે. છેલ્લા ૫૦ વર્ષમાં ગામમાંથી ૧ મુમુક્ષુએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

• • •

## ગામ : ધનીયા ઉમરવા તાલુકો : નસવાડી

### ૭૪. શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય (સં. ૨૦૫૦)

નસવાડીથી ૨૦ કિ. મી.ના અંતરે આવેલા ધનીયા ઉમરવા ગામમાં શ્રી મુનિસુવ્રત-સ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં શ્રી મુનિસુવ્રતસ્વામીની ૧૪" ની પ્રતિમા સહિત કુલ ૩ પાષાણ પ્રતિમાઓ ઉપરાંત ૧ ધાતુ મૂર્તિ બિરાજમાન છે.

આચાર્ય શ્રીમદ્વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં વિ. સં. ૨૦૫૦ના મહા વદ - ૫ ને દિવસે છોટાઉદેપુર નિવાસી શ્રી અનિલભાઈ રસીકલાલ શાહ પરિવારના હસ્તે મૂળનાયક પ્રભુજીની પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે.

જિનાલયની બાજુમાં એક દેવકુલિકામાં શ્રી માણિભદ્રવીરની પ્રતિમા બિરાજમાન છે.

વર્ષગાંઠને દિવસે ચડાવો બોલીને ધ્વજા બદલવામાં આવે છે તથા જમણવાર પણ રાખવામાં આવે છે. દેરાસરનો સંપૂર્ણ વહીવટ શ્રી વિજયઇન્દ્ર જૈન સેવા સમાજ હસ્તક છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૦નો છે.

• • •

# ભરૂચ જિલ્લાનાં જિનાલયો

# ભરૂચ જિલ્લાનાં જિનાલયો

## ૧. શ્રી આદિનાથ જિનાલય

### શ્રીમાળી પોળ., ભરૂચ.

ભરૂચની શ્રીમાળી પોળમાં શ્રી આદીશ્વર ભગવાનનું ભવ્ય જિનાલય આવેલું છે. આ શિખરબંધી પશ્ચિમાભિમુખ ભવ્ય જિનાલયનો મુખ્ય દરવાજો કંસારા પોળ મધ્યે આવેલ શ્રી અનંતનાથ ભગવાનના જિનાલયના પરિસરમાં પડે છે. દેરાસર આરસ અને પત્થરથી બનેલું છે.

દેરાસરની ફરતે આવેલી ખુલ્લી જગામાં કેસર-સુખડ રૂમ છે અને સામે શ્રી ચક્રેશ્વરી દેવીની દેરી છે તેમાં બીજી મૂર્તિ શ્રી અચ્યુતા દેવીની છે.

કંસારા પોળમાં આવેલ મુખ્ય દરવાજેથી લોખંડની જાળીવાળા ઝાંપામાંથી પ્રવેશતાં બે બાજુ દ્વારપાળની આકૃતિ છે. ત્રણેક પગથિયાં ચઢી પાંચ પ્રવેશદ્વારવાળો રંગમંડપ છે.

રંગમંડપમાં કાષ્ઠના સ્તંભો, કાષ્ઠની કમાનો, ઘુમ્મટની ફરતે સુંદર કોતરણીયુક્ત કિનારો, સ્તંભો ઉપર વાંજિંત્રો વગાડતાં નર-નારીનાં શીલ્પો, કમાનોની વચ્ચે ઉપર સુંદર રંગોથી ચિત્રિત શીલીંગો, ચારે બાજુ ગોઠવેલ અરીસાથી રંગમંડપ દીપી ઉઠે છે. રંગમંડપના ઘુમ્મટમાં ભગવાનનાં જીવનચરિત્રોનાં ચિત્રાંકન છે. ગોખલામાં શ્રી સિદ્ધિવિજયજી મ. સા. ની આરસની પ્રતિમા છે.

જર્મન-સિલ્વર સહિત ત્રણ ગર્ભદ્વારવાળા ગભારામાં મધ્ય ગર્ભદ્વાર મધ્યે મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની ૩૭" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે. દેરાસરમાં ૧૦ પાષાણ પ્રતિમાઓ, ૨૫ ધાતુ પ્રતિમાઓ, ૧ ધાતુના ચૌમુખજી અને ૩ સ્ફટિકની પ્રતિમાઓ બિરાજમાન છે. ગભારામાં થોડું કાચકામ કરેલું છે.

દેરાસરની પુનઃપ્રતિષ્ઠા વિ. સં. ૨૦૪૫ના અષાઢ સુદ ૧૦ના રોજ થઈ હતી. દેરાસરનો જીર્ણોદ્ધાર શ્રી અનોપચંદ મુલચંદ શેઠે કરાવ્યો હતો. મહા સુદ ૧૩ના દિવસે શ્રીમાળી પોળના દરેક દેરાસરમાં ધ્વજારોપણ મહોત્સવ થાય છે.

## ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૨૦ પાષાણ પ્રતિમાઓ તથા ૨૬ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે દેરાસર બંધાવ્યું હતું. વહીવટ શેઠ ચૂનીલાલ રાયચંદ કરતા હતા. મૂળનાયકની મૂર્તિ પ્રાચીન હોવાનો અને એક પુસ્તક ભંડારનો ઉલ્લેખ થયેલો હતો. દેરાસરની સ્થિતિ સારી હતી.

શેઠ ચૂનીલાલ રાયચંદને ત્યાં ઘરદેરાસર હતું જે સં. ૧૯૪૫માં બંધાવનાર શેઠ અનોપચંદ મૂળચંદ હતા. ત્યાં ૩ સ્ફટિકનાં પ્રતિમાજી હતાં તે આ દેરાસરમાં પધરાવવામાં આવેલાં છે.

• • •

## ૨. શ્રી અનંતનાથ જિનાલય

### શ્રીમાળી પોળ., ભરૂચ.

ભરૂચમાં આવેલી શ્રીમાળી પોળ મધ્યે શ્રી અનંતનાથ ભગવાનનું પશ્ચિમાભિમુખ ધાબાબંધી જિનાલય આવેલ છે, જેની બાજુમાં જ શ્રી આદીશ્વર ભગવાનનું દેરાસર છે. પોળમાં પેસતાં સામે જ લોખંડની જાળીવાળા ઝાંપામાંથી પ્રવેશતાં લાંબી ખુલ્લી જગ્યામાં ઓટલાની ડાબીબાજુ શ્રી અનંતનાથ ભગવાનનું રંગકામ કરેલ જિનાલય આવેલું છે.

બે પ્રવેશદ્વારવાળા આ જિનાલયનો સાદો અને લાંબો રંગમંડપ છે. રંગમંડપમાં ડાબી બાજુ આરસનો સહસ્રકુટ પટ તથા જમણી બાજુ કાચના કબાટમાં દિવાલ પર ચિત્રિત કરેલો શ્રી શત્રુંજય તીર્થનો પટ છે.

જર્મન-સિલ્વર મઢિત એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે શ્રી અનંતનાથ ભગવાનની ૧૯" ની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની ડાબી તરફ શ્રી વિમળનાથ ભગવાન અને જમણી તરફ શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. ગભારામાં ત્રણેય પ્રતિમાજી ચાંદીની છત્રીમાં છે. દેરાસરમાં ૪ પાષાણ પ્રતિમાઓ, ૧ સહસ્રકુટમાં, ૮ ધાતુ પ્રતિમાઓ છે.

દેરાસરનો વહીવટ શેઠ શ્રી કરમચંદ જેચંદ ચેરીટેબલ ટ્રસ્ટ કરે છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૭ છે પરંતુ મહા સુદ ૧૩ના દિવસે શ્રી મનમોહનદાસ છગનલાલ પરિવાર દ્વારા ધ્વજારોપણ કરવામાં આવે છે.

શ્રી અનંતનાથ ભગવાનની પ્રતિમા પરના લેખમાં "સં. ૧૮૯૩" તથા આજુબાજુના બંને ભગવાનની પ્રતિમા પરના લેખમાં "સં. ૧૯૨૧" વંચાય છે.

## ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૪ પાષાણ પ્રતિમાઓ તથા ૧૦ ધાતુ પ્રતિમાઓ હતી. સં. ૧૯૪૨માં આ દેરાસર બંધાવ્યું હતું.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૪ પાષાણ પ્રતિમાઓ તથા ૯ ધાતુ પ્રતિમાઓ હતી. ૧ ધાતુની ગુરુમૂર્તિ સં. ૧૮૮૫ જેનો પણ ઉલ્લેખ છે. શેઠ કરમચંદ જેચંદે લગભગ ૧૯૩૦માં આ દેરાસર બંધાવ્યું હતું. વહીવટ અનોપચંદ ચૂનીલાલ કરતા હતા. મૂર્તિ પર લેખ ૧૮૯૩નો છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૪૨નો છે.

• • •

## ૩. શ્રી શાંતિનાથ ભગવાનનું ગૃહ ચૈત્ય (સં. ૧૯૩૦)

### શ્રીમાળી પોળ., ભરૂચ.

ભરૂચમાં શ્રીમાળી પોળમાં શ્રી આદિનાથ ભગવાનના મોટા દેરાસરની પાછળ નાનું આ ઘરદેરાસર આવેલું છે. નાના જાળીવાળા મુખ્ય પ્રવેશદ્વારમાં પ્રવેશતાં નાના ફળિયામાં થઈને ઉપર જવાનો દાદર છે.

રંગમંડપમાં પ્રવેશવા માટે જાળીવાળું ચાંદીનું દ્વાર છે. નાના રંગમંડપમાં બે નાના ગોખલા છે તથા બે મોટા અરીસાવાળાં કબાટ છે. કાચની બારી તથા જાળીવાળું આખું ગર્ભદ્વાર લાકડાનું છે જેની ઉપર ચૌદ સ્વપ્ન દોરેલા છે.

નાના ગભારામાં એક જ શ્રી શાંતિનાથ ભગવાનની ૨૫" ની સફેદ આરસની પ્રતિમા છે જેનું પરિકર નવું બનાવેલું છે. તેની ઉપર "વિ. સં. ૨૦૫૮ કાર્તિક વદ છઠ ગુરુવારે શ્રી રાજયશસૂરીશ્વર"-એ મુજબનું લખાણ છે. પ્રતિમા પ્રાચીન છે. તેના ઉપર કોઈ લેખ નથી. વળી એક ગુરુમહારાજની આરસની બનાવેલી "સં. ૧૮૬૫"નો લેખ ધરાવતી પાદુકા છે.

ભગવાનની પાછળની દિવાલમાં ડાબી તરફ ભગવાનના અભિષેકનું ચિત્ર તથા જમણી તરફ તેમના પૂર્વભવ મેઘરથ રાજા અને કબૂતરનો પ્રસંગ દોરેલો છે.

દેરાસરની સ્થાપના આશરે ૨૦૦ વર્ષ પહેલાં થયેલી છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ માગશર સુદ ૧૫ના દિવસે શ્રી કેસરીચંદ મોતીલાલ ચુડગરના પુત્ર અમદાવાદ નિવાસી હસમુખભાઈ કેસરીચંદ ચુડગરના હસ્તક છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૧ પાષાણ પ્રતિમા તથા ૧ ધાતુ પ્રતિમા હતી. શેઠ જીવચંદ ચુડગરે લગભગ ૧૯૩૦માં આ દેરાસર બધાવ્યું હતું. વહીવટ કેસરીચંદ મોતીલાલ ચુડગર કરતા હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

આ જિનાલયનો સમય સં. ૧૯૩૦નો છે.

• • •

## ૪. શ્રી મુનિસુવ્રતસ્વામીનું ઘરદેરાસર

### શ્રીમાળી પોળ, ભરૂચ.

ભરૂચમાં શ્રીમાળી પોળમાં શ્રી મુનિસુવ્રતસ્વામીના મોટા દેરાસરની પાછળ નાનું, એક માળનું, એક શિખર ધરાવતું આ ઘરદેરાસર આવેલું છે.

પ્રવેશતાં નાનું ફળિયું છે. ડાબી બાજુ પ્રવેશદ્વાર છે. દ્વારની ઉપર બારસાખમાં મંગલમૂર્તિ છે જેમાં "સંવત ૧૯૪૭ મિતિ વૈશાખ સુદ ૧૦" લખેલ છે. દ્વારની બે બાજુ બારી છે.

નાના રંગમંડપમાં એક ગોખલામાં શ્રી મુનિસુવ્રતસ્વામીની અધિષ્ઠાયક દેવીની આરસની પ્રતિમા છે. ગભારાની બારસાખ ઉપર બે દ્વારપાળની આકૃતિઓ છે. ચાંદીના ગર્ભદ્વાર પર સામાન્ય કોતરણી છે.

ગભારામાં ત્રણ આરસ પ્રતિમાઓ છે. જેમાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની શ્યામ આરસની પ્રતિમા ૧૫" ની છે તથા તે લાકડાંની કોતરણીવાળી છત્રીમાં બિરાજમાન છે. છત્રીમાં ઉપર સુંદર પૂતળીઓ તથા નીચે હાથીની સુંદર રચના છે. પ્રતિમાની પાછળ સુંદર ટાઈલ્સ લગાડેલી છે. એકપણ પ્રતિમા પર કોઈપણ પ્રકારનો લેખ નથી.

ઈ. સ. ૧૯૯૦માં દેરાસરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. આ દેરાસરની સ્થાપના આશરે ૧૫૦ વર્ષ પહેલાં કરવામાં આવી છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૧૦ છે. તે દિવસે શ્રી અમરચંદ દેવચંદના કુટુંબીજનો દ્વારા પરંપરાગત ધ્વજારોપણ કરવામાં આવે છે. તે દિવસે દેરાસરમાં પૂજા ભણાવાય છે. દેરાસરનો વહીવટ શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસરની પેઢી વતી શ્રી કેસરીચંદ દલીચંદ શાહ, શ્રી સુરેશભાઈ નાનુભાઈ નાણાંવટી, ડૉ. સુરેશભાઈ ઠાકોરલાલ મહેતા હસ્તક છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૬ ધાતુ પ્રતિમાઓ હતી. અમરચંદ દેવચંદે લગભગ ૧૯૨૦માં આ દેરાસર બંધાવ્યું હતું. છોટાલાલ ગોરધનદાસ તેનો વહીવટ કરતા હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

આ જિનાલયનો સમય સં. ૧૯૨૦નો છે.

• • •

## ૫. શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલય (સં. ૨૦૩૮)

### શ્રીમાળી પોળ, ભરૂચ.

ભરૂચમાં આવેલી શ્રીમાળી પોળના જૈન ધર્મશાળાના પરીસરમાં શ્રી પદ્મપ્રભસ્વામીનું પહેલે માળે, નાનું ઘુમ્મટબંધી દેરાસર આવેલ છે. દેરાસરની સ્થિતિ મધ્યમ છે.

લોખંડના જાળીવાળા મુખ્ય પ્રવેશદ્વારમાંથી પ્રવેશતાં નાનો રંગમંડપ છે. દેરાસરમાં ગભારો અલગ નથી. રંગમંડપમાં આરસના પબાસન પર જ બધી પ્રતિમાઓ બિરાજમાન છે. મૂળનાયક ભગવાન શ્રી પદ્મપ્રભસ્વામીની પંચતીર્થી પાષાણ પ્રતિમા ૨૭" ની છે. ભગવાનની સામેના ગોખમાં દેવ-દેવીની નાની આરસ પ્રતિમા છે. દેરાસરમાં ૩ ચૌમુખજી, ૧ પંચતીર્થી શ્યામ રંગની છે. ૧૧ જોડ પાદુકાઓ છે. જેની પર નીચે મુજબ લેખ છે.

(૧- ૨) સં. ૧૭૪૭ - શ્રી વિજયતિલકસૂરિ- શ્રી વિજયાણંદસૂરીણાં

(૩) સં. ૧૭૪૧, (૪) સં. ૧૭૧૯ શ્રી હિરવિજયસૂરીશ્વરજી

(૫) સં. ૧૮૫૩ શ્રી વિનિતિવિજયજીની પાદુકા

અહીંના રહીશોના જણાવ્યા મુજબ દેરાસરમાં ૧૧ પાષાણ પ્રતિમાઓ છે. બધી જ પ્રતિમા માંગલેશ્વર ગામના ખેતરમાંથી નીકળેલી છે.

દેરાસરની સામે નાનું ગુરુમંદિર છ જેમાં શ્રી ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા. ની આરસ પ્રતિમા છે. આ જ સ્થળે તેમનો અગ્નિસંસ્કાર થયો હતો.

શ્રી ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા. ની પ્રતિમા પરના લેખ મુજબ વિ. સં. ૨૦૨૪ના શ્રાવણ વદ ૪ ને સોમવારે પેથાપુર નિવાસી શેઠ નગીનદાસ ભીખાભાઈ પુનાવાલાએ ભરાવી અને આસો સુદ ૧૦ ને મંગળવાર તા. ૧-૧૦-૬૮ના રોજ મુનિ શ્રી મનોજ્ઞ સાગરજી મહારાજના ઉપદેશથી પ્રતિષ્ઠિત કરાવેલી છે.

ગુરુમંદિરની એક બાજુએ શ્રી માણિભદ્રવીરનું નાનું મંદિર છે જેમાં વચ્ચે આરસની પ્રતિમા છે. ઉપરાંત બાજુમાં અન્ય ત્રણ આરસની તેમની જ પ્રતિમાઓ છે. જે પૈકી બે ઉપર ''સં. ૧૮૬૪''નો લેખ છે. મુખ્ય પ્રતિમાજીની પાછળ દિવાલ પર અશોક વૃક્ષ તથા ચામર ઢાળતાં દેવો અને ફૂલની માળા લઈને દેવીઓનું ચિત્ર દોરેલ છે. આ મંદિર ઘુમ્મટબંધી છે. તેના પર ધ્વજા સ્વ. લીલાવતીબેન કાંતિલાલના પરિવારના સભ્યો કાયમી ચઢાવે છે.

ગુરુમંદિરની બીજી બાજુ શ્રી ઘંટાકર્ણ મહાવીરનું મંદિર છે. તેની પ્રતિષ્ઠા શાહ બાબુભાઈ લક્ષ્મીચંદ અંકલેશ્વરવાળાએ શ્રી ઋદ્ધિસાગરસૂરીશ્વરજીના ઉપદેશથી સં. ૨૦૨૪, મહા સુદ ૬, રવિવાર, તા. ૪-૨-૬૮ના દિવસે કરાવી છે.

દેરાસરની પ્રતિષ્ઠા સં. ૨૦૩૮, મહા સુદ ૮ના રોજ પંન્યાસજી નિત્યાનંદવિજયજી મ. સા. કરાવી. જેનો લાભ કેશરીમલજી પરિવારે લીધો હતો. દેરાસરનો વહીવટ શ્રી મુનિસુવ્રત-સ્વામી જૈન દેરાસરની પેઢી, ભરૂચ હસ્તક છે. દર વર્ષે મહા સુદ ૧૩ના દિવસે ભરૂચનિવાસી રૂક્ષ્મણીબેન તથા લીલાવતીબેન છોટાલાલ નરભેરામ કોઠીવાલા પરિવાર ધ્વજા ચડાવે છે.

આ જિનાલયનો સમય સં. ૨૦૩૮નો છે.

• • •

## ૬. શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાનનું ગૃહ ચૈત્ય

### પ્રીતમ સોસાયટી, ભરૂચ

ભરૂચમાં આવેલી પ્રીતમ સોસાયટીના વિભાગ-૧ના બંગલા નંબર ૨૭માં શ્રી ભરતભાઈ શ્રોફના ત્યાં શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાનનું ઘરદેરાસર આવેલું છે. બંગલાના કમ્પાઉન્ડમાં જ ડાબી બાજુના ખૂણા પર એક નાની રૂમ બનાવીને ભગવાન પ્રતિષ્ઠિત કરેલા છે. આ ધાબાબંધી દેરાસર છે.

ગર્ભદ્વાર એક છે. મૂળનાયક ભગવાન શ્રી ગોડીજી પાર્શ્વનાથની ૨૫" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે તથા ૨ ધાતુની પ્રતિમાઓ બિરાજમાન છે. મૂળનાયક ભગવાન આરસના પબાસન પર બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર મૂર્તિલેખ નીચે મુજબ છે.

"સંવત ૧૮૫૬ વૈશાખ સુદ ૬ વાર બુધ વિજય આનંદસૂરિ રાજયે જબુંસરવાસી મેવાડ જ્ઞાતિ સાતે-જી-જોગીદાસ સુત મોતીચંદ શ્રી ગોડી પાર્શ્વનાથ બિંબ કારાપિતં શ્રી ખુશાલ વિજયેન પ્રતિષ્ઠિતં."

દેરાસરની વર્ષગાંઠ તિથિ આસો સુદ ૨ છે. તે દિવસે પૂજા ભણાવાય છે અને પ્રભાવના પણ થાય છે.

• • •

## ૭. શ્રી શાંતિનાથ ભગવાનનું ગૃહ ચૈત્ય

### પ્રીતમ સોસાયટી, ભરૂચ.

ભરૂચમાં આવેલી પ્રીતમ સોસાયટીના ૨ નંબરના બંગલામાં આ એક માળનું આરસનું ધાબાબંધી ઘરદેરાસર આવેલું છે. એક ખૂણામાં અષ્ટ ખૂણાકાર આ દેરાસરમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૧૧" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે. આરસનાં મોટા ગોખલામાં નાના પબાસન પર ભગવાન પધરાવેલ છે. દેરાસરમાં ૧ પાષાણની, ૪ ધાતુની મૂર્તિઓ બિરાજમાન છે. દેરાસરના સ્થાપના વર્ષ તથા વર્ષગાંઠ દિવસની કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

પ્રતિષ્ઠાનો લાભ લેનાર સ્વ. શ્રી લક્ષ્મીચંદભાઈ હતા. તેમણે જ આ ઘરદેરાસર બનાવડાવેલું. પરંતુ તેઓ તથા તેમના પુત્રના અવસાન બાદ તેમનાં પત્ની અજૈન હોવાથી હાલ દેરાસરની સાચવણી પ્રીતમ સોસાયટીના બંગલા નં. ૧માં રહેતા શ્રી કેસરીચંદભાઈના પુત્ર કરે છે. પરંતુ તેમની પાસે દેરાસરની ઐતિહાસિક કે હાલની કોઈ જ માહિતી નથી એમ શ્રી કેસરીચંદભાઈએ જણાવ્યું છે.

દેરાસરની સ્થિતિ સારી છે.

## ૮. શ્રી કેસરિયાજી આદિનાથ ભગવાનનું ગૃહ ચૈત્ય

### પ્રીતમ સોસાયટી, ભરૂચ.

ભરૂચમાં આવેલી પ્રીતમ સોસાયટીના વિભાગ-૨માં આવેલ શ્રી કેસરીચંદ દલીચંદ શાહના બંગલામાં મધ્યમ કદનું આરસનું નૂતન દેરાસર બનાવેલ છે. પ્રવેશ કરતાં આરસના સાદા ઓટલા છે. ઓટલા પર બે બાજુ કાળા રંગના હાથી બેસાડેલા છે. આ શિખરબંધી, આરસ મઢિત દેરાસર છે.

પ્રવેશદ્વાર જર્મન-સીલ્વરના પતરાંથી જડેલી જાળીવાળું છે. રંગમંડપ સાદો ચોરસ છે. ગભારાની બહાર ગોખલામાં ગોમુખ યક્ષ અને ચક્રેશ્વરી દેવી છે. રંગમંડપમાં ડાબી તરફના ગોખલામાં નીચે શ્રીમતી સુંદરબેન અને ઉપર શ્રી પદ્માવતી દેવી અને જમણી તરફના ગોખલામાં નીચે શ્રી કેસરીચંદજી અને ઉપર શ્રી માણિભદ્રવીરની પ્રતિમા છે.

ગર્ભદ્વાર એક છે. તેની દિવાલ પર શ્રાવક-શ્રાવિકાના ફૂલ સાથે ચિત્રો અંકિત કરેલ છે. મૂળનાયક ભગવાન શ્રી કેશરીયાજી આદિનાથ પ્રભુની ૩૧" ની પ્રતિમા બિરાજમાન છે. તેમની એક તરફ શ્રી અજિતનાથ ભગવાન અને બીજી તરફ શ્રી મહાવીરસ્વામી ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. તેની બાજુના ગોખમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન છે તેમના પરિકર પર શ્રી ધરણેન્દ્ર દેવની વિશિષ્ટ કૃતિ છે. બીજી બાજુ ગોખલામાં શ્રી ગૌતમસ્વામીની પ્રતિમા બિરાજમાન છે. દેરાસરમાં ૪ પાષાણ પ્રતિમાઓ, ૨ ધાતુ પ્રતિમાઓ છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર મૂર્તિલેખ નીચે મુજબ છે.

"વિક્રમ સંવત ૨૦૪૫ માહ સુદ ત્રયોદશી શનિવાસરે આચાર્ય ભગવાન લબ્ધિ-સૂરીશ્વરાણાં પટ્ટશિષ્ય આ. ભ. વિક્રમસૂરીશ્વરૈઃ સમુદ્ધારિતે આ. ભ. રાજયશસૂરિ માર્ગોપદોશકે શ્રી ભુગુકચ્છ તીર્થે આ. ભ. નવીનસૂરીશ્વરૈઃ રાજસ્થાન જાબાલ નિવાસી સ્વમાતા ગોકુબેન વનેચંદજી ભૃગુકચ્છ રોહિડાનિવાસી મુલીબેન દલીચંદજી દત્તકપુત્ર કેસરીચંદ તત્પત્ની સુંદરબેન પૌત્રાદિ શાંતિલાલ, પ્રવિણ, રાજેશ, મંજુલા, પ્રેમિલા, વસુમતી, અરૂણા આદિ પરિવારેણ કેસરીયાજી આદિનાથસ્ય બિંબ. . . . . . . મંદિરે પ્રસ્થાપિતં. "

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા વદ ૬ છે. તે દિવસે ધ્વજારોપણનો મહોત્સવ થાય છે અને જમણવાર થાય છે.

• • •

## ૯. શ્રી મુનિસુવ્રતસ્વામીનું ગૃહ ચૈત્ય

### શક્તિનગર સોસાયટી, ભરૂચ.

ભરૂચમાં આવેલ શક્તિનગર સોસાયટીમાં ૫૦૯ નંબરના બ્લોકમાં શ્રી મુનિસુવ્રત-સ્વામીનું ઘરદેરાસર આવેલું છે. ભવિષ્યમાં ભવ્ય દેરાસર બનાવવામાં આવશે.

ગર્ભદ્વાર એક છે. મૂળનાયક ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીની ૨૧" ની પ્રતિમા ઉપરાંત એક ધાતુ પ્રતિમા છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"શ્રી મુનિસુવ્રત. . . . . . . . ૧૬૮૪ જીત પુર નગર . . . . . . . . ઘોઘા."

દેરાસરની વર્ષગાંઠ તિથિ ચૈત્ર સુદ ૧૪ છે. તે દિવસે જમણવાર થાય છે. પૂજા અને પ્રભાવના પણ થાય છે. આ પ્રતિમા ભરૂચમાં શ્રીમાળી પોળ ખાતેના શ્રી પદ્મપ્રભસ્વામીના દેરાસરમાંથી લાવેલ છે.

• • •

## ૧૦. શ્રી શાંતિનાથ ભગવાનનું ગૃહ ચૈત્ય (સં. ૨૦૫૦ આસપાસ)

### હરિકૃપા સોસાયટી, ભરૂચ.

ભરૂચમાં નંદેવાર રોડ પર આવેલી હરિકૃપા સોસાયટીમાં આવેલ બંગલા નંબર બી-૧૪માં વસતા શ્રી જીતુભાઈ હેમચંદભાઈ દેસાઈના ઘરમાં શ્રી શાંતિનાથ ભગવાનનું જિનાલય આવેલું છે. દેરાસરના પ્રવેશદ્વાર પર મેરૂશિખરનું ચિત્ર છે. દરવાજાની આજુબાજુ બે દ્વારપાળ છે. આરસનું બનેલ આ દેરાસર ધાબાબંધી છે.

ગર્ભદ્વાર એક છે. મૂળનાયક ભગવાન શ્રી શાંતિનાથ ભગવાનની ધાતુ પ્રતિમા ૫" ની છે. શ્રી શાંતિનાથ ભગવાન એક ધાતુના સિંહાસનમાં બિરાજે છે ત્યાં પાછળ મેઘરથ રાજાનાં ભવનું ચિત્રકામ કરેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ આસો સુદ ૧૫ છે. તે દિવસે પૂજા ભણાવવામાં આવે છે અને પેંડાની પ્રભાવના થાય છે. આ દેરાસર આશરે સાત વર્ષ જૂનું છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૦ ની આસપાસનો છે.

• • •

## ૧૧. શ્રી વિમળનાથ ભગવાનનું ગૃહ ચૈત્ય

### સત્કૃપા સોસાયટી, ભરૂચ

ભરૂચમાં ઝાડેશ્વર રોડ પર આવેલી સત્કૃપા સોસાયટીમાં એક માળના ઉપાશ્રયમાં શ્રી વિમળનાથ ભગવાનનું ઘરદેરાસર આવેલ છે જેની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૯ના પોષ વદ ૧ના રોજ પૂ. આચાર્ય શ્રી રાજશેખરસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં ભરૂચ નિવાસી શેઠ શ્રી કેસરીચંદ દલીચંદ શ્રોફ પરિવારના હસ્તે કરવામાં આવેલ છે.

પીળા આરસના પબાસન પર આરસની નાની છત્રીમાં મૂળનાયક શ્રી વિમળનાથ ભગવાન ૧૫" આરસની પ્રતિમા બિરાજમાન છે. છત્રીની ઉપર શિખરની રચના છે તથા તેના

પરની ધ્વજા દર વર્ષે ચઢાવો બોલીને બદલવામાં આવશે. આ ઉપરાંત એક ધાતુની પ્રતિમા છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"સંવત ૧૯૬૬ વર્ષે વૈશાખ સુદિ સાતમ. . . . . "

દેરાસર અને ઉપાશ્રયનો સમગ્ર વહીવટ શ્રી ઝાડેશ્વર રોડ જૈન મૂર્તિપૂજક સંઘના હસ્તક છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૯નો છે.

• • •

## ૧૨. શ્રી અજિતનાથ જિનાલય (સં. ૧૯૭૧)

### ખત્રીવાડ, કબીરપુરા., ભરૂચ.

ભરૂચના કાશીપુરા મધ્યે દાંડીયા ગલી પાસે થોડા ચઢાણ ઉપર પૂર્વાભિમુખ ત્રણ ઘુમ્મટ ધરાવતું શ્રી અજિતનાથ ભગવાનનું લગભગ ૧૦૦ વર્ષ પ્રાચીન જિનાલય આવેલું છે. આરસનું બનેલું મધ્યમ સ્થિતિનું આ દેરાસર છે.

બાર પગથિયાં ચઢતાં બે બાજુ પત્થરમાં હાથીના શિલ્પ બનાવેલ છે. ઓટલા ઉપર પગથિયાંની બે બાજુ ૪-૪ પત્થરનાં થાંભલા છે. મુખ્ય ત્રણ પ્રવેશદ્વાર છે. દેરાસરના ત્રણેય પ્રવેશદ્વાર જાળીવાળા કાષ્ઠના છે.

રંગમંડપમાં બે બાજુ બે પ્રવેશદ્વાર છે. વચ્ચે મોટા ઘુમ્મટમાં ચિત્રકામ છે જેમાં (૧) શ્રી શ્રેયાંસકુમાર શ્રી ઋષભદેવને પારણું કરાવે છે. (૨) શ્રી બાહુબલીજીને બ્રાહ્મી અને સુંદરી દ્વારા "ગજ થકી હેઠા ઉતરો"નો ઉપદેશ (૩) ભગવાન શ્રી મહાવીરને ચંડકૌશીકનો ઉપસર્ગ (૪) ભગવાન શ્રી મહાવીરને શૂલપાણિ યક્ષનો ઉપસર્ગ (૫) બળભદ્ર મુનિ અને કઠિયારો (૬) ચંદનબાળા શ્રી મહાવીરસ્વામીને બાકુળાનું પારણું કરાવે છે. (૭) આર્દ્રમુનિને હાથી પ્રણામ કરે છે. (૮) શ્રી પાર્શ્વનાથજી, મેઘમાળી, ધરણેન્દ્ર, પદ્માવતી દેવી છે.

ગભારાની બહાર અલગ-અલગ ગોખમાં તપાગચ્છાધિરાજ શ્રી વિજયસિંહસૂરીશ્વરજીના શિષ્ય અને શ્રી સિદ્ધિવિજયગણિની આરસ પ્રતિમા છે. શ્રી ગૌતમસ્વામીની આરસની પ્રતિમા પણ છે. રંગમંડપમાં ડાબી બાજુ ગોખમાં શ્રી મહાયક્ષ અને જમણી બાજુ ગોખમાં શ્રી અજિતબાલા યક્ષિણીની આરસ પ્રતિમા છે. એક ગોખમાં આરસના શ્રી અંબિકા દેવી છે. શ્રી પાવાપુરી, શ્રી આબુજી, શ્રી સમેતશિખરજી, શ્રી અષ્ટાપદજી, શ્રી તારંગાજી, શ્રી શત્રુંજય તીર્થના પત્થર વડે ઉપસાવેલાં પટ છે.

ગર્ભદ્વાર ત્રણ છે જે કાષ્ઠનાં બનેલાં છે. સળીયાની જાળીવાળાં છે. ગર્ભદ્વારની ઉપર દેવ-દેવીનાં ચિત્રકામ છે. મુખ્ય ગભારાની બારસાખ જેસલમેરી પત્થરની છે અને બે બાજુના ગર્ભદ્વારની બારસાખ આરસની છે. મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાનની ૨૧" ની પ્રતિમાની

જમણી તરફ શ્રી નેમનાથ ભગવાન અને ડાબી તરફ શ્રી શાંતિનાથ ભગવાન બિરાજમાન છે. શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"શા ૯૨૧ શ. ૧૭૮૬ વ. માઘ શુ. પક્ષે -૭. . . . . . . અચલગચ્છે કછેદા કોઠારાના વા. ઉશવાલ. . . . . . . . "

જિનાલયમાં કુલ ૬ પાષાણ પ્રતિમાઓ અને ૬ ધાતુ પ્રતિમાઓ છે.

દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૭૧ના જેઠ સુદ-૧૧ના દિવસે થઈ હતી. દેરાસરની આ વર્ષગાંઠ તિથિના રોજ ધ્વજારોપણ થાય છે જેના માટે ચઢાવો બોલવામાં આવે છે. આ દિવસે શ્રીસંઘજમણ રાખવામાં આવે છે. એક પુરુષોનો ઉપાશ્રય છે. દેરાસર અને ઉપાશ્રયનો સમગ્ર વહીવટ શ્રી અજિતનાથ કબીરપુરા જૈન સંઘ હસ્તક છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો છે. પાષાણ પ્રતિમા ૫ તથા ધાતુ પ્રતિમાઓ ૫ હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો છે. અહીં પાષાણ પ્રતિમાઓ ૫ તથા ધાતુ પ્રતિમાઓ ૩ હતી. સંવત ૧૯૭૧માં લગભગ શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. જેનો વહીવટ શેઠ બાલુભાઈ ઝવેરચંદ કોઠારી કરતા હતા. દેરાસર ટેકરા પર છે અને સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૭૧નો છે.

• • •

## ૧૩. શ્રી આદિનાથ જિનાલય (સં. ૧૯૦૦)

### વેજલપુર., ભરૂચ.

ભરૂચ શહેરમાં નાની બજારમાં વેજલપુરમાં પેસતાં ડાબે હાથે આવેલું સુંદર કોટવાળું, બે માળનું, એક શિખર ધરાવતું આ દેરાસર આરસ અને સાદા પત્થરનું બનેલું છે. દેરાસરનો મુખ્ય ઝાંપો લોખંડનો છે તેની કમાન ઉપર લક્ષ્મીજી અને વાજિંત્ર વગાડતી સુંદર બે પરીઓની આકૃતિ છે. અગિયાર પગથિયાં ચઢતાં મગરમુખી કમાનવાળું પ્રવેશદ્વાર આવે છે. મુખ્ય પ્રવેશદ્વારની ઉપર જન્માભિષેકનો પટ છે. દેરાસરમાં ત્રણ પ્રવેશદ્વાર છે. ત્રણે પ્રવેશદ્વાર પિત્તળના સળિયાવાળા કાષ્ઠનાં બનેલાં છે. મુખ્ય પ્રવેશદ્વારની ઉપર પત્થર ઉપર શ્રી આબુજી તીર્થનો પટ કોતરેલો છે. દેરાસરમાં પ્રવેશતાં શ્રી ગૌતમસ્વામી અને શ્રી પુંડરીકસ્વામીની પ્રતિમા આરસના સુંદર ગોખમાં છે. રંગમંડપમાં શ્રી શત્રુંજય, શ્રી અષ્ટાપદ અને શ્રી ગિરનારજીનો પટ છે જે દરેક પત્થર પર ઉપસાવેલા તથા કાષ્ઠ અને કાચની ફ્રેમમાં મઢેલાં છે. રંગમંડપમાં બંને બાજુએ ગોખલામાં ત્રણ-ત્રણ આરસ પ્રતિમા છે.

ગર્ભદ્વાર ત્રણ છે. ચાંદીનાં મઢેલા મુખ્ય ગર્ભદ્વાર ઉપર કાઉસગ્ગીયા પ્રતિમાજી અને જર્મનના મઢેલાં આજુબાજુનાં બંને ગર્ભદ્વાર ઉપર સમવસરણ કોતરેલું છે. રંગમંડપના ઘુમ્મટમાં રંગકામ અને ચિત્રકામ કરેલું છે. નીચેની ફર્શ આરસની ચોરસ ડિઝાઈનવાળી છે. રંગમંડપમાં પ્રવેશતાં આપણી જમણી બાજુ ઉપર જવાનો રસ્તો છે. દેરાસરમાં મૂળનાયકની પરિકરયુક્ત શ્રી ઋષભદેવની પ્રતિમા ૧૩" ની છે. ૨૩ પાષાણ મૂર્તિઓ છે, ૨૫ ધાતુ મૂર્તિઓ અને ૧ સ્ફીટકની મૂર્તિ છે. ડાબા ગભારે અતિ પ્રાચીન શ્રી આદિનાથ ભગવાનની ૨૧" ની અને જમણા ગભારે શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા છે જે બંને મૂર્તિ પર "સંવત ૧૮૪૪"નો લેખ છે. ત્રણેય ભગવાનની પ્રતિમા પાછળ જન્માભિષેક તથા ચામરધારી ઈંદ્રોનું સુંદર ચિત્રકામ જોવા મળે છે. અખંડ દીપકનો એક ગોખ પણ છે.

ઉપરના માળે ગભારામાં પાંચ આરસ પ્રતિમા છે. મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા ૧૫" ની છે. મૂર્તિ લેખ છે તેમાં "સંવત ૧૮૪૪ વૈશાખ સુદ ૧૦" એટલું જ વંચાય છે. બાકીનું ઘસાઈ ગયેલ છે. ભગવાનની પ્રતિમા પાછળ સુંદર ચિત્રકામ છે. ઉપર ઘુમ્મટમાં સુંદર વિવિધ રંગોથી મનોહર ચિત્રકામ કરેલ છે. આ ચિત્રોમાં મેઘરથ રાજાનો ભવ, શ્રી ચંપાપુરી, શ્રી પાવાપુરી, શ્રી રાજગૃહી તીર્થના પટ છે. આ દેરાસરનો ગભારો નાનો છે. ગભારાનું બારણું નાનું જાળીવાળું છે.

આ દેરાસર ૪૦૦ વર્ષ જૂનું છે. પહેલાં કાષ્ઠનું બનેલું હતું. ૫૦ વર્ષ પહેલાં જીર્ણોદ્ધાર થયેલો છે. શાહ ચુનીલાલ વીરચંદ, શાહ મણીલાલ વીરચંદ અને શાહ છગનલાલ વીરચંદ તરફથી પ્રભુજીને ગાદી નશીન સંવત ૨૦૦૯ના જેઠ સુદ ૧૦ના રોજ કરવામાં આવ્યા છે. આ જિનાલયના મૂળનાયક શ્રી આદીશ્વરજી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા આગમોદ્ધારક પ. પૂ. આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરિના પટ્ટધર માલવદેશોદ્ધારક પ. પૂ. આચાર્યદેવ શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજીની પાવન નિશ્રામાં સંવત ૨૦૦૯ના જેઠ સુદ ૧૦ના રોજ કરેલ છે.

દેરાસરનો વહીવટ વેજલપુર જૈન સંઘના ટ્રસ્ટી શ્રી કીર્તિકુમાર વીરચંદ, શાહ કનૈયાલાલ ગુલાબચંદ, કિરીટભાઈ અમૃતભાઈ ગાંધી હસ્તક છે. દેરાસરની વર્ષગાંઠ જેઠ સુદ ૧૦ છે. તે દિવસે ચઢાવો બોલી ધ્વજારોપણ કરવામાં આવે છે. તે દિવસે લહાણું કરવામાં આવે છે તથા જમણવાર કરવામાં આવે છે.

બે ઉપાશ્રય છે. એકનું નામ "આરાધના ભુવન જૈન સંઘ" અને "બીજો મોટા ઉપાશ્રય" નામથી પ્રચલિત છે. ગામમાં ૪૦ શ્રાવકોનાં ઘર છે. બહેનોનાં પણ બે ઉપાશ્રય છે.

## ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૨૧ પાષાણ પ્રતિમાઓ તથા ૨૭ ધાતુ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૩૦ પાષાણ પ્રતિમાઓ, ૨૯ ધાતુ પ્રતિમાઓ તથા ૨ સ્ફટીકનાં પ્રતિમાજી હતાં. શ્રી સંઘે

લગભગ ૧૯૦૦માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ મૂળચંદ જીવચંદ તેનો વહીવટ કરતા હતા. એક શ્રી કેસરીવિજયજી જૈન લાયબ્રેરીનો ઉલ્લેખ થયેલ હતો. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૦૦નો છે.

• • •

## ગામ - શુક્લ તીર્થ તાલુકો - ભરૂચ.

### ૧૪. શ્રી આદિનાથ જિનાલય (સં. ૧૯૮૫)

ભરૂચ તાલુકા મથકથી ૧૦ કિ. મી.ના અંતરે આવેલાં શુક્લ તીર્થ ગામમાં નીચલી બજારમાં પશ્ચિમાભિમુખી, ઘુમ્મટબંધી, ઘર જેવી બાંધણીવાળું આ જિનાલય બીજા માળે આવેલું છે.

આ દેરાસરની સ્થાપના વિ. સં. ૨૦૨૩માં કરવામાં આવી હતી. આચાર્ય શ્રી ચંદ્રસાગરસૂરિના શિષ્ય શ્રી રૈવતસાગરજી તથા શ્રી જયઘોષસાગરજી મ. સા. ની નિશ્રામાં શ્રાવક શ્રી મગનભાઈ દેવચંદભાઈએ પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો. દેરાસર ઉપરના માળે છે.

કાષ્ઠના જાળીવાળા એક પ્રવેશદ્વારમાંથી વિશાળ રંગમંડપમાં પ્રવેશતાં ડાબી બાજુ ગોખમાં શ્રી ગોમુખ યક્ષ, શ્રી શત્રુંજય અને શ્રી પાવાપુરી તીર્થના પટ તથા જમણી બાજુના ગોખમાં શ્રી ચક્રેશ્વરી દેવી, શ્રી સમેતશિખર અને શ્રી ગિરનાર તીર્થના પટ દિવાલ ઉપર પત્થર વડે ઉપસાવેલાં છે.

ગર્ભદ્વારની આજુબાજુ દિવાલ ઉપર શ્રી સમવસરણ, જન્માભિષેક છપ્પન દિક્કુમારિકા, શ્રી અષ્ટાપદજી તથા ભગવાનના જીવનચરિત્ર વગેરે સુંદર ચિત્રો કાચમાં મઢીને સુરક્ષિત રાખવામાં આવ્યાં છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની ૧૭" ની પ્રતિમા બિરાજમાન છે. દેરાસરમાં ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૮ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"ભાણેજ નગર વીર સં. ૨૪૯૨ વર્ષ ફાલ્ગુન સુદી ૩ દિને ઇંદ્ર શ્રી ઋષભદેવસ્વામી જિનબિંબ સાણંદ નિવાસી મહેતા ગોવિંદજી સુપુત્ર ઠાકરસીભાઈ ધ. પ. સૂરજબેન સુપુત્રી મણિબહેન, મોતીબહેન, જસીબહેન સ. . . . . . . . . . . . . . . . . . શ્રીમદ બુદ્ધિસાગરસૂરીશ્વરજી શ્રી કીર્તિસાગરસૂરીશ્વરૈઃ" આ. શ્રી કૈલાસસાગરસૂરિણા. "

દેરાસરનો વહીવટ શુકલતીર્થ જૈન શ્વેતાંબર સંઘના ટ્રસ્ટી શ્રી ઠાકોરલાલ નગીનદાસ શાહ, સુરેશભાઈ ખીમચંદભાઈ શાહ, હાલ અમદાવાદ નિવાસી જયંતિભાઈ ગુલાબચંદ શાહ હસ્તક છે. દેરાસરની સ્થિતિ સારી છે.

દેરાસર ઉપરના માળે છે. તેની નીચે ઉપાશ્રય છે જેનો વહીવટ શુકલતીર્થ જૈન શ્વેતાંબર

મૂર્તિપૂજક સંઘના હસ્તક છે. ઉપાશ્રયમાં લગભગ ૪૦ ભાઈ-બહેનો સંવત્સરી પ્રતિક્રમણ કરે છે. ઉપાશ્રય ભાઈ-બહેનોનો ભેગો છે. હાલ ગામમાં ૬ જૈન કુટુંબો વસે છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. ૮ ધાતુ પ્રતિમાઓ હતી. તેમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન હતા. શ્રી સંઘે ૧૯૮૫માં આ દેરાસર બંધાવ્યું હતું. તેનો વહીવટ શેઠ ભાઈચંદ ઉમાભાઈ કરતા હતા. આ ૮ ધાતુ પ્રતિમાઓ હાલ શ્રી આદિનાથ દેરાસરમાં પધરાવવામાં આવેલ છે.

જિનાલયનો સમય સં. ૧૯૮૫નો છે.

• • •

## ગામ - નીકોરા તાલુકો - ભરૂચ.

### ૧૫. શ્રી આદિનાથ જિનાલય (સં. ૧૮૫૦)

ભરૂચ તાલુકાના નીકોરા ગામમાં શ્રી આદિનાથ જૈન દેરાસર આવેલું છે. પૂર્વે નર્મદા નદીના કિનારે ૧૦૦ વર્ષ-પ્રાચીન આ જિનાલય ધોવાણમાં સંવત ૨૦૨૨ની આસપાસ પડી ગયેલ. ત્યારબાદ ૨૦૨૪માં આ નૂતન જિનાલયનું નિર્માણ થયું જેની પ્રતિષ્ઠા ૨૦૩૦માં થઈ. આ પશ્ચિમાભિમુખ ઘુમ્મટબંધ જિનાલય આરસનું બનેલું છે.

બે બાજુ હાથીના ચિત્રાંકન અને વચ્ચે લોખંડના ઝાંપાવાળા પ્રવેશદ્વારમાંથી પ્રવેશતાં વચ્ચે આરસમઢિત જિનાલય છે. ત્રણેક પગથિયાં ચઢી કાષ્ઠના એક પ્રવેશદ્વારમાંથી પ્રવેશતાં નાનો રંગમંડપ આવે છે.

રંગમંડપમાં બે બાજુ બે કાષ્ઠનાં પ્રવેશદ્વાર છે. ઘુમ્મટમાં શ્રી આદીશ્વર ભગવાનનાં પાંચ કલ્યાણક છે. મુખ્ય પ્રવેશદ્વારની દિવાલમાં શ્રી અષ્ટાપદજી, ડાબી બાજુ દ્વાર પર શ્રી ગિરનાર, જમણા દ્વાર પર શ્રી સમેતશીખરજી, ગર્ભદ્વાર ઉપર શ્રી શત્રુંજય તીર્થના પટ છે. રંગમંડપના ગોખમાં યક્ષ-યક્ષિણી, પ્રાસાદ દેવી અને ચક્રેશ્વરી દેવીની આરસની મૂર્તિ છે.

મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની પાષાણ પ્રતિમા ૧૧" ની છે. પ્રતિમાને જેસલમેરીયા પીળા રંગનો લેપ કરેલ છે. ૬ પાષાણ પ્રતિમાઓ તથા ૧ ધાતુ પ્રતિમા છે.

દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૩૦ના કારતક વદ ૨ ના રોજ શ્રી પ્રબોધવિજય મહારાજ સાહેબે કરાવી હતી. જેનો લાભ શાંતિલાલ તિલકચંદે લીધો હતો. દેરાસરની વર્ષગાંઠ તિથિના રોજ ચઢાવો બોલી ધ્વજારોપણ થાય છે તથા તે દિવસે જમણવાર થાય છે. દેરાસરની સામે શ્રી શ્વે. મૂ. પૂ. શાહ ઉત્તમચંદ બાપુલાલ જૈન ઉપાશ્રય છે. આ ઉપાશ્રય ભાઈ-બહેનોનો ભેગો જ છે. ઉપાશ્રયની બાજુમાં શાહ ચંપાબેન રમણલાલ શ્વે. મૂ. પૂ. જૈન સેનેટોરિયમ આવેલું છે. ઉપાશ્રય, દેરાસરનો સમગ્ર વહીવટ જૈન આદીશ્વર ભગવાનની પેઢીના હસ્તક છે.

## ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૬ પાષાણ પ્રતિમાઓ તથા ૯ ધાતુ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૬ પાષાણ પ્રતિમાઓ તથા ૮ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે લગભગ ૧૮૫૦માં આ જિનાલય બંધાવ્યું હતું. તેનો વહીવટ શેઠ પાનાચંદ ઈશ્વરલાલ કરતા હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૮૫૦નો છે.

• • •

## ગામ - ઝણોર તાલુકો - ભરૂચ.

## ૧૬. શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય (સં. ૧૯૨૬)

ભરૂચ તાલુકાથી ૨૨ કિ. મી.ના અંતરે આવેલ અને માત્ર ૭ જૈન કુટુંબોની વસ્તી ધરાવતાં ઝણોર ગામમાં બજાર ફળીયામાં પશ્ચિમાભિમુખી ઘુમ્મટબંધી વિશાળ જિનાલય આવેલું છે. આ જિનાલય પૂર્વે નર્મદા નદીના કિનારે હતું, પરંતુ જમીનનું ધોવાણ થતાં ૨૫૦ થી ૩૦૦ વર્ષમાં આ જિનાલયનું ત્રણ વાર સ્થળાંતર થયું છે. છેલ્લે વિ. સં. ૨૦૧૦ના માગશર સુદ ૧૦ના રોજ શ્રી ચુનીલાલ શીવલાલ ધરમચંદના હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

વિશાળ મોટા કાષ્ઠના ગેઈટમાંથી પ્રવેશતાં જમણા હાથે બે માળનો ઉપાશ્રય આવે છે. તેના નીચેના બે રૂમ દેરાસરના ઉપયોગમાં લેવાય છે. લાંબા વરંડાથી આગળ વધતાં જમણી બાજુ પાંચેક પગથિયાં ચઢીને વિશાળ ચોકમાં એક ગોખમાં પત્થરની હનુમાનની મૂર્તિ છે.

કાષ્ઠના જાળીવાળા પ્રવેશદ્વારમાંથી પ્રવેશતાં વિશાળ રંગમંડપના ગોખમાં યક્ષ-યક્ષિણીની આરસની મૂર્તિ છે. ઉપરાંત એક ગોખમાં શ્રી ચક્રેશ્વરી માતાની મૂર્તિ છે. ઘુમ્મટમાં ભગવાનના પાંચ કલ્યાણકનાં ચિત્રો છે.

એક ગર્ભદ્વારવાળા ગભારાની મધ્યમાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા ૨૭" ની છે. ૫ પાષાણ પ્રતિમાઓ તથા ૬ ધાતુ પ્રતિમાઓ છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"૧૮૩૨ વર્ષે શા. ૧૬૯૬ પ્રવર્તમાને માઘ વદિ ૫ શ્રીમાલિ જ્ઞાતીય સા. સાકરચંદ સુત તારાચંદ સુત ધરમચંદ તેન શ્રી મુનિસુવ્રતસ્વામી કારાપીતં શ્રી તપાગચ્છે શ્રી વિજયધર્મ્મસૂરિ રાજ્યે"

દેરાસરની વર્ષગાંઠ તિથિ માગશર સુદ ૧૦ છે. તે નિમિત્તે શ્રી કાંતિલાલ દલીચંદ શાહ કઠોરવાલાના કુટુંબીજનો દ્વારા પરંપરાગત ધ્વજારોપણ થાય છે. તે દિવસે પ્રભાવના થાય છે. દેરાસરનો વહીવટ શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જશવંતલાલ ચુનીલાલ

શાહ, શ્રી મહેન્દ્રકુમાર કાંતિલાલ શાહ, શ્રી ઇન્દુલાલ ઝવેરચંદ શાહ હસ્તક છે. દેરાસરની સ્થિતિ સારી છે.

## ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૧૨ પાષાણ પ્રતિમાઓ તથા ૮ ધાતુ પ્રતિમાઓ હતી. સંવત ૧૯૨૬માં આ દેરાસર બંધાવ્યાનો ઉલ્લેખ છે.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૬ પાષાણ પ્રતિમાઓ તથા ૬ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે લગભગ ૧૯૦૧માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ મણિલાલ નાથાલાલ તેનો વહીવટ કરતા હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૨૬નો છે.

• • •

## ગામ - ભાડભૂત તાલુકો- ભરૂચ.

## ૧૭. શ્રી પાર્શ્વનાથ જિનાલય (સં. ૨૦૪૪)

ભરૂચથી ૨૦ કિ. મી.ના અંતરે આવેલાં અને માત્ર ચાર જૈન કુટુંબોની વસ્તી ધરાવતાં ગામ મધ્યે બજારમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર આવેલ છે. આરસમઢિત આ ધાબાબંધી દેરાસરની સ્થિતિ સારી છે.

નીચે ભોંયતળીયે ઉપાશ્રય છે અને પંદરેક પગથિયાં ચઢીને ઉપર દેરાસર છે. લાંબા રંગમંડપમાં સામ-સામે નાના ગોખમાં શ્રી અંબિકા દેવી, શ્રી પદ્માવતી દેવી, શ્રી પાર્શ્વ યક્ષ અને શ્રી ગૌતમસ્વામીની આરસની પ્રતિમા છે. પછી સામે વચ્ચે પબાસન પર છત્રીમાં ૩ આરસ પ્રતિમાઓ બિરાજમાન છે. છત્રીની ઉપરના ભાગમાં વચ્ચે શિખરની અને આજુબાજુ ઘુમ્મટની રચના કરવામાં આવી છે. અન્ય ૪ ધાતુ પ્રતિમાઓ પણ છે. મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની આરસની પ્રતિમા ૧૯" ની છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"શ્રી ગોડી પાર્શ્વનાથ જિનબિંબં ।। સંવત ૧૮૪૯ વર્ષે . . . . . . . . . . . .
. . . . . . . . ફાલ્ગુન સુદી-૫ શુક્રવાસરે ઓસવાલ જ્ઞાતીય . . . . . . . . . . . કારાપિતં."

પબાસન પર લખેલ પ્રશસ્તિ નીચે મુજબ છે.

"વિ. સં. ૨૦૪૪ના મહા સુદ ૪ના શુભ દિવસે ભરૂચ તીર્થોદ્ધારક પૂ. આ. શ્રીમદ્ વિક્રમસૂરીશ્વરજી મ. સા. પટ્ટશિષ્ય શ્રી રાજયશસૂરીશ્વરજી મ. સા. આદિ ઠાણા ૮ તથા માતૃહૃદયા સાધ્વીવર્યા સર્વોદયાશ્રીજી વિશાળ પરિવારની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવપૂર્વક ગચ્છનાયક શાંત તપોમૂર્તિ પૂ. આ. શ્રી નવીનસૂરીશ્વરજી મ. સા. ની આજ્ઞાથી કરાવેલ છે. બધા

જ જિનબિંબો ભરૂચથી લાવી બિરાજમાન કરેલ છે. ''

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૪ છે. તે દિવસે ધ્વજારોપણ તથા જમણવાર થાય છે. દેરાસર તથા ઉપાશ્રયનો સમગ્ર વહીવટ શ્રી શ્વેતાંબર મૂ. પૂ. જૈન સંઘ, ભાડભૂત હસ્તક છે.

જિનાલયનો સમય સં. ૨૦૪૪નો છે.

• • •

## ગામ - પાંલેજ તાલુકો - ભરૂચ.

### ૧૮. શ્રી મહાવીરસ્વામી જિનાલય (સં. ૧૯૫૮)

ભરૂચથી ૩૦ કિ. મી.ના અંતરે આવેલા પાલેજ ગામમાં બજાર મધ્યે આવેલ વાણીયા શેરીમાં શ્રી મહાવીરસ્વામી ભગવાનનું દેરાસર આવેલ છે. સામરણયુક્ત એક શિખર ધરાવતાં અને ત્રણ માળના આ આરસમઢિત દેરાસરની સ્થિતિ સારી છે. પહેલાં જૂનું દેરાસર હતું એ દેરાસરની જગ્યાએ હાલ ઉપાશ્રય બનાવેલ છે અને બાજુમાં આ નવું દેરાસર સં. ૨૦૧૦માં બનાવેલ છે જેને બહાર મુખ્ય માર્ગ પર અને પાછળ શેરીમાં એમ બે બાજુ દ્વાર છે. શેરીમાં પડતાં લોખંડના દ્વારની ઉપર બે બાજુ હાથી અને નીચેના ભાગમાં દ્વારપાળની કૃતિ છે. તથા મુખ્ય પ્રવેશદ્વાર ઉપર શ્રી સરસ્વતી દેવી અને અન્ય બીજી પૂતળીઓ છે. દ્વારની બે બાજુ કાચકામથી ઉપસાવેલ અને ચિત્રિત કરેલ દ્વારપાળની આકૃતિઓ સુંદર દીપે છે.

અહીં આવવા માટે બાજુમાં ઉપાશ્રયમાં થઈને આવવાનો રસ્તો છે. જેમાં શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સા. ની મૂર્તિ તથા પગલાં એક દેરીમાં પધરાવેલ છે. વળી ઉપાશ્રયમાં એક ગોખલામાં ક્ષેત્રપાળ પ્રતિષ્ઠિત છે. દેરાસરના દ્વારની બહારની બાજુમાં એક દેરીમાં શ્રી ઘંટાકર્ણ વીરની પ્રતિમા છે. આ દેરીની ઉપર સુંદર તોરણો છે અને પૂતળીઓ પણ છે. રંગમંડપમાં પ્રવેશવા માટે ૪-૫ પગથિયાં ચઢવાનાં છે અને ત્યાંથી જ ભોંયરામાં પણ જવાનો રસ્તો છે.

મોટા રંગમંડપમાં દિવાલો પર સુંદર રંગીન પટો છે તથા ઘુમ્મટના ભાગમાં ૨૪ તીર્થંકર પરમાત્મા, યક્ષ-યક્ષિણી તથા શ્રી વીર પ્રભુના ૨૭ ભવ ચિત્રિત કરેલાં જોવા મળે છે. રંગમંડપમાં એક ગોખલામાં શ્રી ગૌતમસ્વામીની આરસની અને બીજાં એક ગોખલામાં શ્રી માણિભદ્રવીરની શ્યામ આરસની પ્રતિમા છે. વળી યક્ષ-યક્ષિણીના પણ ગોખ છે. રંગમંડપમાં ચિત્રિત પટોમાં વિશિષ્ટ પ્રકારનું કાચકામ પણ જોવા મળે છે. શ્રી અષ્ટાપદજી, શ્રી તળાજા, શ્રી આબુજી, શ્રી કદંબગિરિ, શ્રી થાણા, શ્રી મક્ષીજી, શ્રી ઈડર, શ્રી રત્નપુરી, શ્રી ભદ્રેશ્વર, શ્રી કુંડલપુર, શ્રી કટારિયા, શ્રી મેરૂશિખર તીર્થ, શ્રી નંદીશ્વર દ્વીપ, શ્રી રાણકપુર, શ્રી મહિમાપુર, શ્રી ચંપાપુરી, શ્રી શત્રુંજય, શ્રી કેશરીયાજી, શ્રી ગીરનારજી, શ્રી ભોંયણી, શ્રી રાજગિરિના પાંચ પહાડ, શ્રી તારંગા, શ્રી સમેતશિખર, શ્રી શંખેશ્વર, શ્રી પાવાપુરી આદિ તીર્થો ઉપરાંત શ્રી વીર પ્રભુના કાને ખીલા ઠોકવાનો ગોવાળીયાનો તથા ખીલા કાઢવાનો લુહારનો પ્રસંગ, સંગમ દેવનો અને

શૂલપાણિ યક્ષનો ઉપસર્ગ તથા કેવળજ્ઞાનના પ્રસંગના જુદા-જુદા પટોથી દેરાસરના રંગમંડપની ત્રણે બાજુની દિવાલો સુશોભિત બનાવવામાં આવી છે. વળી દિવાલના નીચેના ભાગમાં આરસ પર ૧૪ સ્વપ્ન ચિત્રિત કરેલાં નજરે પડે છે.

વચ્ચે નાનો ગભારો છે જેમાં કુલ ૫ આરસપ્રતિમા તથા ૩ ધાતુ પ્રતિમાઓ છે. મૂળનાયક ભગવાન શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા ૧૧" ની છે. જેની ઉપર કોઈ લેખ નથી, પરંતુ જમણી બાજુ શ્રી અભિનંદનસ્વામીની પ્રતિમા પર સં. ૧૯૮૨ વાંચી શકાય છે.

ભોંયરામાં ઉતરવાનાં પગથિયામાં અધવચ્ચે બે બાજુ બે કાચના કબાટમાં સુંદર બે પૂતળીઓ મૂકેલ છે. ભોંયરામાં પણ ત્રણે બાજુ જુદા-જુદા પટો છે. જે પૈકી શ્રી પાર્શ્વપ્રભુને કમઠનો, શીલાઘાતનો ઉપસર્ગ અને પ્રભુજીનો ઉપદેશ, મેઘમાળીનો ઉપસર્ગ, શ્રી મુનિસુવ્રતસ્વામીનો અશ્વને પ્રતિબોધ તથા સમડી વિહારના પટો છે. એક ગોખલામાં શ્રી માણિભદ્રવીરની આરસની પ્રતિમા છે. ગભારામાં મૂળનાયક ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીની ૧૫" ની પ્રતિમા, તેની આજુબાજુ બે શ્રી પાર્શ્વનાથ ભગવાનની આરસપ્રતિમા મળી કુલ ૩ આરસ પ્રતિમા તથા ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

ઉપરના માળે શિખરની અંદરના ભાગમાં અગાશીમાં એક ઓરડીમાં પબાસન પર ૩ આરસ પ્રતિમા છે. જેમાં શ્રી શાંતિનાથ ભગવાનની ૧૧" ની પ્રતિમા મૂળનાયક તરીકે છે. ત્રણેય પ્રતિમાજી ત્રણ નાની છત્રીમાં બિરાજમાન છે. જ્યાં મૂળનાયક ભગવાનની છત્રી પર શિખરની અને આજબાજુનાં ભગવાનની છત્રી પર ઘુમ્મટની સુંદર રચના છે તથા પાછળની દિવાલ પર અષ્ટપ્રતિહાર્ય સોનેરી રંગથી ચિત્રિત છે. પબાસનની નીચેના ભાગમાં શ્રી સમેતશિખર, શ્રી ગિરનાર, શ્રી શત્રુંજય તીર્થના પટ પત્થર પર ઉપસાવીને સુંદર બનાવેલ છે.

જૈનોનાં ૮૫ કુટુંબની વસ્તી ધરાવતાં ગામમાં આ એક જ દેરાસર છે અને બાજુમાં ભાઈઓનો અને બહેનોનો એમ અલગ-અલગ ઉપાશ્રય છે. ઉપરાંત ધાર્મિક પ્રસંગો યોજવા માટે જૈનવાડી પણ છે. "જૈન હેમચંદ્રાચાર્ય પાઠશાળા" નામે ઉપાશ્રયમાં ૫૦ થી ૬૦ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી પાઠશાળા ચાલે છે તથા જ્ઞાનભંડારમાં આશરે ૨૦૦૦ જેટલાં પુસ્તકો પણ છે. શેઠ કાંતિલાલ વર્ધમાનની પેઢી હસ્તક વહીવટ ધરાવતાં આ દેરાસરની પ્રતિષ્ઠા સં. ૨૦૧૦ના વૈશાખ સુદ-૫ આચાર્ય શ્રી ધર્મસૂરીશ્વરજીની નિશ્રામાં શેઠ શ્રી ચુનીલાલ તલકચંદના હસ્તે થઈ હતી. દર વર્ષે ચઢાવો બોલીને વર્ષગાંઠના દિવસે ધ્વજારોપણ મહોત્સવ થાય છે. છેલ્લા ૫૦ વર્ષમાં ગામની ૬ મુમુક્ષુ બહેનોએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

## ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૨ ધાતુ પ્રતિમાઓ હતી. સંવત ૧૯૫૮માં આ દેરાસર બંધાવ્યાનો ઉલ્લેખ થયો છે.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો

છે. ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૭ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે લગભગ ૧૯૫૬માં આ દેરાસર બંધાવ્યાનો ઉલ્લેખ છે. તેનો વહીવટ શેઠ ભોગીલાલ મોતીલાલ કરતા હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

નૂતન જિનાલયની પાસે હાલ જે ઉપાશ્રય છે તેવા મકાનમાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામી શ્રી પદ્મપ્રભસ્વામી અને શ્રી ચંદ્રપ્રભસ્વામી બિરાજમાન હતા જેનો વહીવટ આજથી ૬૦ વર્ષ અગાઉ શેઠ શ્રી કાનજીભાઈ તલકચંદ ઈન્દોરવાળા કરતા હતા. જૈનોની વસ્તી વધતાં નૂતન જિનાલય બનાવવાનું નક્કી કર્યું અને સં. ૨૦૦૮માં શિલાન્યાસ કરવામાં આવ્યો.

આ સમય દરમિયાન પાલેજની પાસેના પાદરીયા ગામમાં બિરાજમાન શ્રી મુનિસુવ્રતસ્વામી, શ્રી પાર્શ્વનાથ પ્રભુ, શ્રી અભિનંદનસ્વામી, શ્રી ચન્દ્રપ્રભસ્વામી આદિ જિનબિંબોને તે ગામમાં જૈનોનું એક પણ ઘર ન રહેતાં પાલેજમાં લાવીને પરોણાગત સ્થાપન કરવામાં આવ્યા.

નૂતન જિનાલયના શિખરમાં શ્રી શાંતિનાથજી, શ્રી આદિનાથજી તથા શ્રી નેમિનાથજીના નૂતન બિંબ ભરાવી પ્રતિષ્ઠિત કરવાનું નક્કી કરવામાં આવ્યું અને જિનાલયનું નિર્માણ કાર્ય પૂર્ણ થતાં સં. ૨૦૧૦માં પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં વૈ. સુ. ૫ ના રોજ પ્રતિષ્ઠા કરવામાં આવી.

મૂળનાયક શ્રી મહાવીરસ્વામી : શેઠ શ્રી ચુનીલાલ તલકચંદ

ભોંયરામાં શ્રી મુનિસુવ્રતસ્વામી : શેઠ શ્રી દીપચંદ લક્ષ્મીચંદ

શિખરમાં શ્રી શાંતિનાથ : શેઠ શ્રી લાલચંદ ભાઈચંદના હસ્તે

જિનાલયનો સમય સં. ૧૯૫૮નો છે.

• • •

## ગામ – ગડખોલ તાલુકો – અંકલેશ્વર.

## ૧૯. શ્રી પાર્શ્વનાથ જિનાલય (સં. ૨૦૫૮)

અંકલેશ્વરથી ૪ કિ. મી.ના અંતરે આવેલ ગડખોલ ગામમાં પાર્શ્વનગર સોસાયટીમાં પ્રવેશતાં જમણી બાજુ નાનું ધાબાબંધી શ્રી પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય છે. આરસનું એક માળનું જિનાલય છે.

દેરાસરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ફણા સહિત ૧૭" ની છે. સફેદ આરસનાં આ પ્રતિમાજી ઉપર શ્યામ રંગના નાગની ફણા છે. બંને ખભા ઉપર સોનેરી રંગના નાગની આકૃતિ છે. દેરાસરમાં ૧ પાષાણ પ્રતિમા તથા ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની પ્રતિષ્ઠા શ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં વિ. સં. ૨૦૫૮ના વૈશાખ સુદ પાંચમના દિવસે થયેલ છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખ નીચે મુજબ છે.

"મુંબઈ મલાડ શ્રી હીરસૂરિ જૈન સંઘ મધ્યે વિ. સં. ૨૦૫૭ મૃગશીર્ષ શુક્લ પંચમ્યા શુક્રવાસરે શ્રી પાર્શ્વનાથસ્વામી જિનબિંબ તપાગચ્છીય જૈનાચાર્ય શ્રી વિજયપ્રેમભુવન-ભાનુસૂરીશ્વર પટ્ટધર ગચ્છાધિપતિ આ. દેવ શ્રીમદ્ વિ. જયઘોષસૂરીશ્વરૈ, આ. રાજેન્દ્ર, હેમચંદ્ર, જગચ્ચંદ્ર હેમ-રત્નસૂર્યાદિ વિશાલ પરિવાર સમૈતેઃ પ્રતિષ્ઠિતં: બુધ જયસુખલાલ ધારશીભાઈ શાહ ભાર્યા જયોત્સનાબેન પરિવારેણ. "

દેરાસરની સામે જ એક માળનો ઉપાશ્રય છે જે શ્રી જૈન ઉપાશ્રય લબ્ધિ વિક્રમ સંકુલ શ્રી સર્વોદય લીલાવિહાર નામે ઓળખાય છે.

ભાઈ-બહેનોનો ભેગો એક ઉપાશ્રય છે. ગામમાં ૨૦ જૈન કુટુંબો વસે છે.

આ ગામની વિશેષ માહિતી નોંધનીય છે કે નર્મદા પરિક્રમાના માર્ગમાં આવતું અતિપ્રાચીન હિંદુઓનું તીર્થ શક્તિધામ આ ગામમાં આવેલું છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૮નો છે.

• • •

## ગામ - અંકલેશ્વર તાલુકો - અંકલેશ્વર.

### ૨૦. શ્રી શાંતિનાથ ભગવાનનું ગૃહ ચૈત્ય (સં. ૨૦૪૫)

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાનાં અંકલેશ્વર ગામમાં બ્રીજનગર સોસાયટીમાં બી વિભાગના બંગલા નં. ૨માં ઓટલો ચઢતાં ડાબી બાજુ નાની ઓરડીમાં આ ઘરદેરાસર પ્રસ્થાપિત કરેલ છે. આરસના બનેલાં આ ધાબાબંધી ઘરદેરાસરની સ્થાપના આશરે ૧૫ વર્ષ પહેલાં થઈ હતી.

નાની ઓરડીમાં એક ગોખલામાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ધાતુની પ્રતિમા ૯" ની છે. ગોખલાની ઉપર ઘુમ્મટ આકારનું ચણતર છે. ચારે બાજુ દિવાલ પર સફેદ ટાઈલ્સ જડેલી છે.

શ્રી વિક્રમસૂરિ મ. સા. ની નિશ્રામાં શ્રાવિકા શ્રીમતી ખમ્માબેન જશવંતલાલે પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"શ્રી ખમ્માબેન જશવંતલાલ અંકલેશ્વર

પરમોપકારી પૂજ્ય ગુરુદેવોભ્યો નમોનમઃ

ભરૂચ તીર્થ શ્રી મુનિસુવ્રતસ્વામી નિશ્રાયાં પૂ. આ. ભ. શ્રી લબ્ધિસૂરીમહારાજ શિષ્ય રત્ન વિક્રમ સં. ૨૦૪૫ મહા સુ. ત્રયોદશ્યાં અંજનં કારિતં પ્રતિષ્ઠિતાં ચ. સાધ્વીવર્યા જયાશ્રી મ.

શિષ્યા સા વિનીતમાલા શ્રી મ. શિષ્યા સા. વિકસ્વરમાલા શ્રી પ્રેરણયા. ''

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૧૦ છે. દેરાસરમાં ધ્વજા નથી. ધ્વજારોપણની વિધિ થતી નથી. આ દેરાસર શ્રી સુરેશકુમાર જશવંતલાલ સુરાણાના ઘરદેરાસર તરીકે ઓળખાય છે.

જિનાલયનો સમય સં. ૨૦૪૫નો છે.

• • •

## ગામ - અંકલેશ્વર તાલુકો - અંકલેશ્વર.

## ૨૧. શ્રી શાંતિનાથ જિનાલય (સં. ૧૮૦૦ આસપાસ)

ભરૂચથી ૯ કિ. મી.ના અંતરે આવેલાં અંકલેશ્વરના પંચાટી બજારમાં, શેરીની મધ્યમાં શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર આવેલું છે. સં. ૧૯૯૧માં સ્થાપેલ આ દેરાસર શિખરબંધી અને આરસમઢિત છે. દેરાસરની સ્થિતિ સારી છે. અંકલેશ્વરનું પ્રાચીન નામ અક્રરેશ્વર છે.

પ્રવેશ કરતાં મોટો આરસનો ઓટલો આવે છે. સ્ટીલના બારણાંનું પ્રવેશદ્વાર છે. ઓટલો જાળીથી બંધ કરેલ છે. બે પ્રવેશદ્વારવાળો નૃત્યમંડપ મધ્યમ કદનો છે. તેની જમણી બાજુ દિવાલમાં શ્રી નેમનાથ ભગવાનની જાનનો પટ છે જે ૧૦ ભાગમાં વહેંચેલ છે. ડાબી બાજુ દિવાલમાં શ્રી સમેતશિખર અને શ્રી શત્રુંજય તીર્થનો પટ છે. નૃત્યમંડપમાં પ્રવેશદ્વારોની બાજુમાં ગોખલામાં શ્રી મહાલક્ષ્મી માતા, શ્રી ઘંટાકર્ણ વીર અને શ્રી માણિભદ્રવીરની મૂર્તિ બિરાજે છે.

આગળ રંગમંડપ આવે છે. રંગમંડપમાં પ્રવેશ કરતાં ઉપરની બાજુ દિવાલ પર ચારેબાજુ પટ ચિત્રિત છે. જેમાં શ્રી ભદ્રેશ્વર, શ્રી રાણકપુર, શ્રી તારંગા, શ્રી શંખેશ્વર મહાતીર્થ, શ્રી અષ્ટાપદ, શ્રી સમવસરણ, શ્રી પાવાપુરી, શ્રી નંદીશ્વર દ્વીપ, શ્રી આબુ તીર્થના પટ ચિત્રિત છે. રંગમંડપના ઘુમ્મટમાં શ્રી શાંતિનાથ ભગવાનના ૧૨ ભવ, શ્રી આદિનાથ, શ્રી નેમનાથ, શ્રી શાંતિનાથ અને શ્રી પાર્શ્વનાથ ભગવાન ચિત્રિત છે વચ્ચે રાસરમતાં દેવ-દેવીઓ છે.

રંગમંડપમાં લેખ નીચે મુજબ છે.

"અર્હં નમઃ શ્રી શાંતિનાથ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા શાસન સમ્રાટ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ. સા.ના પટ્ટધર પૂ. વાત્સલ્ય વારિધિ આચાર્ય શ્રી વિ. વિજ્ઞાનસૂરીશ્વરજી મ. સા.ના પટ્ટધર પૂ. સિદ્ધાંત મહોદધિ આચાર્ય શ્રી વિ. કસ્તૂરસૂરીશ્વરજી મ. સા. તથા મુનિ શ્રી ચંદ્રોદયવિજયાદિ સપરિવારની શુભ નિશ્રામાં સં. ૨૦૧૧ મહા સુ. ૧૦ બુધવારે મહોત્સવપૂર્વક અંકલેશ્વરના શ્રી સંઘે શુભ લગ્ને પ્રતિષ્ઠા કરાવી છે.

। શુભં ભવતુ ।"

બીજો લેખ જીર્ણોદ્ધાર અંગેનો છે. જેમાં અમદાવાદ દેરાસર જીર્ણોદ્ધાર કમિટી અને સંઘે મળીને કરાવેલો છે એમ દર્શાવ્યું છે, તથા પ્રતિષ્ઠા મહોત્સવ સં. ૨૦૧૧ મહા સુ. ૧૦ બુધવાર

તા. ૨-૨-૫૫ના રોજ કર્યાનું લખેલ છે.

ગર્ભદ્વાર પાસે ઉપરની દિવાલ પર શ્રી નવપદજી અને શ્રી નવકાર મંત્રનો પટ ચિત્રિત છે. ગર્ભદ્વારના બહારના ગોખમાં યક્ષ-યક્ષિણી છે. ગર્ભદ્વારની દિવાલ પર બે ઊભા દ્વારપાળ સોનેરી અને લાલ રંગથી ચિત્રિત કરીને કાચથી મઢેલ છે. બારસાખ કાષ્ઠની રંગીન છે, ઉપર લક્ષ્મીજી અને બે હાથી બેસાડેલ છે. આરસના લાંબા પબાસન પર ૫ ભગવાન પ્રતિષ્ઠિત છે. મૂળનાયક ભગવાન શ્રી શાંતિનાથની પ્રતિમા ૩૩" ની છે. મૂળનાયક ભગવાનની પાછળ દિવાલ પર સોનેરી ચિત્રકામ છે. દેવ-દેવીઓ ઉતરતાં બતાવેલ છે. ફૂલછોડની ડિઝાઈન છે અને ઘુમ્મટનો આકાર ચિત્રિત કરેલ છે. ગભારામાં ૫ પાષાણ પ્રતિમાઓ તથા ૧૯ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખ નીચે મુજબ છે.

"સં. ૧૮૪૫ વર્ષે મહા સુદિ ૭ દિને શ્રીમાલી જ્ઞાતીય . . . . . . . . . "

ડાબી બાજુનાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પર "સં. ૧૮૪૫ મહા સુદ ૭" વંચાય છે. જમણી બાજુનાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પર "સં. ૧૯૬૨ મહા સુદ ૨ શ્રી વિજય મુનિંદ્ર સૂરિભિઃ . . . . . . . . . . " વંચાય છે.

દેરાસરની ઉપર શિખરની નીચે નાની ઓરડીમાં શ્રી આદીશ્વર ભગવાન અને શ્રી મહાવીરસ્વામી ભગવાન બિરાજમાન છે. શ્રી મહાવીરસ્વામી ભગવાનને લેપ કરેલ છે અને ચોવીસી છે. ભગવાનની પાછળ સોનેરી ચિત્રકામ છે. અહીં ૨ પાષાણ પ્રતિમાઓ તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિમા ૧૧" ની છે. એક જોડ શ્રી નેમિસૂરીશ્વર મ. સા.નાં પગલાં છે. પગલાં પર લેખ નીચે મુજબ છે.

"સંવત ૨૦૧૧ માઘ સુદ-૧૦ બુધવાર પ. પૂ. શ્રી વિજયનેમિસૂરીશ્વરની ગુરુપાદુકા અંકલેશ્વર સંઘેન ભક્ત્યાર્થં કારિતા શ્રી વિજયકસ્તૂરસૂરિભિઃ ।"

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૧૦ છે. તે નિમિત્તે ધ્વજારોપણનો મહોત્સવ થાય છે. તેના માટે ચઢાવો બોલાય છે. તે દિવસે શ્રીસંઘજમણ રાખવામાં આવે છે.

અહીં એક શ્રાવકોનો અને શ્રાવિકાઓનો ઉપાશ્રય છે. ઉપાશ્રયમાં જ પાઠશાળા ચાલે છે. અહીં ૩૦-૪૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ઉપાશ્રય, પાઠશાળા અને દેરાસરનો સમગ્ર વહીવટ શ્રી શાંતિનાથ જૈન શ્વે. મૂ. પૂ. સંઘના હસ્તક છે.

ગામમાં કુલ ૩ દેરાસર અને ૧ ઘરદેરાસર છે. બે શ્રાવક અને બે શ્રાવિકા ઉપાશ્રય છે. ૧ પાઠશાળા છે. ગામમાંથી ૫ બહેનો અને ૧ ભાઈએ દીક્ષા ગ્રહણ કરેલ છે. ગામમાં ૧૦૦ જૈન કુટુંબો વસે છે.

## ઐતિહાસિક સંદર્ભ

ઉપાધ્યાય શ્રી સમયસુંદરવિજયજી રચિત "દાન શીલ તપ ભાવના સંવાદ" ની પ્રત શ્રી પ્રેમવિજે અંકલેશ્વરમાં લખી જેની અંતિમ લીટીમાં લખ્યું છે,

"અકલેસર ગ્રાંમ શ્રી શાંતિનાથ પ્રાસાદાત્ ૧૮૪૩ સં. વૈ. વદી. ૬ પ્રેમવિજે લખિતં."

આ પરથી અનુમાન કરી શકાય કે અંકલેશ્વરમાં શ્રી શાંતિનાથનું જિનાલય વિ. સં. ૧૮૪૩માં વિદ્યમાન હતું.

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૪ પાષાણ પ્રતિમાઓ તથા ૧૪ ધાતુ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૫ પાષાણ પ્રતિમાઓ તથા ૧૮ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે ૧૮૦૦માં આ જિનાલય બંધાવ્યું હતું. તેનો વહીવટ શેઠ દીપચંદ પાનાચંદ કરતા હતા. દેરાસરની સ્થિતિ સાધારણ હતી.

જિનાલયનો સમય સં. ૧૮૦૦ આસપાસનો છે.

• • •

## ગામ - અંકલેશ્વર તાલુકો - અંકલેશ્વર.

## ૨૨. શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય (સં. ૨૦૫૨)

ભરૂચથી ૯ કિ. મી.ના અંતરે આવેલાં અંકલેશ્વર ગામના દેસાઈ ફળિયામાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું આરસમઢિત, શિખરબંધી એવું નૂતન દેરાસર આવેલું છે. આ દેરાસરની સ્થિતિ સારી છે.

પ્રવેશદ્વાર ઉપર બે બાજુ હરણ અને વચ્ચે ચક્ર છે. અગિયાર પગથિયાં પછી ઓટલો છે. ઓટલો ચોક જેવો મોટો છે. ઓટલા પર આરસની બેઠક કરેલ છે. બંને બાજુ બે પ્રવેશદ્વાર લાકડાંની કોતરણીવાળાં પોલીશ કરેલાં બારણાં છે. બારણાં પર અષ્ટમંગલ આલેખાયેલાં છે. પ્રશસ્તિ નીચે મુજબ છે.

"શ્રી વાસુપૂજ્યસ્વામીને નમઃ

શ્રી પ્રજાસત્તાક ગણતંત્ર સંચાલિત ભારતદેશ ગુર્જર પ્રદેશ ભાગ્યવિધાત્રી મહાનદી નર્મદા તટાસીને ગુરુ વિક્રમસૂરિ જિણોધૃત શ્રી ભુગુકચ્છાદિ મહાતીર્થોય શોભિતપુરે અંકલેશ્વર નગર ચરમ તીર્થાધિપતિ મહાવીરસ્વામી ધર્મશાસને, શ્રીમત્ ગૌતમસ્વામી શ્રીમત્ સુધર્મા-સ્વામીનાં અવિચ્છિન પરંપરાયાં સંવિગ્ન તપાગચ્છીય શ્રી વિજયાનંદ (આત્મારામ) સૂરીશ પટ્ટધર શ્રી કમલસૂરીશ શિષ્યવીર પંચસમતી પટ્ટધર જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્ય વિજય લબ્ધિસૂરિસરાણાં પ્રૌઢપ્રતાપી શિષ્યરત્ન આ. વિજયવિક્રમસૂરીશ્વર પવિત્ર નિશ્રાસ્તે શ્રી

સંગેમરમર નિર્મિત શિખરબદ્ધ જિનાલયે વિ. સં. ૨૦૫૨ વીર સં. ૨૫૨૨. ફાલ્ગુન કૃષ્ણ ચતુર્થ્યાં શનિસ્વાતિ સિદ્ધિયોગે શ્રી મહાપ્રભાવિક મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામી જિનબિંબાનાં ભવ્ય પ્રતિષ્ઠા તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાદિ જિનબિંબાનાં અંજનશલાકા ગુરુ વિક્રમ પટ્ટધર આ. જિનભદ્રસૂરીશ્વર ઉપકારી આ. દેવશ્રી યશોવર્મસૂરીશ્વર પૂ. પં. પ્ર. પદ્મયશ વિજય ગણિશ્વરૈશ્ચ વીરયશ, અજિતયશવિજયાદિ બહુશિષ્ય/પરિવૃતૈઃ સાધ્વી શ્રી વિનિતમાલાશ્રી, વિપુલમાલાશ્રીજી, આદિ આર્યાગણૈઃ અસ્મત્ ગ્રામીય તત્શિષ્યા વિકશ્વરમાલા, વિરમ્યમાલા શ્રી આદિ આર્યાગણૈશ્ચ અંકલેશ્વર શ્રી સંઘસ્ય શ્રાવક શ્રાવિકૈ અપૂર્વભાવ અદમૃતોત્સારૈ સાષ્ટાહ્નિક મહોત્સવ વિધતા. ''

રંગમંડપ લાંબો છે. રંગમંડપમાં એક બાજુ ગભારો છે. બીજી બાજુ છત્રી છે. છત્રીમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન બિરાજે છે. રંગમંડપમાં ડાબી તરફના ગોખલામાં શ્રી પદ્માવતી દેવી, શ્રી ચક્રેશ્વરી દેવી અને શ્રી માણિભદ્રવીરની મૂર્તિ પ્રતિષ્ઠિત છે. ગોખમાં કુમાર યક્ષ અને ચંડા યક્ષિણીની મૂર્તિ પણ છે. રંગમંડપમાં જમણી બાજુ દિવાલ પર શ્રી શત્રુંજય, શ્રી ચંપાપુરી, શ્રી શિખરજી તીર્થના પટ ઉપસાવેલાં છે. તે ઉપરાંત કાપડનો શ્રી શત્રુંજય તીર્થનો પટ પણ છે, જે કારતક સુદ ૧૫ના દિવસે દર્શનાર્થે રખાય છે.

ચાંદીના પતરાથી જડેલી ગર્ભદ્વારની બારસાખ આરસની છે. ગર્ભગૃહ નાનું છે. આરસના પબાસન ઉપર મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની ૧૩" ની પ્રતિમા બિરાજમાન છે. ગભારામાં ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૫ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબનો લેખ છે.

"શ્રી વીરપ્રભવે ૨૫૬૧. વિક્રમ શર્કરા ૧૯૯૯- માઘ માસે કૃષ્ણ પક્ષે શ્રીમાલી જ્ઞાતિ વાસ્તવ્ય પ્રાગવાટ જ્ઞાતીય શ્રીમદ્ . . . . . . . . આત્મજ સાંકળચંદ પરિવાર સુત શુક્લ . . . . . . . . જનસ્ય શ્રેયાર્થે કુટુંબ સહિતે શ્રી વાસુપૂજ્ય પ્રભો મૂર્તિ કારિતાં પ્રતિષ્ઠાપિત । તપાગચ્છીય આચાર્યનંદ સાગરેણ ચંદ્રવાસરે શ્રી સિદ્ધક્ષેત્રે . . . . . . . . . . . ''

ઉપર શિખરમાં વચ્ચે નાના રૂમમાં આરસના પબાસણ ઉપર શ્રી મહાવીરસ્વામીની ૨૧" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે.

દેરાસરની પ્રતિષ્ઠા સંવત ૨૦૫૨ના ફાગણ વદ ૪ના દિવસે થઈ હતી. દેરાસરની વર્ષગાંઠ તિથિના દિવસે ધ્વજારોપણનો મહોત્સવ થાય છે. તેના માટે ચઢાવો બોલવામાં આવે છે. આ દિવસે ક્યારેક જમણવાર થાય છે. પ્રભાવના થાય છે. ભાઈઓનો એક ઉપાશ્રય છે. દેરાસર અને ઉપાશ્રયનો સમગ્ર વહીવટ શ્રી અંકલેશ્વર શ્વે. મૂ. પૂ. જૈન સંઘના હસ્તક છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૨નો છે.

• • •

## ગામ - અંકલેશ્વર તાલુકો - અંકલેશ્વર.

### ૨૩. શ્રી અલૌકિક પાર્શ્વનાથ જિનાલય (સં. ૨૦૪૩)

ભરૂચથી ૯ કિ. મી.ના અંતરે આવેલાં અંકલેશ્વરમાં જી. આઈ. ડી. સી. ની નવી કોલોનીમાં શ્રી અલૌકિક પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી દેરાસર આવેલું છે. નૂતન, આરસમઢિત દેરાસર છે. દેરાસરની સ્થિતિ સારી છે.

પ્રવેશ કરતાં પહેલાં ઓટલાની બંને બાજુ બે ઊભેલાં દ્વારપાળની કૃતિ છે અને ઓટલા પર બે મધ્યમ કદના હાથી પર મહાવતની કૃતિ છે. મોટું લાકડાનું બે બારણાંવાળું પ્રવેશદ્વાર છે.

રંગમંડપ ચોરસ છે. બંને બાજુ બે અલગ પ્રવેશદ્વાર પણ છે. રંગમંડપમાં ડાબી બાજુ ગોખલામાં શ્રી મહાલક્ષ્મી દેવી, શ્રી ચક્રેશ્વરી દેવી અને ગભારાની બહાર ગોખમાં શ્રી પાર્શ્વયક્ષ, શ્રી પદ્માવતી દેવીની મૂર્તિ બિરાજમાન છે.

ગર્ભદ્વારની ઉપરની દિવાલ પરનો લેખ છે જે નીચે મુજબ છે.

"શાસનસમ્રાટ દિવાકર અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભગવન્ત શ્રી ગુણસાગરસૂરીશ્વરના પુનિત આર્શીવાદથી તેઓની નિશ્રામાં તત્ આજ્ઞાવર્તીની સા. ભ. પ. પૂ. નરેન્દ્રશ્રીજી મ. સા. ની શિષ્યા બા. બ્ર. શ્રી ચારૂલતાશ્રીજી મ. સા. ની શિષ્યા પ. પૂ. અમીપૂર્ણાશ્રીજી મ. સા. ની પ્રેરણાથી ૨૦૪૩ના પોષ વદી-૨ તા. ૧૬-૧-૧૯૮૭ના શુક્રવારે આ જિનબિંબોની પ્રતિષ્ઠા ભારે ઉલ્લાસપૂર્વક થયેલ છે. પ્રથમ અમીપૂર્ણાશ્રીજી આદિ ૩ ઠાણાની નિશ્રામાં આ મહોત્સવ થયેલ છે. "

ગર્ભદ્વાર એક છે. ગભારો ચોરસ અને મધ્યમ કદનો છે. મૂળનાયક શ્રી અલૌકિક પાર્શ્વનાથ ભગવાનની ૧૩" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે. દેરાસરમાં ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"મુંબઈ, મલાડ, ગોરેગાંવ સંઘે ઈદમ શ્રી પાર્શ્વનાથ જિનબિંબ પ્રતિષ્ઠાપિતં. . . . . . . . . . . . શાસન અચલગચ્છીય દિવાકર. . . . . . . . . . . અંજન શલાકા મહોત્સવ. . . . . . . . . . . . પ. પૂ. આ. ભગવન્ત શ્રી ગુણસાગરસૂરીશ્વરૈઃ કારાપિતં ચ. "

બાજુની અન્ય પ્રતિમા પરના લેખમાં "કાર્તિક કૃષ્ણા ૨૦૪૨" વાંચી શકાય છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ પોષ વદ ૨ છે. તે નિમિત્તે ધ્વજારોપણનો મહોત્સવ થાય છે. આ માટે ચઢાવો બોલવામાં આવે છે. આ દિવસે શ્રીસંઘજમણ રાખવામાં આવે છે અને પ્રભાવના થાય છે. જ્ઞાન-ભંડાર છે જેમાં ૧૦૦ જેટલાં પુસ્તકો છે. ઉપાશ્રય અને દેરાસરનો વહીવટ શ્રી અચલગચ્છ જૈન સંઘના હસ્તક છે.

જિનાલયનો સમય સં. ૨૦૪૩નો છે.

## ગામ - માંડવા તાલુકો - અંકલેશ્વર.

### ૨૪. શ્રી સુમતિનાથ ભગવાનનું ગૃહ ચૈત્ય (સં. ૨૦૫૩)

ભરૂચ-અંકલેશ્વરના મેઈન હાઈવે પર, ભરૂચથી ૧૦ કિ.મી. દૂર, મુખ્ય માર્ગથી ૧.૫ કિ.મી. અંદર માંડવા ગામનાં જૈન ફળિયામાં પશ્ચિમાભિમુખ એવું ધાબાબંધી ઘરદેરાસર આવેલું છે. નીચે ઉપાશ્રય છે અને ઉપરના માળ પર દેરાસર છે.

એક પ્રવેશદ્વારવાળા લાંબા કદના એક ઓરડામાં જાળીવાળા દરવાજાની સામે અંદર આરસની છત્રીમાં આરસના પબાસન પર ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. જેમાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની પ્રતિમા ૧૧" ની છે. છત્રીની ઉપર શિખરની રચના કરવામાં આવેલી છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"પૂ. આ. શ્રી યશોવર્મસૂરિ મ. ની પ્રેરણાથી સૌ. ભારતીબેન, અમીત, પૂજા-આત્મશ્રેયાર્થે સં. ૨૦૫૨ ફા. સુ. (૧૦) પ્રથમ પ્રતિષ્ઠિતં:"

દેરાસરમાં દિવાલ પર શ્રી શંખેશ્વર તીર્થનો ચિત્રિત પટ છે. બીજાં ઘણાં તીર્થોના ફોટા પણ મૂકવામાં આવ્યાં છે.

અગાઉ પંદરેક વર્ષ પૂર્વે ઝગડિયાથી શ્રી સુમતિનાથ ભગવાનની ધાતુ પ્રતિમા પરોણા દાખલ કરવામાં આવેલ પરંતુ, સાતેક વર્ષ અગાઉ ચોરાઈ જવાથી આ નવાં પ્રતિમાજી અને સિંહાસન સ્વ. ધરમચંદ સ્વરૂપચંદ શાહના સ્મરણાર્થે તેમના પરિવારજનો તરફથી માંડવા શ્રી જૈન સંઘને અર્પણ કરવામાં આવ્યાં છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૩નો છે.

• • •

## ગામ - ઝગડિયા તાલુકો - ઝગડિયા.

### ૨૫. શ્રી મહાવીરસ્વામી જિનાલય (સં. ૨૦૦૮)

પ્રાચીન જગદીશપુર નામ ધરાવતાં હાલ ઝગડિયા નામથી પ્રસિદ્ધ એવા ગામમાં બે માળનું, શિખરબંધી દેરાસર આવેલું છે. દેરાસરની પ્રતિષ્ઠા શ્રી વલ્લભસૂરિજી મ. સા. ની નિશ્રામાં શ્રીમતી પાર્વતીબેન દીપચંદભાઈ દ્વારા ઈ. સ. ૧૯૫૨માં ફાગણ સુદ ૫ ના દિવસે થઈ છે.

પહેલાં જૂનું ઘરદેરાસર હતું. અત્યારે આરસનું, મોટું, શિખરબંધી, ભોંયરાવાળું દેરાસર છે. દેરાસરમાં પ્રવેશતાં આપણી જમણી બાજુ ગોખમાં શ્રી સરસ્વતી દેવી, ડાબી બાજુ ગોખમાં શ્રી ચક્રેશ્વરી દેવીની મૂર્તિઓ બિરાજમાન છે. ૨૧ પગથિયાં ચઢતાં રંગમંડપનો પ્રવેશદ્વાર તથા

આજુબાજુનાં દ્વાર પણ લાકડાની કોતરણીવાળાં છે. રંગમંડપની બહારની બે બાજુમાં આપણી ડાબી બાજુ શ્રી ગૌતમસ્વામી, જમણી બાજુ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મ. સા. ની પ્રતિમાઓ છે. બહારની બાજુ બે દેરીઓમાં શ્રી માણિભદ્રવીર તથા શ્રી પદ્માવતી દેવીની મૂર્તિ બિરાજમાન છે.

એક ગર્ભદ્વારયુક્ત ગભારામાં ૩ આરસના પ્રતિમાજી છે. મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની અષ્ટમહાપ્રતિહાર્યયુક્ત પ્રતિમા ૨૧" ની છે. ડાબા ગભારે શ્રી જીરાવલા પાર્શ્વનાથ, જમણા ગભારે શ્રી શાંતિનાથ ભગવાન બિરાજે છે. દરેક ભગવાનની પાછળ આરસમાં ઉપસાવેલ પટ છે જેમાં ત્રિશલા માતા, ૧૪ સ્વપ્ન, અષ્ટમંગલ ઉપસાવેલાં છે. મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર લેખઃ "વિક્રમ સંવત ૨૦૨૫ માગશર સુદ ૧" વંચાય છે.

નીચે ભોંયરામાં શ્રી આદીશ્વર દાદાની ૩૧"ની અષ્ટમહાપ્રતિહાર્ય યુક્ત પ્રતિમાજી બિરાજમાન છે. આ પ્રતિમાજીના નીચેના ભાગમાં આ પ્રમાણે લેખ છે :

"વીર સં. ૨૫૨૫, વિ. સં. ૨૦૫૫, મહા સુદ ૫ શુક્રવારે- પ્રતિષ્ઠા કરાવનાર શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી. પ્રતિષ્ઠા કરનાર- તારાબેન ચુનીલાલ મહેતા પરિવાર"

શ્રી વલ્લભસૂરીશ્વરજી મ. સા. નું ગુરુમંદિર છે. આ દેરાસરની વર્ષગાંઠ તિથિ તારીખ પ્રમાણે ઉજવાય છે જે ૪-૬-૯૫ છે. શ્રી જુગરાજજી ધનરાજજી ખાંતેડ સાદડી રાણકપુરવાળા હાલ સુરત પરિવાર દ્વારા ગુરુમંદિરની ધ્વજા તથા દેરાસરની વર્ષગાંઠના દિવસે ભરૂચનિવાસી શ્રી ભરતભાઈ શ્રોફ દ્વારા ધ્વજા ચડાવાય છે. તે દિવસે લાડવાની પ્રભાવના અને શ્રીસંઘજમણ રાખવામાં આવે છે.

દેરાસરનો વહીવટ શ્રી આત્માનંદ જૈન ગુરુકુળના ટ્રસ્ટી મુંબઈ નિવાસી શ્રી દામજીભાઈ કે. છેડા, ભરૂચ નિવાસી ડૉ. કે. ટી. શાહ હસ્તક છે. અહીં આત્માનંદ જૈન ગુરુકુળ નામની પાઠશાળા ચાલે છે. પાઠશાળામાં કુલ ૬૫ બાળકો ધાર્મિક અભ્યાસ કરે છે. ૪૫ વર્ષની ઉંમરના શ્રી ભાવસિંગભાઈ જૈન ધાર્મિક શિક્ષક તરીકે ફરજ બજાવે છે. દેરાસરનું ઑફિસ કાર્ય પણ તેઓ જ સંભાળે છે.

જિનાલયનો સમય સં. ૨૦૦૮નો છે.

• • •

## ગામ - લીમેટ તાલુકો - ઝગડિયા.

### ૨૯. શ્રી શાંતિનાથ જિનાલય (સં. ૧૯૯૩)

વાલિયાથી ૬ કિ. મી. દૂર ઝગડિયા જવાના રસ્તે લીમેટ ગામ આવેલું છે. ૫૦ વર્ષ પહેલાં ગામમાં ઘરદેરાસર હતું. વિ. સં. ૨૦૫૬માં ફાગણ સુદ ૭ તા. ૧૨-૩-૨૦૦૦ના દિવસે શિખરબંધી એવું નીચે ઉપાશ્રય અને પ્રથમ માળ ઉપર નાનકડું પણ સુંદર જિનાલય બંધાવવામાં આવ્યું છે. તેની પ્રતિષ્ઠા પૂ. પ્રબોધચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં થયેલી છે.

ઉપાશ્રયમાં પ્રવેશતાં નીચે પ્રથમ જાળીમાંથી દાખલ થતાં ઉપાશ્રયના બે રૂમ મોટા હોલ જેવા બનાવ્યા છે. ત્યાંથી પાછળના ભાગે પૂ. સાધુ-સાધ્વી મ. સા. ની વૈયાવચ્ચ માટે રસોડું બનાવ્યું છે. તેની પાછળ પૂજારીની રૂમ એના પછી વાડો બનાવ્યો છે.

હવે પાછા ફરતાં કંપાઉન્ડમાં જમણા હાથે દેરાસર જવા માટે ૨૦ પગથિયાંનો દાદર છે. દેરાસરમાં પ્રવેશતાં ડાબા હાથે સ્ટીલની સુંદર પાઈપનો બનાવેલો કઠેડો છે. પ્રવેશદ્વારની ડાબી બાજુ કેસર-સુખડ માટે ઊંચું પ્લેટફોર્મ બનાવેલું છે. પ્રવેશદ્વારની બંને બાજુ પિત્તળના ગોળ પાઈપના સળિયાવાળી બે જાળી છે. પ્રવેશ કરતાં સુંદર રંગીન કમાનવાળું ગર્ભદ્વાર દૃષ્ટિમાન થાય છે. દ્વારની બારસાખના ભાગમાં ધર્મચક્ર, આજુબાજુ બે હરણનાં શિલ્પ દેખાય છે.

ગર્ભગૃહમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૧૧" ની આરસ પ્રતિમા બિરાજમાન છે. ડાબી બાજુ શ્રી આદિનાથ ભગવાનની ૭" ની પંચધાતુની પ્રતિમા જમણી બાજુ શ્રી પાર્શ્વનાથ ભગવાનની પંચધાતુની પંચતીર્થી ૩" ની પ્રતિમા બિરાજમાન છે. ત્રણેય પ્રતિમા કમળના આસન ઉપર બિરાજમાન છે. ભગવાનના પરિકરની રચના સુંદર રંગકામવાળી છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પ્રાચીન છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૭ છે. દેરાસરનો વહીવટ શ્રી લીમેટ જૈન શ્વે. મૂ. સંઘ વતી ચંપકલાલ ગુલાબચંદ શાહ હસ્તક છે.

ગામમાં ૪ જૈન કુટુંબો વસે છે. આ દેરાસર અને ઉપાશ્રયના બંધાવનાર પૂના નિવાસી શાહ મનહરલાલ ગુલાબચંદ છે જેઓ ટ્રસ્ટી તરીકે પણ કામ કરે છે. અન્ય ટ્રસ્ટીઓ વડોદરા નિવાસી શ્રી ભૂપેન્દ્ર અંબાલાલ, લીમેટ નિવાસી જિતેન્દ્ર દીપચંદ શાહ, સુરત નિવાસી શ્રી નટવરલાલ ખીમચંદ શાહ છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. મૂળનાયક ભગવાન તરીકે ધાતુનાં એક જ પ્રતિમા શ્રી પાર્શ્વનાથ હતા. ૧૯૯૩માં શેઠ ગોવિંદજી ચેનાજીએ આ દેરાસર બંધાવ્યું હતું. વહીવટ તેઓ જ કરતા હતા. મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખની સંવત ૧૩૪૬ હતો. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૯૩નો છે.

• • •

## ગામ - રાજપારડી તાલુકો - ઝગડિયા.

### ૨૭. શ્રી શાંતિનાથ ભગવાનનું ગૃહ ચૈત્ય (સં. ૧૭૪૪)

ભરૂચ જિલ્લાના ઝગડિયા તાલુકાથી ૧૦ કિ. મી.ના અંતરે આવેલ રાજપારડી ગામમાં સ્ટેશનની બાજુમાં આ ઘરદેરાસર આવેલું છે. આ દેરાસરમાં ટાઈલ્સ ચોંટાડેલી છે. નીચે ટ્રાન્સપોર્ટની ઑફિસ છે. ઉપરના માળે ધાબાવાળું આ ઘરદેરાસર છે. નીચેથી લોખંડની મોટી સીડી ચઢતાં દેરાસરના લાંબા રંગમંડપમાં પ્રવેશાય છે. ગભારો નાનો પણ પ્રદક્ષિણા કરી શકાય

તેવો છે.

મૂળનાયક ભગવાન શ્રી શાંતિનાથની ૨૧"ની પ્રાચીન પાષાણ પ્રતિમા બિરાજમાન છે. દેરાસરની પ્રતિષ્ઠા ૧૭૪૪માં શ્રી પ્રબોધચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં શ્રાવક હસમુખભાઈ મુળજીભાઈ શાહ તથા શ્રાવિકા કપિલાબેન હસમુખભાઈ શાહના હસ્તક કરવામાં આવી છે. દેરાસરની સ્થિતિ સારી છે.

વૈશાખ સુદ ૧૩ના રોજ દેરાસરની વર્ષગાંઠ તિથિ આવે છે જે નિમિત્તે ધ્વજા બદલવામાં આવે છે.

જિનાલયનો સમય સં. ૧૭૪૪નો છે.

• • •

## ગામ - ઉમલ્લા તાલુકો - ઝગડિયા.

### ૨૮. શ્રી મહાવીરસ્વામી ભગવાનનું ગૃહ ચૈત્ય

ઝગડિયાથી ૧૯ કિ. મી.ના અંતરે આવેલાં માત્ર ૫ જૈન કુટુંબોની વસ્તી ધરાવતાં ઉમલ્લા ગામમાં શ્રી મહાવીરસ્વામી ભગવાનનું નાનું ઘરદેરાસર આવેલું છે જેની પ્રતિષ્ઠા પૂ. મુનિ શ્રી પિયુષવિજયજી મ. સા. ની નિશ્રામાં થયેલ છે. ધાબાબંધી આ દેરાસરની સ્થિતિ સારી છે.

ચાર પગથિયાં ચઢતાં આરસનાં પબાસન પર મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાનની ૧૩" ની ધાતુ પ્રતિમા બિરાજમાન છે. ગભારામાં કુલ ૨ ધાતુ પ્રતિમાઓ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૧૩ છે. આ દિવસે લાડવા-ગાંઠીયા વહેંચવામાં આવે છે. દેરાસરની બાજુમાં એક મોટો રૂમ છે જે શ્રાવક-શ્રાવિકા બંને માટે ઉપાશ્રયના ઉપયોગમાં લેવાય છે. દેરાસર, ઉપાશ્રયનો સમગ્ર વહીવટ શ્રી ઉમલ્લા શ્વે. મૂ. પૂ. જૈન સંઘના હસ્તક છે.

• • •

## ગામ - રાયસંગપરા તાલુકો - ઝગડિયા.

### ૨૯. શ્રી સુમતિનાથ જિનાલય

ઝગડિયાથી ૨૨ કિ. મી.ના અંતરે આવેલું રાયસંગપરા ગામમાં શાહ ફળિયામાં શ્રી સુમતિનાથ ભગવાનનું નૂતન દેરાસર આવેલું છે. આ ધુમ્મટબંધી અને આરસમઢિત દેરાસરની સ્થિતિ સારી છે.

પ્રવેશતાં નાનો ઝાંપો આવે છે. દેરાસરના ધાબાની દિવાલ પર પત્થરથી બનાવેલું મોટું ઘડિયાળ છે. પ્રવેશદ્વાર એક છે. રંગમંડપ નાનો લંબચોરસ છે.

ગર્ભદ્વાર એક છે. મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની પાષાણ પ્રતિમા ૧૭" ની છે. ગભારામાં કુલ ૧ પાષાણ પ્રતિમા તથા ૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"વિ. સં. ૨૦૩૪ માઘ સુદી ૧ શુક્રવારે વિજયપ્રેમસૂરિ પટ્ટપ્રભાવક આ. શ્રી વિજય ભુવનભાનસૂરિભ્યામિતિ. "

મૂળનાયક ભગવાનની અંજન શલાકા નંદનબાર ધૂલીયામાં થઈ છે અને પ્રતિષ્ઠાનો લાભ શેઠ શ્રી રસીકલાલ ઉમેદચંદે લીધો હતો.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૬ છે. આ દિવસે ચઢાવો બોલી ધ્વજારોપણનો મહોત્સવ થાય છે. આ દિવસે શ્રીસંઘજમણ રાખવામાં આવે છે.

દેરાસરની નીચે એક ઉપાશ્રય છે જે ભાઈ-બહેન બંને માટે ઉપયોગમાં લેવાય છે. દેરાસર, ઉપાશ્રયનો સમગ્ર વહીવટ શ્રી રાયસંગપરા શ્વે. મૂ. પૂ. જૈન સંઘના હસ્તક છે. હાલ ગામમાં ૫ જૈન કુટુંબો વસે છે. છેલ્લા ૫૦ વર્ષમાં આ ગામમાંથી બે મુમુક્ષુઓએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

• • •

## ગામ - વાલીયા તાલુકો - વાલીયા.

### ૩૦. શ્રી સંભવનાથ જિનાલય

અંકલેશ્વર-નેત્રંગ રોડ ઉપર અંકલેશ્વરથી ૧૦ કિ. મી. દૂર વાલીયા ગામ આવેલું છે. ગામના એકમાત્ર શિખરબંધી દેરાસરનું પ્રવેશદ્વાર ખૂબ જ સુંદર, કલાત્મક તથા રંગીન કમાનોવાળું બનેલું છે. દેરાસરમાં પ્રવેશદ્વારમાં પ્રવેશતાં બે બાજુ બે હાથીના શિલ્પ મૂકેલાં છે. બંને બાજુ આરસના સ્તંભોમાંથી કઠેડો બનાવ્યો છે.

પ્રવેશદ્વારમાં પ્રવેશ્યા બાદ ૧૦ થી ૧૨ પગથિયાં ચઢતાં ઉપર બે બાજુ બે દેવકુલિકા આવેલી છે. જેમાં ડાબી બાજુ શ્રી નાકોડા ભૈરવનાથ, જમણી બાજુ શ્રી માણિભદ્રવીર બિરાજે છે. આગળ જતાં ૧૦ સ્તંભ ઉપર શૃંગાર ચોકી તથા દેરાસરના રંગમંડપમાં પ્રવેશવા માટે ત્રણ મુખ્ય પ્રવેશદ્વાર આવે છે તથા બે બાજુ બે અન્ય પ્રવેશદ્વાર આવેલાં છે.

મુખ્ય પ્રવેશદ્વારમાંથી રંગમંડપમાં શ્રી ગિરનાર (૧૯૯૫), શ્રી સમેતશિખર, શ્રી શત્રુંજય, શ્રી અષ્ટાપદજી, શ્રી ભદ્રેશ્વર તથા શ્રી શંખેશ્વર તીર્થના પટના દર્શન થાય છે. આ બધાં પટમાં કેટલાક દિવાલ ઉપર પત્થર વડે ઉપસાવેલ છે તો કેટલાક દિવાલ ઉપર ચિત્રિત કરેલ છે. દરેક પટ અતિસુંદર કારીગરીવાળા છે. વળી ગોખમાં શ્રી સુધર્માસ્વામી, શ્રી કુમુદચંદ્રસૂરીશ્વરજી, શ્રી ગૌતમસ્વામી, શ્રી વલ્લભસૂરીશ્વરજીની મૂર્તિ બિરાજિત છે. ઉપરાંત ત્રિમુખી યક્ષ, દુરિતારિણી યક્ષિણીની મૂર્તિ બિરાજમાન છે.

ગભારામાં મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનની ૧૧" ની પ્રતિમા બિરાજમાન છે. પરિકર ખૂબ જ સુંદર રંગીન કામવાળું છે.

• • •

## ગામ - નેત્રંગ તાલુકો - વાલિયા.

### ૩૧. શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવાનનું ગૃહ ચૈત્ય (સં. ૨૦૫૩)

ભરૂચ જિલ્લાના વાલિયાથી ૨૩ કિ. મી. નેત્રંગ ગામમાં સુરેશચંદ્ર ચંદુલાલ શાહના ઘરમાં શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર આવેલું છે. ઘરના ઉપરના માળે એક રૂમમાં આરસપહાણના દેરાસરની પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના શિષ્ય પૂ. પં. શ્રી જયદર્શનવિજયજી મહારાજની શુભ નિશ્રામાં શકુંતલાબેન સુરેશચંદ્ર શાહ શ્રાવિકાના હસ્તે તા. ૨૦-૨-૯૭ના દિવસે કરવામાં આવી છે.

દેરાસરમાં મૂળનાયક શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવાનની ૧૧" ની ધાતુની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની પ્રતિમા સુંદર પરિકરવાળી છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૧૩ છે. દેરાસરની સ્થિતિ સારી છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પાલીતાણાથી લાવીને અમદાવાદ નજીક અમિયાપુર ગામમાં તપોવન ખાતે અંજન શલાકા કરવામાં આવેલ અને ત્યારબાદ અહીં પધરાવવામાં આવી છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૩નો છે.

• • •

## ગામ - નેત્રંગ તાલુકો - વાલિયા.

### ૩૨. શ્રી શ્રેયાંસનાથ જિનાલય

વાલિયાથી ૨૩ કિ. મી. દૂર આવેલ નેત્રંગ ગામ મુખ્યત્વે આદિવાસી વિસ્તારનું બજાર-મથક તરીકે હાલ જાણીતું છે. આ ગામ રાજપીપળા, ઝંખવાળ, મહારાષ્ટ્ર, અંકલેશ્વર એ વિવિધ કેન્દ્રોથી જોડાયેલું છે.

નેત્રંગમાં દેરાસરના ચોગાનમાં પ્રવેશ કરતાં ડાબા હાથે ઉપાશ્રયનાં બે માળનાં બે મકાન આવેલાં છે. જમણા હાથે ત્રણ રૂમ અને આયંબિલ શાળા છે.

આ દેરાસર પૂર્વદિશાભિમુખ છે. એક શિખર ધરાવે છે. દેરાસરની બે બાજુ બે વિશાળ હાથીનાં શિલ્પ મૂકેલાં છે. પાંચ પગથિયાં ચડતાં શૃંગાર ચોકીમાં પ્રવેશીને આગળ વધતાં મુખ્ય પ્રવેશદ્વાર આવે છે જે સુંદર કમાનોવાળું અને કોતરણીવાળું છે. તેની આજુબાજુ બે બારી છે. અંદર જતાં ડાબી બાજુ શ્રી પદ્માવતી દેવી જમણી બાજુ શ્રી માણિભદ્રવીરની મૂર્તિઓ બિરાજમાન

છે જેમની પ્રતિષ્ઠા સંવત ૨૦૫૫ વૈશાખ સુદ ૧૩ના દિવસે થયેલી છે. રંગમંડપ ૧૬ સ્તંભ ઉપર બંધાયેલા લાંબા હોલ ટાઈપનો છે. રંગમંડપના ઘુમ્મટના ભાગમાં સ્તંભ ઉપર નૃત્યાંગનાઓ નૃત્ય કરતી કે વાજિંત્ર વગાડતી એવી વિવિધ મુદ્રાઓમાં અંકિત થયેલી છે. રંગમંડપની ડાબી બાજુ શ્રી શત્રુંજય તથા શ્રી પાવાપુરી તીર્થના પટ છે.

દેરાસરના મૂળનાયક શ્રી શ્રેયાંસનાથ ભગવાનની પરિકરયુક્ત શ્વેત આરસની સુંદર ૧૧" ની પ્રતિમા બિરાજમાન છે. ડાબા ગભારે શ્રી કુંથુનાથ ભગવાન, જમણા ગભારે શ્રી સુવિધિનાથ ભગવાનની પ્રતિમા બિરાજે છે. દેરાસરમાં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૮ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. જેમાં ૨ શ્રી સંભવનાથ ભગવાન, ૩ શ્રી શાંતિનાથ ભગવાન, ૧ શ્રી પાર્શ્વનાથ ભગવાન, ૧ શ્રી મહાવીરસ્વામી ભગવાન તથા ૧ ચોવીસીનો સમાવેશ થાય છે. ઈશ્વર યક્ષની એક પ્રતિમા છે. શ્રી શત્રુંજય તીર્થનો કાપડનો પટ છે જે કારતક પૂનમના દિવસે દર્શનાર્થે રખાય છે. આ પટ ત્રણ વર્ષ પહેલાં બનાવેલ છે. તે દિવસે દર્શનાર્થીઓને ભાતુ આપવામાં આવે છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"વીર સં. ૨૪૯૬ વૈ. સુદ ૭ અમલનેર"

આ દેરાસરની પૂ. આ. શ્રી જયંતશેખર વિજયજી મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા થઈ છે અને પૂ. આ. શ્રી નરદેવસાગરજી મ. સા. ની નિશ્રામાં જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. દેરાસરનો વહીવટ શ્રી શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, નેત્રંગના ટ્રસ્ટી શ્રી હસમુખલાલ મૂળજીભાઈ શાહ, સુરેશચંદ્ર ચંદુલાલ શાહ હસ્તક છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૧૨ છે. તે નિમિત્તે હસમુખલાલ મૂળજીભાઈ શાહના કુટુંબ દ્વારા પરંપરાગત ધ્વજારોપણ કરવામાં આવે છે. તે દિવસે જમણવાર થાય છે અને લહાણું કરવામાં આવે છે.

દેરાસરના ચોગાનમાં જ દેરાસરની બાજુમાં ભાઈઓનો એક માળનો ૨૫ વર્ષ જુનો અને બહેનોનો ૧૯૯૦માં સ્થપાયેલો બે માળનો ઉપાશ્રય છે. આંયબિલ શાળાનું મકાન પણ ચોગાનમાં છે. નવપદજીની ઓળીમાં ૧૫ થી ૨૫ જેટલી વ્યક્તિ આંયબિલનો લાભ લે છે. વર્ષ દરમિયાન ૨૨૫ જેટલાં આંયબિલ થાય છે. હાલ ગામમાં ૪૨ કુટુંબો વસે છે.

બહેનોના ઉપાશ્રયમાં "યશોદેવસૂરીશ્વરજી જૈન પાઠશાળા" ચાલે છે જેની સંવત ૨૦૫૧માં સ્થાપના થયેલી છે.

• • •

## ગામ - મેરા તાલુકો - વાલીયા.

### ૩૩. શ્રી વાસુપૂજ્યસ્વામીનું ગૃહ ચૈત્ય (સં. ૨૦૪૫ આસપાસ)

વાલીયા તાલુકાના મેરા ગામમાં આ ઘરદેરાસર આવેલું છે. મેરા જૈન સંઘ વતી શ્રી મહેશકુમાર શશીકાંત શાહ આ દેરાસરનો વહીવટ કરે છે.

દેરાસરમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની ૩" ની ધાતુની પ્રતિમા છે. દેરાસરની સ્થાપના પૂ. આ. શ્રી વિક્રમસૂરીશ્વરજીના ઉપદેશથી ૧૫ વર્ષ પહેલાં ફાગણ સુદ ૨ના દિવસે કરવામાં આવી છે.

આ દેરાસર ઉપરના માળે છે અને નીચે ઉપાશ્રય છે.

જિનાલયનો સમય સં. ૨૦૪૫ ની આસપાસનો છે.

• • •

## ગામ - પાનોલી તાલુકો - હાંસોટ.

### ૩૪. શ્રી મહાવીરસ્વામીનું ગૃહ ચૈત્ય (સં. ૨૦૪૫ આસપાસ)

અંકલેશ્વરથી ૧૨ કિ. મી. દૂર પાનોલી ગામમાં આ ઘરદેરાસર આવેલું છે..

આ દેરાસરમાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની ધાતુની પ્રતિમા ૧૧" ની છે. ૧૫ વર્ષ પહેલાં આ દેરાસરની સ્થાપના થઈ છે. સાથે સાથે ધર્મવિહાર જૈન ઉપાશ્રય બંધાવેલ છે. વિહારના આઠ મહિના દરમ્યાન સાધુ-સાધ્વીની અવરજવર રહેતી હોવાથી ભગવાન અત્રે પરોણાં રાખવામાં આવે છે અને ચોમાસામાં ચાર મહિના કોસંબા કે અંકલેશ્વરમાં ભગવાન પધરાવવામાં આવે છે. અહીં શ્રીમતી નંદીબહેન ઝવેરચંદ અમીચંદ જૈન સેનેટોરિયમ છે. દેરાસરના માલિક શ્રી કાંતિભાઈ ૧૪૪૭, માળી ફળિયા, ગોપીપુરા, સુરત ખાતે રહે છે. દેરાસરનો વહીવટ શ્રી પાનોલી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ હસ્તક છે.

જિનાલયનો સમય સં. ૨૦૪૫ ની આસપાસનો છે.

• • •

## ગામ - વાગરા તાલુકો - વાગરા.

### ૩૫. શ્રી સંભવનાથ જિનાલય (સં. ૧૯૯૯)

વાગરા ગામમાં મામલતદાર ક્વાર્ટર્સની સામે શ્રી સંભવનાથ ભગવાનનું નૂતન દેરાસર આવેલું છે. આ એક શિખરબંધી અને આરસમઢિત દેરાસર છે. દેરાસરની સ્થિતિ સારી છે. પહેલાં આ ઘરદેરાસર હતું જે વિ. સં. ૨૦૫૧ના પોષ વદ - ૬ ને રવિવારે શ્રી હેમચંદ્રસૂરિ મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા કરી સુંદર જિનાલય બનાવ્યું.

જાળીવાળા ઝાંપામાંથી પ્રવેશતાં વચ્ચે આરસના ફરસવાળો સુંદર પટો છે તથા આજુબાજુ અને પાછળ પણ ઝાડપાન અને ફૂલો ઉગાડેલ છે તથા પગથિયાંની બે બાજુ બે નાના આરસના કીર્તિસ્તંભો બનાવેલ છે જેની પર દેરાસરની પ્રતિષ્ઠાના મુખ્ય આદેશો લેનારનાં નામની યાદી લખેલ છે.

એક પગથિયું ચઢીને પ્રવેશચોકી આવે છે. મુખ્ય પ્રવેશદ્વારની બારસાખ આરસની

કોતરણીવાળી છે. રંગમંડપમાં બે બાજુ બે-બે અન્ય પ્રવેશદ્વાર છે. રંગમંડપ મધ્યમ કક્ષાનો છે. મુખ્ય પ્રવેશદ્વારની ઉપર તથા ગર્ભદ્વાર પર અનેક તીર્થના પટ આવેલાં છે જેમ કે શ્રી આબુ, શ્રી ગિરનાર, શ્રી અષ્ટાપદ, શ્રી સમેતશિખર, શ્રી શત્રુંજય, શ્રી શંખેશ્વર તીર્થના દિવાલ ઉપર ઉપસાવેલ રંગીન પટ આવેલ છે. રંગમંડપમાં સાદા પત્થરના થાંભલા સફેદ રંગથી રંગેલા છે. રંગમંડપના ગોખમાં શ્રી સીમંધરસ્વામી અને શ્રી ગૌતમસ્વામીની પ્રતિમા બિરાજમાન છે.

ગર્ભદ્વાર એક છે. મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનની સુંદર પરિકરવાળી ૨૧" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે. ગભારામાં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખ નીચે મુજબ છે.

"શ્રી સંભવનાથ જિનબિંબ લાટ દેશે ભૃગુકચ્છ સમીપસ્થ વાગરા ગ્રામવાસી શ્વે. મૂ. પૂ. જૈન શ્રી સંઘેન સ્વ શ્રેયસે કારિતં પ્રતિષ્ઠાપિતં શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજય નેમીસૂરીશ્વર પ્રશિષ્ય આચાર્ય શ્રી વિજયનન્દનસૂરીભિઃ શાસનસમ્રાટ ભટ્ટા. આચાર્ય શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વર ભટ્ટા. આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીભિઃ તથા તત્પટ્ટઃ વિજયચંદ્ર. . . . અમદાવાદ મધ્યે સાબરમતી રાજનગરે શ્રી વિજયકસ્તૂરસૂરિ પટ્ટ શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વર ઉપદેશેન શ્રી સંઘેન કારિતા અંજનશલાકા પ્રાણ-પ્રતિષ્ઠા વિધિ મહોત્સવે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ચૈત્યે- વિ. સં. ૨૦૩૨"

દેરાસરની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૧ના પોષ વદ - ૬ના રોજ થઈ હતી, જેમાં મૂળનાયક ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ શેઠ શ્રી વલ્લભદાસ ગફલચંદ દેસાઈ પરિવારે લીધો હતો.

દેરાસરની વર્ષગાંઠ તિથિએ ધ્વજારોપણનો મહોત્સવ થાય છે તે માટે ચઢાવો બોલાય છે. આ દિવસે શ્રીસંઘજમણ રાખવામાં આવે છે અને પ્રભાવના થાય છે.

એક ઉપાશ્રય છે. ઉપાશ્રય અને દેરાસરનો સમગ્ર વહીવટ શ્રી વાગરા જૈન શ્વે. મૂ. પૂ. સંઘના હસ્તક છે. ગામમાં જૈનોનાં લગભગ ૧૫ કુટુંબ વસે છે. આ ગામમાંથી છેલ્લા ૫૦ વર્ષમાં બે બહેનોએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

## ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન હતા. અહીં ૨ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે ૧૯૯૯માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ નગીનદાસ તેનો વહીવટ કરતાં હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૯૯નો છે.

• • •

## ગામ - પહાજ તાલુકો - વાગરા.

### ૩૬. શ્રી શાંતિનાથ ભગવાનનું ઘરદેરાસર (સં. ૧૯૪૭)

વાગરાથી ગંધારના માર્ગે ૬ કિ. મી. દૂર આવેલા પહાજ ગામમાં કાછિયા-પટેલના ફળિયામાં પૂર્વાભિમુખ એવું ધાબાબંધી ઘરદેરાસર આવેલું છે.

મુખ્ય પ્રવેશદ્વારમાં પ્રવેશતાં જાળીવાળા નાના એક ગર્ભદ્વારવાળા નાના ગભારામાં પત્થરના બનાવેલાં ઓટલાં પર આરસનાં પબાસન પર મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ધાતુની ૫" ની પ્રતિમા બિરાજમાન છે. કુલ ૩ ધાતુ પ્રતિમાઓ છે. દેરાસરની ઉપર એક મોટો હોલ છે.

માત્ર એક જ જૈન કુટુંબની ૩ વ્યક્તિઓ દેરાસરમાં પ્રભુપૂજાનો લાભ લે છે. દેરાસર અન્ય સ્થળે પધરાવી દેવા વિચારી રહેલ છે.

#### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. અહીં ૨ ધાતુની પ્રતિમાઓ હતી. શ્રી સંઘે ૧૯૪૭માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ જયંતીલાલ છોટાલાલ તેનો વહીવટ કરતાં હતા. દેરાસરની સ્થિતિ સાધારણ હતી.

જિનાલયનો સમય સં. ૧૯૪૭નો છે.

• • •

## ગામ - કડોદરા તાલુકો - વાગરા.

### ૩૭. શ્રી મુનિસુવ્રતસ્વામીનું ગૃહ ચૈત્ય

વાગરાથી ૨૦ કિ. મી.ના અંતરે આવેલાં માત્ર એક જ જૈન કુટુંબની વસ્તી ધરાવતા કડોદરા ગામ મધ્યે શ્રી કંચનલાલ મોહનલાલ ભાવસારના ઘરમાં ઉપરના માળે શ્રી મુનિસુવ્રતસ્વામીનું છાપરાબંધી દેરાસર આવેલું છે.

એક નાના ટેબલ પર કાચના કબાટમાં નાની થાળીમાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની ૨.૫" ની ધાતુ પ્રતિમા બિરાજમાન છે. કુલ ૨ ધાતુ પ્રતિમાઓ અને શ્રી ગૌતમસ્વામીની એક નાની આરસની પ્રતિમા બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખ નીચે મુજબ છે.

"સં. ૧૭૮૫ વર્ષે વૈ. સુ. ૩ બુધ શ્રીમાલ જ્ઞા. શ્રી વીરાસુત મંગલિક ભા. રાઉં પિતૃમાતૃ શ્રેયો વસંત નરમાલાભ્યાં શ્રી મુનિસુવ્રતસ્વામી જિનબિંબ કારિતં આગમ.... શ્રી અમર તિલકસૂરીણામુપદેશેન પ્ર. શ્રી......સૂરિભિઃ"

આશરે ૭૫ વર્ષની ઉંમર ધરાવતાં અને કરિયાણાનો ધંધો કરતાં શ્રી કંચનલાલના એક પુત્રએ દીક્ષા લીધી ત્યારબાદ સદર પ્રતિમાજી દહેજ મુકામેથી અત્રે લાવેલ છે. છેલ્લા ૧૮ વર્ષથી

દરરોજ તેઓ પ્રભુજીનાં દર્શન, પૂજન, ભક્તિ કરે છે.

ગામમાં એક માળનો સં. ૨૦૩૫માં બનાવેલ જૈન શ્વે. મૂ. પૂ. ઉપાશ્રય છે જે બિસ્માર હાલતનો છે પરંતુ, વિહારકાળ દરમ્યાન સાધુ-સાધ્વીજી ભગવંતોના રોકાણ માટે ઉપયોગમાં લેવાય છે.

• • •

## ગામ - દહેજ તાલુકો - વાગરા.

### ૩૮. શ્રી મહાવીરસ્વામી જિનાલય (સં. ૧૮૮૮)

વાગરાથી ૩૦ કિ. મી.ના અંતરે આવેલાં દહેજ ગામમાં બજારમાં શ્રી મહાવીરસ્વામી ભગવાનનું દેરાસર આવેલું છે. આ એક શિખરબંધી અને આરસમઢિત દેરાસર છે. આ દેરાસરની સ્થિતિ સારી છે.

જાળીવાળા ઝાંપામાં પ્રવેશતાં પ્રવેશચોકીના મુખ્ય બે થાંભલા પર મોટા દ્વારપાળની કૃતિ તથા તેની ઉપર બે બાજુ બે દેવીઓની કૃતિ છે. ચોકીની ત્રણ બાજુએ મગરમુખી કમાન તથા તેની ઉપરના ભાગમાં લક્ષ્મી દેવીની આજુબાજુ હાથીની રચના છે. ત્રણ પ્રવેશદ્વાર છે. પ્રવેશદ્વારની બારસાખ પર રંગીન કોતરણી છે. પ્રવેશદ્વારની એક બાજુના ગોખલામાં વિજયા શેઠાણીની પ્રતિમા છે તેમની ઉપર શ્રી ધર્મનાથ ભગવાનની પ્રતિમા છે. બીજી બાજુના ગોખલામાં વિજય શેઠની પ્રતિમા છે તેમની ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે.

બહારના ભાગમાં દિવાલ પર પ્રશસ્તિ લખેલ છે જે નીચે મુજબ છે.

"શાસનપતિશ્રીમહાવીરજિનેન્દ્રાય નમઃ

પ્રવચન પ્રભાવક વિજયમોહનસૂરીશ્વર પ્રતાપસૂરીશ્વરાભ્યાં નમઃ જૈન શાસનના મહાપ્રભાવક યુગદિવાંકર પૂજ્યપાદ આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબના સદુપદેશથી દહેજનગરના આ શ્રી મહાવીરસ્વામી ભગવાનના પ્રાચીન જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર મૂળનાયક શ્રી મહાવીરસ્વામી પ્રભુજીને કાયમ રાખીને થયા બાદ તૈયાર થયેલાં નૂતન ભવ્યમહાપ્રાસાદમાં શ્રી મૂળનાયક પ્રભુજી સિવાયની તમામ જિનપ્રતિમાઓની પુનઃપ્રતિષ્ઠા ગાદીનશીન વિધિ વિ. સં. ૨૦૨૫ વૈશાખ વદ-૬ તા. ૭-૫-૧૯૬૯ ને બુધવારે શુભમુહૂર્તે પ. પૂ. પરોપકારી યુગદિવાકર આચાર્ય ભગવન્ત શ્રી તેઓ તથા તેઓશ્રીના વિદ્વાન શિષ્ય-પ્રશિષ્યો પૂ. મુનિરાજ શ્રી મહાનન્દવિજયજી મહારાજ તથા પૂ. વ્યા. વા. ન્યા. તીર્થ મુનિરાજ શ્રી સૂર્યોદયવિજયજી મહારાજ આદિ વિશાળ મુનિમંડળની પુણ્ય નિશ્રામાં ભવ્યમહોત્સવ સાથે કરવામાં આવેલ છે.

દહેજ શ્રી શ્વે. મૂ. જૈન સંઘ"

રંગમંડપમાં દિવાલ પર શ્રી ભદ્રેશ્વર, નીચે શ્રી ગિરનાર, શ્રી અષ્ટાપદજી, શ્રી નાગેશ્વર, શ્રી

ધર્મચક્ર, ત્રિશલા માતાના ૧૪ સ્વપ્નો, ધર્મચક્ર, શ્રી કેશરીયા, શ્રી તારંગા, શ્રી રાણકપુર, શ્રી શત્રુંજય મહાતીર્થ આદિ તીર્થપટો છે બહાર દેવકુલિકામાં શ્રી માણિભદ્રવીરની મૂર્તિ બિરાજમાન છે.

રંગમંડપ મોટો અને આરસની ફરસવાળો છે. રંગમંડપમાં થાંભલાઓ વચ્ચે કમાન તથા ઉપર ઘુમ્મટમાં શ્રી મહાવીરસ્વામી ભગવાનના ૨૭ ભવ અને છેલ્લા ભવના પાંચ કલ્યાણકનાં સુંદર ચિત્રો બનાવેલ છે. મુખ્ય પ્રવેશદ્વારની ઉપર ત્રિશલા માતાનાં ચૌદ સ્વપ્નો સુંદર પટ પત્થર પર ઉપસાવેલાં છે. રંગમંડપમાં ગોખલામાં શ્રી ગૌતમસ્વામી અને શ્રી હીરસૂરિ મ. સા. ની આરસ પ્રતિમા છે. જેની આજુબાજુ ત્રણ આરસનાં પગલાં તથા એક બાજુ દેવીની મૂર્તિ છે. શ્રી હીરસૂરી મ. સા. ની પ્રતિમા પરના લખાણ પરથી જાણી શકાય છે કે પ્રતિષ્ઠા સં. ૧૬૬૪ના મહા સુદ-૧૦ ગંધાર સંઘ વડે શ્રી વિજયસેનસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં થયેલી છે. રંગમંડપમાં બે દિશામાં બે દ્વાર છે તથા આજુબાજુની દિવાલ પર વિવિધ તીર્થનાં સુંદર રંગીન પટ છે જેમાં શ્રી શત્રુંજય અને શ્રી ગિરનાર તીર્થના દિવાલ પર ઉપસાવેલ પટ છે. ગભારાની બહારના ગોખલામાં યક્ષ-યક્ષિણીની મૂર્તિ છે.

કાષ્ઠનાં બનેલાં ત્રણ ગર્ભદ્વાર પૈકી દરેકની બારસાખ રંગીન કોતરણીવાળી તથા જાળીવાળી છે. મુખ્ય બારસાખની ઉપરની દિવાલમાં ઇન્દ્ર મહારાજા દ્વારા જન્માભિષેકનો પ્રસંગ ચિત્રિત છે. મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાનની ૩૧" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર પલાઠીની બે બાજુ ઉપર લેખ છે. એક બાજુના લેખમાં નીચે મુજબ વાંચી શકાય છે. "સં. ૧૬૪૧ વર્ષે દ્વિતીય વૈશાખ વદી ૩ રવિ. . . . . . . . . " બીજી બાજુના લેખમાં નીચે મુજબ વાંચી શકાય છે. "શ્રી મહાવીર પ્રતિષ્ઠિતં વિજયમાન રાજયે હીરવિજયસૂરિ. . . . . . . . . " પ્રતિમાની પાછળ તથા ઉપર છતમાં સુંદર કાચકામ કરેલ છે. દરેક ભગવાનનાં નામ પણ કાચકામમાં કાચથી જ ઉપસાવેલ છે. ગભારામાં ૧૩ પાષાણ પ્રતિમાઓ તથા ૮ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

ઉપર શિખરમાં ગભારો છે જેમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન બિરાજમાન છે. ગભારામાં સંવત ૧૬૬૪ વર્ષે માઘ સુદ ૧૦ શ્રી વિજયસેનસૂરિ વડે પ્રતિષ્ઠા કરાવ્યાનું લખાણ છે. ગભારામાં ૧૦ આરસ પ્રતિમા અને શ્રી આબુ તથા શ્રી શિખરજીનો પટ છે.

દેરાસરના નીચેના મુખ્ય પ્રવેશદ્વારની બરોબર ઉપરના માળ પર અગાશીમાં અન્ય એક ગભારો છે જેમાં ત્રણ ગઢ પર બે ચૌમુખી પ્રતિમા બિરાજમાન છે. ત્રીજા ગઢ પર ચોતરફ શ્રી શાંતિનાથ ભગવાનની ૩ આરસ પ્રતિમા ૧૩" ની અને ગર્ભદ્વાર સન્મુખની પ્રતિમા ૧૧" ની એમ કુલ ચાર પ્રતિમા બિરાજમાન છે તથા ત્રણ ગઢની છેક ઉપરના ભાગમાં મધ્યમાં શ્રી આદીશ્વર ભગવાનની ચૌમુખી એવી ચાર પ્રતિમા ૭" ની બિરાજમાન છે. અહીં ઉપરના ઘુમ્મટના ભાગમાં શ્રી નેમનાથ ભગવાનની જાનનું દશ્ય ચિત્રિત છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૩ છે. જે નિમિત્તે ધ્વજારોપણનો મહોત્સવ થાય છે. આ દિવસે શ્રીસંઘજમણ રાખવામાં આવે છે. દેરાસરની જમણી બાજુ એક માળનો છાપરાબંધી ઉપાશ્રય છે. એક ભાઈઓનો અને એક બહેનોનો ઉપાશ્રય છે. જ્ઞાન ભંડાર છે જેમાં

૨૦૦ થી ૨૫૦ પુસ્તકો છે. એક ભોજનશાળા અને ૧૨ રૂમ ધરાવતી એક ધર્મશાળા પણ છે. દેરાસર, ઉપાશ્રય, ધર્મશાળા, ભોજનશાળાનો સમગ્ર વહીવટ શ્રી દહેજ શ્વે. મૂ. પૂ. જૈન સંઘના હસ્તક છે.

ગામમાં જૈનનાં કુલ ૧૭ કુટુંબ વસે છે. છેલ્લા ૫૦ વર્ષમાં ગામમાંથી ૬ મુમુક્ષુઓએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

## ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૬૪ પાષાણ પ્રતિમાઓ તથા ૧૩ ધાતુ પ્રતિમાઓ હતી. સંવત ૧૮૮૮માં આ જિનાલય બંધાવ્યું હતું.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો છે. અહીં ૨૮ પાષાણ પ્રતિમાઓ તથા ૯ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ દલીચંદ હરીચંદ તેનો વહીવટ કરતાં હતા. એક ગુરુમૂર્તિ અને એક શેઠ-શેઠાણીની મૂર્તિનો ઉલ્લેખ થયો હતો. દેરાસરની સ્થિતિ સાધારણ હતી.

જિનાલયનો સમય સં. ૧૮૮૮નો છે.

• • •

## ગામ - આમોદ તાલુકો - આમોદ.

### ૩૯. શ્રી અજિતનાથ જિનાલય (સં. ૧૯૬૩ પૂર્વે )

આમોદમાં આવેલ સુથાર ફળિયામાં શ્રી અજિતનાથ ભગવાનનું સુવ્યવસ્થિત દેરાસર આવેલું છે જે ઘુમ્મટબંધી અને આરસમઢિત દેરાસર છે. દેરાસરની સ્થિતિ સારી છે. સંવત ૧૯૮૯માં આ દેરાસરનો જીર્ણોદ્ધાર થયો હતો.

લોખંડના ઝાંપાવાળો નાનો પ્રવેશદ્વાર છે. ઝાંપા ઉપર પૂતળી અને લક્ષ્મીજી બેસાડેલાં છે. ઉત્તર દિશા તરફ પગથિયાં ચઢતાં ઓટલો આવે છે. રંગીન કઠેડા ઉપર જાળી બેસાડેલ છે. જે લીલા-પીળા-વાદળી રંગથી રંગેલી છે. થાંભલાઓ ઉપર રંગીન પરીઓ બેસાડેલી છે. બીજું પ્રવેશદ્વાર ફળિયામાં અંદર આવેલ છે. તે લોખંડની જાળીવાળું છે. ઓટલા ઉપર પ્રવેશદ્વાર છે. ઉપર સુંદર પૂતળીઓ બેસાડેલી છે. દેરાસરમાં જમણી બાજુ દેવકુલિકામાં શ્રી પદ્માવતી દેવીની મૂર્તિ અને ડાબી બાજુ શ્રી માણિભદ્રવીરની મૂર્તિ બિરાજમાન છે. પ્રવેશદ્વારની દિવાલ પર બે મોટા હાથી ચિતરેલા છે. રંગમંડપમાં પ્રવેશવા માટે ત્રણ પ્રવેશદ્વાર ગામના મુખ્ય માર્ગ પર આવેલું છે. તેની દિવાલ પર ગોખલામાં યક્ષ-યક્ષિણીની મૂર્તિ બિરાજમાન છે. પ્રવેશદ્વાર લાકડાના રંગથી સુશોભિત છે.

રંગમંડપમાં ડાબી બાજુ શ્રી પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે જે શ્યામ રંગના છે અને છત્રીમાં શ્રી કુંથુનાથ ભગવાન પ્રતિષ્ઠિત છે.

ગર્ભદ્વાર એક છે. ગભારો નાનો છે. મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાનની ૨૧" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૧૮ પાષાણ પ્રતિમાઓ તથા ૧૯ ધાતુ પ્રતિમાઓ છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પરના લેખમાં "સંવત ૧૬૫૮ માઘશિર્ષ . . . . . . . . . . . " આટલું જ સ્પષ્ટ વાંચી શકાય છે.

ઉપર શ્રી આદિનાથ ભગવાનનું મંદિર છે જેને ત્રણ પ્રવેશદ્વાર છે. ચારેબાજુ બહાર દિવાલપર શ્રી શિખરજી, શ્રી પાવાપુરી, શ્રી શંખેશ્વર, શ્રી ભદ્રેશ્વર, શ્રી રાણકપુર, શ્રી આબુ, શ્રી અચલગઢ, શ્રી અષ્ટાપદજી, શ્રી ગિરનાર, શ્રી શત્રુંજય તીર્થના પટ ચિત્રિત છે.

ગર્ભદ્વાર એક છે. ગભારો વચમાં છે અને મધ્યમ કદનો છે. મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની ૨૩" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની એક બાજુ શ્રી પદ્માવતી પાર્શ્વનાથ પબાસન પર બિરાજમાન છે. અહીં કુલ ૧૦ પાષાણ પ્રતિમાઓ અને ૬ ધાતુ પ્રતિમાઓ છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખ નીચે મુજબ છે.

"શ્રી ઋષભ જિનબિંબં સં. ૧૮૪૪ વર્ષે વૈશાખ સુકલ પક્ષે ૧૦ ગુરૌ તપાગચ્છે આ. શ્રી . વિજયજિનેન્દ્રસૂરિ રાજ્ય લાડુઆ શ્રીમાલી જ્ઞાતીય રાઘવ ધોવ સુતસેભાઈ દાસેન કારાપિતં શ્રી વિજયાનંદસૂરિગચ્છીય ભ. શ્રી વિજયલક્ષ્મીસૂરિભિઃ"

ભોંયતળીયેથી ૧૦ પગથિયાં નીચે ઉતરીને ભોંયરામાં છેક અંદર જવાથી નાના ગભારામાં જવાનો રસ્તો છે જ્યાં મૂળનાયક શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાનની ૨૫" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૨ પાષાણ પ્રતિમાઓ તથા ૨ ધાતુ પ્રતિમાઓ છે તથા ઈંદ્ર-ઈંદ્રાણીની આકૃતિ છે. મૂળનાયક ભગવાનની બાજુમાં શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિમા પર "સં. ૧૮૪૪ વર્ષે વૈશાખ માસે શુક્લ પક્ષે ૧૦ શ્રી વિજયલક્ષ્મીસૂરિભિઃ" એ મુજબ વાંચી શકાય છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખ નીચે મુજબ છે.

"શ્રી ભીડભંજન પાર્શ્વનાથ બિંબ ખરતરગચ્છે સંવત ૧૮૪૪ વર્ષે વૈશાખ સુદ-૧૦ શ્રી વિજયાનંદસૂરીગચ્છે વિજયલક્ષ્મીસૂરિભિઃ"

દેરાસરની પ્રતિષ્ઠા સંવત ૨૦૦૯ના મહા સુદ-૧૦ના રોજ શ્રી સમુદ્રવિજય મ. સા. એ કરાવેલ છે. દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ-૧૦ છે. જે નિમિત્તે ધ્વજારોપણનો મહોત્સવ થાય છે. તે માટે ચઢાવો બોલવામાં આવે છે. આ દિવસે શ્રીસંઘજમણ રાખવામાં આવે છે.

ગામમાં એક પુરુષ અને એક બહેનનો ઉપાશ્રય છે. એક જ્ઞાનભંડાર છે જેમાં ૪૦૦-૫૦૦ પુસ્તકો છે. સાધુ-સાધ્વીજી ભગવંત લાભ લે છે. સાધુ-સાધ્વીજી ભગવંત વિહારના આઠ માસ દરમ્યાન દરરોજ આશરે ૧૦-૧૨ ની સંખ્યામાં અત્રે પધારે છે. ઉપાશ્રય, દેરાસરનો સમગ્ર વહીવટ શ્રી જૈન શ્વેતાંબર દેરાસર, આમોદના હસ્તક છે.

ગામમાં કુલ ૩ દેરાસર છે અને હાલ કુલ ૨૫૦ કુટુંબ વસે છે. ગામની ૧૧ છોકરીઓએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો છે. ૪૧ પાષાણ પ્રતિમાઓ તથા ૩૪ ધાતુ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો છે. ૩૦ પાષાણ પ્રતિમાઓ તથા ૨૭ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. તેનો વહીવટ શેઠ અંબાલાલ કેશવજી કરતાં હતા. મૂળનાયક ભગવાનની પ્રતિમા પર સં. ૧૬૫૮નો લેખ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૬૩ પૂર્વેનો છે.

• • •

## ગામ - આમોદ તાલુકો - આમોદ.

### ૪૦. શ્રી અજિતનાથ જિનાલય (સં. ૧૮૭૭)

સુગંધપુરના પ્રાચીન નામથી જાણીતાં હાલના આમોદ ગામમાં આવેલ વાંટા વિસ્તારમાં શ્રી અજિતનાથ ભગવાનનું નૂતન દેરાસર આવેલું છે. આ એક શિખરવાળું આરસમઢિત દેરાસર છે. દેરાસરની સ્થિતિ સારી છે.

દેરાસરને જાળીથી સુરક્ષિત બનાવેલ છે. નાના ઓટલા પર ચઢીને એક મુખ્ય પ્રવેશદ્વાર આવે છે. પ્રવેશદ્વાર પર દ્વારપાળ છે. થાંભલા પર રંગીન ડિઝાઈન છે. પ્રવેશદ્વાર પર શ્રી પાર્શ્વનાથની મંગલમૂર્તિ છે. ડાબી બાજુ બીજું લાકડાનું પ્રવેશદ્વાર છે. દ્વાર પર લક્ષ્મીજી અને હાથી છે.

રંગમંડપ નાનો છે. રંગમંડપમાં બે જાળીવાળી બારી છે. રંગીન થાંભલાં છે. કમાન પર રંગીન ચિત્રો છે. ઘુમ્મટમાં પાંચ કલ્યાણકના ચિત્રો છે. રાસ રમતી પૂતળીઓનું ચિત્ર છે.

ત્રણ ગર્ભદ્વાર પૈકી મુખ્ય ગર્ભદ્વારની ઉપરના ભાગમાં મેરૂશિખર પર પ્રભુના જન્માભિષેકનું ચિત્ર છે. ત્રણેય ગર્ભદ્વાર ચાંદીના જાળીવાળા કોતરણીવાળા છે. મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાનની ૧૭" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની એક બાજુ શ્રી પાર્શ્વનાથ ભગવાન, બીજી બાજુ શ્રી કુંથુનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. બધાં ભગવાનની પાછળ દિવાલ પર કાચકામ કરેલ છે જેમાં ભગવાનનાં નામ કાચથી ઉપસાવેલાં છે. કુલ ૧૦ પાષાણ પ્રતિમાઓ તથા ૭ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખમાં , "સં ૧૮૬૪ વર્ષે વૈશાખ સુદી ૭ આમોદ શ્રીમાલી જ્ઞાતીય. . . . . . . " વંચાય છે.

દેરાસરના ટ્રસ્ટીના જણાવ્યા મુજબ પ્રતિષ્ઠા ૨૦૦૯ ની માગશર સુદ-૧૧ના રોજ થઈ છે. દર વર્ષે આ દિવસે ચઢાવો બોલીને ધ્વજારોપણ કરવામાં આવે છે.

## ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૮ પાષાણ પ્રતિમાઓ તથા ૧ ધાતુ પ્રતિમા હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૧૦ પાષાણ પ્રતિમાઓ તથા ૨ ધાતુ પ્રતિમાઓ હતી. શેઠ વેલજીભાઈ સુરજીભાઈએ ૧૮૭૭માં આ દેરાસર બંધાવ્યું હતું. તેનો વહીવટ શેઠ રતીલાલ છગનલાલ કરતાં હતા. મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખ સંવત ૧૮૬૯નો ઉલ્લેખ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૮૭૭નો છે.

• • •

## ગામ - આમોદ તાલુકો - આમોદ.

### ૪૧. શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય (સં. ૧૯૬૩ પૂર્વે )

આમોદમાં આવેલ સરીયા પોળમાં શ્રી મુનિસુવ્રતસ્વામી દેરાસર આવેલું છે. આ એક શિખરબંધી, આરસમઢિત નૂતન દેરાસર છે. આ દેરાસરની સ્થિતિ સારી છે. સંવત ૨૦૩૩માં આ દેરાસરનો જીર્ણોદ્ધાર કરવામાં આવેલો છે.

આઠ પગથિયાં ચઢીને લોખંડની જાળીથી સુરક્ષિત ઓટલા પર સુંદર પૂતળીઓ જોવા મળે છે. ઉપરની દિવાલ પર બાહુબલીજી અને બ્રાહ્મી-સુંદરી ઊભેલાનું ચિત્ર છે.

એક સાદું લાકડાનું પ્રવેશદ્વાર છે જેની આજુબાજુની દિવાલ પર બે દ્વારપાળ ચિતરેલાં છે. અન્ય બે બાજુએથી પણ અન્ય બે પ્રવેશદ્વારવાળો રંગમંડપ છે. રંગમંડપમાં જમણી બાજુની દિવાલ પર શ્રી શત્રુંજય અને શ્રી ગિરનાર તીર્થનો પટ પત્થર વડે ઉપસાવેલ છે. ઉપર ઘુમ્મટમાં શ્રી મુનિસુવ્રતસ્વામીના ભવ અને જીવનચરિત્રનાં ચિત્રો બનાવ્યાં છે. ચારેબાજુ પરીઓ અને પૂતળીઓ બેસાડેલ છે. ગોખમાં શ્રી મહાલક્ષ્મી દેવી અને શ્રી યક્ષની મૂર્તિ બિરાજમાન છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની પાષાણ પ્રતિમા ૧૭" ની છે. આરસના પબાસન પર નીચે અને ઉપર પાસ-પાસે ભગવાન પ્રતિષ્ઠિત છે. ગભારામાં કુલ ૧૧ પાષાણ પ્રતિમાઓ તથા ૫ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. બાજુમાં દેરાસરની બહાર એક દેવકુલિકામાં ૧ ચૌમુખજી છે અને પાછળ પબાસનમાં ૨ પાષાણ પ્રતિમાઓ તથા ૧૦ ધાતુ પ્રતિમાઓ છે. આરસનું નાનું સુંદર સમવસરણ બનાવેલ છે. બહાર શ્રી કદમ્બગિરિ તીર્થનો પટ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ પોષ વદ ૫ છે. તે નિમિત્તે ધ્વજારોપણનો મહોત્સવ થાય છે તે માટે ચઢાવો બોલવામાં આવે છે. આ દિવસે જમણવાર થાય છે અને પ્રભાવના થાય છે.

## ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૧૫ પાષાણ પ્રતિમાઓ તથા ૨૦ ધાતુ પ્રતિમાઓ હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૧૫ પાષાણ પ્રતિમાઓ તથા ૨૪ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. તેનો વહીવટ શેઠ કાલિદાસ રાયચંદ કરતાં હતા. મૂળનાયક ભગવાનની પ્રતિમા પરનો લેખ સંવત ૧૬૫૯નો ઉલ્લેખ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૬૩ પૂર્વેનો છે.

• • •

## ગામ - સરભાણ તાલુકો - આમોદ.

### ૪૨. શ્રી કુંથુનાથ પ્રભુનું ગૃહ ચૈત્ય (સં. ૨૦૫૭)

આમોદથી ૮ કિ. મી.ના અંતરે આવેલ સરભાણ ગામ મધ્યે ત્રણ ભાગમાં શ્રી કુંથુનાથ ભગવાનનું નૂતન દેરાસર આવેલું છે. આ ધાબાબંધી અને આરસમઢિત દેરાસર છે. દેરાસરની સ્થિતિ સારી છે. આ ઘરદેરાસરમાં નીચે ઉપાશ્રય અને ઉપર દેરાસર છે.

નિસરણી ચઢીને ઉપર જતાં એક મોટો લંબચોરસ રૂમ છે. રૂમમાં એક બાજુ પર ચોરસ ગભારો બનાવેલ છે. ગભારામાં વચમાં આરસની દેવકુલિકામાં મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનની ૧૫" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે. દેવકુલિકામાં ઉપર નાનું શિખર છે. ગભારામાં ૧ પાષાણ પ્રતિમા તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબ લેખ છે.

"ૐ અર્હં નમઃ વિ. સં. ૨૦૫૭ વૈશાખ વદ ૧૧ અઠવાલાઈન્સ મધ્યે અંજન પ્રતિષ્ઠા મહોત્સવે શ્રી કુંથુંનાથ જિનબિંબં. ઈહં પ્રતિષ્ઠાપિતં આચાર્ય વિજયપ્રભભુવનભાનુસૂરિવર્ય. . . . . . . . વિજય જગવલ્લભસૂરિભિઃ શ્રી સરભાણ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ"

આચાર્ય શ્રી રાજયશસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં સં. ૨૦૫૭ના જેઠ સુદ ૫ ના દિવસે શેઠ શ્રી રમણલાલ મોહનલાલ શાહ પરિવારે પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવેલ છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૭નો છે.

• • •

## ગામ - સમની તાલુકો - આમોદ.

### ૪૩. શ્રી આદિનાથ જિનાલય

આમોદથી ૧૬ કિ. મી.ના અંતરે આવેલ સમની ગામમાં પ્રવેશતાં જોષી ફળિયામાં રોડ પર જ શ્રી આદિનાથ ભગવાનનું નૂતન દેરાસર આવેલું છે. આ એક ઘુમ્મટબંધી દેરાસર છે. દેરાસર સાદા પત્થરનું બનેલું છે. દેરાસરની સ્થિતિ મધ્યમ છે.

જાળીવાળા ઝાંપામાં પ્રવેશતાં ખુલ્લો ચોક આવે છે પછી થોડી જગા છોડીને પ્રવેશચોકી આવે છે જેમાં મુખ્ય ચોકી પર "શ્રી સિદ્ધાચલ તિર્થાધિપતિ આદિનાથ જિનાલય" એમ લખેલ છે.

ત્રણ કાષ્ઠનાં પ્રવેશદ્વાર છે. મુખ્ય પ્રવેશદ્વારની બારસાખ રંગીન છે. પ્રવેશદ્વાર પાસે દ્વારપાળની કૃતિ છે. રંગમંડપ નાનો છે. રંગમંડપમાં રંગીન થાંભલાં છે. રંગમંડપમાં ગોખમાં શ્રી માણિભદ્રવીર અને શ્રી યક્ષ-યક્ષિણીની મૂર્તિઓ છે.

ગભારાની ફરતે પ્રદક્ષિણા માટેની જગ્યા છે. એક શ્રી શત્રુંજય તીર્થનો દિવાલ પર ઉપસાવેલ પટ છે.

એક ગર્ભદ્વાર છે. ગભારો નાનો છે. મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની ૧૩" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે. પબાસન પર લંછન કર્યું છે. પબાસન ૧૯૮૧માં આસો સુદ ૧૧ના દિવસે બનાવ્યું એ મુજબનું લખાણ કર્યું છે. ગભારામાં કુલ ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૨ ધાતુ પ્રતિમાઓ છે.

મૂળનાયક ભગવાનના મૂર્તિ લેખમાં ". . . . . . . . . . . ખરતર ગચ્છે સમણી ગામે. . . . . " આટલું જ વાંચી શકાય છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા વદ ૫ છે. જે નિમિત્તે ધ્વજારોપણનો મહોત્સવ થાય છે. આ માટે ચડાવો બોલવામાં આવે છે. આ દિવસે ત્રણ ટંક શ્રી સંઘસ્વામી વાત્સલ્ય થાય છે. એક ઉપાશ્રય છે જે ભાઈ-બહેન બંને માટે ઉપયોગમાં લેવાય છે. ઉપાશ્રય અને દેરાસરનો સમગ્ર વહીવટ શ્રી આદીશ્વર ભગવાન જૈન સંઘ, સમની હસ્તક છે.

હાલ ગામમાં ચાર જ જૈન કુટુંબો વસે છે. છેલ્લા ૫૦ વર્ષમાં ગામની ૨ વ્યક્તિએ દીક્ષા ગ્રહણ કરેલ છે. આઠ માસના વિહારકાળમાં સાધુ-સાધ્વીજી ભગવંતની આવન-જાવન દરમ્યાન ગામના જૈન રહીશો ખૂબ સુંદર વૈયાવચ્ચ કરે છે.

#### ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૨ પાષાણ પ્રતિમાઓ તથા ૮ ધાતુ પ્રતિમાઓ હતી. સંવત ૧૮૯૪માં આ દેરાસર બંધાવ્યાનો ઉલ્લેખ થયો છે.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયો

છે. મૂળનાયક શ્રી મહાવીરસ્વામીનો ઉલ્લેખ છે. ૨૮ પાષાણ પ્રતિમાઓ તથા ૯ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ રાયચંદ જેઠાભાઈ વહીવટ કરતા હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

શ્રી મહાવીરસ્વામી જિનાલયનો સમય સં. ૧૮૯૪નો છે.

• • •

## ગામ - જંબુસર તાલુકો - જંબુસર.

### ૪૪. શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલય (સં. ૧૭૬૧ પૂર્વે )

જંબુસરમાં આવેલ શ્રાવક પોળમાં શ્રી પદ્મપ્રભસ્વામીનું નૂતન દેરાસર આવેલું છે. દેરાસરનો જીર્ણોદ્ધાર સં. ૨૦૫૨માં થયેલો છે. દેરાસર શિખરબંધી, આરસમઢિત છે. દેરાસરની સ્થિતિ સારી છે.

મુખ્ય પ્રવેશદ્વાર પર નીચે મુજબનો લેખ છે.

"જંબુસર શ્રી પદ્મપ્રભસ્વામીના આ જિનાલયનો જીર્ણોદ્ધાર પ. પૂ. વર્ધમાન તપોનિધિ સ્વ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી ના પ્ર. શિષ્યરત્ન પ. પૂ. વૈરાગ્ય દેશના દક્ષ આ. શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણા માર્ગદર્શન તથા આશીર્વાદથી શ્રી રીખવદેવજી મહારાજ જૈન દેરાસર પેઢી કાવીએ કરાવ્યો છે. સંવત ૨૦૫૨ના ફા-સુ-૪ તા. ૨૨-૨-૧૯૯૬ના દિવસે શુભ મુહૂર્તે નવાન્હિકા મહોત્સવપૂર્વની સંઘના અતિ હર્ષોલ્લાસ સાથે આ. હેમચંદ્રસૂરિની નિશ્રામાં શ્રી પદ્મપ્રભસ્વામી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. "

દેરાસરની ફરતે ચારે બાજુ આરસની ઊંચી દિવાલ ઉપર કાંગરી છે. લોખંડની જાળીવાળો પ્રવેશદ્વાર છે. ઉપર હરણ અને બાજુમાં પૂતળીઓ છે. ૧૧ પગથિયાં ચઢીને આરસનો ઓટલો અને ચારેબાજુ પ્રદક્ષિણાની જગ્યા છે. પ્રવેશદ્વાર પહેલાં થાંભલા ઉપર બે પત્થરના દ્વારપાળ છે. ઉપર પૂતળીઓ અને ધાબાનીં પાળી પર હાથી બેસાડેલ છે. ચારેબાજુ સ્ટીલની રેલીંગ છે. રંગમંડપમાં જવા માટેના ત્રણ કાષ્ઠનાં બનેલાં પ્રવેશદ્વાર છે. રંગમંડપ આરસનો છે. રંગમંડપમાં પ્રવેશદ્વારની નજીક એકબાજુ મહાલક્ષ્મી દેવી અને બીજુ બાજુ શ્રી પદ્માવતી દેવીની પ્રતિમા છે જેના મસ્તક ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે. આગળ ગોખલામાં શ્રી ગૌતમસ્વામીની પ્રતિમાના મસ્તક ઉપર શ્રી મહાવીરસ્વામીની નાની પ્રતિમા અને બીજા ગોખલામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. બીજી બાજુ ગોખમાં શ્રી મનમોહન પાર્શ્વનાથ અને શ્રી માણિભદ્રવીરની પ્રતિમા બિરાજમાન છે.

ત્રણ ગર્ભદ્વાર જર્મનનાં મઢેલાં છે. ગભારો નાનો અને લાંબો છે. આરસના પબાસન ઉપર મૂળનાયક શ્રી પદ્મપ્રભસ્વામીની ૨૫" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનનાં એકબાજુના ગભારે શ્રી આદીશ્વર ભગવાન અને બીજી બાજુના ગભારે શ્રી નેમનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. ગભારામાં પાંચ દેવીઓની આરસની પ્રતિમા છે. ગભારામાં

કુલ ૧૨ પાષાણ પ્રતિમાઓ, ૨૬ ધાતુ પ્રતિમાઓ અને ૧ ધાતુના ચૌમુખજી બિરાજમાન છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૪ છે. આ દિવસે ધ્વજારોપણનો મહોત્સવ થાય છે. તે માટે ચઢાવો બોલવામાં આવે છે. આ દિવસે શ્રીસંઘજમણ રાખવામાં આવે છે અને પ્રભાવના થાય છે.

હાલ ૩૦ કુટુંબની વસ્તી ધરાવતાં આ ગામમાં એક શ્રાવકાનો અને એક શ્રાવિકનો એમ બે ઉપાશ્રય છે. જ્ઞાનભંડાર છે તથા પાઠશાળા ચાલે છે જેમાં ૧૦ થી ૧૫ વિદ્યાર્થીઓ ધાર્મિક અભ્યાસ કરે છે.

દેરાસર, ઉપાશ્રય અને પાઠશાળાનો સમગ્ર વહીવટ શ્રી જંબુસર જૈન શ્વે. મૂ. પૂ. સંઘના હસ્તક છે. છેલ્લા ૫૦ વર્ષમાં ગામની ૨૦ વ્યક્તિઓએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

## ઐતિહાસિક સંદર્ભ

શ્રી દાનવિજયજી મ. સા. દ્વારા લલિતાંગ રાસની રચના વિ. ૧૭૬૧માં માગશર વદ ૧૦ના રોજ જંબૂસર મુકામે કરવામાં આવી. રાસની કડીમાં લખેલ છે.

"સત્તરસે ઈકસઠિ માગશિર, વદિ દશમી રવિવાર રે,
શ્રી વિજયમાનસૂરીશ્વર રાજ્યે, રચ્યો એ જયકાર રે,
શ્રી જંબૂસર નગર અનોપમ, જિહાં પદ્મપ્રભ દેવ રે,
શ્રાવક બહુ તિહાં સમકિતના સિકરે દેવગુરુ સેવ રે, "

આ પરથી અનુમાન કરી શકાય કે જંબૂસર મુકામે શ્રી પદ્મપ્રભસ્વામીનું આ જિનાલય સં. ૧૭૬૧માં વિદ્યમાન હતું.

પ્રેમવિજય અને રત્નવિજયના શિષ્ય દીપરાજ કવિએ "અડસઠ આગમની અષ્ટપ્રકારી પૂજા"ની રચના જંબૂસર મુકામે વિ. સં. ૧૮૮૬માં કરી હતી.

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. ૩૧ પાષાણ પ્રતિમાઓ તથા ૩૫ ધાતુ પ્રતિમાઓ હતી. સંવત ૧૮૩૨માં આ દેરાસર બંધાવ્યાનો ઉલ્લેખ થયો છે.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે. અહીં ૨૪ પાષાણ પ્રતિમાઓ તથા ૨૬ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ ડાહ્યાભાઈ ગોરધનદાસ તેનો વહીવટ કરતાં હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૭૬૧ પૂર્વેનો છે.

• • •

## ગામ - જંબુસર તાલુકો - જંબુસર.

### ૪૫. શ્રી વાસુપૂજ્યસ્વામીનું ગૃહ ચૈત્ય (સં. ૨૦૧૦ પૂર્વે )

જંબુસરની શ્રાવક પોળમાં આવેલા શ્રી પદ્મપ્રભસ્વામીના દેરાસરની સામે ગમતીલાલ નગીનદાસ લગડીવાળાના ઘરમાં આ દેરાસર છે. દેરાસર ધાબાબંધી છે. દેરાસર આરસમઢિત છે. દેરાસરની સ્થિતિ મધ્યમ છે.

મકાનના ત્રીજા માળે આ દેરાસર છે. આરસના નાના ઓટલા પર શ્રી વાસુપૂજ્યસ્વામીની પંચધાતુની ૨.૫" ની પ્રતિમા બિરાજમાન છે. બાજુમાં સ્ફટિકના શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે.

વર્ષગાંઠના દિવસે ધ્વજારોપણ નથી કરવામાં આવતું અને તે અંગે તેઓને જાણ પણ નથી પરંતુ રૂબરૂ મુલાકાત વખતે કુટુંબના સભ્યોના જણાવ્યાં મુજબ દેરાસર ઘણું પ્રાચીન છે.

#### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦ જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. અહીં ૧ ધાતુ પ્રતિમા તથા ૧ સ્ફટિક પ્રતિમા હતી. શેઠ નગીનદાસ છોટાલાલ લગડીએ આ દેરાસર બંધાવ્યું હતું અને તેઓ જ તેનો વહીવટ કરતાં હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૨૦૧૦ પૂર્વેનો છે.

• • •

## ગામ - જંબુસર તાલુકો - જંબુસર.

### ૪૬. શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય (સં. ૧૮૬૨)

જંબુસરની પટેલ ખડકીમાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું મધ્યમ કદનું દેરાસર આવેલું છે. આ દેરાસર શિખરબંધી અને આરસમઢિત છે. દેરાસરની સ્થિતિ સારી છે. આ દેરાસરનો જીર્ણોદ્ધાર થયેલ છે.

આરસના પગથિયાંવાળો ઓટલો છે અને ચારેબાજુ પ્રદક્ષિણાની જગ્યા છે. કાષ્ઠનું પ્રવેશદ્વાર છે.

રંગમંડપમાં ત્રણ બાજુથી ત્રણ પ્રવેશદ્વાર છે. રંગમંડપમાં લાકડાંના તોરણો અને આજુબાજુ પૂતળીઓ છે. વચ્ચે મોટો અને સાદો ગોળ ઘુમ્મટ છે. ચારેબાજુ ગોળાકારમાં સુંદર નકશીકામ છે. એક ગોખલામાં યક્ષની મૂર્તિ બિરાજમાન છે.

ગર્ભદ્વાર એક છે. ગર્ભદ્વાર પહેલાં લાકડાની જાળી છે. મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની ૨૧" ની પાષાણ પ્રતિમા બિરાજમાન છે. ગભારામાં કુલ ૬ પાષાણ પ્રતિમાઓ તથા ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. એક દેવીની આરસની નાની પ્રતિમા પણ છે. મૂળનાયક ભગવાન શ્રી વાસુપૂજ્યસ્વામી તથા બાજુમાં શ્રી સુપાર્શ્વનાથ અને શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ઉપર

"સંવત ૧૮૬૫" વાંચી શકાય છે. જેમાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પર "શ્રી વિજયજિનેન્દ્ર.......શ્રી વિજયલક્ષ્મીસૂરિ" આ પ્રમાણેનું ત્રુટક ત્રુટક લખાણ વાંચી શકાય છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૭ છે. આ દિવસે ધ્વજારોપણનો મહોત્સવ થાય છે. તે માટે ચઢાવો બોલાય છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૯ પાષાણ પ્રતિમાઓ તથા ૧૩ ધાતુ પ્રતિમાઓ હતી. સંવત ૧૮૬૨માં આ દેરાસર બંધાવ્યાંનો ઉલ્લેખ છે.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૬ પાષાણ પ્રતિમાઓ તથા ૨ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ ડાહ્યાભાઈ ગોરધનદાસ તેનો વહીવટ કરતા હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૮૬૨નો છે.

• • •

## ગામ - જંબુસર તાલુકો - જંબુસર.

### ૪૭. શ્રી વાસુપૂજ્યસ્વામીનું ગૃહ ચૈત્ય (સં. ૨૦૧૦ પૂર્વે )

જંબુસરમાં આવેલ જવાહર બજારની ગોકળલાલની ખડકીમાં કિરીટભાઈ કસ્તૂરભાઈ શાહનું ઘરદેરાસર આવેલું છે. આ ધાબાબંધી દેરાસર છે. મકાનના ત્રીજા માળે આ દેરાસર છે.

દેરાસરમાં એક નાના કબાટમાં ભગવાન બિરાજમાન છે. મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની ૬" ની ધાતુ પ્રતિમા બિરાજમાન છે. કબાટમાં કુલ ૫ ધાતુ પ્રતિમાઓ છે. શ્રી પદ્માવતી દેવીની નાની પ્રતિમા છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ શ્રાવણ વદ ૮ છે. તે નિમિત્તે બપોરે સ્નાત્રપૂજા થાય છે. પ્રભાવના અને લહાણું પણ અપાય છે. કિરીટભાઈના કુટુંબીઓ દ્વારા રૂબરૂ મુલાકાત વખતે જણાવ્યાં મુજબ આ દેરાસરમાં વારંવાર કેસરનાં છાંટણાં થાય છે.

### ઐતિહાસિક સંદર્ભ

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘરદેરાસર તરીકે થયો છે. અહીં ૫ ધાતુ પ્રતિમાઓ હતી. શેઠ કસ્તૂરભાઈ અમૃતલાલે આ દેરાસર બંધાવ્યું હતું અને તેઓ જ તેનો વહીવટ કરતા હતા. મૂળનાયક ભગવાનની પ્રતિમા પર લેખનો સંવત ૧૫૨૬ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૨૦૧૦ પૂર્વેનો છે.

• • •

# પંચમહાલ જિલ્લાનાં જિનાલયો

# પંચમહાલ જિલ્લાનાં જિનાલયો

## (૧) શ્રી જીરાવલા પાર્શ્વનાથ જિનાલય

### જોટવડ. તા. જાંબુઘોડા

જાંબુઘોડાથી ૨ કિ. મી.ના અંતરે આવેલ જોટવડ ગામમાં મૂળનાયક શ્રી જીરાવલા પાર્શ્વનાથનું છાપરાબંધી દેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી જીરાવલા પાર્શ્વનાથની ૧૧" ની પાષાણ પ્રતિમા તેમજ ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

પૂ. મુનિરાજ શ્રી વિદ્યુત્રત્નવિજય મ. સા. ની નિશ્રામાં દેરાસરની પ્રતિષ્ઠા થયેલી છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ માગસર સુદ ૨ છે. તે નિમિત્તે સંઘ તરફથી ધ્વજારોહણ કરવામાં આવે છે તેમજ સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવે છે.

## (૨) શ્રી શાંતિનાથ જિનાલય

### કરા. તા. જાંબુઘોડા

જાંબુઘોડાથી ૨ કિ. મી.ના અંતરે આવેલ કરા ગામમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનનું ધાબાબંધી દેરાસર આવેલ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૧૧" ની પાષાણ પ્રતિમા તેમજ ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૪માં દેરાસરની સ્થાપના કરવામાં આવી હતી. જેની પ્રતિષ્ઠા પૂ. મુનિરાજ શ્રી ભદ્રસેનવિજય મ. સા. ની નિશ્રામાં થઈ હતી. પ્રતિષ્ઠાનો લાભ સુશ્રાવિકા શ્રીમતી ચંદનબેન ડાહ્યાલાલ વડોદરાવાળાએ લીધો હતો.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૩ છે. જે નિમિત્તે શ્રી ડાહ્યાલાલ પરિવાર દ્વારા ધ્વજારોહણ કરવામાં આવે છે, તથા સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવે છે.

ગામમાં શ્રી ચારિત્રવિજયજી જૈન પાઠશાળા છે. પાઠશાળામાં આશરે ૩૫ વિદ્યાર્થીઓ

ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં આશરે ૧૫ થી ૨૦ જૈન કુટુંબો વસે છે. તેમજ એક મુમુક્ષુઓએ ગામમાંથી દીક્ષા ગ્રહણ કરેલી છે.

• • •

## (૩) શ્રી આદિનાથ જિનાલય

### ભાણપુરી. તા. જાંબુઘોડા

જાંબુઘોડાથી ૩ કિ. મી.ના અંતરે આવેલ ભાણપુરી ગામમાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનનું સામરણયુક્ત એક શિખરવાળું અને કુંભારી પત્થરનું બનેલું દેરાસર આવેલ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની ૨૧" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ અને ૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. દેરાસરમાં અધિષ્ઠાયક દેવ-દેવીઓની ૪ પ્રતિમા પણ બિરાજમાન છે તેમજ ગુરુમંદિરમાં શ્રી વલ્લભસૂરિ મ. સા. ની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. તેઓશ્રી અહીં કાળધર્મ પામ્યા હતા અને તેમના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર વિધિ આ ગામમાં જ કરવામાં આવ્યો હતો.

વિ. સં. ૨૦૫૪માં આચાર્ય શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિ મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ, તેનો લાભ શાહ જીવરાજજી ભૂતાજી પરિવારે લીધો હતો.

દેરાસરની વર્ષગાંઠ તિથિ માગશર સુદ ૧૦ છે. તે નિમિત્તે શ્રી શંકરલાલ જૈન પરિવાર તરફથી ધ્વજારોહણ કરવામાં આવે છે તેમજ સંઘ તરફથી સ્વામી વાત્સલ્યનું આયોજન કરવામાં આવે છે.

ગામમાં ઉપાશ્રય તેમજ શ્રી આદિનાથ જૈન પાઠશાળા છે. પાઠશાળામાં આશરે ૩૦ વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૧૫ થી ૨૦ જૈન કુટુંબો વસે છે. તેમજ ગામમાંથી ૫ મુમુક્ષુએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

• • •

## (૪) શ્રી મહાવીરસ્વામી જિનાલય

### ફુલપરી. તા. જાંબુઘોડા

જાંબુઘોડાથી ૩ કિ. મી.ના અંતરે આવેલ ફુલપરી ગામમાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામીનું શિખરબંધી આરસનું દેરાસર આવેલ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તેમજ ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

આશરે ચાર વર્ષ પૂર્વે પૂ. આ. શ્રીમદ્ વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં દેરાસરની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. જેનો લાભ શ્રી સુનિલભાઈ ડઢ્ઢા પરિવારે લીધેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૫ છે. તે નિમિત્તે સુનિલભાઈ ડઢ્ઢા પરિવાર તરફથી ધ્વજારોહણ કરવામાં આવે છે તેમજ સ્વામી વાત્સલ્યનું આયોજન કરવામાં આવે છે.

ગામમાં શ્રી શાંતિનાથ જૈન પાઠશાળા છે. પાઠશાળામાં આશરે ૩૬ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં આશરે ૨૦ જૈન કુટુંબો વસે છે.

• • •

## (૫) શ્રી શાંતિનાથ જિનાલય

### ડુમા. તા. જાંબુઘોડા

જાંબુઘોડાથી ૧૩ કિ. મી.ના અંતરે આવેલ ડુમા ગામમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનનું શિખરબંધી દેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૨૧" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૬ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

વિ. સં. ૨૦૨૧માં મહા સુદ ૧૦ના રોજ આચાર્ય શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિ મ. સા. ની નિશ્રામાં દેરાસરની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. પ્રતિષ્ઠાનો લાભ શ્રી વિરેન્દ્રભાઈ ભોગીલાલ પરિવારે લીધેલ. વિ. સં. ૨૦૫૪માં દેરાસરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ ફાગણ વદ ૪ છે જે નિમિત્તે ચઢાવો બોલીને ધ્વજારોહણ કરવામાં આવે છે તેમજ શ્રી શાંતિનાથ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ તરફથી સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવે છે.

ગામમાં શ્રાવકો માટે ડુમા જૈન ઉપાશ્રય છે. તેમજ શ્રી શાંતિનાથ જૈન પાઠશાળા છે. પાઠશાળામાં આશરે ૫૫ વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં આશરે ૨૫ થી ૩૦ જૈન કુટુંબો વસે છે. તેમજ ગામમાંથી ૮ મુમુક્ષુએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

• • •

## (૬) શ્રી કુંથુનાથ ગૃહ ચૈત્ય

### પડી ડેરી. તા. જાંબુઘોડા

જાંબુઘોડાથી ૧૫ કિ. મી.ના અંતરે આવેલ પડી ડેરી ગામમાં મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનનું છાપરાબંધી ઘરદેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનની ૯" ની પાષાણ પ્રતિમા તેમજ ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૧માં મહા સુદ ૨ના રોજ ભગવાનની ચલ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

ગામમાં શ્રી કુંથુનાથ જૈન પાઠશાળા છે. પાઠશાળામાં આશરે ૨૮ વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં આશરે ૧૫ થી ૨૦ જૈન કુટુંબો વસે છે.

• • •

## (૭) ખોડીયારપુરા શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય

### ખોડીયારપુરા. તા. જાંબુઘોડા

જાંબુઘોડા તાલુકામાં આવેલ ખોડીયારપુરા ગામમાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીનું ઘુમ્મટબંધી દેરાસર આવેલું છે.

દેરાસરમાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની ૨૫" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ, ૧ ધાતુ પ્રતિમા તેમજ એક જોડ પગલાં બિરાજમાન છે.

દેરાસરની પ્રતિષ્ઠા આ. શ્રી ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં થયેલ છે.

હાલના આ ખોડીયારપુર ગામનું પ્રાચીન નામ ઉચેટ હતું.

ગામમાં શ્રી મુનિસુવ્રત જૈન પાઠશાળા છે. પાઠશાળામાં આશરે ૨૦ વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૧૦ જૈન કુટુંબો વસે છે. ગામમાંથી ૧ મુમુક્ષુએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

• • •

## (૮) શ્રી સંભવનાથ જિનાલય

### હાલોલ. તા. હાલોલ

પંચમહાલ જિલ્લાના હાલોલ ગામમાં મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનનું શિખરબંધી આરસનું દેરાસર આવેલું છે.

દેરાસરની ફરતે શિખરની રચનાયુક્ત કાંગરીવાળી ઊંચી દિવાલ છે. તેમજ દિવાલને લોખંડના દ્વાર છે. ચોકમાં પ્રવેશતાં ડાબી બાજુ નાની ફૂલવાડી તેમજ જમણી બાજુ ચોક તથા પાછળ ઑફિસ અને ધર્મશાળા છે.

પ્રતિષ્ઠા શિલાલેખ નીચે મુજબ છે.

"શ્રી તપાગચ્છ ગગનનભોમણિ જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુલકિરીટ પૂ. આ. દેવ શ્રીમદ્ લબ્ધિવિજયસૂરીશ્વરજીના પરમ પ્રભાવક તેમના શિષ્ય આ. વિક્રમસૂરીશ્વરજી મ. એ પૂ. પંન્યાસ જિનભદ્ર તથા રાજયશવિજય તથા અમારા સંસારી લઘુ બંધુ મુનિરાજ વિશ્રુતયશ વિજય. આદિ મુનિ પરિવાર તથા સાધ્વીજી મહારાજ પરિવાર દ્વારા પંચમહાલના મુખ્ય શહેર હાલોલમાં નૂતન શિખરબંધી જિનાલયમાં શ્રી સંભવનાથ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૪૦ મહા સુદ ૧૩ બુધવાર ૧૫/૨/૧૯૮૪ના રોજ ઉત્સાહપૂર્વક કરાવેલ છે. "

૧૧ પગથિયાં ચઢીને રંગમંડપમાં પ્રવેશ થાય છે. અન્ય બે બાજુ પણ એક-એક પ્રવેશદ્વાર છે. રંગમંડપનો ઘુમ્મટ કમલપત્રાકાર છે. અહીં ગોખમાં આચાર્ય શ્રી જિનકુશલસૂરિ મ. સા. ની પ્રતિમા તેમજ તેની સામેની બાજુમાં આચાર્ય શ્રી જિનદત્તસૂરિ મ. સા.નાં પગલાં બિરાજમાન છે. વળી ગર્ભદ્વાર પાસેના બે બાજુનાં ગોખમાં શ્રી મહાવીરસ્વામી તેમજ શ્રી ગૌતમસ્વામીની પ્રતિમા બિરાજમાન છે. રંગમંડપમાં શ્રી શત્રુંજય તીર્થ, શ્રી સમેતશિખર તીર્થ અને શ્રી જલમંદિર પાવાપુરીના પટ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનની ૨૫" ની પ્રતિમા તેમજ સામ-સામે બે ગોખમાં પ્રતિમા બિરાજમાન છે. દેરાસરમાં કુલ ૬ પાષાણ પ્રતિમાઓ તેમજ ૪ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા પર નીચે મુજબનો લેખ છે.

"શ્રી સંભવનાથ જિન બિંબ પાલણપુર વાસી વિશા ઓસવાલ જ્ઞાતીય ભણસાલી રતીભાઈ સૂત બાબુભાઈ શ્રાદ્ધેન પત્ની પ્રભાવતીબેન યુતેન આત્મ શ્રેયસે હાલોલ ગામ નિજ દ્રવ્યેન નિરમાપીત શ્રી સંભવનાથ જિન ચૈત્યે સંસ્થાપિતા પંચ શાસનસમ્રાટ તીર્થોદ્ધારક આ. શ્રી નેમીસૂરી પટ વિજય વિજ્ઞાનસૂરી પટ્ટવિજયચંદ્રોદયસૂરિ. અશોકચંદ્રસૂરિ, જયચંદ્રસૂરીશ્વરેભ્યો વિક્રમ સં. ૨૦૩૮ વીર સં. ૨૫૦૮ નેમી સં. ૩૩ શ્રાવણ ધવલ પંચમીએ બાબુલનાથ ચોપાટી મંડળ શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ચૈત્યે . . . . . . . . . . . . . "

વિ. સં. ૨૦૪૦માં આચાર્ય શ્રી વિક્રમસૂરીશ્વરજી મ. સા. તથા તેમના શિષ્ય પરિવારની નિશ્રામાં શેઠ શ્રી બાબુભાઈ રતીલાલ પરિવારના હસ્તે પ્રતિષ્ઠા થઈ હતી.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૧૩ છે જે નિમિત્તે સંઘ તરફથી સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવે છે તેમજ બાબુભાઈ રતિલાલ ભણસાલી પરિવાર તરફથી દર વર્ષે ધ્વજારોહણ કરવામાં આવે છે.

દેરાસરની પાછળ આરાધના ભુવન પણ છે.

• • •

## (૯) શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ગૃહ ચૈત્ય

### નાની રણભેટ. તા. હાલોલ

હાલોલથી ૨૦ કિ. મી.ના અંતરે આવેલ નાની રણભેટ ગામમાં મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું છાપરાબંધી ઘરદેરાસર આવેલું છે. આ ગામનું પ્રાચીન નામ અંકેડીયા હતું.

બે ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથની ૧૩" ની ૧ પાષાણ પ્રતિમા તેમજ ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૪૧માં આચાર્ય શ્રી ઇન્દ્રદિન્નસૂરી મ. સા. ની નિશ્રામાં શેઠ શ્રી મહેન્દ્રભાઈ તથા રાજુભાઈ પર્વતભાઈના હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

દેરાસરની વર્ષગાંઠને દિવસે સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવે છે, તેમજ ચઢાવો બોલીને ધ્વજારોહણ કરવામાં આવે છે.

ગામમાં ઉપાશ્રય બનાવવાનું કામ ચાલુ છે. કુલ ૧૦ જૈન કુટુંબોની વસ્તી ધરાવતાં આ ગામમાંથી ૩ મુમુક્ષુએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

• • •

## (૧૦) શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય

### ખારાદરા. તા. હાલોલ

હાલોલથી ૨૩ કિ. મી.ના અંતરે આવેલ પ્રાચીન અંકેડીયા નામ ધરાવતાં હાલના ખારાદરા ગામમાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનનું ઘુમ્મટબંધી દેરાસર આવેલ છે.

બે ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની ૨૧" ની ૧ પાષાણ પ્રતિમા તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૭માં પ. પૂ. મુનિ શ્રી હેમહંસવિજય મ. સા. તથા મુનિ શ્રી કુશલસિદ્ધિ

મ. સા. ની નિશ્રામાં સુરત નિવાસી સુશ્રાવિકા શ્રીમતી ચંદનબેન માણેકલાલ નાનચંદ પરિવારના હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

દેરાસરની વર્ષગાંઠ તિથિ જેઠ સુદ ૩ છે. તે નિમિત્તે સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવે છે તથા વરશનભાઈ મનાભાઈ જૈન પરિવાર તરફથી દર વર્ષે ધ્વજારોહણ કરવામાં આવે છે.

ગામમાં શ્રી ભદ્રંકર જૈન પાઠશાળા છે. તેમાં ૨૬ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં ૧૫ થી ૨૦ જૈન કુટુંબો વસે છે.

• • •

## (૧૧) શ્રી આદિનાથ જિનાલય

### છાન તલાવડી. તા. હાલોલ

હાલોલથી ૩૦ કિ. મી.ના અંતરે આવેલા છાન તલાવડી ગામમાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનનું ઘુમ્મટબંધી દેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની ૧૭" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તેમજ ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

સં. ૨૦૨૩માં આચાર્ય શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિ મ. સા. ની નિશ્રામાં શેઠ શ્રી ગુમરાજજી ફત્તેચંદ શિવગંજવાળા પરિવારના હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૧૦ છે. તે દિવસે સંઘ તરફથી ધ્વજારોહણ કરવામાં આવે છે.

વર્તમાનમાં માત્ર ૫ જૈન કુટુંબોની વસ્તી ધરાવતા આ ગામમાં આદિનાથ જૈન ઉપાશ્રય પણ છે.

• • •

## (૧૨) શ્રી કુંથુનાથ જિનાલય

### સીંગપુર. તા. હાલોલ

હાલોલથી ૩૦ કિ. મી.ના અંતરે આવેલ સીંગપુર ગામમાં મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનનું એક શિખરવાળું દેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનની ૧૭" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તેમજ ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે. આ ઉપરાંત અધિષ્ઠાયક દેવ-દેવીની પ્રતિમા પણ બિરાજમાન છે.

વિ. સં. ૨૦૩૪માં આચાર્ય શ્રી વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં દેરાસરની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યાર બાદ વિ. સં. ૨૦૫૪માં જીર્ણોદ્ધાર થયેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા વદ ૬ છે. તે દિવસે દર વર્ષે શ્રી ઉદેસિંગ કંચનભાઈ જૈન, શ્રી ફત્તેસિંગ નવલદાસ જૈન, શ્રી રઘાભાઈ ગોરધનદાસ જૈન તથા શ્રી મનાભાઈ જામાભાઈ જૈન તરફથી ધ્વજારોહણ કરવામાં આવે છે.

ગામમાં શ્રાવકો માટે શ્રી ઈન્દ્રદિન્નસૂરિ જૈન ઉપાશ્રય તેમજ શ્રી કુંથુનાથ જૈન પાઠશાળા છે. તેમાં ૩૬ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં ૨૫ થી ૩૦ જૈન કુટુંબો વસે છે.

• • •

## (૧૩) શ્રી નેમિનાથ જિનાલય

### ખરેટી. તા. હાલોલ

હાલોલથી ૩૫ કિ. મી.ના અંતરે આવેલ ખરેટી ગામમાં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનનું ઘુમ્મટબંધી દેરાસર આવેલ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની ૧૭" ની પાષાણ પ્રતિમા તેમજ ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

સં. ૨૦૫૭માં પ. પૂ. મુનિ શ્રી હેમહંસવિજયજી તથા મુનિ શ્રી કુશલસિદ્ધિ મ. સા. ની નિશ્રામાં શેઠ શ્રી ફકીરચંદ કચરાભાઈ હ. સદ્‌ગુણાબેન અમદાવાદવાળા પરિવારના હસ્તે દેરાસરની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

દેરાસરની વર્ષગાંઠ તિથિ જેઠ સુદ ૫ છે જે નિમિત્તે સ્વામી વાત્સલ્યનું આયોજન કરવામાં આવે છે તેમજ ગામની પાઠશાળાના શિક્ષક શ્રી અમરસિંગ જૈન દ્વારા દર વર્ષે ધ્વજારોહણ કરવામાં આવે છે.

ગામમાં શ્રી હરિશ્ચંદ્ર જૈન ઉપાશ્રય તેમજ શ્રી હરિશ્ચંદ્ર જૈન પાઠશાળા છે. તેમાં ૩૫ વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં આશરે ૧૫ થી ૨૦ જૈન કુટુંબો વસે છે. ગામમાંથી ૧ મુમુક્ષુએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

• • •

## (૧૪) શ્રી નેમિનાથ જિનાલય

### પરોલી. તા. ઘોઘંબા

ઘોઘંબાથી ૪ કિ. મી., વેજલપુર ગામથી ૧૮ કિ. મી. તેમજ પાવાગઢથી ૨૦ કિ. મી.ના અંતરે આવેલા પરોલી ગામમાં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનનું આરસનું શિખરબંધી દેરાસર આવેલું છે.

ઊંચી દિવાલથી આરક્ષિત ચોકમાં એક બાજુ કેસરની રૂમ તેમજ બીજી બાજું દેરાસર છે. ૩ પગથિયાં ચઢતાં ઓટલો આવે છે જ્યાં ૩ પ્રવેશદ્વાર છે, જેની બારસાખ ઉપર શ્રી નેમિનાથ ભગવાનની જાનનું કોતરકામ તેમજ શિલ્પ જોવા મળે છે. રંગમંડપમાં બીજા બે દ્વાર છે. રંગમંડપમાં વિવિધ તીર્થપટ તેમજ શ્રી નેમિનાથ ભગવાનની જાનનું ચિત્રકામ જોવા મળે છે.

ગોખમાં યક્ષ-યક્ષિણીની પ્રતિમા છે તથા ગભારાને ફરતે પ્રદક્ષિણાની જગ્યામાં તીર્થંકર પરમાત્માના જીવનચરિત્રના અંશો તેમજ કાચ પર શ્રી નેમિનાથ ભગવાનના નવ ભવનું સુંદર ચિત્રકામ છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની ૨૫" ની પરિકરયુક્ત શ્યામવર્ણી પ્રતિમા સહિત ૪ પાષાણ પ્રતિમાઓ તેમજ ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરની બે બાજુ બે દેરી છે જ્યાં જમણી બાજુ લક્ષ્મી, નારાયણ અને ગણેશજી તેમજ ડાબી બાજુ હનુમાનજી અને શંકરજીની મૂર્તિ છે. દેરી પર ત્રિકોણાકાર ધ્વજા છે.

આ દેરાસરનો જીર્ણોદ્ધાર વિ. સં. ૨૦૩૧માં થયેલો છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા વદ ૧૧ છે. તે નિમિત્તે સંઘ તરફથી સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવે છે. તેમજ જશવંતલાલ મણીલાલ શાહ પરિવાર તરફથી દર વર્ષે ધ્વજારોહણ કરવામાં આવે છે.

ગામમાં એક ધર્મશાળા (૨૦ ખંડની સુવિધાવાળી) તેમજ એક ભોજનશાળા છે.

**વિશેષ :-** આ દેરાસર આશરે ૫૦૦ વર્ષ પ્રાચીન છે. જેનાં પ્રતિમાજી ધનેશ્વરથી નીકળ્યાં હતાં. લોકવાયકા મુજબ છાણી ગામનાં રહેવાસી ધર્મનિષ્ઠ શ્રાવક શ્રી ગરબડદાસને રાત્રિના સમયે સ્વપ્નમાં જાણે પોતે નદીમાંથી પ્રભુજી બહાર કાઢી રહ્યાં છે તેવું દેખાયું અને વડીલોને હકીકત જણાવતાં તપાસ શરૂ કરી. પરોલીમાંથી પસાર થતી નદીના કિનારેથી પ્રભુજીની પ્રતિમા પ્રગટ થઈ અને બળદને ગાડાં જોડી ગાડામાં પ્રભુજીની પ્રતિમા પધરાવી ગાડું છુટ્ટૂં મૂક્યું. બળદ જ્યાં આપમેળે અટકી જાય ત્યાં દેરાસર બનાવવું એવો નિર્ણય થતાં પરોલી ગામમાં કથિત સ્થળે સદર જિનાલયનું નિર્માણ થયું હતું.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. જેમાં ૨ પાષાણ પ્રતિમાઓ અને ૧ ધાતુ પ્રતિમા હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ પાનાચંદ ખેમચંદ તેનો વહીવટ કરતાં હતા. દર વર્ષે ફાગણ સુદ ૧૧ના રોજ મેળો ભરાવવાનો ઉલ્લેખ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

• • •

## (૧૫) શ્રી આદિનાથ જિનાલય

### વેજલપુર. તા. કાલોલ

કાલોલથી ૧૪ કિ. મી.ના અંતરે આવેલ વેજલપુર ગામમાં જૈન દેરાસર ફળિયામાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનનું આરસનું શિખરબંધી દેરાસર આવેલું છે.

દેરાસરના પ્રાંગણમાં પ્રવેશતાં આપણી ડાબી બાજુ ગુરુમંદિર આવેલ છે. તેની મધ્યમાં ૧૧" ની શ્રી ગૌતમસ્વામીની પ્રતિમા તેમજ આજુબાજુ શાસનસમ્રાટ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ. સા. અને આગમોદ્ધારક આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ. સા. ની પ્રતિમા બિરાજમાન છે. આપણી જમણી તરફ સામે કેસર-સુખડની રૂમ, તેની બાજુમાં ગોખમાં શ્રી માણિભદ્રવીરની મૂર્તિ તેમજ પાછળ સામરણયુક્ત શ્રી સિદ્ધચક્રજી મંદિર છે.

આઠ પગથિયાં ચઢતાં ઓટલો આવે છે. તેમાં વિવિધ શિલ્પ જોવા મળે છે. ત્રણ પ્રવેશદ્વારમાંથી રંગમંડપમાં પ્રવેશ થાય છે. રંગમંડપને અન્ય બે બાજુ અન્ય બે પ્રવેશદ્વાર પણ છે. રંગમંડપમાં સ્તંભો પર નારી-શિલ્પ જોવા મળે છે. અહીં તીર્થંકર પરમાત્માની ૧ પાષાણ પ્રતિમા અને ૩ ધાતુ પ્રતિમાઓ તથા ગોખમાં શ્રી ગોમુખ યક્ષ અને શ્રી ચક્રેશ્વરી દેવીની પ્રતિમા બિરાજમાન છે. વળી અહીં વિવિધ તીર્થપટ પણ જોવા મળે છે.

ત્રણ ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની ૧૧" ની ધાતુની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ ૧૧ પાષાણ પ્રતિમાઓ અને ૨૬ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

દેરાસરનો જીર્ણોદ્ધાર થયેલ છે. ત્યાર બાદ આ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજીના શિષ્ય મુનિશ્રી રંગવિજયજી મ. સા. ની નિશ્રામાં નાથાલાલ પૂજાલાલ પરિવારના હસ્તે પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૬ છે. આ નિમિત્તે પ્રભાવના કરવામાં આવે છે. ગોધરાના શેઠ શ્રી મગનલાલ જેઠાલાલને કાયમી ધ્વજા ચઢાવવાનો આદેશ આપવામાં આવ્યો છે, પરંતુ તેમના પરિવારના સભ્યો હાજર ન હોય તો ગામમાંથી કોઈ એક વ્યક્તિ ધ્વજા ચઢાવે છે.

ગામમાં શ્રાવકોનો એક અને શ્રાવિકાના બે ઉપાશ્રય તથા શ્રી ચંદનસાગરજી અને શ્રી શાંતિસાગરજી જ્ઞાનભંડાર, આયંબિલશાળા તેમજ પાઠશાળા પણ છે.

ગામમાં આશરે ૫૦ કુટુંબ વસે છે. ગામમાંથી ૨૩ મુમુક્ષુએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૭ પાષાણ પ્રતિમાઓ અને ૨૭ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ પાનાચંદ ખેમચંદ તેનો વહીવટ કરતા હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

• • •

## (૧૬) શ્રી શાંતિનાથ ભગવાનનું મોટું જિનાલય

### ટાવર પાસે, શાંતિનગર ચોક, ગોધરા. તા. ગોધરા

ગોધરા શહેરમાં બજારમાં, ટાવર પાસે, દેરાસર ફળિયામાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનનું સાદા પત્થર અને આરસનું બનેલું ત્રણ શિખરયુક્ત દેરાસર આવેલું છે.

કમાનો તેમજ નારી શિલ્પવાળા દરવાજામાંથી વિશાળ પરિસરમાં પ્રવેશ થાય છે. પ્રવેશદ્વારની બાજુની દિવાલ પર લેખ લખેલ છે જે નીચે મુજબ છે.

"સ્વસ્તિ શ્રી ગોધરા નગરી પ્રાચીન શ્રી શાન્તિજિન પ્રાસાદમાં મૂ.ના. શ્રી શાંતિ પ્રભુની પ્રતિમા ખંડિત થવાથી દહેજથી સંપ્રતિ રાજાની ભરાવેલી પ્રતિમા લાવી સં. ૧૯૯૮ના ફા. સુ. ૩ ઈ. સ. ૧૯૪૨ના દિવસે શ્રી વિજય અમૃતસૂરીશ્વરના હસ્તે તથા પાવાગઢથી લાવેલ શ્રી ચિંતામણી પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરવામાં આવેલ, ત્યાર બાદ વિ. સં. ૨૦૧૯માં જીર્ણોદ્ધાર કરાવી માગશર વદ ૧ના રોજ બે નવા ગભારા બનાવ્યાં તથા ગોધરાના નાના દેરાસરમાંથી શ્રી ધર્મનાથ ભગવાન લાવી આચાર્ય શ્રી સુરેન્દ્રસાગરજી મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ છે."

દેરાસરના પરિસરમાં પ્રવેશતાં તુરત જ જમણી બાજુ શ્રી ઘંટાકર્ણ વીરનું અલગ મંદિર છે. બાજુમાં ગુરુમંદિર છે, જ્યાં શ્રી તીર્થંકર પરમાત્માની એક પાષાણ પ્રતિમા તેમજ વચ્ચે શ્રી ગૌતમસ્વામીની પ્રતિમા બિરાજમાન છે. બહાર દેવકુલિકામાં શ્રી પદ્માવતી માતાની મૂર્તિ બિરાજમાન છે. તથા શ્રી શુભંકર સ્મૃતિ મંદિર છે તેમાં શ્રી આનંદસાગરસૂરિ મ. સા. અને શ્રી શુભંકરસૂરિ મ. સા.નાં પગલાં બિરાજમાન છે.

આ ઉપરાંત ડાબી તરફ એક ઓરડીમાં શ્રી શ્રેયાંસકુમાર શ્રી આદીશ્વર ભગવાનને પારણાં કરાવતાં હોય તેવી ઊભી આરસની પ્રતિમા જોવા મળે છે.

આગળ જતાં ચોકમાં પ્રવેશતાં જમણી બાજુ પેઢીનું કાર્યાલય અને યાત્રિકોના રોકાણ માટેની રૂમો આવેલી છે, તેમજ ડાબી બાજુ દેરાસર આવેલું છે.

મુખ્ય જિનાલયના આશરે ૬ પગથિયાં ચઢતાં પહેલા બે બાજુ બે દ્વારપાળની આકૃતિ છે.

પછી પગથિયાં ચઢીને બે બાજુ બે ગોખલામાં શ્રી ક્ષેત્રપાળજી તથા શ્રી માણિભદ્રવીરની પ્રતિમા છે. વળી, દિવાલ પર કેટલાંક પટ છે.

ત્રણ પ્રવેશદ્વારમાંથી મોટા રંગમંડપમાં પ્રવેશ થાય છે ત્યાં ઘુમ્મટબંધી ત્રણ અલગ ગભારા છે. રંગમંડપના સ્તંભો પર વાજીંત્ર લઈને ઊભેલી પૂતળીઓ રંગમંડપની શોભામાં વધારો કરે છે. રંગમંડપમાં વચ્ચેના ભાગમાં છત પર શ્રી શાંતિનાથ ભગવાનના ૧૧ ભવ તથા છેલ્લા ભવના પાંચ કલ્યાણક ચિત્રિત કરેલાં છે. જમણી બાજુ છત પર શ્રી પાર્શ્વનાથ ભગવાનના ૮ ભવ તથા છેલ્લા ભવના પાંચ કલ્યાણક તેમજ ડાબી બાજુ છત પર શ્રી મહાવીરસ્વામી ભગવાનના પાંચ કલ્યાણક ચિત્રિત કરેલાં જોવા મળે છે. ચાર બાજુ ચાર ગોખલામાં અધિષ્ઠાયક દેવ-દેવી તથા યક્ષ-યક્ષિણીની પ્રતિમા બિરાજમાન છે. દિવાલ પર શ્રી અરિહંત પરમાત્માના જીવનના કેટલાક પ્રસંગો તથા જૈન કથાઓના કેટલાંક વિશિષ્ટ પાત્રોની કથા સહિતના પટો અને કેટલાંક તીર્થોના પટ જોવા મળે છે. ત્રણેય ગભારાને ફરતે પ્રદક્ષિણા દેવાની જગ્યા છે જ્યાં ગભારાની દિવાલ પર તે-તે દિશાના દેવીની મૂર્તિ બિરાજમાન છે. રંગમંડપની ફર્શ પણ સુંદર ડિઝાઈનવાળી છે. રંગમંડપમાં કાચના કબાટમાં કેટલીક ચાંદીની કૃતિ દર્શનાર્થે રાખેલ છે જેમાં શ્રી કલ્પવૃક્ષ, શ્રી પાવાપુરી તીર્થ, શ્રી સમવસરણ, શ્રી પદ્માવતી દેવી તથા પારણાની કૃતિ છે.

ત્રણ ગભારા પૈકી મુખ્ય ગભારામાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૨૫" ની પ્રતિમા સહિત ૫ પાષાણ પ્રતિમાઓ છે. જમણી બાજુના ગભારામાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની ૨૫" ની પ્રતિમા સહિત ૧૧ પાષાણ પ્રતિમાઓ છે તેમજ ડાબી બાજુનાં ગભારામાં શ્રી ધર્મનાથ ભગવાનની ૧૫" ની પ્રતિમા છે. અહીં નીચે પબાસન પર શ્રી મહાવીરસ્વામી ભગવાનની ૯" ની પ્રતિમા છે. ગભારામાં કુલ ૧૦ પાષાણ પ્રતિમાઓ છે. ત્રણેય ગભારામાં મળીને કુલ ૨૯ ધાતુ પ્રતિમાઓ છે.

શ્રી ધર્મનાથ ભગવાનની પ્રતિમા પરનો લેખ:

"સંવત ૧૯૭૩ વર્ષે શાકે ૧૭૬૮ પ્રવર્તમાને અમદાવાદ વાસ્તવ્ય ......... "

## ભોંયરું

દેરાસરના રંગમંડપમાંથી ભોંયરામાં જવાય છે. ખૂબ જ નાના ભોંયરામાં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની ૧૫" ની પ્રતિમા સહિત ૭ પાષાણ પ્રતિમાઓ બિરાજમાન છે.

પ્રાચીન અને ચમત્કારી એવી આ પ્રતિમાઓના પ્રભાવથી જ ગોધરામાં કોમી રમખાણો દરમિયાન ફાટી નીકળેલી આગમાં પણ આ જિનાલયનો દ્વારથી માંડી ગર્ભગૃહ સુધીનો સંપૂર્ણ ભાગ હેમખેમ બચી ગયો હતો. આજુબાજુના રહેણાંકનાં મકાનો આગમાં ખાખ થઈ ગયાં હતાં, પરંતુ જિનાલયના શિખર પણ સુરક્ષિત રહેવા પામ્યાં હતાં.

દેરાસરની સ્થાપના વિ. સં. ૧૯૯૮માં શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં પ્રથમ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારબાદ સં. ૨૦૧૯માં જીર્ણોદ્ધાર કરાવી શ્રી સુરેન્દ્રસાગરજી મ. સા. ની નિશ્રામાં પુનઃપ્રતિષ્ઠા થયેલ છે.

દેરાસરની વચ્ચેના ગભારાની વર્ષગાંઠ તિથિ ફાગણ સુદ ૩ તેમજ આજુબાજુના ગભારાની વર્ષગાંઠ તિથિ માગશર વદ ૧ છે. આ નિમિત્તે શ્રી મહાસુખલાલ મનસુખલાલ અમરચંદ પરિવાર તરફથી વચ્ચેના ગભારાની, શ્રી ચીમનલાલ ગીરધરલાલ હેમચંદ પરિવાર તરફથી શ્રી પાર્શ્વનાથ ભગવાનના ગભારાની તેમજ શ્રી સેવંતીલાલ માણેકલાલ પરિવાર તરફથી શ્રી ધર્મનાથ ભગવાનના ગભારાની ધ્વજા ચઢાવવામાં આવે છે.

શ્રી શાંતિનાથ ચોકમાં શ્રાવકના ૨ અને શ્રાવિકાના ૧ ઉપાશ્રય છે તથા પાઠશાળા પણ ચાલે છે. આયંબિલશાળા પણ છે જ્યાં નવપદજીની ઓળીમાં આયંબિલ કરાવવામાં આવે છે. ધર્મશાળા અને ભોજનશાળા માટે પણ અલગ મકાન છે, પરંતુ યાત્રાળુઓની ખાસ અવરજવર રહેતી ન હોવાથી હાલ બંધ છે.

આશરે ૩૫૦ જૈન કુટુંબોની વસ્તી ધરાવતાં ગોધરા શહેરમાં કુલ ૩ દેરાસર અને ૧ ઘરદેરાસર છે. છેલ્લા ૫૦ વર્ષમાં શહેરમાંથી ૧૫ ભાઈઓ અને ૪ બહેનોએ દીક્ષા ગ્રહણ કરેલ છે. શ્રી શુભંકરવિજયજી મ. સા. તથા આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. સા. મૂળ ગોધરાના નિવાસી હતા એમ ત્યાંના વડીલોએ રૂબરૂ મુલાકાત વેળાએ જણાવ્યું છે.

ઉપાશ્રયની સામેની ગલીમાં એક નાની ઓરડી જેવું ઘુમ્મટબંધી શ્રી સિદ્ધચક્રજી મંદિર છે જેમાં દિવાલ પર શ્રી સિદ્ધચક્રજી યંત્રનો આરસનો પટ છે. પટમાં મધ્યમાં શ્રી અરિહંત પદના સ્થાન પર અરિહંત પરમાત્માની સુંદર આરસની પ્રતિમા છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૨૮ પાષાણ પ્રતિમાઓ, ૨૩ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. શ્રી શાંતિનાથ ભગવાનની પેઢી હા. મણિલાલ પાનાચંદ તેનો વહીવટ કરતાં હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

બીજું મૂળનાયક શ્રી ધર્મનાથ ભગવાનનું દેરાસર હતું જેનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો છે તેમાં ૩ પાષાણ પ્રતિમાઓ, ૩ ધાતુ પ્રતિમાઓ હતી. શેઠ મગનલાલ વસનજીએ સં. ૧૯૪૫માં આ દેરાસર બંધાવ્યું હતું. તેઓ જ તેનો વહીવટ કરતા હતા. હાલ આ દેરાસરની પ્રતિમા શ્રી શાંતિનાથ ભગવાનના દેરાસરમાં અલગ ગભારો બનાવી પધરાવવામાં આવેલ છે.

• • •

## (૧૭) અમીઝરા શ્રી સુમતિનાથ જિનાલય

### મહાવીર જૈન સોસાયટી, મહાસુખધામ, ગોધરા. તા. ગોધરા.

ગોધરામાં એસ. ટી. સ્ટેન્ડની પાછળ આવેલું મહાવીર જૈન સોસાયટીના વિશાળ પ્લોટમાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનનું સાદા પત્થર અને આરસનું બનેલું ત્રણ શિખરવાળું દેરાસર આવેલું છે.

મોટા દરવાજામાંથી પ્રવેશતાં ખુલ્લા ચોકમાં બેસવા માટે બાંકડા ગોઠવેલા છે. મુખ્ય દેરાસરની ડાબી બાજુ દેવકુલિકામાં શ્રી આદિનાથ ભગવાનની ૨૫" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ બિરાજમાન છે.

શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમા પર બે લેખ જોવા મળે છે.

જૂનો લેખ :- "ઉન્હેલ ગ્રામે (રાજ. ) શ્રી નાગેશ્વર પાર્શ્વ. ચૈત્યે વિ. સં. ૨૦૩૭ વીર સં. ૨૫૦૭ નેમિ સં. ૩૨ વર્ષે વૈશાખ શુક્લ ૬ શનિ . . . . . . . . . "

નવો લેખ :- "ચંદ્રોદયસૂરિ - આદિ - શ્રે. રતિલાલ મંગલદાસ- સં........."

દેવકુલિકાની બહાર યક્ષ-યક્ષિણીની પ્રતિમા બિરાજમાન છે.

દેવકુલિકાની પાછળ રાયણવૃક્ષની નીચે ઘુમ્મટબંધી શ્રી સિદ્ધચક્ર મંદિર છે જેમાં શ્રી આદીશ્વર ભગવાનનાં પગલાં અને શ્રી સિદ્ધચક્રજીનો પટ છે.

મુખ્ય દેરાસરમાં જવા આશરે ૧૫ પગથિયાં ચઢતાં વચ્ચે ઓટલા પર બે બાજુ બે હાથી છે. હાથી પર-મહાવત તેમજ રાજા-રાણીની કૃતિ જોવા મળે છે. અહીં નીચે દિવાલ પર જૂની તેમજ નવી પ્રતિષ્ઠા અંગેના લેખ જોવા મળે છે.

**લેખઃ-** સુમતિનાથ સ્વામિને નમઃ સકલલબ્ધિ સંપન્ન શ્રી ગૌતમ ગણધરાય નમઃ ૐ શાસન સમ્રાટ વિજયનેમિસૂરીશ્વરજી સદ્‌ગુરુભ્યો નમઃ

"સંવત ૨૦૦૨ના વર્ષે ગોધરા ગામે શ્રી મહાવીર જૈન સોસાયટીમાં તપાગચ્છીય શ્રી વીશા નીમા જ્ઞાતિના દાનવીર શ્રેષ્ઠીવર્ય મહાસુખલાલ વીરચંદે તથા એમના ધર્મપત્ની શીલાલંકાર શાલીની પરધાનબેને તપા. પ્રવર્તિની સાધ્વીજી સૌભાગ્યશ્રીજીના પ્રશિષ્યા ગુણશ્રીજી મ. સા.ના શિષ્યા સાધ્વીજી રાજેન્દ્રશ્રીજી મ. સા.ના સદુપદેશથી પાંચમા તીર્થંકર શ્રી સુમતિનાથસ્વામીનો ભવ્ય પ્રાસાદ રૂ. ૬૦૦૦/- અંકે રૂ. છ હજારના સદ્‌વ્યયે કરાવ્યો છે તથા મૂ.ના. શ્રી સાચાદેવ નામે પ્રસિદ્ધ શ્રી સુમતિનાથસ્વામીજીના જિનબિંબને અણહિલપુર નગરથી લાવ્યાં અને અન્ય શ્રી શાંતિનાથ આદિ પાંચ બિંબ મીયાંગામ પાસે મીયાંમાતર ગામથી લાવ્યા તથા વેદ-ખ-શૂન્ય નેત્રાંકિત વિ. સં. ૨૦૦૪ના માઘ સુદ ૧૦ ને શુક્રવારે ઉદ્યાપન મહોત્સવપૂર્વક શ્રી સુમતિનાથસ્વામીને શા. સ. સૂથિ ચક્રવર્તિ કદમ્બગિરિ પ્રમુખનિક તીર્થોદ્ધારક તપાગચ્છાધિપતિ પૂ. પાદાચાર્ય મ. શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ. સા.ના શ્રી કસ્તૂરસૂરીશ્વરજીના વરદ્ હસ્તે પ્રતિષ્ઠિત કરાવ્યા અને શ્રી શાંતિનાથ વિ. બિંબો પણ પ્રતિ. કરાવ્યા છે.

શ્રી સંઘની શાંતિ હો તેમ શ્રી જિનશાસન ચિરંજયવતુ વર્તો. ઇતિ વિ. સં. ૨૦૦૪ના માઘ સુ. ૧૩ ને રવિવારે શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરીશ્વરોના ચરણાનુજ કિંકર સમાન મુનિ યશોભદ્રવિજય, મુનિ શુભંકરવિજય મુનિ ચન્દ્રોદયવિજયે આ લેખ લખ્યો છે. "

નવી પ્રતિષ્ઠા દિન સં. ૨૦૫૭, મહા વદ-૭, બુધવાર, વીર સં. ૨૫૨૭

પગથિયાં ચઢીને દેરાસરના પ્રવેશદ્વારની આજુબાજુ બે દેરી છે જેમાં શ્રી માણિભદ્રવીર અને શ્રી ઘંટાકર્ણવીરની પ્રતિમા બિરાજમાન છે.

ત્રણ પ્રવેશદ્વારમાંથી રંગમંડપમાં પ્રવેશ થાય છે જ્યાં નવગ્રહનો પટ, ગોખલામાં યક્ષ-યક્ષિણી, શ્રી ગૌતમસ્વામી અને સામે પૂ. આ. શ્રી નેમિસૂરીશ્વરજીની પ્રતિમા છે. એક બાજુ દેરીમાં શ્રી ચક્રેશ્વરી દેવી, શ્રી લક્ષ્મી દેવી અને શ્રી સરસ્વતી દેવી તથા બીજી બાજુ દેરીમાં શ્રી પદ્માવતી દેવી અને શ્રી અંબિકા દેવીની પ્રતિમા બિરાજમાન છે.

ત્રણ ગર્ભદ્વારવાળા ગભારાની બહારના ભાગમાં ૨૪ તીર્થંકર પરમાત્માની પ્રતિમાજી ક્રમસર બિરાજમાન છે. ગભારામાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની ૨૧" ની પ્રતિમા બિરાજમાન છે. જિનાલયમાં કુલ ૨૫ પાષાણ પ્રતિમાઓ જેમાં ગભારામાં ૧૩ અને રંગમંડપમાં ૧૨ પ્રતિમા તથા ૮ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

## ભોંયરું

મુખ્ય દેરાસરનાં પગથિયાંની નીચેના ભાગમાં ભોંયરું બનાવેલું છે. અત્રે ભરૂચના અશ્વાવબોધ તીર્થના ભોંયરામાં બનાવેલા ભક્તામર મંદિર જેવું મંદિર બનાવવામાં આવ્યું છે. રંગમંડપમાં ત્રણે દિશામાં શ્રી ભક્તામર સ્તોત્રની ૪૪ ગાથાના પટ લગાવેલાં છે તેમજ પ્રવેશદ્વાર પાસે જ બેડીયુક્ત પૂ. આ. શ્રી માનતુંગસૂરિજીની ઊભી પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. આ પ્રતિમાની સામે રંગમંડપના છેક અંદરના ભાગમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની ૪૧" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ અને ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

દેરાસરની પેઢીની ઑફિસની બાજુમાં એક ઓરડામાં શ્રી સિદ્ધાચલ, શ્રી સમેતશિખર, શ્રી ગિરનાર અને શ્રી અષ્ટાપદ તીર્થના પટ છે જ્યાં કારતક પૂનમના દિવસે સમગ્ર જૈન શહેરીજનો દર્શનાર્થે આવે છે.

દેરાસરની સામે સોસાયટીના એક પ્લોટમાં નાની દેવકુલિકા છે જ્યાં આજુબાજુ શ્રી નાકોડા ભૈરવ દેવ અને શ્રી સર્વમંગલ જિવંતિકા દેવીની પ્રતિમા બિરાજમાન છે તેમજ વચ્ચે ઓરડામાં ૭ ગુરુમૂર્તિઓ બિરાજમાન છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા વદ ૭ છે. તે નિમિત્તે ચઢાવો બોલીને ધ્વજારોહણ કરવામાં આવે છે.

અહીં શ્રાવક-શ્રાવિકાનો ૧-૧ ઉપાશ્રય તેમજ પાઠશાળા છે.

• • •

## (૧૮) શ્રી વાસુપૂજ્યસ્વામી ગૃહ ચૈત્ય

### અજન્ટા એપાર્ટમેન્ટ, રાયણવાડી, ગોધરા. તા. ગોધરા.

ગોધરા શહેરના રાયણવાડી વિસ્તારમાં અજન્ટા એપાર્ટમેન્ટ વિસ્તારમાં અજન્ટા એપાર્ટમેન્ટમાં ભોંયતળીયાના એક રૂમમાં શ્રી· વાસુપૂજ્યસ્વામી ભગવાનનું આરસનું બનેલું ધાબાબંધી ઘરદેરાસર આવેલું છે.

રંગમંડપમાં જ અલગ ઓટલો બનાવી અલગ ગભારાની રચના કરવામાં આવી છે. એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની ૧૭" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે. પ્રભુજીની પ્રતિમા છત્રીમાં બિરાજમાન છે જેની ઉપર ૩ શિખરની રચના જોવા મળે છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ છે.

"સ્વસ્તિ શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનબિંબં મુનિ શ્રી અનંતચંદ્ર વિજયોપદેશેન રાજસ્થાન નિવાસી સ્વ. પૂ. પિતા શ્રી જવાનમલ હંસરતિ તથા પૂ. માતુશ્રી મંગુબેન શ્રેયસે તત્પુત્ર ભીખુભાઈ તથા અમૃતલાલ શ્રાદ્ધાભ્યાં સુમિત્રા તથા . . . . . . . . ."

વિ. સં. ૨૦૪૮માં આચાર્ય શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં કુસુમબેન જસવંતલાલ શાહ, બાંડીબાર પરિવારના હસ્તે દેરાસરની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ સુદ ૫ છે.

આ જ વિસ્તારમાં શ્રાવક-શ્રાવિકા માટે એક જ મકાનમાં ઉપર નીચે ૧-૧ ઉપાશ્રય તેમજ પાઠશાળા પણ છે. પાઠશાળામાં કુલ ૮૦ વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ મેળવે છે.

**વિશેષ :-** અહીં શ્રી મહાવીરસ્વામીની વિશિષ્ટ પ્રતિમા છે. વનમાં કોઈ ઉંચી શિલા પર બિરાજમાન પ્રભુની આસપાસ બે પહેરેગીર ઊભેલાં હોય અને આસપાસ વૃક્ષ, વેલ તથા પાન વગેરે દર્શાવતી તેમજ પાછળ વિશાળ કુસુમાકારે ભામંડલ સહિતની શ્રી વીર પ્રભુની પ્રતિમા અમદાવાદ, નવરંગપુરા મધ્યે વસતાં નિત્ય સિદ્ધચક્ર પૂજન ભણાવતાં સ્વ. શેઠ શ્રી ચંદ્રકાન્તભાઈએ સંવત ૨૦૫૧માં ભરાવેલ છે.

• • •

## (૧૯) શ્રી નવગ્રહ પરિપૂજિત શ્રી વાસુપૂજ્ય જિનાલય

### વાવડી. તા. ગોધરા.

ગોધરાથી દાહોદ હાઈવે રોડ પર ૩ કિ. મી.ના અંતરે આવેલ વાવડીમાં શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનનું આરસનું શિખરબંધી દેરાસર તથા આરાધના ધામ આવેલ છે.

૫ પગથિયાં ચઢતાં બે બાજુ દેરી છે જેમાં એક તરફ શ્રી માણિભદ્રવીર અને બીજી તરફ શ્રી ઘંટાકર્ણવીરની મૂર્તિ બિરાજમાન છે. ત્રણ પ્રવેશદ્વારવાળા રંગમંડપને આજુબાજુ અન્ય બે પ્રવેશદ્વાર પણ છે. રંગમંડપમાં બંને બાજુ દિવાલ પર નવ ગ્રહના નામ, તેના મંત્રો, તેનું યંત્ર તથા જે-તે ગ્રહની સાધના માટે જે ભગવાનની આરાધના કરવાની હોય તે ભગવાનની તસવીર તથા તેના જાપ વગેરે માહિતી લખેલી જોવા મળે છે.

રંગમંડપમાં બે ગોખલામાં યક્ષ-યક્ષિણીની મૂર્તિ બિરાજમાન છે.

**પ્રશસ્તિ** :- એક દિવાલ પર પ્રશસ્તિ લેખ છે જે નીચે મુજબ છે.

"પ. પૂ. શાસન સમ્રાટ શ્રી નેમિસૂરીશ્વરજી મ. સા.ના સમુદાયવર્તી ગોધરાના પનોતા પુત્ર વિદ્વાન વક્તા પૂ. મુનિ શ્રી ભુવન હર્ષવિજયજી મ. સા. ની શુભ પ્રેરણાથી અને તેઓશ્રીના સંસારી પિતા જિનદાસભાઈ વાડીલાલ શાહની મહેનતથી આ નવગ્રહ આરાધના-ધામ સ્વરૂપ ભવ્ય જિનાલયનું નિર્માણ થવા પામ્યું છે.

જિનાલયનાં સર્વે જિનબિંબાદિની પ્રતિષ્ઠા વીર સં. ૨૫૨૬, વિક્રમ સં. ૨૦૫૬ તા. ૨૪/૨/૨૦૦૦ મહા વદ-૫ ગુરુવારના રોજ શુભ મુહૂર્તે પંજાબ કેસરી આ. શ્રી વલ્લભસૂરીશ્વરજી મ. સા.ના પટ્ટધર વર્તમાન ગચ્છાધિપતિ પરમાર ક્ષત્રિયોદ્ધારક પ. પૂ. આ. વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી આદિ ઠાણાની પાવન નિશ્રામાં થયેલ છે.

આ જિનાલયના પ્રેરક મુનિશ્રીએ પોતાના સંસારી માતા-પિતાના નામ જોડી જિનાલયને "જિન સરોજ વિહાર" નામ આપેલ છે.

૦ શુભં ભવતુ ૦

મુનિ શ્રી નવરત્નવિજયજી તથા

મુનિ શ્રી કલ્પધ્વજવિજયજી"

ત્રણ ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની ૩૧" ની પ્રતિમા સહિત ૯ પાષાણ પ્રતિમાઓ અને ૩ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ પ્રાપ્ત થાય છે.

"શ્રી વટપદ્ર નગરે હરિણી રોડ મધ્યે શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનબિંબ પ્રતિષ્ઠાપિતં કલીકુંડ તીર્થોદ્ધારક પ. પૂ. આ. વિ. રાજેન્દ્રસૂરીશ્વરૈઃ, પૂ. આ. વિ. રાજશેખરસૂરીશ્વરૈઃ ચ કારાપિતં ચ. શ્રી ગોધરા નગરે આરાધના ધામ જૈન ટ્રસ્ટ જિનાલયાર્થે શાસન સમ્રાટ નેમીસૂરી સમુદાય વર્તી ભુવન હર્ષ વિજય પ્રેરણયાં મૃદુસુંદર વિજય સદુપદેશેન ચ ખીમત વાસ્તવ્ય ધરમચંદ જોગાણે પત્ની નાથીબેન પુત્ર મફતલાલ પુત્રવધુ વાસંતીબેન પૌત્ર ધર્મેશ, પૌ. વ. હિમલ, પ્રપૌત્ર નિસર્ગ સમીપ આદિ પરિવારૈં વિક્રમાબ્દે ૨૦૫૫ વૈશાખ સુક્લા ૭ ગુરુવાસરે તા. ૨૨-૪-૧૯૯૯."

સં. ૨૦૫૬માં આચાર્ય શ્રી ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શ્રી દીપચંદ લલ્લુભાઈના હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા વદ ૫ છે. તે નિમિત્તે સ્વામી વાત્સલ્યનું આયોજન કરવામાં આવે છે તેમજ શ્રી રમણલાલ મગનલાલ પરિવાર તરફથી ધ્વજારોહણ કરવામાં આવે છે.

દેરાસરની પાસે શ્રાવક-શ્રાવિકા બંને માટે 'શ્રી જિન સરોજ વિહાર' નામનો ઉપાશ્રય પણ છે.

• • •

## (૨૦) શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય

### દેરાફળી, લુણાવાડા. તા. લુણાવાડા.

ગોધરાથી ૪૦ કિ. મી.ના અંતરે આવેલું લુણાવાડાના બજારમાં દેરાફળીમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીનું સાદા પત્થર અને આરસનું શિખરબંધી દેરાસર આવેલું છે.

૧૦ પગથિયાં ચઢતાં દેરાસરનું કમાનયુક્ત મુખ્ય પ્રવેશદ્વાર આવે છે, જ્યાં દિવાલ પર દેરાસરના જીર્ણોદ્ધારની વિગતો લખેલી જોવા મળે છે જે નીચે મુજબ છે.

નાની તકતીમાં :- સંવત ૧૯૯૨, શ્રાવણ સુદિ ૨ શુક્રવાર

શક સંવત ૧૫૬૩ હરખવિમળસૂરિ

"લુણાવાડા નગરમાં શ્રી વિશા નીમા જ્ઞાતિએ બનાવેલાં શ્રી વાસુપૂજ્ય જિનાલયનો પુનઃપ્રતિષ્ઠા મહોત્સવે વિ. સં. ૨૦૨૨ના માગશર સુદ ૬ સોમવારના રોજ પૂજ્યપાદ તપાગચ્છીયાચાર્ય શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં અભૂતપૂર્વ ઉજવાયો હતો તે પ્રસંગે મુખ્ય ગભારામાં પ્રભુજીઓને ગાદીનશીનના અમૂલ્ય આદેશો મેળવનારા પુણ્યશાળી સંઘ સેવકોની નામાવલી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામી પરીખ મહાસુખભાઈ જયચંદભાઈના પત્ની જેકોરબેન તથા કુટુંબીજન, જમણી બાજુ શ્રી આદીશ્વર ભગવાન ગાંધી ચીમનલાલ લલ્લુભાઈ અ. સૌ. ધીરજબેન તથા કુટુંબીજન, ડાબી બાજુ શ્રી સુમતિનાથ ભગવાન-શાહ અમૃતલાલ લલ્લુભાઈ તથા અ. સૌ. ધીરજબેન"

**તકતીમાં :-** "વિ. સં. ૨૦૨૬ માણિક્ય સાગરસૂરિ - વાસુપૂજ્યસ્વામી વિ. સં. ૨૦૨૨ સંભવનાથ" શ્રી વાસુપૂજ્યસ્વામી અને બાજુના શ્રી સંભવનાથ પ્રાસાદનો પ્રવેશદ્વાર અને રંગમંડપ એક જ છે.

અહીં ડાબી બાજુ ગોખલામાં શ્રી ક્ષેત્રપાલ દાદા અને શ્રી ધરણેન્દ્ર દેવની મૂર્તિ

બિરાજમાન છે. રંગમંડપમાં પ્રવેશતાં તરત જ દિવાલ પર વિવિધ તીર્થપટ છે જેમાં શ્રી સિદ્ધચક્ર, શ્રી સમેતશિખર, શ્રી ગિરનારજી અને શ્રી સિદ્ધાચલજી મુખ્ય છે. વળી શ્રીપાળ રાજા અને મયણાસુંદરીની સુંદર ઊભી પ્રતિમા અને શ્રી સિદ્ધચક્ર યંત્ર કાચની પેટીમાં આરક્ષિત છે. અહીં એક બાજુ દિવાલ પર એક લેખ છે જે નીચે મુજબ છે.

''નમઃ શ્રી પરમાત્માને

સકલ કુશલ વલ્લી, પુષ્કરાવર્ત મેઘો;
દુરિત તિમિર ભાનુઃ, કલ્પવૃક્ષોપમાનઃ,
ભવજલનિધિ પોતઃ, સર્વ સંપત્તિ હેતુઃ,
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિનાથ ।

નાભેયઃ શ્રીયમાદ ધાત્રુ તનુતાં શાંતિ ય શાંતિઃ સદા દયાધિષ્ટમરિષ્ટ નેમિ ૨ શીવમ વિદ્યાધ્ય પાર્શ્વપ્રભુઃ વીરઃ શ્રીર તુષાર નિર્મલ યશઃ શ્રેયાંશિ વીશ્રાણયત્વ અલ્પે શ્રી અજિતદયો જિનવરાઃ કુર્વતો યો મંગલં ॥ ૨ પ્રાસાદે કલશાધિરોપણ સમં બીંબે પ્રતિષ્ટોપમ પુણ્ય શ્રી સ્પષ્ટ સંવિભાગ કરણં । વિભ્રત્વિ શિષ્ટે જને । સોભાગ્યો પરિમંજરીમભિમિદં પૂર્ણે તપસ્ય વિધૌ યઃ શક્યાદ્ય મનં વારોતિ વિધિ સમ્યક્ દર્શા સોગ્રણીઃ ॥૩॥ સ્વસ્તિ શ્રી નૃપ વિક્રમાક્રરાજ્ય સમયાતીત સંવત ૧૭૯૨ વર્ષે શાળે ૧૬૫૮ પ્રવર્તમાને ઉત્તરાયન ગતે શ્રી સૂર્યે વસંત ઋતૌ મહામાંગલ્ય પ્રદદે માસોત્તમમાસે વૈશાખ માસે શુક્લ પક્ષે તૃતીયાં ૩ શનૌ શ્રીમદ્ ગુર્જરદેશે વીરપુરારવ્યે મંડલે શ્રીમલ્લવળપુરે ચૌલુવય વંશાધિરાજ મહારાણા શ્રી દયાલદાસજી તત્પટે ચંદ્રસેનજી તત્પટે શ્રી વીરસિંહજી તત્પટે મહારાજધિરાજ મહારાણા શ્રી નાહારસીંહજી તત્પટે કુમાર શ્રી જયસિંહ આત્મજ મહારાણા શ્રી વખતસિંહજી વિજય રાજ્યે તત્ર વાસ્તવ્યં શુદ શ્રાવક પુના પ્રજ્ઞાવક નીમા જ્ઞાતીય વૃદ્ધ શાખાયાં શ્રી સંઘ મુખ્ય ગાંધી લાલજી સુત વિસરામ સુત રાયચંદ તથા સમસ્ત સંઘેન શ્રી વાસુપૂજ્ય પ્રાસાદ કારિતઃ । શ્રીમદ્ રાજવિજયસૂરિ તપગચ્છે તત્પટે શ્રી હરૈરત્નસૂરિરન્વયે પૂ. પંડિતોત્તમ પંડિત શ્રી યશોવિમળ ગણિ તચ્છિષ્યોદ્યો પ. શ્રી વિદ્યાવિમલ ગણિ શ્રી પ્રીતિવિમલજી પંડિત શ્રી જ્ઞાનવિમલેન પં. હર્ષવિમલ યુતૈઃ શ્રી વાસુપૂજ્ય પ્રાસાદ પ્રતિષ્ઠિતઃ

શ્રી ગણિવિનયવિમલ ઉપદેશાત્ ચિરંનંદતુ''

અહીંથી ચાંદીજડિત પ્રવેશદ્વારમાંથી પ્રવેશતાં ગૂઢમંડપમાં પ્રવેશ થાય છે. પ્રવેશદ્વારની ઉપરની બાજુએ દિવાલ ઉપર "ૐ", "હ્રીઁ" તથા "દ્વાદશાંગ પુરુષ" સુવર્ણરંગમાં ચિત્રિત કરેલ છે. અહીં બે બાજુ બે ગોખમાં તેમજ ગર્ભદ્વારની બહાર બે બાજુ ગોખમાં તીર્થંકર પરમાત્માની પ્રતિમા બિરાજમાન છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનની ૧૧" ની પરિકર સહિતની પ્રતિમા બિરાજમાન છે. દેરાસરમાં કુલ ૭ પાષાણ પ્રતિમાઓ અને ૬ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે જેમાં બે ચાંદીની પ્રતિમા તથા એક ચાંદીની ચોવીસી છે.

વિ. સં. ૧૭૯૨માં દેરાસરની પ્રથમ પ્રતિષ્ઠા મુનિ શ્રી નયવિમલસૂરિજી મ. સા. ની નિશ્રામાં ચલપ્રતિષ્ઠા થઈ હતી. તેમજ વિ. સં. ૨૦૨૨માં દેરાસરની દ્વિતીય પ્રતિષ્ઠા આચાર્ય શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં થયેલ જેનો લાભ મહાસુખભાઈ જયચંદભાઈ પરીખ પરિવારે લીધો હતો.

દેરાસરની વર્ષગાંઠ તિથિ માગશર સુદ ૬ છે જે નિમિત્તે શેઠ શ્રી નગીનદાસ મહાસુખભાઈ પરીખ પરિવાર તરફથી સ્વામી-વાત્સલ્ય રાખવામાં આવે છે તેમજ શ્રી રજનીકાંત વાડીલાલ ગાંધી પરિવાર તરફથી ધ્વજારોહણ કરવામાં આવે છે.

આ લુણાવાડા ગામનું પ્રાચીન નામ લવણપુર હતું. આ ગામમાં હાલ શ્રાવક-શ્રાવિકાના કુલ ૩ ઉપાશ્રય છે તેમાં દેરાસરની સામે આવેલા ઉપાશ્રયમાં આ. શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ. સા. ની પ્રતિમા છે. વળી જ્ઞાનભંડાર પણ છે અને શ્રી ગુલાબવિજય જૈન પાઠશાળા છે જેમાં ૨૫ વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ મેળવે છે.

ગામમાં હાલ આશરે ૧૩૦ જૈન કુટુંબો વસે છે. છેલ્લા ૫૦ વર્ષમાં ગામમાંથી ૪૦ મુમક્ષુઓએ દીક્ષા ગ્રહણ કરેલ છે. છેલ્લે વિ. સં. ૨૦૫૯ના મહા સુદ ૭ના રોજ ગામની એક યુવતીએ દીક્ષા ગ્રહણ કરી હતી.

**વિશેષ :-** દેરાસરની વર્ષગાંઠના દિવસે ચાંદીનો રથ ગામમાં રથયાત્રા દરમિયાન ફેરવવામાં આવે છે.

પૂ. શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ. સા. આ જ ગામમાં કાળધર્મ પામ્યાં હતા અને તેમને અગ્નિદાહ પણ આ જ ગામમાં આપવામાં આવેલ જે સ્થળે હાલ તેઓશ્રીનાં પગલાં છે. ભવિષ્યમાં મોટું ગુરુમંદિર બનાવવામાં આવનાર છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૩૨ પાષાણ પ્રતિમાઓ અને ૩૯ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે આ દેરાસર બંધાવ્યું હતું. મહાસુખરામ ખેમચંદ તેનો વહીવટ કરતા હતા. મૂળનાયક ભગવાનની પ્રતિમાપર લેખની સંવત ૧૬૯૭ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

• • •

## (૨૧) શ્રી સંભવનાથસ્વામી જિનાલય

### દેરાફળી, લુણાવાડા. તા. લુણાવાડા.

શ્રી વાસુપૂજ્યસ્વામી પ્રાસાદની બાજુમાં જ મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનનું સાદા પત્થર તથા આરસનું બનેલું ભોંયરાવાળું શિખરબંધી દેરાસર આવેલું છે.

શ્રી વાસુપૂજ્યસ્વામી પ્રાસાદ અને આ દેરાસરનું પ્રવેશદ્વાર એક જ છે જ્યાંથી

નૃત્યમંડપમાં પ્રવેશ થાય છે. પ્રવેશતાં જ તુરંત દિવાલ પર વિવિધ તીર્થપટ તથા શ્રીપાળ રાજા અને મયણાસુંદરીના જીવનપ્રસંગો ચિત્રિત કરેલાં છે. વળી ગોખલામાં શ્રી પદ્માવતી દેવી અને શ્રી ગૌતમસ્વામીની પ્રતિમા છે. નૃત્યમંડપની જમણી બાજુ ૨-૩ પગથિયાં ચઢીને રંગમંડપમાં પ્રવેશ થાય છે, જ્યાં ગુરુમહારાજના ૫ જોડ પગલાં તેમજ પ્રવેશદ્વારની બે બાજુ ગોખલામાં યક્ષ-યક્ષિણીની મૂર્તિ તેમજ શ્રી માણિભદ્રવીરની મૂર્તિ બિરાજમાન છે. અહીંથી ગૂઢમંડપમાં પ્રવેશ થાય છે જ્યાં જમણી બાજુ ગોખમાં શ્રી સીમંધરસ્વામીની પાષાણ પ્રતિમા બિરાજમાન છે. અહીં દિવાલ પર લેખ છે જે નીચે મુજબ છે.

"સં. ૧૯૫૧ વર્ષે લુણાવાડા નગરે મહારાણા શ્રી વખતસિંહજી કે. સી. આઈ. ઉપપદ્ધારક સ્વરાજ્યે લૌંકાગચ્છીય શ્રી પૂજ્ય શ્રી નરપતિ ચંદ્રસૂરીશ્વર સ્ય પાર્શ્વો નિમા વંશીય વૃદ્ધ શાખાયાં સાહ શ્રી પસા કેવલદાસ તત્સુત કુબેરદાસસ્ય ભાર્યા જમનાબાઈના પ્રતિષ્ઠા કારાપિતા માહા સુદ ૧૩ ગુરુ. "

ત્રણ ગર્ભદ્વારવાળા ગભારા પૈકી મુખ્ય ગભારા મધ્યે મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનની ૧૯" ની પ્રતિમા બિરાજમાન છે. દેરાસરમાં કુલ ૧૮ પાષાણ પ્રતિમાઓ અને ૨૯ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ છે.

"સંવત ૧૯૮૩ના વર્ષ સાકે ૧૭૬૮ પ્રવર્તમાને માઘ માસે કૃષ્ણ પક્ષે પંચમ્યાં ભૃગૌવાસરે અહમદાવાદ વાસ્તવ્ય ઉસવાલ જ્ઞાતીય વૃદ્ધશાખાયાં સીસોદીયા વંશે કુંકુમતીલ ગોત્રીય શ્રેષ્ઠી વખતચંદ ખુસાલચંદ તસ્ય . . . . . . . . . . . . . . "

નૃત્યમંડપમાંથી ભોંયરામાં પ્રવેશ થાય છે જ્યાં મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાનની ૧૫" ની પ્રતિમા સહિત ૭ પાષાણ પ્રતિમાઓ અને શ્રી પદ્માવતી દેવીની મૂર્તિ બિરાજમાન છે તથા રંગમંડપમાં શ્રી પાવાપુરીનો પટ છે.

શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ છે.

"સંવત ૧૮૯૩ શાકે ૧૭૦૫ માઘ માસે કૃષ્ણ પક્ષે ૧૦ તિથૌ બુધવાસરે શ્રી રાજનગર વાસ્તવ્ય ઉસવાલ જ્ઞાતીય સા. ખીમાસા નીહાલચંદ તસ્ય પુત્ર ખુસાલચંદ તસ્ય પુત્ર કેસરીચંદ ભાર્યા સુરતબાઈ સ્વ. શ્રેયાર્થં શ્રી અજિતનાથ સ્વામિ બિંબં કારાપિતં . . . . . . . . . . . શ્રી શાંતિસાગરસૂરીશ્વરભિઃ પ્રતિષ્ઠાપિતં . . . . . . . . . . . . "

નૃત્યમંડપમાંથી જમણી બાજુ બહાર આવતાં ચોકમાં નાનું ગુરુમંદિર છે જ્યાં ગચ્છાધિપતિ આચાર્ય શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ. સા. ની આરસની પ્રતિમા બિરાજ-માન છે.

• • •

# (૨૨) શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય

## લુણાવાડા. તા. લુણાવાડા.

પંચમહાલ જિલ્લાનાં લુણાવાડા ગામમાં પીપલી બજાર મધ્યે ખારાકુવા વિસ્તારમાં મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનનું આરસનું બનેલું, ભોંયરા સાથેનું, બે માળનું શિખરબંધી દેરાસર આવેલું છે. બજારના મુખ્ય માર્ગ પરથી નાની ગલીમાં પ્રવેશી તુરત તેનું પ્રવેશદ્વાર આવે છે.

ત્રણ બાજુથી વીસેક પગથિયાં ચઢતાં પત્થરનાં કોતરણીયુક્ત સ્તંભો તથા કમાનો છે. પ્રવેશદ્વારની આજુબાજુ દ્વારપાળની કૃતિ છે. અહીં બહાર ઓટલા પર ૩ ગોખ પૈકી મધ્યના ગોખમાં શ્રી માણિભદ્રવીરની મૂર્તિ તથા આજુબાજુના ગોખમાં શ્રી મણિવિજયજી મ. સા. અને શ્રી ગુલાબવિજયજી મ. સા. ની પ્રતિમા બિરાજમાન છે. પ્રવેશદ્વારની ઉપરની ધાબાની દિવાલ પર ત્રણ સુંદર ઝરૂખાની રચના છે તથા રંગીન પૂતળીઓ અને સુંદર ફૂલો ઉપસાવેલાં દેખાય છે. દેરાસરની બજાર તરફની બહારની દિવાલ પર પણ સુંદર કોતરણી છે.

જર્મન-સિલ્વરના બનેલાં ચાર પ્રવેશદ્વારમાંથી રંગમંડપમાં પ્રવેશ થાય છે જ્યાં છતમાં શ્રી મહાવીરસ્વામીના ૨૭ ભવ અને જીવનચરિત્રના અંશોનું સુંદર ચિત્રકામ છે. રંગમંડપમાં સુંદર રંગીન કમાનોથી યુક્ત સ્તંભો પણ જોવા મળે છે.

રંગમંડપમાં ગભારાની આજુબાજુ ભમતી માટેની જગ્યામાં જવાના બે દ્વાર છે તેમજ ગર્ભદ્વારની બહાર બે બાજુ ગોખમાં સામ-સામે શ્રી અરિહંત પ્રભુની પ્રતિમાજી તથા શ્રી પદ્માવતી માતા અને શ્રી ધરણેન્દ્ર દેવની મૂર્તિ બિરાજમાન છે. વળી, વિવિધ તીર્થપટ અને તીર્થંકર પરમાત્માના જીવનચરિત્રના અંશાનું ચિત્રણ પણ જોવા મળે છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની ૨૭" ની પ્રતિમા સહિત ૧૦ પાષાણ પ્રતિમાઓ (ગભારામાં ૮+ રંગમંડપમાં ૨) અને ૧૭ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

પાંચેક પગથિયાં ચઢીને ઉપર શિખરમાં નાનો ગભારો છે જ્યાં શ્રી ધર્મનાથ ભગવાનની ૧૫" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ બિરાજમાન છે. અહીં છતમાં શ્રી નેમિનાથ ભગવાનની જાનનું સુંદર રંગીન ચિત્રકામ જોવા મળે છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ શ્રાવણ સુદ ૧ છે. તે નિમિત્તે સંઘ તરફથી સ્વામી વાત્સલ્યનું આયોજન કરવામાં આવે છે, પૂજા ભણાવવામાં આવે છે તેમજ ચઢાવો બોલીને ધ્વજારોહણ કરવામાં આવે છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૮ પાષાણ પ્રતિમાઓ અને ૧૬ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે સંવત ૧૯૪૦માં આ દેરાસર

બંધાવ્યું હતું. શ્રી શંકરલાલ ગોકલદાસ તેનો વહીવટ કરતાં હતા. ૧ ગુરુમૂર્તિનો ઉલ્લેખ છે. દેરાસરની સ્થિતિ સારી હતી.

• • •

## (૨૩) શ્રી કુંથુનાથ ગૃહ ચૈત્ય

### શ્વેતાંબર ઘરદેરાસર, મોટા બજાર, સંતરામપુર. તા. સંતરામપુર.

સંતરામપુર તાલુકાના મોટા બજાર મધ્યે શ્રી મહેશભાઈ ભગવાનદાસ ગાંધીના ઘરમાં નાના રૂમમાં દેરાસર બનાવવામાં આવ્યું છે. જેમાં નાની ઓટલી જેવું બનાવી મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનની ૧૧" ની પાષાણ પ્રતિમા તથા ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ પ્રાપ્ત થાય છે.

"વિ. સં. ૨૦૩૨ વીર સં. ૨૧૦૨ શ્રી કુંથુનાથ જિનબિંબ સંતરામપુર ગુજરાત નિવાસી ગાંધી સનત્કુમાર ભગવાનદાસ શણગારીબેન પ્રતિષ્ઠીતં તપાગચ્છીય . . . . . . . . . . . . શ્રી કુંથુનાથ જિનબિંબ કારાપિતં."

સુશ્રાવિકા શ્રીમતી શણગારીબેને ઉપધાન તપની આરાધના કરેલ ત્યારબાદ તેમની ધર્મભાવનાથી પ્રેરાઈને વિ. સં. ૨૦૩૨માં સદર ઘરદેરાસરની પ્રતિષ્ઠા શ્રી મહેશભાઈના માંતૃશ્રી શણગારીબેન તથા ભાઈ સનતકુમારના હસ્તે કરવામાં આવી હતી.

ગામમાં હાલ ૧૦ જૈન કુટુંબો વસે છે.

• • •

## (૨૪) શ્રી સુમતિનાથ જિનાલય

### રામપુરા. તા. જાંબુઘોડા.

જાંબુઘોડાથી ૧ કિ. મી.ના અંતરે આવેલું રામપુરા ગામમાં મૂળનાયક શ્રી સુમતિનાથ પ્રભુનું ઘરદેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વારવાળા ગભારા મધ્યે મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની ૧૩" ની પ્રતિમા સહિત ૨ પાષાણ પ્રતિમાઓ તેમજ ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૯માં પૂ. જગચ્ચચંદ્રસૂરિ મ. સા. ની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

ગામમાં શ્રી સુમતિનાથ જૈન પાઠશાળા આવેલ છે. તેમાં આશરે ૩૦ વિદ્યાર્થીઓ ધાર્મિક

શિક્ષણ મેળવે છે. ગામમાં આશરે ૧૦ થી ૧૫ જૈન કુટુંબો વસે છે.

• • •

## (૨૫) શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જિનાલય

### ઉઢવાણ. તા. જાંબુઘોડા.

જાંબુઘોડાથી ૧ કિ. મી.ના અંતરે આવેલું ઉઢવાણ ગામ મધ્યે શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું શિખરબંધી દેરાસર આવેલું છે.

બે ગર્ભદ્વાર દ્વારા ગભારામાં પ્રવેશતાં મુખ્ય ગભારામાં મૂળનાયક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથની ૨૧" ની પ્રતિમા સહિત ૪ પાષાણ પ્રતિમાઓ અને ૧ ધાતુના પ્રતિમા બિરાજમાન છે.

આચાર્ય શ્રી ઇન્દ્રદિન્નસૂરિ મ. સા. ની નિશ્રામાં રાંકા પરિવાર (સાદડીવાળા) ના હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

દેરાસરની વર્ષગાંઠ તિથિ જેઠ સુદ ૫ છે. તે નિમિત્તે શ્રીસંઘજમણ રાખવામાં આવે છે તેમજ ધ્વજારોહણ કરવામાં આવે છે.

પ્રાચીન ઉખાણ નામથી પ્રચલિત ઉઢવાણ ગામમાં શ્રી પાર્શ્વનાથ જૈન પાઠશાળા આવેલી છે જ્યાં આશરે ૪૦ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે. ગામમાં ઉપાશ્રયનું બાંધકામનું કાર્ય હાલ ચાલુ છે.

ગામમાં હાલ આશરે ૨૦ થી ૨૫ જૈન કુટુંબો વસે છે તેમજ છેલ્લા ૫૦ વર્ષમાં ગામમાંથી ૧ વ્યક્તિએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

• • •

## (૨૬) શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય

### ખોડસલ. તા. જાંબુઘોડા.

જાંબુઘોડાથી ૧૦ કિ. મી.ના અંતરે આવેલા ખોડસલ ગામ મધ્યે શ્રી વાસુપૂજ્યસ્વામીનું એક શિખરવાળું દેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વાર દ્વારા ગભારામાં પ્રવેશતાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની ૧૭" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ અને ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

વિ. સં. ૨૦૨૩માં આચાર્ય શ્રી ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં શેઠ શ્રીવિરેન્દ્રભાઈ પોપટલાલ ભીખાચંદ ઝવેરી (મુંબઈ) પરિવારના હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૧૦ છે. તે નિમિત્તે શ્રીસંઘજમણ રાખવામાં આવે

છે તેમજ ધ્વજારોહણ મહોત્સવ યોજાય છે.

ગામમાં શ્રાવકોનો એક ઉપાશ્રય તેમજ શ્રી વાસુપૂજ્યસ્વામી જૈન પાઠશાળા આવેલ છે. પાઠશાળામાં આશરે ૩૦ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે. ગામમાં હાલ આશરે ૧૦ થી ૧૫ જૈન કુટુંબો વસે છે.

## (૨૭) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય

### લફણી. તા. જાંબુઘોડા.

જાંબુઘોડાથી ૧૩ કિ. મી.ના અંતરે આવેલા લફણી ગામ મધ્યે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું એક શિખરવાળું દેરાસર આવેલું છે.

એક ગર્ભદ્વાર દ્વારા ગભારામાં પ્રવેશતાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની ૧૭" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ અને ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૨૦માં પૂ. આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વર મ. સા. ની નિશ્રામાં શેઠ શ્રી કેશવલાલ કપડવંજવાળા પરિવારના હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

દેરાસરની વર્ષગાંઠ તિથિ જેઠ સુદ ૫ છે. તે નિમિત્તે ધ્વજા બદલવામાં આવે છે અને જમણવાર પણ કરવામાં આવે છે.

ગામમાં શ્રાવકોનો ઉપાશ્રય - શેઠ શ્રી કેશવલાલ આરાધના ભવન તેમજ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન પાઠશાળા આવેલી છે જે હાલ બંધ છે.

ગામમાં હાલ આશરે ૩૫ થી ૪૦ જૈન કુટુંબો વસે છે તેમજ છેલ્લા ૫૦ વર્ષમાં ૯ વ્યક્તિઓએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

અહીં શ્રી રત્નાકરસૂરીશ્વરજી મ. સા.ના ઉપદેશથી શિખરબંધી દેરાસરના નિર્માણનું કાર્ય ચાલુ છે.

• • •

# દાહોદ જિલ્લાનાં જિનાલયો

# દાહોદ જિલ્લાનાં જિનાલયો

## (૧) શ્રી શાંતિનાથ જિનાલય

### મેઈન બઝાર, ઝાલોદ રોડ-હાઈવે, લીમખેડા.

લીમખેડાના મુખ્ય બજારમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનનું સામરણયુક્ત શિખરવાળું, આરસનું બનેલું પ્રથમ માળ પર દેરાસર આવેલું છે.

દેરાસરના પ્રવેશદ્વાર પર ઊભેલા દ્વારપાળની આકૃતિ છે જ્યાંથી રંગમંડપમાં પ્રવેશ થાય છે. અહીં બે બાજુ શ્રી માણિભદ્રવીર અને શ્રી પદ્માવતી માતાની પ્રતિમા બિરાજમાન છે.

મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૨૫" ની પરિકરયુક્ત પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ અને ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ પ્રાપ્ત થાય છે.

"વિ. સં. ૨૦૫૬ વૈશાખ માસ કૃષ્ણ પદ પ્રતિપદા તયો બુધવાસરે લીમખેડા નગરે અંજનશલાકા મહોત્સવે મૂળનાયક શ્રી શાંતિનાથ જીન બીમ્બ પ્રતિષ્ઠિત આગમોદ્ધારક આચાર્ય શ્રી આનંદસાગરસૂરીશ્વર ના પટ્ટધરાચાર્ય માલવદેશોદ્ધારક આચાર્ય શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરશ્વા આચાર્ય નવરત્નસાગરસૂરીશ્વરભિઃ મુનિ શ્રી જિનરત્નસાગર આદી મુનીશ્વરે યુક્તેણ કારાપીતમ્ . . . . . . . . . . . . . . . . . . . . . . નિવાસી. "

વિ. સં. ૨૦૫૬માં આચાર્ય શ્રી નવરત્નસાગરસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શેઠ શ્રી દિનેશભાઈ કાંતિલાલ ભણસાલીએ પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો.

દેરાસરની વર્ષગાંઠ તિથિ ચૈત્ર વદ ૨ છે જે નિમિત્તે સંઘ તરફથી શ્રીસંઘજમણ રાખવામાં આવે છે તેમજ શેઠ શ્રી મણીલાલ ચુનીલાલ માંડીબારવાળા પરિવાર તરફથી ધ્વજારોહણ કરવામાં આવે છે.

દેરાસરની નીચે શ્રાવકનો ૧ ઉપાશ્રય છે.

ગામમાં હાલ આશરે ૪ જૈન કુટુંબો વસે છે.

## (૨) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય

### નીચવાસ, બજાર, રણધીકપુર. તા. લીમખેડા.

લીમખેડાથી ૨૨ કિ. મી.ના અંતરે આવેલાં રણધીકપુર ગામમાં નીચવાસ બજારમાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી, સાદા પત્થર અને આરસનું દેરાસર આવેલું છે.

આરસના રંગમંડપવાળા દેરાસરમાં બહારની કમાન પાસે નીચે ડાબી-જમણી બાજુ હાથી પર સજોડ માનવ આકૃતિ, ઉપર કમાન પાસે વાજિંત્ર સાથે બે પૂતળીઓ અને બાજુમાં બે પૂતળીઓ જોવા મળે છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની ૧૩" ની પાષાણ પ્રતિમા તથા ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

આચાર્ય શ્રી નિરંજનસાગરજી મ. સા. ની નિશ્રામાં દેરાસરની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી જેનો લાભ શેઠ શ્રી અજબલાલ ભેરાજી ધોકાએ લીધો હતો.

દેરાસરની વર્ષગાંઠ તિથિ માગશર સુદ ૭ છે. તે નિમિત્તે સંઘ તરફથી શ્રીસંઘજમણ રાખવામાં આવે છે તેમજ લાડવાની પ્રભાવના કરવામાં આવે છે. શેઠ શ્રી સમીરમલજી સાગરમલજી બાફના પરિવાર તરફથી ધ્વજારોહણ કરવામાં આવે છે.

ગામમાં શ્રાવક-શ્રાવિકાનો ૧-૧ ઉપાશ્રય તેમજ પાઠશાળા છે.

ગામમાં હાલ આશરે ૮ જૈન કુટુંબો વસે છે.

• • •

## (૩) શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય

### હનુમાન બજાર, દાહોદ.

દાહોદ મધ્યે હનુમાન બજાર, માર્કેટયાર્ડમાં મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું શિખરબંધી, આરસનું દેરાસર આવેલું છે.

૭ પગથિયાં ચઢતાં મોટો ચોક તથા બેઠક આવે છે જ્યાંથી ૩ પગથિયાં ચઢતાં સ્તંભ, પૂતળી અને કમાનથી શોભતી ૩ ચોકી આવે છે જ્યાંથી ૫ કાષ્ઠના દ્વારમાંથી રંગમંડપમાં પ્રવેશ થાય છે.

**પ્રશસ્તિ :-** "શ્રી દાહોદ શહેરના શ્રી જૈન શ્વે. મૂ. પૂ. સંઘે આશરે એંશી કરતાં વધુ વર્ષના પ્રાચીન અને જીર્ણ બનેલા આ ગૃહ જિનાલયનો જીર્ણોદ્ધાર વિ. સં. ૨૦૨૮ના વર્ષે શરૂ કરાવીને સં. ૨૦૩૩માં પૂરો કરાવ્યો. તે સ્થાને આ ભવ્ય શિખરબંધી જિનાલય બંધાવ્યું છે. આ જિનાલયના ઉત્થાપન (સં. ૨૦૨૮ના મહા વદિ ૩ ગુરુવાર તા. ૩-૨-૭૨) ખનન ૨૦૨૮ ફાગણ વદિ ૧ બુધવાર ૧-૩-૭૨, શિલાસ્થાપન સં. ૨૦૨૮ ફાગણ વદિ ૮ બુધવાર તા. ૮-

૩-૭૨, તથા નૂતન જિનાલયમાં પ્રભુ પ્રવેશ સં. ૨૦૨૯ વૈશાખ વદિ ૧૧ સોમવાર ૨૮-૫-૭૩ આદિનાં તમામ શુભમુહૂર્તો પ. પૂ. શાસન સમ્રાટ તપા. આ. શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજના પટ પૂ. આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજીના પટ પૂજ્ય આ. શ્રી નંદનસૂરીશ્વરીજી મહારાજે ફરમાવ્યા પ્રમાણે કરવામાં આવ્યો છે અને પૂ. શા. સ.ના પટ વિજ્ઞાનસૂરીશ્વરજીના પટ પૂ. આ. શ્રી કસ્તુરસૂરીશ્વરજીના પટ યશોભદ્રસૂરીશ્વરજીના પટ આ. શ્રી વિજયશુભંકરસૂરિજી તથા તેમના પટ પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરિજી આદિની પુનિત નિશ્રામાં ભવ્ય અષ્ટાન્હિકા મહોત્સવ પૂર્વક વિ. સં. ૨૦૩૩ના વૈશાખ વદિ ૧૧ શુક્રવાર તા. ૧૩-૫-૭૭ના દિવસે શુભ લગ્ને આ જિનાલયમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન વગેરે સાત જિનબિંબો તથા યક્ષ-યક્ષિણીની પ્રતિષ્ઠા શ્રી સંઘે કરાવી છે. આ લેખ મુનિ શ્રી શીલચંદ્રવિજયજી મહારાજે લખ્યો છે. શુભં ભવતુ સંઘસ્ય. ”

રંગમંડપમાં ઘુમ્મટમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના ૧૦ ભવ, ૨૪ યક્ષ-યક્ષિણી, ૨૪ ભગવાન, નવગ્રહ, અષ્ટમંગલનું ચિત્રકામ જોવા મળે છે. અહીં દિવાલ પર વિવિધ તીર્થપટ જોવા મળે છે. ગભારાની બહાર સામ-સામે બે ગોખમાં શ્રી પાર્શ્વયક્ષ અને શ્રી પદ્માવતી માતાની મૂર્તિ બિરાજમાન છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૧૫" ની પ્રતિમા સહિત ૭ પાષાણ પ્રતિમાઓ તથા ૧૪ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે તેમજ ડાબી બાજુના ગોખમાં શ્રી ગૌતમસ્વામીની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ભગવાનની પ્રતિમા પરના લેખમાં સં. ૧૫૪૫ વાંચી શકાય છે.

શિખરમાં એક નાની ઓરડીમાં દર્શનીય પ્રતિમા બિરાજમાન છે.

ડાબી તરફ કેસર-સુખડની રૂમની બાજુમાં શ્રી જિનદત્તસૂરિ અને શ્રી જીનકુશલસૂરિનાં પગલાં બિરાજમાન છે. પગલાં પર લેખ “સં. ૧૯૫૨ માઘ સુદી ૨ ને ગુરુવારે . . . . . . . . . . . . . ” વાંચી શકાય છે.

વિ. સં. ૨૦૩૩માં શ્રી શુભંકરસૂરિજીની નિશ્રામાં શેઠ શ્રી નગીનદાસ ગીરધરલાલ પરિવારે પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો.

દેરાસરની વર્ષગાંઠ તિથિ વૈશાખ વદ ૧૧ છે. તે નિમિત્તે સંઘ તરફથી શ્રીસંઘજમણ રાખવામાં આવે છે, પ્રભાવના કરવામાં આવે છે તેમજ ચઢાવો બોલી ધ્વજારોહણ કરવામાં આવે છે.

ગામમાં શ્રાવક-શ્રાવિકાના બંનેના ઉપયોગ માટે એક જ ઉપાશ્રયમાં બે ઉપાશ્રય છે. આશરે ૫૦ પુસ્તકો ધરાવતો જ્ઞાનભંડાર તેમજ પાઠશાળા છે.

● ● ●

## (૪) શ્રી સીમધંરસ્વામી રાજેન્દ્ર જૈન મહાતીર્થ

### ઈન્દોર હાઈવે, દાહોદ.

દાહોદ ઈન્દોર હાઈવે પર ત્રિશિખરી દેરાસર બની રહ્યું છે જ્યાં મૂળનાયક શ્રી સીમંધરસ્વામીની ૬૧" ની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવનાર છે.

એક ઓરડીમાં નાની છત્રીમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૭ ધાતુ પ્રતિમાઓ તેમજ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રતિમા પરોણાં બિરાજમાન છે.

અહીં ધર્મશાળા તેમજ ભોજનશાળાની વ્યવસ્થા થનાર છે, તેમજ ગ્રંથાલય બનાવવાની યોજના છે.

• • •

## (૫) શ્રી અજિતનાથ જિનાલય

### જૈન દેરાસર ફળિયું, ઝાલોદ.

ઝાલોદ ગામના જૈન દેરાસર ફળિયામાં પ્રવેશતાં સામે જ મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાનનું શિખરબંધી, સાદા પત્થર તથા આરસનું દેરાસર આવેલું છે.

લોખંડના ઝાંપામાંથી પ્રવેશતાં બે બાજુ કેસર-સુખડની રૂમ તથા સામાનની રૂમ છે. ૫ પગથિયાં ચઢતાં નાનો ચોક આવે છે જ્યાંથી ૭ પગથિયાં ચઢતાં સ્તંભોવાળા રંગમંડપમાં પ્રવેશ થાય છે. અહીં દિવાલ પર પ્રશસ્તિ લેખ છે જે નીચે મુજબ છે.

"ણમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરો,

પરમ પૂજ્ય આગમોદ્ધારક આણાયે અંદર શ્રી આનંદસાગરજી -સૂરીશ્વરેભ્યો નમઃ

પ. પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગર ગણિવરાણાં વિનેયાય તસાનાં પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી અભયસાગર ગણિવરાણં સત્પ્રેરણયા અત્ર...... કારિતે નૂતન ભવ્ય જિનાલયે પ્રાચીન જિનબિંબ પુનઃસ્થાપિતાનિ શ્વેતાંબરીય તપાગચ્છીય શ્રી આનંદસાગરસૂરીશ્વરાણાં વિનેયાય તં સૈ .......... આચાર્ય શ્રી ચિદાનંદસાગરસૂરીશ્વરૈઃ પ. પૂ. પન્યાસ લાભસાગરાદિભિઃ

વીર સંવત ૨૫૦૭ વિક્રમ સંવત ૨૦૩૭ માઘ કૃષ્ણ તૃતીયાયાં રવિવાસરે. "

અહીં એક બાજુ ગોખમાં શ્રી માણિભદ્રવીરની તેમજ ગર્ભદ્વાર બહાર સામ-સામે ગોખમાં યક્ષ-યક્ષિણીની મૂર્તિ બિરાજમાન છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાનની ૧૫" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે.

મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિમા પરના લેખમાં,

"મૂળનાયક અજિતનાથ બિંબં સ્વકુટુંબ શ્રેયાર્થં . . . . . . . . . . ભંડારી વાસં બાપુલાલે" આટલું જ વંચાય છે.

અન્ય એક પ્રતિમા પર સં. ૧૭૨૧ વંચાય છે.

દેરાસરની દિવાલમાં ડાબી તરફ એક ગોખલામાં હાથી પર બેઠેલાં મરૂદેવા માતાની શ્યામ આરસમાં કૃતિ તેમજ શ્રી જિનદત્તસૂરીશ્વરનાં પગલાંની જોડ બિરાજમાન છે.

પગલાં પરનો લેખ :-

"૧૭૫૧ ઝાલોદ સંઘ શ્રી જૈન સંઘ"

આ દેરાસર પહેલાં ઘરદેરાસર હતું. ત્યાર બાદ જીર્ણોદ્ધાર કરાવી શિખરબંધી દેરાસર બનાવવામાં આવ્યું અને તે સમયે આચાર્ય શ્રી ચિદાનંદસાગર સરીશ્વર તથા પૂ. લાભસાગર-સૂરિની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ જેનો લાભ શેઠ શ્રી બાબુલાલ સૌભાગ્યચંદ ભંડારી પરિવારે લીધેલ છે.

દેરાસરની વર્ષગાંઠ-તિથિ મહા વદ ૩ છે. તે નિમિત્તે ધ્વજારોહણ કરવામાં આવે છે.

આશરે ૧૫ જૈન કુટુંબોની વસ્તી ધરાવતાં ગામમાં શ્રાવકનો ૩ માળનો શ્રી અજિતનાથ જૈન ઉપાશ્રય છે તેમજ આશરે ૮૦ પુસ્તક ધરાવતો જ્ઞાનભંડાર પણ છે.

• • •

## (૬) શ્રી શાંતિનાથ જિનાલય

### દેરાવાસ, ખીમસરા બજારની સામે, લીમડી. તા. ઝાલોદ.

ઝાલોદથી ૧૧ કિ. મી.ના અંતરે આવેલ લીમડી ગામમાં ખીમસરા બજારની સામે દેરાવાસમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનનું શિખરબંધી, સાદા પત્થર અને આરસનું દેરાસર આવેલું છે.

"મોક્ષમાર્ગ પ્રવેશદ્વાર"માંથી દેરાસરના રંગમંડપમાં પ્રવેશ થાય છે જયાં સામેના દ્વાર પર "મુક્તિમાર્ગ પ્રવેશદ્વાર" લખેલ છે. રંગમંડપમાં વાજિંત્રો વગાડતાં શિલ્પ તેમજ તીર્થંકર પરમાત્માના જીવનચરિત્રને દર્શાવતાં અંશોના ચિત્રકામવાળા પટ જોવા મળે છે. ગભારાની બહાર ગોખમાં યક્ષ-યક્ષિણીની મૂર્તિ બિરાજમાન છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૧૫" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૫ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા પરના લેખમાં સં. ૧૬૫૧ વાંચી શકાય છે.

સ્થાનિક વડીલોનાં જણાવ્યા મુજબ મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા સંપ્રતિ રાજાના સમયની છે.

દેરાસરની સ્થાપના વિ. સં. ૨૦૦૮માં થયેલ છે જેનો જીર્ણોદ્ધાર વિ. સં. ૨૦૧૯માં થયેલ છે. આ. શ્રી પૂર્ણાનંદસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં પુનઃપ્રતિષ્ઠા થયેલ છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૬ છે. તે નિમિત્તે સંઘ તરફથી શ્રીસંઘજમણ રાખવામાં આવે છે તેમજ ચઢાવો બોલીને ધ્વજારોહણ કરવામાં આવે છે.

આ વિસ્તારમાં શ્રાવક-શ્રાવિકાનો ૧-૧ ઉપાશ્રય આવેલ છે તેમજ આશરે ૫૦ થી ૬૦ પુસ્તક ધરાવતો જ્ઞાનભંડાર છે. આયંબિલની ઓળીમાં અહીં આયંબિલ કરાવવામાં આવે છે.

ગામમાં હાલ ૬૦ જૈન કુટુંબો વસે છે તેમજ છેલ્લા ૫૦ વર્ષમાં ગામમાંથી ૧ મુમુક્ષુએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

• • •

## (૭) શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જિનાલય

### શ્રી શાંતિનાથજીના દેરાસરની બાજુમાં, લીમડી. તા. ઝાલોદ.

લીમડી ગામમાં ખીમસરા બજારની સામે શ્રી શાંતિનાથજીના દેરાસરની બાજુમાં મૂળનાયક શ્રી સહસ્રફણા પાર્શ્વનાથનું શિખરબંધી, સાદા પત્થર અને આરસનું દેરાસર આવેલું છે.

દેરાસરમાં વિવિધ તીર્થપટ તેમજ ગભારાની બહાર યક્ષ-યક્ષિણીની મૂર્તિ બિરાજમાન છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી સહસ્રફણા પાર્શ્વનાથની ૪૧" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ છે.

"તીર્થોદ્ધારક આચાર્ય શ્રી વિજય નેમીસૂરીશ્વર શ્રી વિજય શુભંકરસૂરીશ્વરૈઃ ઇદમ્ બીમ્બં પ્રતિષ્ઠિત. સ્વસ્તિ શ્રી વિ. સં. ૨૦૫૫ વૈશાખ સુદ - ૫ સોમવાર લીમડી નગરે ધરણેન્દ્ર પદ્માવતી અષ્ટ સહસ્રફણા યુક્તમ્ શ્રી. શ્રી. શ્રી. શ્રી પાર્શ્વનાથ બીમ્બમ્ આચાર્ય શ્રી આનંદસાગરસૂરીશ્વર શિષ્ય શ્રી અનુયોગાચારી સૂર્યોદયસાગરેણં ચ કારીતમ્ ચ । "

દેરાસરની વર્ષગાંઠ તિથિ માગશર સુદ ૬ છે. તે નિમિત્તે સંઘ તરફથી શ્રીસંઘજમણ રાખવામાં આવે છે તેમજ ચઢાવો બોલીને ધ્વજા ચડાવવામાં આવે છે.

• • •

## (૮) શ્રી સુમતિનાથ ગૃહ ચૈત્ય

### કાંતિકંચન સોસાયટી, લીમડી. તા. ઝાલોદ.

લીમડી ગામમાં કાંતિકંચન સોસાયટીમાં શ્રી રાજેન્દ્રભાઈ કાંતિલાલ ભણશાલીના ઘરમાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનનું આરસનું ધાબાબંધી ઘરદેરાસર આવેલું છે.

ઘરની બહાર નીચે એક ઓરડીમાં બેઠક જેવું બનાવેલ છે જયાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની ૨૩" ની પ્રતિમા સહિત ૨ પાષાણ પ્રતિમાઓ તથા ૧ ધાતુ પ્રતિમા બિરાજમાન છે તથા એક ગોખ જેવું બનાવી શ્રી માણિભદ્રવીરની મૂર્તિ બિરાજમાન કરવામાં આવી છે.

મૂળનાયક ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ છે.

"સં. ૨૦૫૨ વૈ. સુ. ૫ શુક્રવાસરે માંડવગઢ તીર્થે તીર્થોદ્ધારક ઉપા. ધર્મસાગરજી શિષ્ય . . . . . . . . . . . . પૂ. પં. ગુરુ . . . . . . . . . . શ્રી અભયસાગરજી પટ્ટધર પૂ. પં. શ્રી અશોકસાગરસૂરિ પ્રેરણયા નવનિર્મિત શ્રી સિદ્ધગિરિ શ્રી શિખરજી શ્રી જંબુદ્વીપ અ . . . . . . . . . . . . દિ રચના પ્રતિષ્ઠા પ્રસંગે મહોત્સવે લીમડીના શ્રી કાંતિલાલ ભણશાલી . . . . . . . . . પુત્ર શ્રી રાજેન્દ્રભાઈ દિનેશભાઈ પ્રમુખ પરિવારેણ શ્રી સુમતિનાથ બિંબં કારિતં પ્રતિ. પૂ. આગમોદ્ધારક હસ્તદીક્ષિત પ્રતિ ચ સાગર સમુ. ગચ્છાચાર્ય શ્રી સૂર્યોદયસાગરસૂરિભિઃ આ. નવરત્નસા. સૂ. પં. . . . . . . . . . . . . . આ. શ્રી સૂર્યોદય . . . . . . . . . . . . શિષ્ય ગુણરત્નસાગર પ્રેરણયા ચ નૂતન . . . . . . . . . . . ."

**વિશેષ :-** અહીં પ્રતિમાજી પરોણાગત બેસાડેલ છે. ભવિષ્યમાં સોસાયટીમાં મોટું દેરાસર બનાવવાની પરિવારની ભાવના છે.

• • •

# નર્મદા જિલ્લાનાં જિનાલયો

# નર્મદા જિલ્લાનાં જિનાલયો

## (૧) શ્રી સંભવનાથ જિનાલય (સં. ૧૯૯૫)

### પોસ્ટ ઑફિસ સામે, બજારમાં, પ્રતાપનગર. તા. નર્મદા.

રાજપીપળાથી ૧૯ કિ. મી.ના અંતરે આવેલ પ્રતાપનગર ગામમાં બજારમાં પોસ્ટ ઑફિસની સામે શ્રી સંભવનાથ ભગવાનનું શિખરબંધી પૂર્વાભિમુખ જિનાલય આવેલું છે.

દેરાસરનો બાહ્ય દેખાવ સુંદર છે. દેરાસરને ફરતે ત્રણ બાજુએ નાનો બગીચો બનાવેલો છે જેમાં વિવિધ ફૂલોના છોડ ઉગાડેલ છે. પ્રભુપૂજામાં આ ફૂલોનો ઉપયોગ કરવામાં આવે છે.

કમાનથી જોડેલ નાની-નાની ચોકીઓ દેરાસરની શોભા વધારે છે. જેની ઉપરની દિવાલ પર શ્રી લક્ષ્મી દેવી, બે બાજુ હાથી તથા બે પૂતળીઓ છે એવા પ્રવેશદ્વારમાંથી રંગમંડપમાં પ્રવેશ થાય છે. રંગમંડપની છતમાં રાસ-ગરબા રમતી પરીઓનાં ચિત્રકામ છે, અને તળભાગ આરસની ગાલીચા જેવી ડીઝાઈનથી શોભી ઊઠે છે. ગર્ભદ્વાર પાસે દિવાલમાં કાચ-લાકડાની ફ્રેમવાળા ગોખમાં પૂ. તપાગચ્છાધિરાજ આચાર્ય શ્રી દાનસૂરીશ્વરજી મ. સા. ની ૧૩" ની પ્રતિમા બિરાજમાન છે. તેની બાજુમાં તેમના જન્મથી માંડી નિર્વાણ સુધીની વિગતો જણાવેલ છે. બીજા ગોખમાં શ્રીમદ્ વિજયાનન્દસૂરીશ્વરજી મ. સા. ની ૧૩" ની પ્રતિમા તેમજ પછીના ગોખમાં યક્ષ-યક્ષિણીની મૂર્તિ બિરાજમાન છે.

ગર્ભદ્વારની ઉપરના ભાગમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન કાઉસગ્ગ મુદ્રામાં અને બે બાજુ બે સ્ત્રીઓ અને બે પરીની વાજિંત્ર લઈને ઊભેલી આકૃતિ છે. ગભારામાં મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનની ૨૧" ની પંચતીર્થી પ્રતિમા સહિત ૫ પાષાણ પ્રતિમાઓ તથા ૧૦ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

શ્રી સંભવનાથ ભગવાનની પ્રતિમા ઉપર નીચે મુજબ લેખ કોતરવામાં આવ્યો છે.

"શ્રી ગુર્જરદેશાન્તર્ગત રાજનગર વાસ્તવ્ય પ્રાગ્વાટ્જ્ઞાતીય શ્રેષ્ઠિવર્ય બકુભાઈ મણીલાલ સુશ્રાદ્ધેન હિનપુર . . . . . . . . . . . સુપાર્શ્વનાથં પ્રતાપનગર વિભૂષણ ભવ્ય શિખરબંધી જિનાલય . . . . . . . . . . . . . . વાસ્તવ્ય છોટાલાલ હેમચંદ . . . . . . . . . . વિક્રમ સંવત ૨૦૦૦ વર્ષે ફાલ્ગુન શુકલ ચતુર્થી . . . . . . . . . . . . . . . ."

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૩ છે.

ગામમાં બે માળનો ૧ ઉપાશ્રય તેમજ ૬ રૂમ ધરાવતી ૧ ધર્મશાળા છે.

નર્મદા જીલ્લાના નીકોલી ગામમાંથી શ્રી સુમતિનાથ ભગવાનની ધાતુ પ્રતિમા, ભરૂચ જીલ્લાના પણેથા ગામનું શ્રી શીતલનાથ ભગવાનનું ઘરદેરાસર અને અશા ગામના દેરાસરમાંથી ધાતુ પ્રતિમા અહીં પધરાવવામાં આવેલ છે.

### ઐતિહાસિક સંદર્ભ

સંવત ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી તરીકે થયો છે. ૫ પાષાણ પ્રતિમાઓ અને ૨ ધાતુ પ્રતિમાઓ હતી. શ્રી સંઘે ૧૯૯૫માં આ દેરાસર બંધાવ્યું હતું. શેઠ વીરચંદ બેચરદાસ ભગત તેનો વહીવટ કરતાં હતા. દેરાસરની સ્થિતિ સારી હતી.

જિનાલયનો સમય સં. ૧૯૯૫નો છે.

• • •

## (૨) શ્રી સુમતિનાથ જિનાલય (સં. ૨૦૧૬)

### દરબાર રોડ, રાજપીપળા. તા. નર્મદા.

ભરૂચથી ૭૦ કિ. મી.ના અંતરે આવેલ રાજપીપળામાં દરબાર રોડ પર શ્રી સુમતિનાથ ભગવાનનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે જેનો બહારનો દેખાવ સુંદર છે. નાની-નાની રંગીન છત્રીઓ જાણે કે ઝરૂખા જેવી ભાસે છે.

જાળીના બારણાંમાંથી પ્રવેશતાં નીચે ઉપાશ્રય છે અને પછી ૨૦ પગથિયાં ઉપર ચઢતાં લોખંડનો ઝાંપો આવે છે જ્યાંથી જિનાલયમાં પ્રવેશ થાય છે.

જિનાલયની પ્રતિષ્ઠા અંગેની પ્રશસ્તિ લેખ નીચે મુજબ છે.

"કચ્છ વાગડ દેશોદ્ધારક દાદા શ્રી શ્રી શ્રી જિનવિજયજી મહારાજાના પટ્ટાલંકાર તેજસ્વી પુરુષ શ્રીમાન હરવિજયજી મહારાજાના પટ પ્રભાકર ગણાધિપતિ આ. બાળ બ્રહ્મચારી પ્રભાવી પુરુષ સ્વ. પંન્યાસ પ્રવર શ્રીમાન્ તિલકવિજયજીગણિવર્યના શિષ્ય વિદ્વદ્વર્ય પંન્યાસ શ્રીમાન્ રંજન વિજયજી ગણિવર તથા તેમના શિષ્યરત્ન શ્રીમાન ભદ્રાનંદ વિજયજી મહારાજ ભરૂચના ચાર્તુમાસ બાદ અત્રે પધારતાં તેઓશ્રીની નિશ્રાએ શ્રી રાજપીપળામાં મૂળનાયક શ્રી સુમતિનાથ પ્રભુ તથા જમણી બાજુએ શ્રી મહાવીરસ્વામી અને ડાબી બાજુ શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિષ્ઠા તેઓશ્રીએ આપેલ મુહૂર્ત મુજબ વિક્રમ સં. ૨૦૧૬ના મહા સુદ ૧૧ સોમવારે ૮-૨-૧૯૬૦, ૧૨ કલાક ૧૨ મિનિટે અમૃત સિદ્ધ યોગ, રવિયોગ મેષ લગ્ન અને ધનના નવમાંશે મેગાતૂરના સુમધુર નાદ સાથે વ. ૭."

જિનાલયમાં પ્રવેશતાં લાંબો રંગમંડપ આવે છે જ્યાં શ્રી શત્રુંજય તીર્થપટ છે તેમજ ગોખલામાં યક્ષ-યક્ષિણીની પ્રતિમા બિરાજમાન છે. પ્રભુજીને પ્રદક્ષિણા આપવા માટે જગ્યા

રાખવામાં આવેલી છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની ૧૭" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૧૦ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

વિ. સં. ૨૦૧૬માં દેરાસરની પ્રતિષ્ઠા શ્રી ભદ્રાનંદવિજયજી મ. સા. ની નિશ્રામાં કરવામાં આવી છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૧૧ છે. તે નિમિત્તે સંઘ તરફથી જમણવાર કરાવવામાં આવે છે તેમજ ચઢાવો બોલીને ધ્વજા ચઢાવવામાં આવે છે.

દેરાસરની નીચે 'ચરણશ્રીજી આરાધના ભવન' છે. અહીં ૪૦૦ પુસ્તકોનો જ્ઞાનભંડાર છે. વળી, અહીં "સ્યાદ્વાદ-જ્ઞાનમંદિર" પાઠશાળા પણ છે જેમાં આશરે ૬૦ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ મેળવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૭૦ અને ૯૦ વર્ષના વયોવૃદ્ધ સ્ત્રીઓ પણ પાઠશાળામાં ધાર્મિક શિક્ષણ મેળવે છે જેનો યશ ત્યાંના ધાર્મિક શિક્ષિકા શ્રીમતી જાસુદબેન શાહને આભારી છે.

હાલ ગામમાં ૫૫ જૈન કુટુંબો વસે છે તેમજ છેલ્લા ૫૦ વર્ષમાં ગામમાંથી ૫ મુમુક્ષુઓએ દીક્ષા ગ્રહણ કરેલ છે.

પૂર્વે રાજા તથા દરબારોના શાસન દરમિયાન કાંઈક વિશેષ મહત્વ ધરાવતાં આ નાના શહેરના રાજા શ્રી વિજયરાજ સિંહજીના પુત્ર શ્રી રઘુવીર સિંહજીએ પોતાના પૂર્વજોએ પોતાના સમયમાં બનાવેલ આલીશાન મહેલો આજે મ્યુઝિયમ તથા અલગ-અલગ વિદ્યાશાળા માટે દાનમાં આપ્યા છે. જો કે એ મહેલોની રોનક આજે પણ અડીખમ છે.

જિનાલયનો સમય સં. ૨૦૧૬નો છે.

• • •

## (૩) શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય

### કેવડીયા કોલોની. તા. રાજપીપળા.

રાજપીપળાથી ૨૫ કિ. મી.ના અંતરે આવેલ કેવડીયા કોલોનીમાં શ્રી મુનિસુવ્રતસ્વામીનું સામરણયુક્ત દેરાસર આવેલું છે.

લોખંડના ઝાંપામાંથી પ્રવેશતાં બે બાજુ આવેલ પગથિયાં ચઢતાં પ્રથમ માળ પર આવેલ દેરાસરમાં પ્રવેશ થાય છે જ્યાં શ્રી વરુણ દેવ યક્ષ અને શ્રી વરદત્તા દેવી યક્ષિણીની પ્રતિમા બિરાજમાન છે.

એક ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની ૧૫" ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૨ ધાતુ પ્રતિમાઓ બિરાજમાન છે.

શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ કોતરવામાં આવ્યો છે.

"શ્રી મુનિસુવ્રતસ્વામી બિમ્બ પ્રતિ. તપાગચ્છ . . . . . . . . . . . . . . . . . . . . . આશાભાઈ સોમાભાઈ. "

વિ. સં. ૨૦૪૬માં આ. શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શેઠ શ્રી આશાભાઈ સોમાભાઈ પરિવાર દ્વારા પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે.

પ. પૂ. આચાર્ય શ્રી નવિનસૂરીશ્વરજી મહારાજ સાહેબ એવં આચાર્ય શ્રી હિરણ્યપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી શા. સૌભાગ્યમલજી પૂનમચંદજી પોખાલની યાદમાં ધર્મપત્ની ધાપૂબાઈ બેટા નકુળરાજજી પોતા - દીનેશકુમાર જીતેન્દ્રકુમાર તથા પરિવાર નેલુરના તરફથી ઉપાશ્રય દેરાસરના નિર્માણમાં સહયોગ પ્રાપ્ત થયો છે.

દેરાસરની વર્ષગાંઠ તિથિ મહા સુદ ૬ છે જે દિવસે ચડાવો બોલીને ધ્વજા બદલાય છે તથા અઢાર અભિષેક અને સ્વામિવાત્સલ્ય રાખવામાં આવે છે. દેરાસરનો વહીવટ કેવડીયા કોલોની જૈન સંઘ હસ્તક છે.

દેરાસરની નીચે શ્રાવક-શ્રાવિકા બંનેના ઉપયોગ માટે એક જ એવો લલિતાબેન આશાભાઈ પટેલ જૈન ઉપાશ્રય છે.

હાલ ગામમાં ૧૨ જૈન કુટુંબો વસે છે.

જિનાલયનો સમય સં. ૨૦૪૬નો છે.

• • •

## (૪) શ્રી શાંતિનાથનું ગૃહ ચૈત્ય

### નિશાળ ફળિયું, ડેડીયા પાડા. તા. ડેડિયા પાડા.

ભરૂચથી ૭૫ કિ.મી.ના અંતર આવેલા ડેડીયા પાડા ગામમાં નિશાળ ફળિયામાં શ્રી શાંતિનાથ ભગવાનનું ધાબાબંધી ઘરદેરાસર પ્રથમ માળ પર આવેલું છે.

મધ્યમ હોલમાં પ્રભુને પ્રદક્ષિણા આપવાની જગ્યા છે તેમજ મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૨૧"ની પ્રતિમા સહિત ૩ પાષાણ પ્રતિમાઓ તથા ૧ ધાતુ પ્રતિમા અને શ્રી ગૌતમસ્વામીની પ્રતિમા બિરાજમાન છે.

વિ. સં. ૨૦૫૬માં ખરતરગચ્છના શ્રી જિનમહોદયસાગરસૂરિ અને સાધ્વીજી શ્રી વિચક્ષણાશ્રીજીના સુશિષ્યા શ્રી મણિપ્રભાશ્રીજીની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે.

દેરાસરની નીચે શ્રી વિચક્ષણ સ્વાધ્યાય ભવન ખરતરગચ્છનો ઉપાશ્રય છે.

ગામમાં ૧૦ ખરતરગચ્છીય જૈન કુટુંબો વસે છે.

શેઠ શ્રી પોખરાજજી માણેકલાલ જૈન ભણશાલીની માલિકીની જગ્યામાં તેઓએ સ્વદ્રવ્યે દેરાસર બંધાવેલ છે.

જિનાલયનો સમય સં. ૨૦૫૬નો છે.

• • •



(૧) શત્રુંજયાવતાર જિનાલય (એમ.જી.રોડ, માંડવી, વડોદરા) દેરાસરનો રંગમંડપ ઝુમ્મર સાથે



(૨) શત્રુંજયાવતાર જિનાલય (એમ.જી.રોડ,માંડવી, વડોદરા)
રંગ મંડપમાં વાજિંત્રો વગાડતી પૂતળીઓ



(૩) શ્રી શાંતિનાથ ભગવાનનું જિનાલય
(કોઠી પોળ, વડોદરા) આરસનો
શ્રી તારંગાજી તથા જંબુદ્વીપનો પટ



(૪) શ્રી શાંતિનાથ ભગવાનનું જિનાલય
(કોઠી પોળ, વડોદરા) દેરાસરમાં આરસનો
શ્રી અષ્ટાપદજીનો પટ



(૫) શ્રી શાંતિનાથ ભગવાનનું જિનાલય
(કોઠી પોળ, વડોદરા) દેરાસરમાં
આરસનું શ્રી સિધ્ધચક્ર યંત્ર

(૬) શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલય
(વડોદરા) બહારનો દેખાવ





(૭) શ્રી વાસુપૂજ્ય સ્વામીજી ગૃહચૈત્ય (મેહુલ સોસાયટી નં.૨, વડોદરા) છતનું કાચનું કામ



(૮) શ્રી શાંતિનાથજીનું જિનાલય (વાણિયાવાડ, છાણી) દેરાસરનો રંગમંડપ ઝુમ્મર સાથે



(૯) શ્રી શાંતિનાથજીનું જિનાલય (વાણિયાવાડ, છાણી) દેરાસરનો પ્રવેશદ્વાર



(૧૦) શ્રી શાંતિનાથજીનું જિનાલય
(વાણિયાવાડ, છાણી) રંગમંડપમાં ગોખલો



(૧૧) શ્રી સુમતિનાથ જિનાલય (શીનોર) મુખ્ય પ્રવેશદ્વાર ઉપરનું શિલ્પ



(૧૨) શ્રી સુમતિનાથનું જિનાલય (શીનોર) શ્રી અષ્ટાપદ તીર્થનો ચિત્રિતપટ



(૧૩) શ્રી સુમતિનાથનું જિનાલય (શીનોર) શ્રી ચંપાપુરી તીર્થનો ચિત્રિતપટ



(૧૪) શ્રી સુમતિનાથનું જિનાલય (શીનોર) સમોવસરણનો ચિત્રિતપટ



(૧૫) શ્રી સુમતિનાથનું જિનાલય (શીનોર)
શ્રી પદ્માવતી દેવીની મૂર્તિ



(૧૬) શ્રી સંભવનાથનું જિનાલય
(પાદરા) બહારનો દેખાવ

(૧૭) શ્રી મહાવીર સ્વામી જિનાલય
(પાલેજ) બાહ્ય દેખાવ





(૧૮) શ્રી આદિનાથનું જિનાલય
(તરસાલી) મુખ્ય પ્રવેશદ્વાર



(૧૯) શ્રી શાંતિનાથ જિનાલય (છોટા ઉદેપુર) જિનાલયનો બહારનો દેખાવ



(૨૦) શ્રી શાંતિનાથ જિનાલય (છોટા ઉદેપુર) બહારની કોતરણી

(૨૧) શ્રી શાંતિનાથનું જિનાલય (છોટા ઉદેપુર)
માણિભદ્ર વીરની ઉભી પ્રતિમા





(૨૨) શ્રી શાંતિનાથનું દેરાસર (ગોધરા) રંગમંડપ



(૨૩) શ્રી શાંતિનાથનું જિનાલય (ગોધરા) રંગમંડપ



(૨૪) શ્રી આદિનાથ ભગવાનનું જિનાલય
(વેજલપુર, તા.કાલોલ, જિ.પંચમહાલ) બહારનો દેખાવ



(૨૫) શ્રી આદિનાથ ભગવાનનું જિનાલય (વેજલપુર, તા. કાલોલ, જિ. પંચમહાલ) રંગમંડપમાં પૂતળીઓ



(૨૬) શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું જિનાલય (લુણાવાડા, ખારાકુવા) નો બહારનો દેખાવ



(૨૭) શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું જિનાલય (લુણાવાડા, ખારાકુવા) ની બહારની દિવાલ પરનું શિલ્પ



(૨૮) શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું જિનાલય
(લુણાવાડા, ખારાકુવા) નો બહારનો દેખાવ

# વડોદરા શહેરનાં જિનાલયોનું કોષ્ટક

| ૧ નંબર | ૨ સરનામું | ૩ પિન કોડ નં. | ૪ બાંધણી | ૫ મૂળનાયક—ઊંચાઈ | ૬ પ્રતિમા સંખ્યા | | ૭ મૂર્તિલેખ સંવત |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | પાષાણ | ધાતુ | |
| ૧. | રમેશભાઈ શાંતિલાલ ચૂડગર સારણેશ્વર મહાદેવનો ખાંચો, નરસિંહજીની પોળ, એમ.જી.રોડ., વડોદરા. (ઘર દેરાસર) | ૩૯૦૦૦૧ | | શ્રી શાંતિનાથ ૩૧/૨" (ધાતુના) | — | ૪ | સં. ૧૫૨૫ |
| ૨. | હરખચંદ વીરચંદ શાહ ખડકીમાં, મહાદેવ પાસે, કોલાખાડી, ઘડિયાળી પોળ, એમ. જી.રોડ, વડોદરા. (ઘર દેરાસર) | ૩૯૦૦૦૧ | | શ્રી શીતળનાથ ૩" (ધાતુના) | — | ૬ | સં. ૧૫૨૪ |
| ૩. | જયંતીલાલ હીમચંદ શાહ ઝવેરીની ખડકી, મહાદેવ પાસે, કોલાખાડી, ઘડિયાળી પોળ, એમ. જી.રોડ, વડોદરા. (ઘર દેરાસર) | ૩૯૦૦૦૧ | | શ્રી શાંતિનાથ ૩" (ધાતુના) | — | ૯ | સં. ૧૫૩૫ |
| ૪. | બીપીનભાઈ ડાહ્યાભાઈ શાહ દેસાઈ શેરી, ઘડિયાળી પોળ, એમ.જી.રોડ, વડોદરા. (ઘર દેરાસર) | ૩૯૦૦૦૧ | | શ્રી ચંદ્રપ્રભ સ્વામી ૩" (ધાતુના) | — | ૪ | સં. ૧૯૯૩ |
| ૫. | પીપળી શેરી, ઘડિયાળી પોળ, વડોદરા. | ૩૯૦૦૦૧ | શિખર બંધી | શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ૧૯" | ૧૬ | ૨૮ | — |
| ૬. | હરિભક્તિ શાકમાર્કેટ, ઘડિયાળી પોળ, વડોદરા. | ૩૯૦૦૦૧ | ઘુમ્મટ બંધી | શ્રી કુંથુનાથ ૧૭" (પંચધાતુ) | — | ૧૪ | — |

| ૮<br>વર્ષગાંઠ દિવસ | ૯<br>પ્રતિષ્ઠા કરાવનારનું નામ અને સ્થાપના સંવત | ૧૦<br>પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય ભગવંતનું નામ | ૧૧<br>પટનું નામ | ૧૨<br>વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| | | | | |
| ફાગણ સુદ ૧૦ | | | | |
| માગસર વદ ૨ | | | | |
| વૈશાખ સુદ ૭ | શ્રી દલપતભાઈ જગજીવનદાસ | | | |
| મહા સુદ ૬ | ૧૯૬૩ પૂર્વે | પૂ. આચાર્ય શ્રી અશોકસાગર સૂરીશ્વરજી મ.સા. | શત્રુંજય (ભોંયરામાં) | |
| વૈશાખ સુદ ૭ | ૧૯૬૩ પૂર્વે | | શત્રુંજય, સમેતશિખર | |

| ૧ નંબર | ૨ સરનામું | ૩ પિન કોડ નં. | ૪ બાંધણી | ૫ મૂળનાયક–ઊંચાઈ | ૬ પ્રતિમા સંખ્યા | | ૭ મૂર્તિલેખ સંવત |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | પાષાણ | ધાતુ | |
| ૭. | જાની શેરી, ઘડિયાળી પોળ, વડોદરા. | ૩૯૦૦૦૧ | | શ્રી ચંદ્રપ્રભ સ્વામી ૧૯" | ૮ | ૨૨ | — |
| ૮. | જાની શેરી, ઘડિયાળી પોળ, વડોદરા. | ૩૯૦૦૦૧ | | શ્રી આદીશ્વર ૨૧" | ૧૧ | ૩૦ | — |
| ૯. | પટોડીયા પોળ, ઘડિયાળી પોળ, એમ. જી.રોડ, વડોદરા. | ૩૯૦૦૦૧ | ઘુમ્મટ બંધી | શ્રી મનમોહન પાર્શ્વનાથ ૨૧" (ભોંયતળીયે) | ૧૭ | ૩૮ | — |
| | | | | શ્રી આદીશ્વર ૩૫" (ભોંયરામાં) | ૮ | — | |
| ૧૦. | શાંતિલાલ જમનાદાસ ચુનીલાલ વૈદ્ય દલા પટેલની પોળ, નરસિંહજીની પોળ, એમ.જી.રોડ, વડોદરા. (ઘર દેરાસર) | ૩૯૦૦૦૧ | | શ્રી શાંતિનાથ (ધાતુના) | — | ૨ | સં. ૧૫૦૮ |
| ૧૧. | ચંદ્રકાન્ત લીલાચંદ કોઠારી તમાકુવાળાની ખડકી, નરસિંહજીની પોળ, એમ.જી.રોડ, વડોદરા. (ઘર દેરાસર) | ૩૯૦૦૦૧ | | શ્રી કુંથુનાથ ૩" (ધાતુના) | — | ૭ | સં. ૧૫૦૬ |
| ૧૨. | જગમાલની પોળ, નરસિંહજીની પોળમાં, નાના નરસિંહજીના મંદિર પાસે, એમ.જી. રોડ, વડોદરા. | ૩૯૦૦૦૧ | ઘુમ્મટ બંધી | શ્રી દાદા પાર્શ્વનાથ ૩૩" (ભોંયતળીયે) | ૧૫ | ૨૦ | |
| | | | | શ્રી નેમિનાથ ૩૩" (પહેલે માળે) | ૧૨ | ૫૧ | ૧૯૯૮ |

| ૮<br>વર્ષગાંઠ દિવસ | ૯<br>પ્રતિષ્ઠા કરાવનારનું નામ અને સ્થાપના સંવત | ૧૦<br>પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય ભગવંતનું નામ | ૧૧<br>પટનું નામ | ૧૨<br>વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| વૈશાખ સુદ ૧૩ | સં. ૧૯૦૦ | | | |
| | | | | |
| વૈશાખ સુદ ૧૩ | | | શત્રુંજય | |
| વૈશાખ વદ ૮ | | | | |
| વૈશાખ સુદ ૬ | સં. ૧૯૮૯ | | | |
| મહા સુદ ૧૩ | ગંગાબેન કલ્યાણભાઈ ઝવેરી સં. ૧૯૯૮ | | હસ્તગિરિ, ગિરનાર, ક્ષત્રિય-કુંડ, સમેતશિખરજી, રાજગૃહી, આબુ, અષ્ટાપદ, તારંગા, શત્રુંજય, કદંબગીરી | (બાજુના રૂમમાં મૂ.ના. શ્રી અજીતનાથ ભગવાન છે |

| ૧<br>નંબર | ૨<br>સરનામું | ૩<br>પિન<br>કોડ નં. | ૪<br>બાંધણી | ૫<br>મૂળનાયક—ઊંચાઈ | ૬<br>પ્રતિમા<br>સંખ્યા<br>પાષાણ | <br><br><br>ધાતુ | ૭<br>મૂર્તિલેખ<br>સંવત |
|---|---|---|---|---|---|---|---|
| ૧૩. | નગીનદાસ મણીલાલ ચૂડગર સારણેશ્વર મહાદેવનો ખાંચો, નરસિંહજીની પોળ, એમ.જી.રોડ, વડોદરા. (ઘર દેરાસર) | ૩૯૦૦૦૧ | | શ્રી આદીશ્વર ૫" (ધાતુના) | — | ૩ | |
| ૧૪. | ઉંચીપોળ, પાંજરાપોળ, રાજમહેલ રોડ, વડોદરા. | ૩૯૦૦૦૧ | | શ્રી આદીશ્વર ૫" (ધાતુના) | — | ૨ | |
| ૧૫. | મહેતા પોળના નાકે, રણછોડરાય મસાલા મીલની સામે, બેંક રોડ, માંડવી, વડોદરા. | ૩૯૦૦૦૧ | | શ્રી નેમિનાથ ૧૯" (પંચધાતુના) | ૫ | ૧૨ | |
| ૧૬. | મામાની પોળ, રાવપુરા, વડોદરા. | ૩૯૦૦૦૧ | | શ્રી કલ્યાણપાર્શ્વનાથ ૧૩" | ૧૨ | ૨૦ | |
| | | | | શ્રી અજિતનાથ, શ્રી આદીશ્વર, શ્રી વાસુપૂજ્ય સ્વામી, શ્રી વિમલનાથ ૧૩" (બાજુની અલગ દેવકુલિકામાં ચૌમુખજી) | ૪ | — | સં.૧૯૦૩ |
| ૧૭. | મામાની પોળ, રાવપુરા, વડોદરા. | ૩૯૦૦૦૧ | શિખર બંધી | શ્રી મહાવીર સ્વામી ૧૯ " (ભોંયતળીયે) | ૧૦ | ૧૪ | |
| | | | | શ્રી ચૌમુખજી ૫ " (શિખરમાં ગભારો) | ૪ | — | |

| ૮<br>વર્ષગાંઠ દિવસ | ૯<br>પ્રતિષ્ઠા કરાવનારનું નામ અને સ્થાપના સંવત | ૧૦<br>પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય ભગવંતનું નામ | ૧૧<br>પટનું નામ | ૧૨<br>વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| માગસર સુદ ૬ | સં. ૨૦૨૫ | આ.શ્રીપ્રેમસૂરીશ્વરજી મ.સા. અને આ. શ્રી અમૃતસૂરીશ્વરજી મ.સા. | | |
| મહા સુદ ૫ | આત્માનંદ જૈન સંઘ, જાની શેરી, સં. ૨૦૦૨ | | | |
| મહા સુદ ૬ | શ્રી શાંતિલાલ હેમરાજ પારેખ દેરાસર સં.૨૦૦૮ (જીર્ણોદ્ધાર) | આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજી મ.સા. | ગિરનાર, શત્રુંજય, સમેતશિખરજી, શ્રી નેમિનાથ ભગવાનની જાન, પંચ કલ્યાણક | |
| મહા સુદ ૧૩ | શ્રી સંઘ સં. ૧૮૯૬ સં. ૧૯૦૩ (જીર્ણોદ્ધાર) | | ગિરનાર, આબુ, શત્રુંજય, સમવસરણ | |
| વૈશાખ સુદ ૧૦ | શેઠ છગનલાલ મનસુખરામ સં. ૧૯૯૦ (જીર્ણોદ્ધાર) | | ગિરનાર, સમેતશિખરજી, અષ્ટાપદ, શત્રુંજય, ચંપાપુરી | |

| ૧<br>નંબર | ૨<br>સરનામું | ૩<br>પિન<br>કોડ નં. | ૪<br>બાંધણી | ૫<br>મૂળનાયક—ઊંચાઈ | ૬<br>પ્રતિમા<br>સંખ્યા | | ૭<br>મૂર્તિલેખ<br>સંવત |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | પાષાણ | ધાતુ | |
| ૧૮. | દેરાપોળ, બાબાજીપુરા, રાજમહેલ રોડ, વડોદરા. | ૩૯૦૦૦૧ | ઘુમ્મટ બંધી | શ્રી ગોડી પાર્શ્વનાથ ૯" | ૫ | ૧૧ | સં. ૧૯૩૩ |
| | | | | શ્રી અમીઝરા પાર્શ્વનાથ (અલગ ગભારો) | ૫ | ૫ | |
| ૧૯. | કોઠી પોળ સામે, રાવપુરા, વડોદરા. | ૩૯૦૦૦૧ | શિખર બંધી | શ્રી શાંતિનાથ ૨૧" | ૧૧ | ૬ | |
| | | | | શ્રી નેમિનાથ | ૧૯ | ૪૯ | સં. ૧૯૨૧ |
| | | | | શ્રી સીમંધર સ્વામી ૨૫" (ઉપરના માળે) | | | સં. ૨૦૦૮<br>મૂર્તિલેખ નથી |
| ૨૦. | મહાત્મા ગાંધી રોડ, માંડવી, વડોદરા. | ૩૯૦૦૦૧ | શિખર બંધી | શ્રી આદીશ્વર ૧૯" (ભોંયતળીયે) | ૨૩ | ૫૩ | સં. ૧૯૨૧ |
| | | | | શ્રી પુંડરિક સ્વામી ૧૭" (અલગ ગભારો) | ૭ | — | |
| | | | | શ્રી શામળા પાર્શ્વનાથ ૨૩" (પહેલા માળે) | ૧૯ | ૧૬ | |
| ૨૧. | નવીનભાઈ સ્વરૂપચંદ શાહ મોટા દેરાસરની સામે, એમ.જી.રોડ, વડોદરા (ઘર દેરાસર) | ૩૯૦૦૦૧ | | શ્રી ધર્મનાથ ૩" (ધાતુના ચોવીસી) | — | ૬ | સં. ૧૫૬૭ |
| ૨૨. | જમનાદાસ કેશવલાલ ચૂડગર મોટા દેરાસરની બાજુમાં, એમ.જી.રોડ, વડોદરા. (ઘર દેરાસર) | ૩૯૦૦૦૧ | છાપરા બંધી | શ્રી શાંતિનાથ ૨.૫" | — | ૫ | સં. ૧૬૧૫ |

| ૮<br>વર્ષગાંઠ દિવસ | ૯<br>પ્રતિષ્ઠા કરાવનારનું નામ અને સ્થાપના સંવત | ૧૦<br>પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય ભગવંતનું નામ | ૧૧<br>પટનું નામ | ૧૨<br>વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| શ્રાવણ સુદ ૮ | શેઠ શ્રી મોતીલાલ તારાચંદ<br>સં. ૧૫૪૮ સં. ૧૯૩૩ સં. ૧૯૮૦ (જીર્ણોદ્ધાર) | | ગિરનાર, સમેતશિખરજી, અષ્ટાપદ, શત્રુંજય | |
| મહા સુદ ૬ | સં. ૨૦૦૮ (પુનઃપ્રતિષ્ઠા)<br>સં. ૧૯૭૩<br>સં. ૨૦૦૮ | શ્રીવિજયધર્મ સૂરીશ્વરજી મ.સા. | | |
| ફાગણ સુદ ૧૦ | શેઠ શ્રી હરિદાસ<br>સં. ૨૦૦૮ (પુનઃ પ્રતિષ્ઠા જીર્ણોદ્ધાર) | આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા. (પુનઃપ્રતિષ્ઠા) | ગિરનાર, સમેતશિખરજી, રાજગિરી, અષ્ટાપદ, તારંગા, શત્રુંજય, ચંપાપુરી, રાણકપુર, શત્રુંજય (બીજો) | મૂ.ના. શ્રી આદીશ્વર ભ. ની પ્રતિમા અસલ સંપ્રતિ મહારાજાના વખતની છે. |
| મહા સુદ ૧૧ | શ્રી સ્વરૂપચંદ ગરબડદાસ | | | ઘર દેરાસરમાં પ્રતિમા ૩૦૦ વર્ષ જૂની છે. |
| માગસર વદ ૧૦ | શ્રી જમનાદાસ કેશવલાલ ચૂડગર | | | આશરે ૧૨૫ વર્ષ જૂનું (ત્રણ પેઢી જૂનું) દેરાસર છે. મૂ.ના. ની પ્રતિમા ચાંદીની છે. |

| ૧<br>નંબર | ૨<br>સરનામું | ૩<br>પિન<br>કોડ નં. | ૪<br>બાંધણી | ૫<br>મૂળનાયક–ઊંચાઈ | ૬<br>પ્રતિમા<br>સંખ્યા<br>પાષાણ | <br><br><br>ધાતુ | ૭<br>મૂર્તિલેખ<br>સંવત |
|---|---|---|---|---|---|---|---|
| ૨૩. | જયંતિલાલ જમનાદાસ ચૂડગર સારણેશ્વર મહાદેવનો ખાંચો, એમ.જી.રોડ, વડોદરા. (ઘર દેરાસર) | ૩૯૦૦૦૧ | ધાબા બંધી | શ્રી શાંતિનાથ ૧૨" | — | ૫ | |
| ૨૪. | ભાલેરાવ ટેકરી, જી.પી.ઓ. પાછળ, રાવપુરા, વડોદરા. | ૩૯૦૦૦૧ | | શ્રી વાસુપૂજ્ય સ્વામી ૫૧" (ભોંયતળીયે)<br>શ્રી સીમંધર સ્વામી ૪૧" (ભોંયરામાં) | ૩<br>૩ | —<br>— | સં. ૨૦૫૪ |
| ૨૫. | સુલતાનપુરા, મોઢ પોળ, સાધના ટોકીઝની ગલીમાં, વડોદરા. | ૩૯૦૦૦૧ | શિખર બંધી | શ્રી ચંદ્રપ્રભ સ્વામી ૨૩" | ૧૧ | ૪૬ | સં. ૨૦૩૭ પુનઃપ્રતિષ્ઠા |
| ૨૬. | રંગમહેલ વાડી, જૈન દેરાસર, વડોદરા. | ૩૯૦૦૦૧ | | શ્રી આદીશ્વર ૧૩" | ૬ | ૧૧ | સં. ૧૯૭૫ |
| ૨૭. | બિપીનભાઈ કે. વોરા ૨૩,પરિમલપાર્ક સોસાયટી, નિઝામપુરા, વડોદારા. (ઘર દેરાસર) | ૩૯૦૦૦૨ | | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ૪૫" | ૩ | ૨ | |
| ૨૮. | અજય કોલોની, ડીલક્ષ ચાર રસ્તા, નિઝામપુરા, વડોદરા. | ૩૯૦૦૦૨ | | શ્રી આદીશ્વર ૨૫" (ભોંયતળીયે)<br>શ્રી સીમંધર સ્વામી ૨૧" (શિખરમાં ગભારામાં) | ૯<br>૧ | ૩<br>— | |

| ૮<br>વર્ષગાંઠ દિવસ | ૯<br>પ્રતિષ્ઠા કરાવનારનું નામ અને સ્થાપના સંવત | ૧૦<br>પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય ભગવંતનું નામ | ૧૧<br>પટનું નામ | ૧૨<br>વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| | | | સિદ્ધાચલ, સહેસાવન, ગિરનાર, આબુ, તારંગા, ચંપાપુરી, નંદીશ્વર દ્વીપ, સમવસરણ, પાવાપુરી. | |
| મહા સુદ ૬ | શ્રી વડોદરા અચલગચ્છ જૈનસંઘ સં. ૨૦૫૪ | | | |
| વૈશાખ વદ ૬ | શ્રી ભગુભાઈ નગીનદાસ ઝવેરીના પુત્રવધુ સુશીલાબેન સં. ૨૦૩૭ (પુનઃપ્રતિષ્ઠા) | આ. શ્રી વિજય ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ.સા. (પુનઃપ્રતિષ્ઠા) | | |
| | શ્રી સંઘ સં. ૧૯૩૨ | | | ત્રણ સ્ફટિક પ્રતિમા છે. |
| મહા સુદ ૧૩ | શ્રીમતી સવિતાબેન કાંતિદાસ વોરા સં. ૨૦૫૧ | આ. શ્રી વિજય ચંદ્રોદય સૂરીશ્વરજી મ.સા. | | |
| ફાગણ સુદ ૧૦ | શ્રી બાબુભાઈ સી. જીરાવાલા (સુરત) સં. ૨૦૩૮ | આ. શ્રી હેમચંદ્રસૂરિ મ.સા. | | |

| ૧ નંબર | ૨ સરનામું | ૩ પિન કોડ નં. | ૪ બાંધણી | ૫ મૂળનાયક–ઊંચાઈ | ૬ પ્રતિમા સંખ્યા | | ૭ મૂર્તિલેખ સંવત |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | પાષાણ | ધાતુ | |
| ૨૯. | બં.નં.-૨૧, ફત્તેહ-સાગર કોમ્પલેક્ષ પાસે, ફત્તેહગંજ, વડોદરા. | ૩૯૦૦૦૨ | | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ૨૧" | ૩ | ૧ | |
| ૩૦. | મહાવીર જૈન વિદ્યાલય, આર.વી. દેસાઈ રોડ, પ્રતાપનગર, વડોદરા. | ૩૯૦૦૦૪ | શિખર બંધી | શ્રી આદીશ્વર ૨૩" | ૫ | ૩ | સં. ૨૦૦૨ |
| ૩૧. | આચાર્ય શ્રી નેમિસૂરિ માર્ગ, શ્રી સોસાયટી, સ્લમ ક્વાર્ટર્સ સામે, ગંગોત્રી એપાર્ટમેન્ટ પાસે, પ્રતાપગઢ, વડોદરા. | ૩૯૦૦૦૪ | શિખર બંધી | શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ૨૧" (ભોંયતળીયે)<br>શ્રી કલ્યાણ પાર્શ્વનાથ ૨૧" (શિખરમાં ગભારામાં) | ૧૮<br>૩ | ૧૫<br>— | સં. ૨૦૪૫<br>સં. ૨૦૪૫ |
| ૩૨. | શાંતિપાર્ક, સિંધવાઈ માતા રોડ, આયુર્વેદિક હૉસ્પિટલ નજીક, મકરપુરા રોડ, વડોદરા. | ૩૯૦૦૦૪ | શિખર બંધી | શ્રી સુમતિનાથ ૩૧" | ૧૧ | ૬ | |
| ૩૩. | રમેશભાઈ ચીમનલાલ શાહ ૨૦,ગૌતમનગર, જી.ઈ.બી. સર્કલ પાસે, રેસકોર્સ સર્કલ, વડોદરા.(ઘર દેરાસર) | ૩૯૦૦૦૪ | | શ્રી શાંતિનાથ ૧૧" (ધાતુના) | — | ૬ | |
| ૩૪. | ફત્તેહપુરા, મેઈનરોડ, વડોદરા. | ૩૯૦૦૦૬ | શિખર બંધી | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ૭" | ૧૦ | ૯ | |

| ૮<br>વર્ષગાંઠ દિવસ | ૯<br>પ્રતિષ્ઠા કરાવનારનું નામ અને સ્થાપના સંવત | ૧૦<br>પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય ભગવંતનું નામ | ૧૧<br>પટનું નામ | ૧૨<br>વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| જેઠ સુદ ૧૩ | શ્રી મહેન્દ્રભાઈ ઝવેરી (મુંબઈ) | આ. શ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મ.સા. | | |
| મહા વદ ૬ | શ્રી મહાવીર જૈન વિદ્યાલય જિનાલય ટ્રસ્ટ - વડોદરા શાખા સં. ૨૦૦૮ | આ. શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજી મ.સા. | શત્રુંજય | |
| મહા સુદ ૧૩ | શાસન સમ્રાટ જૈન દેરાસર પેઢી સં. ૨૦૪૫ | આ. શ્રી વિજય મેરુપ્રભ સૂરીશ્વરજી મ.સા. | શત્રુંજય, સિદ્ધચક્ર. | |
| ફાગણ સુદ ૧૦ | શ્રી કીર્તિકુમાર મણિલાલ વોરા પરિવાર સં. ૨૦૫૧ | આ. શ્રી અશોકચંદ્ર સૂરીશ્વરજી મ.સા. | | |
| વૈશાખ વદ ૭ | રમેશચંદ્ર ચીમનલાલ શાહ પરિવાર સં. ૨૦૩૦ | આ. શ્રી ધર્મધુરંધર સૂરી તથા આ. શ્રી ભુવનચંદ્ર મ.સા. | | |
| ફાગણ સુદ ૩ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દહેરાસર ટ્રસ્ટ સં. ૨૦૪૧ (પુનઃપ્રતિષ્ઠા) | આ. શ્રી ચંદ્રોદય-સૂરીશ્વરજી મ.સા. | અષ્ટાપદ, સિદ્ધચક્ર, સમેતશિખર, શત્રુંજય. | |

| ૧ નંબર | ૨ સરનામું | ૩ પિન કોડ નં. | ૪ બાંધણી | ૫ મૂળનાયક–ઊંચાઈ | ૬ પ્રતિમા સંખ્યા | | ૭ મૂર્તિલેખ સંવત |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | પાષાણ | ધાતુ | |
| ૩૫. | સુભાષપાર્ક સોસાયટી, સંગમ ચાર રસ્તા, હરણી રોડ, વડોદરા. | ૩૯૦૦૦૬ | | શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ૨૯" | ૭ | ૧૧ | |
| ૩૬. | શ્રી કચ્છી દશા ઓશવાલ જૈનસમાજ, એફ-૬,સરસ્વતીનગર, દાજીનગર સામે, કીસાનવાડી, વારસિયા રીંગ રોડ, વડોદરા. (ઘર દેરાસર) | ૩૯૦૦૦૬ | | શ્રી વિમલનાથ ૧૫" | ૧ | ૨ | |
| ૩૭. | ૪૭,પારસ સોસાયટી, આર.ટી.ઓ. ઑફિસ પાસે, વારસીયા રોડ, વડોદરા. | ૩૯૦૦૦૬ | ઘુમ્મટ બંધી | શ્રી શીતળનાથ ૨૧" | ૫ | ૫ | |
| ૩૮. | શાંતિભાઈ કેશવલાલ શાહ ૨૫-એ,હરિનગર સોસાયટી, પાણીની ટાંકી પાસે,ગોત્રી રોડ, વડોદરા. (ઘરદેરાસર) | ૩૯૦૦૦૭ | ધાબા બંધી | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ૨૫" | ૩ | ૨ | |
| ૩૯. | ડૉ. બચુભાઈ સુંદરલાલ વૈદ્ય ૨૪, આનંદનગર સોસાયટી, ઋષભ પ્રોડક્ટીવીટી રોડ, વડોદરા.(ઘર દેરાસર) | ૩૯૦૦૦૭ | | શ્રી ચંદ્રપ્રભ સ્વામી ૫" (ધાતુના) | — | ૩ | સં. ૧૫૬૭ |
| ૪૦. | ૨૦/૨૧,આમ્રકુંજ સોસાયટી, મલ્હાર પોઈન્ટની સામે, લાયન્સ હોલ પાસે, અલકાપુરી, વડોદરા. | ૩૯૦૦૦૭ | શિખર બંધી | શ્રી સંભવનાથ | — | ૧૧ | |

| ૮<br>વર્ષગાંઠ દિવસ | ૯<br>પ્રતિષ્ઠા કરાવનારનું નામ અને સ્થાપના સંવત | ૧૦<br>પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય ભગવંતનું નામ | ૧૧<br>પટનું નામ | ૧૨<br>વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| વૈશાખ સુદ ૭ | શ્રી અચરજલાલ લલ્લુભાઈ પરિવાર સં. ૨૦૫૨ | આ. શ્રી વિજય રાજેન્દ્ર સૂરીશ્વરજી મ.સા. | | |
| કારતક વદ ૧૩ | શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ સં. ૨૦૫૦ | યતિ શ્રી મોતિલાલજી મહારાજ | | |
| વૈશાખ વદ ૬ | શ્રીભીકમચંદ,જ્ઞાન-મલ, મોહનલાલ મલુકચંદજી (મરૂધર પાડીવ નિવાસી) સં. ૨૦૪૫ | આ. શ્રી હેમપ્રભ સૂરીશ્વરજી મ.સા. | | |
| મહા વદ ૫ | શ્રી શાંતિભાઈ કેશવલાલ સં. ૨૦૫૨ | શ્રી વારિષેણ મ.સા. | | |
| મહા સુદ ૧૦ | ડૉ. બચુભાઈ સુંદરલાલ વૈદ્ય પરિવાર સં. ૨૦૪૪ | | | મૂળનાયકની પ્રતિમા આશરે ૪૫૦ વર્ષ ઉપરાંતની છે. |
| પોષ વદ ૧ | શ્રી બાલુભાઈ મગનલાલ શાહ પરિવાર સં. ૨૦૫૯ | આ. શ્રી ચંદ્રોદય સૂરીશ્વરજી મ.સા. (પુનઃપ્રતિષ્ઠા) | શત્રુંજય, ગિરનાર. | |

| ૧ નંબર | ૨ સરનામું | ૩ પિન કોડ નં. | ૪ બાંધણી | ૫ મૂળનાયક—ઊંચાઈ | ૬ પ્રતિમા સંખ્યા | | ૭ મૂર્તિલેખ સંવત |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | પાષાણ | ધાતુ | |
| ૪૧. | ૨૧,ધનુષ્ય સોસાયટી, ચાણક્યપુરી પાસે, ન્યુ સમા રોડ, વડોદરા. | ૩૯૦૦૦૮ | શિખર બંધી | શ્રી સીમંધર સ્વામી (ભોંયતળીયે)<br>શ્રી આદીશ્વર ૩૫" (ઉપર પહેલા માળે) | ૫<br>૫ | —<br>૧૩ | સં. ૧૮૪૪ |
| ૪૨. | જેસીંગભાઈ બાદરમલ પરીખ ૨૧,ધનુષ્ય સોસાયટી નં.૧, ચાણક્યપુરી ચાર રસ્તા, ન્યુ સમા રોડ, વડોદરા. (ઘર દેરાસર) | ૩૯૦૦૦૮ | | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ૭" (ધાતુના) | — | ૫ | |
| ૪૩. | તરસાલી ગામ, | ૩૯૦૦૦૯ | શિખર બંધી | શ્રી આદીશ્વર ૧૭" | ૫ | ૧૯ | |
| ૪૪. | ૬૭૬,શરદનગર, તરસાલી રોડ. | ૩૯૦૦૦૯ | શિખર બંધી | શ્રી શાંતિનાથ ૨૩" | ૩ | ૨ | |
| ૪૫. | ચંદ્રલોક સોસાયટીની બાજુમાં, માંજલપુર, વડોદરા. | ૩૯૦૦૧૧ | શિખર બંધી | શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ફણા સાથે ૨૫" (ભોંયતળીયે)<br>શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ૨૧" (ભોંયરામાં)<br>શ્રી વાસુપૂજ્ય સ્વામી ૨૧" (શિખરમાં ગભારામાં) | ૧૫<br>૩<br>૯ | ૯<br>—<br>— | સં. ૨૦૪૦ |
| ૪૬. | ૬,રાધાકૃષ્ણ સોસાયટી, સહયોગ સોસાયટીની સામે, રીફાઈનરી રોડ, ગોરવા, વડોદરા. | ૩૯૦૦૧૬ | શિખર બંધી | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ૧૯" | ૩ | ૧ | |

| ૮<br>વર્ષગાંઠ દિવસ | ૯<br>પ્રતિષ્ઠા કરાવનારનું નામ અને સ્થાપના સંવત | ૧૦<br>પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય ભગવંતનું નામ | ૧૧<br>પટનું નામ | ૧૨<br>વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| વૈશાખ સુદ ૬ | શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, ન્યુ સમા રોડ, વડોદરા. સં. ૨૦૫૯ | આ. શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી મ.સા., | | |
| વૈશાખ સુદ ૬ | શ્રી જે.બી. પરીખ | | | |
| ફાગણ સુદ ૬ | ગાંધી હઠીભાઈ | | સમેતશિખર, ગિરનાર. | |
| વૈશાખ વદ ૩ | શ્રી મહેશભાઈ તથા પંકજભાઈ અરવિંદભાઈ શાહ સં. ૨૦૫૦ | શ્રી યશોવર્મશ્રીજી મ.સા. | શત્રુંજય | |
| પોષ વદ ૬ | શ્રી ચંદુલાલ પ્રભુલાલ શાહ સં. ૨૦૪૦ | | | |
| ફાગણ સુદ ૪ | શ્રી આશાભાઈ સોમાભાઈ પટેલ સં. ૨૦૪૬ | આ. શ્રી પ્રભાકર સૂરીશ્વરજી મ.સા. | | |

| ૧<br>નંબર | ૨<br>સરનામું | ૩<br>પિન<br>કોડ નં. | ૪<br>બાંધણી | ૫<br>મૂળનાયક—ઊંચાઈ | ૬<br>પ્રતિમા<br>સંખ્યા<br>પાષાણ | <br><br><br>ધાતુ | ૭<br>મૂર્તિલેખ<br>સંવત |
|---|---|---|---|---|---|---|---|
| ૪૭. | આશાભાઈ સોમાભાઈ પટેલ ૧૫, પરિશ્રમ સોસા., સુભાનપુરા, વડોદરા. (ઘર દેરાસર) | ૩૯૦૦૧૬ | | શ્રી શાંતિનાથ<br>૭"<br>(ધાતુના) | — | ૪ | સં. ૧૭૮૬ |
| ૪૮. | ગાંધી પાર્ક પાસે, હરણી રોડ, વડોદરા. | ૩૯૦૦૧૮ | શિખર બંધી | શ્રી આદિનાથ | ૩ | ૨ | સં. ૨૦૫૫ |
| ૪૯. | પ્રતાપકુંજ સોસાયટીના નાકે, કારેલી બાગ, વડોદરા. | ૩૯૦૦૧૮ | | શ્રી મુનિસુવ્રત સ્વામી ૨૫"<br>(ભોંયતળીયે)<br>શ્રી શાંતિનાથ<br>૧૯"<br>(પહેલા માળે) | ૫<br><br><br>૩ | ૬<br><br><br>— | સં. ૨૦૪૨ |
| ૫૦. | વીરનગર સોસાયટી, વી.આઈ.પી. રોડ, કારેલી બાગ, વડોદરા. | ૩૯૦૦૧૮ | | શ્રી શાંતિનાથ<br>૨૧" | ૩ | ૨ | |
| ૫૧. | ૧૧,અષ્ટાપદ સોસાયટી, આવકાર હોલની બાજુમાં, પાણીની ટાંકી રોડ, કારેલી બાગ, વડોદરા. (ઘર દેરાસર) | ૩૯૦૦૧૮ | શિખર યુક્ત | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ<br>૭"<br>(ધાતુના) | — | ૪ | |
| ૫૨. | આદિનાથ સોસાયટી, બ્રાઈટ સ્કૂલના ખાંચામાં, કારેલી બાગ, વડોદરા. | ૩૯૦૦૧૮ | શિખર બંધી | શ્રી આદીશ્વર<br>૨૧" | ૬ | ૯ | |

| ૮<br>વર્ષગાંઠ દિવસ | ૯<br>પ્રતિષ્ઠા કરાવનારનું નામ અને સ્થાપના સંવત | ૧૦<br>પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય ભગવંતનું નામ | ૧૧<br>પટનું નામ | ૧૨<br>વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| માગશર સુદ ૫ | સં. ૨૦૨૦ | | | |
| જેઠ સુદ ૫ | શ્રી જિતેન્દ્રભાઈ રમણલાલ શાહ સં. ૨૦૫૭ | શ્રી મહાનંદ સૂરીશ્વરજી મ.સા. | શત્રુંજય, સમેતશિખર. | |
| ફાગણ સુદ ૨ | શ્રી શાંતિલાલ બાપુલાલ શાહ પરિવાર સં. ૨૦૪૨ | આ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી, શ્રી વિજયાનંદસૂરીશ્વરજી, ઉપા. શ્રી કનકવિજયજી તથા પં. શ્રી મહાનંદવજિયજી | શત્રુંજય, ગિરનાર. | |
| માગશર સુદ ૩ | વડોદરા કારેલી બાગ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, વીરનગર. સં. ૨૦૫૩ | આ. શ્રી વિજય યશોદેવસૂરીશ્વજી મ.સા. | શત્રુંજય, ગિરનાર, સમેતશિખર, અષ્ટાપદ, આબુ, નવપદજી. | |
| મહા સુદ ૬ | સં. ૨૦૪૬ | | | |
| પોષ વદ ૩ | શ્રી મણીબેન માણેકલાલ મહેતા પરિવાર વડોદરા.સં.૨૦૫૯ | આ. શ્રી વિજય ઇન્દ્રદિન્ન સૂરીશ્વરજી મ.સા. | શત્રુંજય | |

| ૧<br>નંબર | ૨<br>સરનામું | ૩<br>પિન<br>કોડ નં. | ૪<br>બાંધણી | ૫<br>મૂળનાયક–ઊંચાઈ | ૬<br>પ્રતિમા<br>સંખ્યા<br>પાષાણ | <br><br><br>ધાતુ | ૭<br>મૂર્તિલેખ<br>સંવત |
|---|---|---|---|---|---|---|---|
| ૫૩. | શ્રી સૌભાગ્યલક્ષ્મી સોસાયટી, ડેક્ષ પ્લાઝા, ઝવેરનગર બસ-સ્ટોપ પાસે, વાઘોડીયા રોડ, વડોદરા. (ઘરદેરાસર) | ૩૯૦૦૧૯ | | શ્રી આદીશ્વર ૧૫" | ૧ | ૨ | |
| ૫૪. | નવપદ સોસાયટી, આજવા રોડ, વડોદરા. | ૩૯૦૦૧૯ | | શ્રી મહાવીર સ્વામી ૩૯" (ભોંયતળીયે)<br>શ્રી મુનિસુવ્રત સ્વામી (શિખરમાં ગભારામાં) | ૫<br>૩ | ૪<br>— | |
| ૫૫. | ૧૫,અંકુર સોસાયટી, ઉદ્યોગનગરની પાછળ, રણછોડજીના મંદિર પાછળ, પાણી ગેટની બહાર,વડોદરા. | ૩૯૦૦૧૯ | | શ્રી વિમલનાથ ૨૭" | ૩ | ૪ | |
| ૫૬. | ઉતમચંદ ઝવેરીની પોળ, પાણીગેટ રોડ, વડોદરા. | ૩૯૦૦૧૯ | | શ્રી શીતળનાથ ૧૯" | ૧૫ | ૮ | સં. ૧૮૨૬ |
| ૫૭. | હિંમતલાલ બી. શાહ ૨,ચેતન સોસાયટી, પોલીસ લાઈનની બાજુમાં, આકોટા રોડ, વડોદરા. (ઘરદેરાસર) | ૩૯૦૦૨૦ | | શ્રી સુમતિનાથ ૧૧" (ધાતુના) | — | ૨ | સં. ૧૬૬૭ |
| ૫૮. | ડાહ્યાભાઈ હિંમતલાલ શાહ ૬, શ્રમદા સંપતરાવ કોલોની, અલકાપુરી, વડોદરા.(ઘરદેરાસર) | ૩૯૦૦૨૦ | ધાબા બંધી | શ્રી આદીશ્વર ૭" (ધાતુના) | — | ૬ | |

| ૮<br>વર્ષગાંઠ<br>દિવસ | ૯<br>પ્રતિષ્ઠા કરાવનારનું<br>નામ અને<br>સ્થાપના સંવત | ૧૦<br>પ્રતિષ્ઠા કરાવનાર<br>આચાર્ય<br>ભગવંતનું નામ | ૧૧<br>પટનું નામ | ૧૨<br>વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| જેઠ સુદ<br>૨ | શ્રી સૌભાગ્યલક્ષ્મી<br>શ્વે. મૂ. પૂ. જૈન<br>સંઘ | | | પ્રતિમા પ્રાચીન છે. |
| વૈશાખ સુદ<br>૧૦ | શ્રી નવપદ<br>શ્રી જેઠમલજી<br>ઝાબક<br>પરિવાર<br>સં. ૨૦૪૨ | આ. શ્રી<br>ધર્મસૂરીશ્વરજી | સમેતશિખર,<br>ગિરનાર, શત્રુંજય. | |
| જેઠ વદ<br>૫ | શ્રી મનોજભાઈ<br>ચીનુભાઈ શાહ<br>પરિવાર<br>સં. ૨૦૪૯ | આ. શ્રી રાજયશ<br>સૂરીશ્વરજી મ.સા. | | |
| ફાગણ સુદ<br>૭ | શાહ બાબુભાઈ<br>હરીભાઈ | | | ગોરધનભાઈ હરીભાઈ<br>પરીખે સ્વદ્રવ્યે બંધાવેલ,<br>પછીથી ટ્રસ્ટને સોંપી<br>દીધેલ છે. |
| જેઠ વદ<br>૧૦ | સં. ૨૦૪૮ | | સમવસરણ,<br>ગિરનાર, શત્રુંજય. | |
| વૈશાખ સુદ<br>૬ | સં. ૨૦૩૫ | | શત્રુંજય | |

| ૧<br>નંબર | ૨<br>સરનામું | ૩<br>પિન<br>કોડ નં. | ૪<br>બાંધણી | ૫<br>મૂળનાયક—ઊંચાઈ | ૬<br>પ્રતિમા<br>સંખ્યા | | ૭<br>મૂર્તિલેખ<br>સંવત |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | પાષાણ | ધાતુ | |
| ૫૯. | મહાબલીપુરમ્, બેસીલ સ્કુલની બાજુમાં, તાંદલજા રોડ, જુના પાદરા રોડ, વડોદરા. (ઘરદેરાસર) | ૩૯૦૦૨૦ | ધાબા બંધી | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ૨૧" | ૧ | ૨ | સં. ૨૦૪૦ |
| ૬૦. | ૪/એ, શ્રીનગર સોસાયટી, મોના ક્લાસીસની બાજુમાં, અકોટા સ્ટેડિયમની નજીક, વડોદરા. | ૩૯૦૦૨૦ | શિખર બંધી | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ૫૧" (ભોંયતળીયે)<br>શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ૧૦૮" (ભોંયરામાં) | ૫<br>૩ | ૮<br>— | સં. ૨૦૫૧<br>સં. ૨૦૫૧ |
